સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 31 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
રવિવાર, ૨ ઑગસ્ટ ૨૦૨૬, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧




૧૩

# વરસાદે સૌરાષ્ટ્રનો વારો કાઢ્યો: મોરબી, સુરેન્દ્રનગર પાણી-પાણી

### મચ્છુ-૨ છલોછલ થતાં મોરબી શહેર સહિત ૩૨ ગામ હાઈ અલર્ટ પર: રાજ્યના ૩૦ ડેમ પૂરેપૂરા ભરાતાં આસપાસના વિસ્તારોમાં લોકોને સતર્ક રહેવા ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં શુક્રવારથી શરૂ થયેલા વરસાદે શનિવારે પણ રાજ્યભરમાં જળબંબાકાર સર્જ્યો હતો. દક્ષિણ ગુજરાત સહિત શનિવારે સૌરાષ્ટ્રમાં પણ અનેક જિલ્લામાં સાંબેલાધાર વરસાદ વરસ્યો હતો.

શનિવારે સવારે છથી સાંજે છ વાગ્યા સુધીમાં મોરબી શહેરમાં ૮.૬૬ ઇંચ, મોરબીના ટંકારામાં ૭.૩૨ ઇંચ, મોરબીના હળવદમાં ૬.૪૨ ઇંચ, સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રામાં ૬.૯૩ ઇંચ, વઢવાણમાં ૬.૧૮, મોરબીના માળિયામાં ૪.૭૬ ઇંચ, નર્મદાના તિળકવાડામાં ૪.૨૯ ઇંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યના ૪૪ તાલુકામાં બે ઇંચ કરતા વધારે અને ૬૦ તાલુકામાં એકથી દોઢ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ સાથે કુલ ૨૪૭ તાલુકામાં વરસાદે હાજરી નોંધાવી હતી.

છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો (શુક્રવારે સવારે છ વાગ્યાથી શનિવારે સવારે છ વાગ્યા સુધી) સુરતના અંબિકામાં ૨૨.૨૪ ઇંચ, તાપીના ડોલવણમાં ૧૬.૭૩ ઇંચ, ખેડાના વાસોમાં ૧૬.૩૮ ઇંચ, નવસારીના વાંસદામાં ૧૬.૨૬ ઇંચ, ખેડાના નડિયાદમાં ૧૩.૪૩ ઇંચ વરસાદ વરસ્યો હતો.

રાજ્યમાં ઘણી નદીઓ બે કાંઠે વહી રહી છે. તો વરસાદને કારણે તાલુકાઓમાં અને શહેરોમાં ઘરોમાં પાણી ઘુસવા, સોસાયટી અને જાહેર રસ્તાઓ પર પાણી ઘુસવાના અને લોકોના જાહેર જીવનને ભારે અસર પહોંચવાના અહેવાલો, વીડિયો, તસવીરો સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહી છે. ભરૂચ જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે નેત્રંગ અને વાલિયા તાલુકાના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ હતી. આ વરસાદના પગલે નેત્રંગનો પ્રસિદ્ધ ધાણીકુટ ધોધ રૌદ્ર સ્વરૂપે ધસમસતો જોવા મળ્યો હતો. બીજી બાજુ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના કરજણ ડેમના કેચમેન્ટમાં ધોધમાર વરસાદને પગલે ડેમના સાત ગેટ ખોલી ૮૨ હજાર ક્યુસેક પાણી છોડાયું છે. કાંઠા વિસ્તારના ગામોને અલર્ટ કરાયા છે. સુરત જિલ્લાઓમાં પણ સતત વરસાદને લીધે જનજીવન પર વ્યાપક અસર થઈ છે. સુરત શહેરની પાંચ મુખ્ય ખાડીઓ પૈકી ત્રણ ખાડીઓ હાલ ભયજનક સપાટીની નજીક પહોંચી હોવાના અહેવાલો છે. જોકે જિલ્લામાં વરસાદની ગતિ ધીમી પડી છે.

સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં પણ સવારથી ભારે વરસાદ વરસી રહ્યો છે. અહીં વઢવાણ તાલુકાના કેરાળા ગામે ભારે વરસાદને કારણે નદીના પાણીમાં ફસાયેલા એક પરિવારના ત્રણ સભ્યને વહીવટી તંત્ર દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા. શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. તંત્રએ લોકોને બચાવવા અને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી સતત ચાલુ રાખી હતી.

રાજકોટ શહેરમાં પણ શુક્રવારે મોડી રાતથી વરસાદ શરૂ થયો હતો. શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. બપોરે ૧૨ વાગ્યા સુધી બે ઇંચ વરસાદમાં પોપટપરાનું ગરનાળુ બંધ કરી દેવામાં આવ્યું હતું, જેથી વાહનચલાકોને મુશ્કેલી પડી હોવાના અહેવાલો છે. મોરબીના મચ્છુ-૨ ડેમ ૧૦૦ ટકા ભરાતાં હાઈ અલર્ટ જાહેર કરાયો છે. મોરબી શહેર સહિત ૩૨ ગામને સાવધ રહેવા તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. દરમિયાન અમદાવાદ, વડોદરા શહેરમાં આગાહી અનુસાર વરસાદ વરસ્યો ન હતો. અમદાવાદમાં શુક્રવાર અને શનિવારે ભારે ઝાંપટા પડ્યા હતા. જોકે દિવસ આખો વરસાદી માહોલ રહ્યો હતો.

દરમિયાન રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર ૩૦ ડેમને હાઈ અલર્ટ પર રાખવામાં આવ્યા છે. અમરેલી, ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ, મહીસાગર, સુરત, નવસારી, નર્મદા, ભરૂચના ડેમ લગભગ ૯૦થી ૧૦૦ ટકા ભરાઈ ગયા છે. અન્ય આઠ ડેમને અલર્ટ પર અને ૧૧ ડેમને વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે.

શનિવાર સુધીમાં રાજ્યમાં સિઝનનો ૬૫ ટકા વરસાદ પડી ગયો છે, જેમાં સૌથી વધારે દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૯૧.૩૫ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૬૨.૧૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૮.૮૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૪૬.૭૬ ટકા, કચ્છમાં ૨૦.૬૭ ટકા વરસાદ વરસી ગયો છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર ૨ ઑગસ્ટના રોજ મોટાભાગના જિલ્લાઓમાં વરસાદનું જોર ઘટશે, પરંતુ પવનના સૂસવાટા સાથે વરસાદ રહેશે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, મોરબી અને કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા અને નગર હવેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં ૪૦ થી ૫૦ કિ.મી.

પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન અને હળવી મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.




**ભારે વરસાદ:** મોરબીમાં શનિવારે ભારે વરસાદને લીધે ભરાયેલા પાણીમાંથી પસાર થઈ રહેલા લોકો. મોરબીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઇ હતી. ગુજરાતના અનેક જિલ્લામાં હજી બે દિવસ ભારે વરસાદની આગાહી છે. (પીટીઆઇ)

## સૌરાષ્ટ્રના સૌથી મોટા રાજકોટ લોકમેળામાં રમકડાના ૧૦૦ સ્ટોલ માટે માત્ર ૯૫ અરજી જ આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળા એવા રાજકોટના જન્માષ્ટમીના મેળાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરના પ્રખ્યાત રેસકોર્સ મેદાન ખાતે યોજાતો અને પાંચ દિવસ ચાલતા આ લોકપ્રિય મેળાની લોકો આખું વર્ષ આતુરતાથી રાહ જોતા હોય છે.

રાજકોટ મેળામાં સ્ટોલ અને રાઇડ્સની ફાળવણી માટે તંત્ર દ્વારા ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જો કે આ વખતે લોકમેળામાં દર વર્ષે ભારે આકર્ષણ જમાવતા રમકડાંના સ્ટોલ માટે આ વખતે વેપારીઓમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો નથી. લોકમેળાના ૨૨૮ સ્ટોલ પ્લોટ્સ સામે ૫૩૪ ફોર્મ ભરાઇને પરત આવ્યા છે. જ્યારે રમકડાના ૧૦૦ સ્ટોલ સામે માત્ર ૯૫ ફોર્મ ભરાયાં છે. જેટલા સ્ટોલ ઉપલબ્ધ છે તેના કરતા પણ પાંચ ફોર્મ ઓછા આવ્યા છે. આ સ્થિતિને કારણે મેળા સમિતિએ રમકડાના સ્ટોલ માટે કોઇપણ પ્રકારની હરાજી કરવાની જરૂર રહેશે નહિં. અરજી કરનાર તમામ ૯૫ વેપારીઓને સીધી જ ફાળવણી કરી દેવામાં આવશે. જ્યારે બાકી રહેલા પાંચ સ્ટોલ અંગે તંત્ર શું નિર્ણય લેશે તે જોવાનું રહેશે.

જો કે સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, નાનાં બાળકો માટેની નાની ચકરડીના પ્લોટ મેળવવા માટે સંચાલકો વચ્ચે ભારે ધસારો જોવા મળ્યો છે. નાની ચકરડીના માત્ર ૨૪ પ્લોટ સામે ૨૦૬ જેટલી મોટી સંખ્યામાં અરજીઓ આવી છે.

હવે આ પ્લોટની ફાળવણી માટે તીવ્ર સ્પર્ધા અને હરાજી લગાવવી પડશે. હવે આ પ્લોટની ફાળવણી ડ્રૉ દ્વારા થશે. જેનાથી મેળા સમિતિને સારી આવક થશે.

### કચ્છમાં ભારે વરસાદથી રેલવ્યવહાર પ્રભાવિત

## વિરમગામ-સામખિયાળી ટ્રેક પર પાણી ભરાતાં અનેક ટ્રેનો રદ અને ડાઈવર્ટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: વિરમગામ-સામખિયાળી રેલવે સેક્શનમાં પડેલા ભારે વરસાદના કારણે ટ્રેક પર પાણી ભરાઈ જતાં પશ્ચિમ રેલવે દ્વારા કચ્છ તરફ જતી અને આવતી અનેક મહત્ત્વપૂર્ણ ટ્રેનોના સંચાલનમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે કેટલીક ટ્રેનો અંશત: રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે.

રેલવે તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, બરેલી-ભુજ આલા હઝરત એક્સપ્રેસ ટ્રેન આ વખતે ચાંદલોડિયા સુધી જ દોડાવવામાં આવશે. જ્યારે વળતી મુસાફરીમાં ભુજ-બરેલી આલા હઝરત એક્સપ્રેસ ભુજથી ભીલડી વચ્ચે અંશત: રદ રહેશે. આ ઉપરાંત, ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સર્વોદય એક્સપ્રેસને ડાયવર્ટ કરાયેલા વૈકલ્પિક રૂટ પરથી દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

વરસાદી સ્થિતિને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા માટે કેટલીક સેવાઓના સમયમાં પણ સુધારો કરાયો છે. દાદર-ભુજ સયાજીનગરી એક્સપ્રેસ અને બાંદ્રા ટર્મિનસ-ભુજ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસના ઊપડવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેથી આ ટ્રેનો પોતાના નિર્ધારિત સમય કરતાં મોડી રવાના થશે.

ટ્રેક પરથી પાણી ઉતર્યા બાદ રેલ વ્યવહાર પૂર્વવત કરવા માટે રેલવેની ટેકનિકલ ટીમ કાર્યરત છે. તમામ મુસાફરોને સ્ટેશન પર પહોંચતા પહેલાં અથવા મુસાફરીનું આયોજન કરતી વખતે ટ્રેનનો વર્તમાન સમય અને રૂટ સત્તાવાર હેલ્પલાઈન કે એપ પર ચકાસી લે તેવી પશ્ચિમ રેલવેએ અપીલ કરી છે.

## મારી માતાને પણ ગાળ આપનાર જેન-ઝીને માફ કરવી જોઇએ: મોદી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે જણાવ્યું હતું કે મારી સ્વર્ગસ્થ માતા માટે જંતર મંતર ખાતે અપશબ્દો કહેવાયા હતા અને તેનાથી મને દુ:ખ થયું હતું. 'આપણી દીકરીઓ'એ આવી ગંદી ભાષા વાપરી હતી અને તેથી વધુ દુ:ખ થયું હતું. આપણે 'ગેરમાર્ગે દોરાયેલા બાળકો'ને માફ કરી દેવા જોઇએ.

મોદીએ ઇન્સ્ટાગ્રામ પર મોડી રાતે મૂકેલા વીડિયો સંદેશામાં જણાવ્યું હતું કે હું (પરીક્ષામાંની ગેરરીતિ સામે) સમાજમાં ફેલાયેલા ગુસ્સાને સમજું છું, પરંતુ અત્યારે આપણે યુવાનોને સાચા માર્ગે વાળવાની જરૂર છે. કૉંગ્રેસ સહિતના વિપક્ષો દ્વારા વડા પ્રધાન પાસે માફીની માગણી કરાઇ રહી છે.

દરમિયાન, મોદીના સોશ્યલ મીડિયા પરના વીડિયો અને પોસ્ટના સંબંધમાં કૉંગ્રેસના પ્રસારમાધ્યમ વિભાગના વડા પવન ખેડાએ 'એક્સ' પર હિંદીમાં લખેલી પોસ્ટમાં લખ્યું હતું કે દેશના લોકો મોદીજી પાસે માફીની માગણી કરી રહ્યા છે ત્યારે વડા પ્રધાન દેશના યુવાનોને માફ કરવાની વાત કરે છે.

મોદીએ વીડિયોમાં જણાવ્યું હતું કે 'નટખટ બાળકો'એ દેખાવ પ્રદર્શન દરમિયાન મને અપશબ્દો કહ્યા હતા. ગંદી ભાષા વાપરવી અયોગ્ય ગણાય. તેનાથી કોઇ સમસ્યા નથી ઉકેલાતી.

તેમણે જણાવ્યું હતું કે જંતર મંતર

(જુઓ પાનું ૨) ▶▶

## પશ્ચિમ એશિયામાં ફરી ભીષણ યુદ્ધના ભણકારા

### ▶ અમેરિકાએ પોતાના નાગરિકોને તાબડતોબ અખાતના દેશોમાંથી નીકળવાની સલાહ આપી ▶ ઇઝરાયલનો ગાઝામાં મોટો અટૅક ▶ કુવૈત પર હુમલા ચાલુ

કાઇરો: અમેરિકાની પશ્ચિમ એશિયાના અનેક દેશમાંની એલચી કચેરી (એમ્બસી)એ પોતાના નાગરિકોને આ વિસ્તારમાંથી જલદી નીકળી જવાની સલાહ શનિવારે આપતા ઇરાન સાથેનું યુદ્ધ ફરી વધુ ઉગ્ર બનવાની શક્યતા ઊભી થઇ હતી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાન પર વધુ હુમલા કરવાની શનિવારે ધમકી આપી હતી. ઇઝરાયલે ગાઝા પટ્ટીમાંના પેલેસ્ટાઇનના ઉગ્રવાદી સંગઠન હમાસને લક્ષ્ય બનાવીને ઉગ્ર હુમલો કર્યો હતો.

કુવૈત પર ઇરાનના ડ્રોન હુમલા શનિવારે પણ ચાલુ રહ્યા હતા. ઓમાનની નજીક એક જહાજ પર હુમલો કરાયો હતો. અન્ય એક ટૅન્કર પર મોટો ધડાકો થયો હતો અને આગ લાગી હતી.

અમાન (જોર્ડનની રાજધાની), જેરુસલેમ અને બગદાદમાંની અમેરિકાની એલચી કચેરીએ જણાવ્યું હતું કે અખાતમાં યુદ્ધ ઉગ્ર બનવાની શક્યતાને ધ્યાનમાં રાખીને અમેરિકાના નાગરિકોએ આ વિસ્તારમાંથી જલદી બહાર નીકળી જવું જોઇએ.

અમેરિકાની એમ્બસીએ અખાતમાંના અમેરિકાના નાગરિકોને ફ્લાઇટ્સની માહિતી તપાસવા અને બને એટલા જલદી આ વિસ્તારને છોડવાની અથવા સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી સુરક્ષાને લગતી સલાહ મેળવવા સૂચના આપી હતી.

દરમિયાન, ટ્રમ્પે મેરીલૅન્ડ ખાતે પોતાની કૅબિનેટના સભ્યોને જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીને અપશબ્દો કહેનારી ૧૫ વર્ષની છોકરીએ માફી માગી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે વીડિયોમાં અપશબ્દો કહેનારી છોકરીએ શનિવારે સોશ્યલ મીડિયા પર મૂકેલા વીડિયોમાં માફી માગી હતી.

આ છોકરીએ જણાવ્યું હતું કે હું ૧૫ વર્ષની છું. મોદી માટે અપશબ્દો કહેતી વીડિયો ક્લિપ મેં પોસ્ટ નહોતી કરી. મને આ વીડિયો ક્લિપથી બહુ જ દુ:ખ થયું છે અને શરમ આવે છે.

છોકરીએ જણાવ્યું હતું કે હું જુલાઇમાં મારા મિત્રો સાથે કૉનૉટ પ્લેસ ગઇ હતી. અમને ત્યાં વડા પ્રધાન માટે ગંદી ભાષા બોલતા લોકોનું ટોળું મળ્યું હતું. તેઓએ અમને તેઓ દ્વારા બોલવામાં આવતા અપશબ્દોનો પુનરુચ્ચાર કરવા કહ્યું હતું અને મેં તેઓની ખરાબ અસર હેઠળ આવીને વડા પ્રધાન માટે અપશબ્દો બોલ્યા હતા.

તેણે જણાવ્યું હતું કે હવે હું કોઇની આંખમાં આંખ મિલાવી નથી શકતી. હું આખા દેશને મને માફ કરવા વિનંતિ કરું છું. હું ૧૫ વર્ષની જ છું. આ મારી પહેલી અને છેલ્લી ભૂલ હતી.

દિલ્હી પોલીસે આ છોકરીની સામે પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધવા કાર્યવાહી હાથ ધરી કે તુરત આ છોકરીએ માફી માગી લીધી હતી.

આમ છતાં, છોકરીએ મૂકેલી વીડિયો ક્લિપ સાચી છે કે ખોટી તેને શુક્રવારે મોડી રાત સુધી સમર્થન નહોતું મળ્યું. (એજન્સી)

## રીલ બનાવવા માફી માગી મોદીએ?: દીપકેનો સવાલ

નવી દિલ્હી: કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયો પર પ્રતિક્રિયા આપી હતી. જેમાં તેમણે તેમની સાથે દુર્વ્યવહાર કરનારા વિદ્યાર્થીઓ વિશે વાત કરી હતી. દીપકેએ પ્રશ્ન કર્યો કે શું વડા પ્રધાનનો સંદેશ માત્ર કેમેરા માટે જ હતો?

વડા પ્રધાન મોદીએ વીડિયોમાં કહ્યું કે તેઓ જંતર-મંતર ખાતે વિરોધ દરમિયાન તેમને અને તેમના દિવંગત માતાને ગાળો ભાંડનારા વિદ્યાર્થીઓને માફ કરી રહ્યા છે. તેમજ કહ્યું કે તેઓ ગેરમાર્ગે દોરાયેલા હતા. તેઓ સજાને બદલે માર્ગદર્શનના હકદાર છે.

દીપકેએ આ વીડિયો પર ટિપ્પણી કરતાં પૂછ્યું કે શું સરકાર વિદ્યાર્થી આંદોલનકારીઓ સામેના કેસ પણ પાછા ખેંચી લેશે. દિપકેએ પૂછ્યું કે માત્ર રીલ પર જ માફ કરશો કે કેસ પણ પાછા ખેંચશો?

## મોરક્કોમાંથી ઘૂસેલાઓનો મરણાંક ૬૭ પર પહોંચ્યો

### ખોરાક કે આશ્રય નહિ મળતા અનેક લોકો સ્વદેશ પરત

સેઉટા (સ્પેન): મોરક્કોમાંથી જિબ્રાલ્ટર ખાડી તરીને કે અન્ય રીતે સરહદ પાર કરીને સ્પેનના સેઉટામાં ઘૂસવાના પ્રયાસમાં મરનારા લોકોની સંખ્યા વધીને ૬૭ થઇ ગઇ હતી, જ્યારે સેઉટા પહોંચેલા મોરક્કોના હજારો નાગરિકોને ત્યાં ખોરાક કે આશ્રય નહિ મળતા તેમ જ તેઓની સામે સ્પેન અને મોરક્કોના સલામતી દળો દ્વારા બળનો પ્રયોગ કરવામાં આવતા અસંખ્ય ઘૂસણખોરો પાછા મોરક્કો ગયા હતા.

સ્પેને ઘૂસણખોરોને રોકવા માટે ખાડીના કિનારે વાડની સાથે ૫૦૦ મીટર લાંબા બૅરિયર ગોઠવવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

મોરક્કોમાંથી સ્પેનના સેઉટામાં ઘૂસેલા અનેક લોકોએ જણાવ્યું હતું કે અમને સેઉટા પહોંચ્યા બાદ ખોરાક કે આશ્રય નહોતો મળ્યો અને તેથી નિરાશ થઇને પાછા મોરક્કો પાછા જવા લાગ્યા હતા.

સ્પેનમાં ઘૂસેલી મોરક્કોની એક યુવતીએ જણાવ્યું હતું કે મને એ પણ ખબર નથી કે હું અહીં શું કામ આવી? મેં ગઇ કાલથી ભોજન નથી કર્યું. હું મારી સાથે થોડાં નાણાં લાવી હતી, પણ અહીં (સેઉટામાં) કંઇ પણ સારું કે મજા આવે એવું નથી.

સેઉટાના પ્રમુખ જુઆન જીસસ વિવાસે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▶▶

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨-૮-૨૦૨૬ થી તા. ૮-૮-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ વૃષભમાંથી મિથુનમાં તા. ૨જીએ પ્રવેશે છે. બુધ મિથુન રાશિમાં મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તા. ૧લીએ કન્યા રાશિમાં પ્રવેશે છે. શનિ મીન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કુંભમાં રહે છે. તા. ૨જીએ મીન રાશિમાં, તા. ૪થીએ મેષ રાશિમાં, તા. ૭મીએ વૃષભ રાશિમાં આવે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં નવા નાણાંરોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા જણાય છે. નોકરી માટે તા. ૧, ૬, ૭ શુભ જણાય છે. કાર્યક્ષેત્રે હસ્તગત કાર્ય પૂર્ણ કરવામાં વિલંબ અને પુરુષાર્થ છતાંય સફળતા મેળવશો. વાહન, સ્થાવર મિલકતનો નિર્ણય લઈ શકશો. મુસાફરી દ્વારા નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓના સહપરિવાર પ્રવાસ સફળ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન તકો પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં ધાર્યા મુજબનું અભ્યાસનું કાર્ય પૂર્ણ કરી શકશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય જણાય છે. તા. ૧, ૨, ૩ નોકરી માટે અનુકૂળ જણાય છે. નવી નોકરીનો પ્રારંભ પણ કરી શકશો. મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશો. મિલકતના તથા વાહનના કામકાજમાં અનુકૂળતાઓ જણાશે. નાણાંની નવા આવકની શક્યતા જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે નિર્ણયો લેવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાય છે. નોકરી માટે તા. ૧, ૩, ૪ શુભ જણાય છે તથા નવા કામકાજનો પ્રારંભ આ સપ્તાહમાં શક્ય જણાય છે. નાણાં આવકના નવા સાધનો પ્રાપ્ત કરશો. નવું કામકાજ પણ મેળવશો. નાણાંઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને નોકરીમાં અધિકારીનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સફળ થતાં જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. નોકરી માટે તા. ૩, ૪, ૬ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જળવાશે. કાર્યક્ષેત્રે પરિણામો સફળ બનતા જણાશે. જૂનાં કાર્યક્ષેત્રના કાનૂની સવાલનો ઉકેલ આવશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પરિવારજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સફળ થતાં જણાશે. અભ્યાસ માટે જરૂરી સાધનો પણ મેળવશો.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબનું લેવડ-દેવડનું કામકાજ સફળ નીવડશે. નોકરી માટે તા. ૧, ૨, ૭, ૮ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં સંપ અને એકવાક્યતા જળવાશે. નોકરીમાં ધાર્યા મુજબનું કામકાજ નિયમિતપણે પૂર્ણ કરી શકશો. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના સભ્યો સાથેની ગેરસમજણ દૂર કરવાની તક પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન મેળવી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની તક પ્રાપ્ત કરશો. તા. ૧, ૨, ૭, ૮ નોકરી માટે શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો પણ ઉપયોગી થશે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. ભાગીદાર સાથેનો મતભેદ પણ દૂર થશે. વૈચારિક મતભેદો દૂર થવાથી પરિવાર સાથેના વ્યવહારમાં મહિલાઓને સફળતા જણાશે. સંતાનની જવાબદારીમાં સફળતા મેળવશો.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું દૈનિક સાપ્તાહિક વેપારનું કામકાજ સફળ જણાશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૩, ૪ પ્રવાસ માટે અનુકૂળ જણાય છે. મુસાફરી દ્વારા આ સપ્તાહમાં કારોબારના અધૂરા કાર્યો પણ પૂર્ણ કરી શકશો. કામકાજ માટે જરૂરી મદદ મેળવશો તથા નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં નવી પ્રવૃત્તિઓ માટે પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સફળતાનો અનુભવ થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાંરોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર માટેની તક લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૪, ૫, ૭ શુભ જણાય છે. નોકરીના કામકાજમાં અપેક્ષિત પરિવર્તનો પણ આવે તેમ છે. નોકરીમાં અધિકારીની મદદ મેળવશો. મિલકતના નિર્ણયો માટે આ સપ્તાહનું ગોચરગ્રહ ફળ શુભ જણાતું નથી. મિત્રોમાં મહિલાઓને યશસ્વી અનુભવ થશે. મિત્ર-મંડળી સાથે યાત્રા પ્રવાસ સફળ નીવડશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સાનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. તા. ૧, ૨, ૬, ૭ પ્રવાસ માટે નોકરી માટે શુભ જણાય છે. નોકરીના અપેક્ષિત લાભ અને પરિણામો પણ આ સપ્તાહમાં સ્પષ્ટ બનતા જણાશે. આ સપ્તાહમાં મદદનીશ મેળવશો. મુસાફરીના આયોજન અપેક્ષા મુજબ સફળ બની રહેશે. સ્વતંત્ર કારોબારમાં નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં અધિકારીનો સહયોગ નોકરીમાં પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં નિયમિતતા દાખવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારનાં ધાર્યા મુજબનું નાણાં રોકાણના નિર્ણયો લઈ શકશો. નોકરી માટે તા. ૧, ૩, ૪ શુભ જણાય છે. નોકરીના ધાર્યા મુજબના નિર્ણયો લેવા માટે પરિવારજનો ઉપયોગી થશે. અકારણ નાણાંખર્ચ ટાળી શકશો. વ્યાપારના કામકાજમાં સફળતા જણાય છે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજમાં અનુકૂળતાઓ પ્રાપ્ત થતી જણાશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ અભ્યાસ માટે નિયમિતતા દાખવી શકશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનું વેપારનું કામકાજ સફળ નીવડશે. નોકરી માટે તા. ૫, ૬, ૭ શુભ જણાય છે. નોકરીમાં નવી જવાબદારી પૂર્ણ કરી શકશો. વેપાર વધશે. નાણાં આવક વધશે. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતાનો અનુભવ કરશો. મહિલાઓને આ સપ્તાહમાં નોકરીના ક્ષેત્રે પોતાની કાર્યદક્ષતા અને કાર્યક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરવા માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શૈક્ષણિક જવાબદારીમાં સફળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવવાથી ઉત્સાહનો ઉમેરો થશે. નોકરી માટે તા. ૩, ૪, ૮ શુભ જણાય છે. તા. ૭મીએ વડીલોનો સહયોગ પ્રાપ્ત કરશો તથા બૅંક લોન પણ પ્રાપ્ત કરશો. વેપારમાં વૈવિધ્યતા લાવી શકશો. વેપાર વધશે. નાણાં આવક વધશે. મુસાફરી દ્વારા આ સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ પણ મહિલાઓને શક્ય બનતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત થતું.જણાશે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, રવિવાર, તા. ૨-૮-૨૦૨૬, સંકષ્ટી ચતુર્થી

ભારતીય દિનાંક ૧૧, માહે શ્રાવણ, શકે ૧૯૪૮

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ વદ -૪

જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ વદ -૪

પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫

પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬

પારસી ફસલી રોજ ૧૫મો દએમહેર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫

મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮

મીસરી રોજ ૧૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮

નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૧-૩૬ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા

ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૫-૨૬ સુધી, પછી મીનમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ), મીન (દ, ચ, ઝ, થ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૨, સ્ટા.ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ઼

ભરતી : બપોરે ક. ૧૪-૧૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૯ (તા. ૩)

ઓટઃ સવારે ક. ૦૭-૪૦, રાત્રે ક. ૨૦-૨૪

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ - ચતુર્થી. સંકષ્ટી ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૩૬

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી પૂજા, જાપ, હવન અજૈક્ય પાદ દેવતાનું પૂજન, ગુરુ ગ્રહદેવતાનું પૂજન, આંબો વાવવો, સંકષ્ટ ચતુર્થી ઉપવાસ, શ્રી ગણેશ યાગનો મહિમા, નિત્ય થતાં પશુ લેવડદેવડના કામકાજ, સંકષ્ટી અને નક્ષત્ર અનુસાર નવી વિદ્યારંભનો પ્રારંભ કરવો. આંબો વાવવો.

આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ વિચારો ફર્યા કરે, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ. બુધ પશ્ચિમમાં ખૂબ ઊંચે ૧૯ અંશ ૫ કળાના અંતરે રહે છે.

ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ/ મિથુન, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨-૮-૨૦૨૬ થી તા. ૮-૮-૨૦૨૬

રવિવાર, આષાઢ વદ-૪, વિ. સં. ૨૦૮૨, તા. ૨જી ઑગસ્ટ, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા રાત્રે ક. ૨૧-૩૬ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર કુંભમાં બપોરે ક. ૧૫-૨૬ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. સંકષ્ટી ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૩૬. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, આષાઢ વદ-૫, તા. ૩જી, નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા રાત્રે ક. ૨૧-૫૯ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. નાગપંચમી (બંગાળ), સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષામાં સવારે ક. ૧૦.૨૫, ચંદ્ર-સૂર્ય, વાહન હાથી (સંયોગિયું છે.) મંગળ મિથુનમાં ક. ૨૨-૫૦. શુભ દિવસ.

મંગળવાર, આષાઢ વદ-૬, તા. ૪થી, નક્ષત્ર રેવતી રાત્રે ક. ૨૧-૫૩ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં રાત્રે ક. ૨૧-૫૩ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. કેરપૂજા (ત્રિપુરા), ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૮-૧૮. શુભ દિવસ.

બુધવાર, આષાઢ વદ-૭, તા. ૫મી, નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૨૧-૧૭ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. શીતલા સપ્તમી (ઓરિસ્સા), કાલાષ્ટમી, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯-૨૫. બુધ કર્કમાં ક. ૧૯-૪૦. શુભ કાર્ય વર્જ્ય છે.

ગુરુવાર, આષાઢ વદ-૮, તા. ૬ઠ્ઠી, ૨૦૨૬, નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૦-૧૩ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૫૨ સુધી (તા. ૭) પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. સામાન્ય દિવસ

શુક્રવાર, આષાઢ વદ-૯, તા. ૭મી, નક્ષત્ર કૃત્તિકા સાંજે ક. ૧૮-૪૨ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૦ થી બપોરે ક. ૧૩-૫૯. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, આષાઢ વદ-૧૦, તા. ૮મી ઑગસ્ટ, નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૬-૫૦ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૮ સુધી (તા. ૯) પછી મિથુન રાશિ પર જન્માક્ષર. દસમી. - શુભ દિવસ. ■

# અયોધ્યાની મેડિકલ કૉલેજમાં હાથથી લખેલું બૉમ્બ બનાવવાનું કાગળિયું મળતા ફફડાટ

અયોધ્યાઃ અયોધ્યાની રાજર્ષી દશરથ ઓટોનોમસ સ્ટેટ મેડિકલ કૉલેજની એક્સ-રે રૂમમાં ડિપાર્ટમેન્ટ ઈન્ચાર્જને બૉમ્બ બનાવવાની સૂચનાઓ ધરાવતો દસ્તાવેજ મળતા મેડિકલ કૉલેજના પહેલા વર્ષના વિદ્યાર્થીની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસને તરત જ સાબદી કરાઈ હતી અને આને પગલે તપાસ શરૂ કરવામાં આવી હતી. આનાથી નવેમ્બર ૨૦૨૫ના લાલ કિલ્લા બ્લાસ્ટ કેસની યાદ તાજી થઈ હતી, જેમાં ત્રણ ચાવીરૂપ આરોપી ફરિદાબાદની અલ ફલહ યુનિવર્સિટીમાં કામ કરતા હતા.

પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું હતું કે આ દસ્તાવેજ પહેલા વર્ષના વિદ્યાર્થી સરફરાઝે બનાવ્યો હતો જે શુક્રવારે રાત્રે એક્સ-રે રૂમમાં ફરજ પર હતો. સરફરાઝ ઉત્તર પ્રદેશના બલરામપુરનો રહેવાસી છે. તેને પૂછપરછ કરવા કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

સરફરાઝ સાથે ડ્યૂટીમાં રહેનાર બીજા બેની પણ પૂછપરછ કરાઈ રહી છે.

હસ્તલિખિત દસ્તાવેજોમાં વિસ્ફોટક પદાર્થ બનાવા માટે જોઈતી સામગ્રીની વિગતો છે. આમાં વાયર, એમોનિયમ કાર્બોનેટ, લાલ ફોસ્ફરસ, લાલ સલ્ફાઈડ, નાઈટ્રિક એસિડ વગેરેનો સમાવેશ થાય છે.

સંસ્થાના ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટર અરવિંદ સિંહે કહ્યું હતું કે દસ્તાવેજ મળતા પોલીસને તરત જ જાણ કારઈ હતી. તપાસ ચાલુ છે અને તપાસના નિષ્કર્ષના આધારે આગામી પગલાં લેવાશે

પોલીસે અત્યાર સુધી એ વાતને સમર્થન નથી આપ્યું કે આ દસ્તાવેજનો હેતુ ગુનાહિત ઈચ્છાનો હતો. બધા જ પાસા તપાસવામાં આવી રહ્યા છે, એમ પોલીસે કહ્યું હતું. (એજન્સી)■

# કેજરીવાલ ઈ-૨૦ વિરુદ્ધ પીએમ આવાસ પર મોરચો લઈ જશે

## 'પોલીસની લાઠીથી નહીં ડરનારા ૧૦૦ જણને લઈ જઈશ'

નવી દિલ્હીઃ સરકારે પેટ્રોલ પંપમાં શુદ્ધ પેટ્રોલ અને ઇ-૨૦ની પસંદગીની લોકોને પસંદગી આપવી જોઈએ એવી માગણી કરીને આમ આદમી પાર્ટી (આપ)ના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલે અરજીઓ સુપરત કરવા વડા પ્રધાનના નિવાસસ્થાને ચોથી ઑગસ્ટે કૂચ કાઢવાની જાહેરાત કરી હતી.

કોન્સ્ટિટ્યૂશન ક્લબ ઑફ ઇન્ડિયામાં ઇ-૨૦ પર ટાઉન હૉલ સ્ટાઈલ મીટિંગ સંબોધતા કેજરીવાલે કહ્યું હતું કે હું મંગળવારે બપોરે અરજીઓ ભેગી કરીશ અને પોલીસની લાઠીથી નહીં ડરનારા ૧૦૦ જણની સાથે લોક કલ્યાણ માર્ગ પરના વડા પ્રધાનના નિવાસસ્થાને કૂચ કરીશ.

કેજરીવાલે માગણી કરી હતી કે ગ્રાહકોને પેટ્રોલ પંપમાં શુદ્ધ પેટ્રોલ અને ઇ-૨૦ વચ્ચે પસંદગી કરવાની છૂટ આપવી જોઈએ. તેમણે ઈ-૨૦ના ભાવ ઓછા રાખવાની અને પેટ્રોલના ભાવ ઘટાડવાની માગણી કરી હતી. તેમણે ઇ-૨૦થી વાહનોને નુકસાન થતું નથી એવો અહેવાલ જાહેર કરવાનો સરકારને અનુરોધ કર્યો હતો.

કેજરીવાલે વધુમાં કહ્યું હતું કે કેન્દ્ર દાવો કરે છે કે એવો અભ્યાસ કરવામાં આવ્યો છે કે ઇ-૨૦થી વાહનોને નુકસાન થતું નથી તો એ અહેવાલ સરકાર જારી કરે.

આ ઇવેન્ટમાં વિવિધ રાજ્યોના લોકો જોડાયા હતા અને તેમના ઇ-૨૦ના અનુભવ અને ચિંતાને વાચા આપી હતી. લોકોએ કહ્યું હતું કે ઇ-૨૦ વાપરવાથી તેમના વાહનમાં સમસ્યા ઊભી થાય છે.

એક્ટિવિસ્ટ તહસીન પૂનાવાલા ભાજપની આગેવાની હેઠળની કેન્દ્રની ઇ-૨૦ ઈંધણ નીતિ સામે એકલા જ કૂચ અને ભૂખ હડતાળ કરે એ પહેલાં દિલ્હી પોલીસે શનિવારે તેમને ગ્રેટર કૈલાશમાં તેમના ઘરમાં નજરકેદ કરી દીધા હતા. પૂનાવાલાએ આક્ષેપ કર્યો હાતો કે કોઈ જાતના લેખિત હુકમ વિના મને નજરકેદ કરવામાં આવ્યો છે.

પૂનાવાલાએ ૨૭ જુલાઈએ જાહેરાત કરી હતી કે હું એપીજે અબ્દુલ કલામ માર્ગથી મહાત્મા ગાંધીની હત્યા કરાઈ હતી તે ત્રીસ જાન્યુઆરી માર્ગના ગાંધી સ્મૃતિ સુધી એકલો કૂચ કરીશ તેમ જ ઈંધણ નીતિ સામે એક દિવસની ભૂખ હડતાળ કરીશ.

પૂનાવાલાએ એક્સ પર અનેક વીડિયો મૂકતા દાવો કર્યો હતો કે મારી કૂચ શરૂ થવાને અડધો કલાક બાકી હતો એ પહેલાં સવારના સાડાનવ વાગ્યે દિલ્હીના મહિલા ઑફિસર સહિતના અનેક પોલીસો મારા ઘરમાં આવ્યા હતા અને મને બહાર નીકળતા રોક્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે પોલીસે મને કોઈ હુકમ દેખાડ્યો નહોતો અને દસ્તાવેજ વિના મારી અટક કરી હતી. પૂનાવાલાએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે અધિકારીઓએ મને કહ્યું હતું કે આ કૂચમાં હજારો લોકો જોડાય એવી સંભાવના હોવાથી અમે તમને અટકાવીએ છીએ.

એક વીડિયોમાં દેખાય છે કે પૂનાવાલા પોલીસ અધિકારીને પૂછે છે કે લેખિત હુકમ વિના કઈ રીતે મારી અટક થઈ શકે.

તેમણે અધિકારીને કહ્યું હતું કે કોઈ કાગળિયા નથી. હું નજરકેદમાં છું. આઝાદી કે ૧૫ દિન પહેલે આપ મુઝે ડીટેન કર રહે (આઝાદીના ૧૫ દિવસ પહેલાં તમે મારી અટક કરી રહ્યા છો) પોલીસ અધિકારીએ જવાબ આપ્યો હતો કે કૂચને લીધે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઊભી થાય એમ છે. અધિકારીએ પૂનાવાલાને સહકાર આપવાની વિનંતી કરી હતી.

૩૧ જુલાઈએ 'ટીમ ભારત'ની ગાડી કૂચને પોલીસે પરવાનગી ન આપતા પૂનાવાલાએ એકલી કૂચ કરવાનું જાહેર કર્યું હતું.

તેમની માગણી છે કે ગ્રાહકોને પરંપરાગત પેટ્રોલ સાથે ઇ-૫ અને ઇ-૧૦ ખરીદવાનો વિકલ્પ આપવા જોઈએ. કેન્દ્રની ઇ-૨૦ની નીતિ ખોટી છે. આમાં વીસ ટકા ઈથેનોલ અને ૮૦ ટકા પેટ્રોલ હોય છે. વિરોધ પક્ષના નેતાઓ અને ગ્રાહકોના જૂથોએ પણ આવી ટીકા કરી છે. તેમનું કહેવું છે કે આને લીધે જૂના વાહનની કાર્યક્ષમતા ઓછી થાય છે અને વાહનની જાળવણીનો ખર્ચ વધે છે. પૂનાવાલાએ કેન્દ્રના રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર નીતિન ગડકરીની ટીકા કરી હતી. (એજન્સી)■

# ટ્રમ્પે 'પોતાના સમાચાર' વેચવાનો ધંધો શરૂ કર્યો

ન્યૂ યોર્કઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના મોટા ભાગના નિવેદનથી અમેરિકા સહિતના દુનિયાભરના શૅરબજારોમાં ઊથલપાથલ થાય છે. જો કોઇને ટ્રમ્પના ટ્રૂથ સોશ્યલ પરના સમાચારની ઝલક અગાઉથી જ મેળવવી હોય, તો તેણે અમેરિકાના પ્રમુખની કંપની 'ટ્રમ્પ મીડિયા ઍન્ડ ટૅક્નોલૉજી' પાસેથી તે સમાચાર ખરીદવા પડશે.

ટ્રમ્પના આ નવા 'ધંધા'ની વિરોધીઓ દ્વારા આકરી ટીકા થઇ રહી છે. અમુક લોકો કહે છે કે ટ્રમ્પ નફો કમાવા માટે પ્રમુખપદ (પબ્લિક ઑફિસ)નો દુરુપયોગ કરીને પોતાની કંપની દ્વારા 'ઇન્સાઇડર ટ્રેડિંગ' કરી રહ્યા છે.

અમેરિકાના પ્રમુખ યુદ્ધ અંગે કે કોઇ આર્થિક નીતિ અંગે નિવેદન કરે, તો તેનાથી માત્ર અમેરિકાના જ નહિ, પરંતુ દુનિયાના મોટા ભાગના શૅરબજારો અને અન્ય બજારો પર તેની અસર થાય છે.

કેટલાક વિરોધીઓએ જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખના સમાચારની કે નિવેદનની અગાઉથી જાણકારી વેચવી, તેને 'ઇન્સાઇડર ટ્રેડિંગ' ગણાય અને જો કોઇ કંપનીનો સીઇઓ તે કરે, તો તેણે જેલ ભેગા થવું પડે.

એબલ આલ્ફા ટ્રેડિંગના વડા એરેન અલ્ડ્રિજે જણાવ્યું હતું કે અમે આવી સર્વિસ નથી લેવાના (ખરીદવાના). આપણા દેશના પ્રમુખના નિર્ણય અવારનવાર શૅરબજારમાં મોટી વધઘટ લાવે છે, પરંતુ હવે આ સમાચાર તેઓ પોતાની કંપની દ્વારા ચોક્કસ ગ્રૂપને વેચશે.

ટ્રમ્પની પ્રેસ ઑફિસે આ પ્રકરણમાં શરૂઆતમાં કંઇ પણ કહેવાનો ઇનકાર કર્યો હતો. (એજન્સી)■

# જુલાઈમાં જીએસટીની આવકની ૧૫.૪ ટકાની છલાંગઃ ૨.૧૧ લાખ કરોડ થઇ

નવી દિલ્હી : વેચાણ અને આયાતમાંથી વધુ આવકને કારણે જુલાઈમાં જીએસટીની કુલ આવક ૧૫.૪ ટકા વધીને ૨.૧૧ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે, જે સતત સ્થાનિક વપરાશને પ્રતિબિંબિત કરે છે.

જુલાઈ ૨૦૨૫માં કુલ જીએસટી વસૂલાત ૧.૮૩ લાખ કરોડ રૂપિયા અને ગયા મહિને ૧.૯૫ લાખ કરોડ રૂપિયા હતી. સ્થાનિક વ્યવહારોમાંથી કર વસૂલાત ૧૦.૧ ટકા વધીને ૧.૪૪ લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ છે, જ્યારે આયાતમાંથી કુલ આવક ૨૯ ટકા વધીને ૬૬,૫૧૧ કરોડ રૂપિયા થઈ છે. જુલાઈમાં જીએસટીની વસૂલાત મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક અને તેલંગાણા જેવા મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં વધી છે.

મહિના દરમિયાન કુલ સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (સીજીએસટી)ની આવક ₹ ૩૯૮૩૫ કરોડ રહી હતી, જ્યારે સ્ટેટ જીએસટી (એસજીએસટી) અને ઇન્ટિગ્રેટેડ જીએસટી (આઈજીએસટી) આવક અનુક્રમે ૪૭૮૮૧ કરોડ રૂપિયા અને ૧.૨૩ લાખ કરોડ રૂપિયાથી વધુ હતી.

જુલાઈ દરમિયાન કુલ રિફંડ ૧૩.૧ ટકા વધીને ૨૯૯૬૮ કરોડ રૂપિયા થયું.

રિફંડને સમાયોજિત કર્યા પછી, જીએસટીની ચોખ્ખી આવક ૧.૮૧ લાખ કરોડ રૂપિયાથી વધુ રહી હતી.

મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, હરિયાણા, તેલંગાણા અને ઉત્તર પ્રદેશમાં મજબૂત વૃદ્ધિ ભારતના સૌથી મોટા ઉત્પાદન, સેવાઓ અને વપરાશ કેન્દ્રોમાં વ્યાપક ગતિશીલતાની પુષ્ટિ કરે છે. શનિવારે જાહેર કરાયેલા જીએસટી ડેટા મુજબ, એપ્રિલ-જુલાઈમાં કુલ કર સંગ્રહ ૧૦.૧ ટકા વધીને લગભગ ૮.૪૩ લાખ કરોડ રૂપિયા થયો. આ સમયગાળા દરમિયાન ચોખ્ખી વસૂલાત ૯.૨ ટકા વધીને ૭.૨૧ લાખ કરોડ રૂપિયા થઈ. ■




**ઉદ્‌ઘાટનઃ** આંધ્ર પ્રદેશના વિઝિયાંગમ જિલ્લાના ભોગપુરમમાં અલ્લુરી સીતારામ રાજુ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના ઉદ્‌ઘાટન વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

પહેલા પાનાનું ચાલુ

### મારી માતાને પણ ગાળ

ખાતે મારા માટે અને મારી સ્વર્ગસ્થ માતા માટે અપશબ્દો કહેવાયા હતા. ગંદી ભાષા બોલવાથી કોઇ સમસ્યા નથી ઉકેલાતી. ગેરમાર્ગે જઇ રહેલા આવા બાળકોને સાચા માર્ગે દોરવાની જરૂર છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે અપશબ્દો બોલનારા બાળકોને હું માફ કરવા માગું છું. આપણી દીકરીઓ આવી ગંદી ભાષા વાપરતી જોઇને મને આંચકો લાગ્યો હતો અને બહુ દુઃખ થયું હતું. છેવટે તો તેઓ આપણા બાળકો જ છે. તેઓને સાચો માર્ગ બતાવવાની આપણી ફરજ છે.

મોદીએ જણાવ્યું હતું કે આપણા દાંત જીભને કરડે, તો પણ દાંતને કાઢી નથી નાખતા. જીભ અને દાંત, બન્ને આપણા જ છે. એ રીતે આ બધા યુવાનો આપણા જ છે.

તેમણે જણાવ્યું હતું કે આપણો દેશ ઝડપી પ્રગતિ કરી રહ્યો છે અને તેણે આગળ વધવાનું ચાલુ રાખવું જ જોઇએ. ગેરમાર્ગે દોરાયેલા બાળકોને અદાલતમાં લઇ જવાથી કે જાહેરમાં પરેડ કરાવાથી પરિસ્થિતિ નથી બદલાવાની.

મોદીએ યુવાનોનો ઉલ્લેખ મિત્રો તરીકે કરતા જણાવ્યું હતું કે આ મિત્રોએ ભૂલમાંથી પાઠ શીખીને દેશને આગળ વધારવામાં યોગદાન આપવું જોઇએ. હું તમારા (યુવાનો) માટે કામ કરું છું. તમે જ દેશના ભવિષ્ય છો. (એજન્સી)

હતું કે અમેરિકાએ ઇરાન સામે જીતવું જ જોઇએ. તહેરાન દ્વારા વેપારી જહાજો પર હુમલા કરાઇ રહ્યા છે. તેઓએ અમેરિકાના સૈનિકોને પણ માર્યા છે. ઇરાને પરિણામ ભોગવવું પડશે.

ઇરાને કુવૈત પર નવેસરથી હુમલા શરૂ કર્યા હતા. તહેરાને ડ્રોનની મદદથી કુવૈત સરકારની ઇમારતોને લક્ષ્ય બનાવવાનું શરૂ કર્યું હતું.

ઓમાનના કાંઠાની નજીક એક જહાજ પર મોટો હુમલો કરાયો હતો.

વાયવ્યમાં આવેલા શહેરના ખસાબ શહેરથી ૨૧ માઇલ દૂર અન્ય ટૅન્કર પર મોટો ધડાકો થયો હતો. (એજન્સી)■

### પશ્ચિમ એશિયામાં

હતું કે અમેરિકાએ ઇરાન સામે જીતવું જ જોઇએ. તહેરાન દ્વારા વેપારી જહાજો પર હુમલા કરાઇ રહ્યા છે. તેઓએ અમેરિકાના સૈનિકોને પણ માર્યા છે. ઇરાને પરિણામ ભોગવવું પડશે.

ઇરાને કુવૈત પર નવેસરથી હુમલા શરૂ કર્યા હતા. તહેરાને ડ્રોનની મદદથી કુવૈત સરકારની ઇમારતોને લક્ષ્ય બનાવવાનું શરૂ કર્યું હતું.

ઓમાનના કાંઠાની નજીક એક જહાજ પર મોટો હુમલો કરાયો હતો. વાયવ્યમાં આવેલા શહેરના ખસાબ શહેરથી ૨૧ માઇલ દૂર અન્ય ટૅન્કર પર મોટો ધડાકો થયો હતો. (એજન્સી)■

### મોરક્કોમાંથી ઘૂસેલાઓનો

મોરક્કોમાંથી હજારો લોકો અમારા શહેરમાં ઘૂસ્યા હોવાથી સામાન્ય જનજીવન ખોરવાયું હતું. અનેક લોકો પાછા મોરક્કો જવા લાગ્યા છે.

મોરક્કોના મુખ્ય રેલવે સ્ટેશન ટાંગિયર ખાતે શરણાર્થીઓની ભારે ભીડ જોવા મળી હતી. અનેક લોકો હતાશ થઇને આ રેલવે સ્ટેશન પર પડેલા જોવા મળતા હતા.

સેઉટાની સરહદ પાસેના મોરક્કોના ગામ ફનિડેક ખાતે અસંખ્ય શરણાર્થીઓ ઉઘાડા પગે રસ્તા પર ફરતા જોવા મળતા હતા. ટેક્સી કે બસવાળા ડરના માર્યા શરણાર્થીઓને પોતાના વાહનમાં બેસાડવા પણ તૈયાર નહોતા. પોલીસ દરેક વાહનને રોકીને તેની સઘન તપાસ કરતી હતી.

સ્પેનની મુખ્ય ભૂમિથી દૂર આવેલા અને મોરક્કોથી ઘેરાયેલા ભૂભાગ સેઉટામાં ૨૪ કલાકમાં લગભગ ૬૦,૦૦૦થી વધુ માઇગ્રન્ટ્સ સરહદ પાર કરીને અથવા જિબ્રાલ્ટર સામુદ્રધુની (ખાડી) તરીને સ્પેનમાં ઘૂસવાનો પ્રયાસ કરતા હતા ત્યારે ધક્કામુક્કીમાં અથવા તણાઇ જવાથી ઓછામાં ઓછા ૬૭ જણ માર્યા ગયા હતા.

સિવિલ ગાર્ડ ઑફિસર્સનું પ્રતિનિધિત્વ કરતા સ્થાનિક કર્મચારીઓના સંગઠન દ્વારા ઘૂસણખોરો સામે કડક પગલાં લેવાનું શરૂ કરાયું હતું. હજારો માઇગ્રન્ટ્સે બાળકોની સાથે આશ્રય વિના બગીચામાં અને ફૂટપાથ પર ભૂખ્યા બેઠા રહેવું પડ્યું હતું.

મોરક્કોમાંથી સ્પેનમાં મોટી સંખ્યામાં ઘૂસેલા માઇગ્રન્ટ્સમાં યુવાનોની સંખ્યા ઘણી વધુ હતી અને તેઓની સાથે પરિવારમાં મહિલાઓ અને નાના બાળકો પણ હતા. સ્પેનનું સેઉટા ઉત્તર આફ્રિકાના કાંઠા પર આવેલું છે અને તે મોરક્કોના શહેર ફનિડેકથી અંદાજે ત્રણ માઇલ (પાંચ કિલોમીટર) દૂર છે અને તેથી અવારનવાર લોકો ખાડીમાં તરીને સ્પેનમાં ઘૂસે છે. (એજન્સી)■

# સુરતમાં દેવામાં ડૂબેલા પુત્રએ માતાની હત્યા કરી પોતે પણ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના વરાછા વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય જતીન સોનાણી નામના પુત્રએ શેર માર્કેટમાં દેવું થયાની તાણમાં માતાની હત્યા કરી નાખી હતી અને ત્યારબાદ પોતે પણ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. સૂત્રો દ્વારા ઘટનાની વિગતો અનુસાર અહીંની રૂપમ સોસાયટીમાં મૃતક જતીન માતા ભાનુબહેન સાથે ભાડાના મકાનમાં રહેતો હતો. જતીન છ મહિનાનો હતો ત્યારે તેના પિતાના મોટાભાઈ અને ભાભીએ તેને દત્તક લીધો હતો અને મોટો કર્યો હતો. પિતાના અવસાન બાદ જતીન અને માતા સાથે રહેતા હતા અને સામાન્ય જીવન ગુજારતા હતા. જતીન સ્ટેશનરીની દુકાનમાં કામ કરતો હોવાનું અને માતા ઘરે સિલાઈકામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું.

જોકે વધારે કમાણીની ઈચ્છા સાથે જતીને નોકરી છોડી મીની બજારમાં એક શેરબજારના કામકાજની ઓફિસ ખોલી હતી, પરંતુ તેના પ્લાનિંગ પ્રમાણે કામ થયું ન હતું અને રૂ. ૪૦ લાખ કરતા વધારે નુકસાન ગયું હતું. આને કારણે તે તાણમાં હતો, પરંતુ તે આવું પગલું ભરશે તે કોઈને ખ્યાલ આવ્યો ન હતો. પડોશીઓએ મીડિયા સાથે કરેલી વાત અનુસાર ઘટનાના દિવસે પણ માતા-પુત્ર સામાન્ય જ લાગતા હતા. રાત્રે જતીનને પહેલા માતાને ગળું દબાવી મારી નાખી હતી અને ત્યારબાદ પોતે પણ ગળાફાંસો ખાઈ લીધો હતો. સવારે મોડે સુધી ઘરના દરવાજા ન ખૂલતા પાડોશીઓએ ખટખટાવ્યું હતું, પરંતુ કોઈ જવાબ ન મળ્યો હતો. ત્યારબાદ બારીમાંથી જતીનને લટકેલો જોતા તેમણે પોલીસને જાણ કરી હતી. પોલીસસૂત્રોના જણાવ્યા અનુસાર ઘરમાંથી સ્યૂસાઈડ નોટ મળી આવી હતી, જેમાં તેણે પોતાના દેવા વિશે, નાણાની લેતી-દેતી વિશે લખ્યું હતું અને પોતાના આ કૃત્ય બદલ માફી માગી હતી. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. છેલ્લા અઠવાડિયામાં રાજકોટમાં ત્રણ સભ્યના એક પરિવારે અને માતા-પુત્રએ આત્મહત્યા કર્યાની ઘટનાના અહેવાલો જાણવા મળ્યા હતા, જેમાં પણ આર્થિક ભીંસ કારણ હોવાનું માનવામાં આવે છે. ■

# જીસીઆરઆઈ હેઠળ પાંચ વર્ષમાં ફેફસાંના કેન્સરના કુલ ૪,૮૩૦ દર્દીઓ નોંધાયા

**શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો, અવાજમાં ફેરફાર થવો કે અચાનક વજન ઘટવું જેવાં લક્ષણો જણાય, તો તેને સામાન્ય ગણીને અવગણવા નહીં અને એ તકલીફની તાત્કાલિક તબીબી સલાહ લેવી ખૂબ જ જરૂરી છે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગ્લોબોકેન-૨૦૨૨ના રિપોર્ટ મુજબ, ભારતમાં દર વર્ષે અંદાજે ૧.૧૨ લાખથી વધુ નવા ફેફસાના કેન્સરના કેસ નોંધાય છે અને ૯૮ હજારથી વધુ નાગરિકના મૃત્યુ થાય છે. જ્યારે વૈશ્વિક સ્તરે દર વર્ષે અંદાજે ૨૬ લાખથી વધુ નવા કેસ અને ૧૮ લાખથી વધુ દર્દીઓના મૃત્યુ નોંધાય છે, જે ફેફસાના કેન્સરને વિશ્વનું સૌથી વધુ મૃત્યુકારક કેન્સર બનાવે છે. શનિવારે ૧લી ઑગસ્ટે વર્લ્ડ લંગ કેન્સર ડે નિમિત્તે જનજાગૃતિ ફેલાવવામાં આવે છે. ત્યારે ગુજરાતમાં પણ ફેફસાંના કેન્સરના આંકડા ચિંતા કરાવનારા છે.

ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (જીસીઆરઆઈ) અમદાવાદ ખાતે છેલ્લા પાંચ વર્ષમાં ફેફસાના કેન્સરના કેસોમાં સતત વધારો નોંધાયો છે. જીસીઆરઆઈ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૧માં ૮૧૩, ૨૦૨૨માં ૮૬૫, ૨૦૨૩માં ૯૩૩, ૨૦૨૪માં ૧,૦૮૬ અને ૨૦૨૫માં ૧,૧૩૩ મળીને કુલ ૪,૮૩૦ દર્દીઓ ફેફસાના કેન્સરથી પીડિત નોંધાયા છે. જેમાં ૩,૯૩૧ (૮૧.૪%) પુરુષો અને ૮૯૯ (૧૮.૬%) મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

વિશ્વભરમાં કેન્સરના કારણે થતા મૃત્યુમાં ફેફસાનું કેન્સર સૌથી મોટું કારણ છે. શરૂઆતના તબક્કામાં તેના લક્ષણો સામાન્ય જણાતા હોવાથી મોટાભાગના દર્દીઓમાં રોગનું નિદાન મોડું થાય છે. પરંતુ યોગ્ય જાગૃતિ, તમાકુનો સંપૂર્ણ ત્યાગ, સમયસર તપાસ અને અદ્યતન સારવાર દ્વારા દર્દીઓનું જીવન બચાવવાની સંભાવના નોંધપાત્ર રીતે વધારી શકાય છે.

ફેફસાના કેન્સર માટે બીડી, સિગારેટ તથા તમાકુનું સેવન, પરોક્ષ ધૂમ્રપાન, હવાનું પ્રદૂષણ તેમજ ઔદ્યોગિક રસાયણો અને એસ્બેસ્ટોસ જેવા પદાર્થોના લાંબા સમય સુધી સંપર્કમાં આવવું એ મુખ્ય જોખમકારક પરિબળો છે. જો લાંબા સમય સુધી ચાલતી ઉધરસ, ઉધરસમાં લોહી પડવું, શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો, અવાજમાં ફેરફાર થવો કે અચાનક વજન ઘટવું જેવા લક્ષણો જણાય, તો તેને સામાન્ય ગણીને અવગણવા નહીં અને એ તકલીફની તાત્કાલિક તબીબી સલાહ લેવી ખૂબ જ જરૂરી છે. ■

# અમદાવાદના રસાલા પાર્કમાં વૃક્ષો કાપવા મુદ્દે મનપાએ ગાર્ડન સુપરવાઈઝરને નોટિસ મોકલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) એ રસાલા પાર્કની અંદર પરવાનગી વિના એક વૃક્ષ કાપવામાં આવ્યા બાદ કાર્યવાહી શરૂ કરી છે. આ પાર્ક પાસે જ ગાર્ડન ડિપાર્ટમેન્ટની હેડઓફિસ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર લો ગાર્ડન નજીકના પાર્કમાં વૃક્ષો કાપવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ આ મુદ્દો પ્રકાશમાં આવ્યો હતો. એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે ગાર્ડન વિભાગ સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે કોઈ પણ વાજબી કારણ વગર વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે.

વિભાગ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે ફરજિયાત મંજૂરી વિના ઝાડ કાપવામાં આવ્યું હતું.

ત્યારબાદ કથિત બેદરકારી બદલ બગીચાના સુપરવાઇઝરને કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ચોમાસા દરમિયાન શહેરમાં ૫૦ લાખ વૃક્ષો વાવવા માટે મનપા 'મિશન ફાઇવ મિલિયન ટ્રીઝ' અભિયાન ચલાવી રહ્યું છે ત્યારે આ ઘટનાએ ધ્યાન ખેંચ્યું છે.

જોકે, મનપા અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે રસાલા પાર્ક પ્રાણી સંગ્રહાલય વિભાગ હેઠળ આવે છે.

તેમના જણાવ્યા મુજબ, પ્રાણી સંગ્રહાલયના કર્મચારીઓએ ફરિયાદો મળ્યા બાદ એક વૃક્ષ કાપી નાખ્યું હતું કે તે પોલું બની ગયું છે અને સલામતી માટે જોખમ ઊભું કરી શકે, તેમ જણાયું હતું. આ માટે સત્તાવાર મંજૂરી લેવામાં આવી ન હોવાથી આ ચર્ચાનો વિષય બન્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી રહી છે, અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. વાયરલ વીડિયોમાં અનેક વૃક્ષો કાપવામાં આવી રહ્યા હોવાનું જણાય છે, પરંતુ મનપાએ કહ્યું હતું કે ફક્ત એક જ વૃક્ષ કાપવામાં આવ્યું હતું, જ્યારે બાકીના વૃક્ષો ફક્ત ટ્રિમિંગ કરવામાં આવ્યા હતા. ■

# અદાણી ગેસે સીએનજીનો ફરી ભાવ વધાર્યોઃ ₹ ચાર વધતા અમદાવાદમાં ₹ ૯૪.૦૨ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં સીએનજીના ભાવમાં ફરી વધારો થયો છે. અદાણી ટોટલ ગેસે સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂ. ૪ રૂપિયાનો વધારો કર્યો છે, જે અમલમાં આવી ગયો છે. આ સુધારા બાદ, સીએનજી હવે ૯૦.૦૨ રૂપિયા પ્રતિ કિલોથી વધીને ૯૪.૦૨ રૂપિયા પ્રતિ કિલો થશે.

પેટ્રોલ-ડિઝલ છોડીને સીએનજી તરફ વળેલા લાખો રિક્ષાચાલકો સહિત ખાનગી વાહનચાલકો પર આર્થિક બોજ વધશે.

ઓટો-રિક્ષા ચાલકોએ વારંવાર ભાડા વધારા અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, વધતા જતા ઈંધણના ખર્ચને કારણે તેમની આજીવિકા ટકાવી રાખવી વધુને વધુ મુશ્કેલ બની રહી છે. રિક્ષા ચલાવવી અને ઘરના ખર્ચાઓ કાઢવા મુશ્કેલ બની રહ્યા છે. ઈંધણના ભાવ વારંવાર વધતા હોવાથી, ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે, તેવી ફરિયાદો રિક્ષાચાલકો કરી રહ્યા છે.

એક સમયે પરંપરાગત ઇંધણનો સીએનજી ઘણો સસ્તો વિકલ્પ માનવામાં આવતો હતો, પરંતુ તાજેતરના મહિનાઓમાં વારંવાર ભાવમાં ફેરફાર થવાથી પેટ્રોલ અને ડીઝલની કિંમતો વચ્ચે ખાસ ફરક રહ્યો નથી. ■

# સુરતમાં સોસાયટીમાં રમતી બાળકી પર કાર ફરી વળી, કારચાલક પણ સોસાયટીનો જ રહેવાસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અકસ્માતના એક હૃદયદ્રાવક કિસ્સામાં ઘર પાસે સોસાટીમાં રમતી બાળકી પર કાર ફરી વળતા તેનું મોત નિપજ્યું હતું. સુરતમાં કામરેજ સોસાયટીમાં ૭ વર્ષની બાળકી સોસાયટીમાં રમતી હતી ત્યારે અહીં જ રહેતા એક યુવકે કારનો ટર્ન લેતા ધ્યાન રહ્યું નહીં અને બાળકી કારની હડફેટે આવી ગઈ હતી. બાળકીને હૉસ્પિટલે લઈ જતા તેનું મોત નિપજ્યાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

ઘટનાની મળતી વિગતો અનુસાર અહીંની સૌરાષ્ટ્ર ટાઉનશિપમાં રહેતા રત્ન કલાકાર સંજયભાઈ બોરડની ૭ વર્ષની દીકરી જન્નત પોતાના ઘર પાસે રમી રહી હતી. આ સમયે અહીં જ રહેતા એન્જિનિયર અજયકુમાર પોશીયા (૩૫)ની કારે ટર્ન લીધો હતો અને ગાડી નીચે બાળકી આવી ગઈ હતી. બાળકીને લોહીલુહાણ હાલતમાં કારચાલક અને આસપાસના લોકો હૉસ્પિટલે લઈ ગયા હતા, પરંતુ તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાથી તેનું મોત નિપજ્યું હતું. બાળકીના પિતાએ કારચાલક સામે ફરિયાદ કરતા પોલીસે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જોગાનુજોગ બન્ને પરિવાર મૂળ સૌરાષ્ટ્રના રહેવાસી છે, જેમાં બાળકીનો પરિવાર મૂળ અમરેલીનો જ્યારે વાહનચાલક મૂળ ગીર-સોમનાથ જિલ્લાનો હોવાનું જાણવા મળ્યું હતું. ■



**યુનિવર્સલ યોગઃ** સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે આયોજિત કોમનવેલ્થ ગેમ્સ દરમિયાન ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ શનિવારે દિવસની શરૂઆત એક ખાસ યોગ સત્ર સાથે કરી હતી. ગ્લાસગો ખાતે આયોજિત આ યોગ શિબિરમાં સ્થાનિક સ્કોટિશ નાગરિકો તેમજ ત્યાં વસતા ભારતીય સમુદાયના સામાન્ય લોકો જોડાયા હતા.

# અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં ગંભીર રક્ત વિકાર ધરાવતી મહિલાનું સફળ ટોટલ હિપ રિપ્લેસમેન્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની સિવિલ હૉસ્પિટલ આરોગ્ય સેવાઓ માટે જાણીતી છે. અહીં ફરી એક જટિલ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ અંગે અહીંના ના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ આ જણાવ્યું હતું કે હૉસ્પિટલના ઓર્થોપેડિક વિભાગે આઈટીપી જેવી ગંભીર રક્તસંબંધિત બીમારીથી પીડાતા દર્દીનું સફળ ટોટલ હિપ રિપ્લેસમેન્ટ કરીને ફરી એક વાર સાબિત કર્યું છે કે સરકારી હૉસ્પિટલોમાં પણ વિશ્વસ્તરીય અને જટિલ સારવાર સફળતાપૂર્વક ઉપલબ્ધ બની રહી છે.

સિવિલ હૉસ્પિટલના ઓર્થોપેડિક વિભાગના પ્રોફેસર ડૉ. પીયૂષ મિત્તલે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશના રહેવાસી શ્રીમતી સંગીતા ત્રિવેદી લાંબા સમયથી આઈટીપી નામની ગંભીર રક્ત સંબંધી બીમારીથી પીડાતા હતા. એવામાં કોઈ પણ સર્જરી કરવાથી ભારે રક્તસ્રાવમાં શરીરમાં પ્લેટલેટ્સની સંખ્યા ખૂબ ઓછી થઈ જતાં દર્દીમાં રક્તસ્રાવ થવાનો ગંભીર જોખમ રહે છે. નોંધનીય છે કે પ્લેટલેટ્સ લોહીનો ગઠ્ઠો બનાવી રક્તસ્રાવ રોકવામાં મહત્વની ભૂમિકા ભજવે છે, પરંતુ આઈટીપી પીડિત દર્દીઓમાં પ્લેટલેટ્સ ઘટી જતા કોઈ પણ પ્રકારની સર્જરી અત્યંત જોખમી ગણાય છે.

સંગીતા ત્રિવેદી આ રોગ માટે લાંબા ગાળાથી સારવાર લઈ રહ્યા હતાં અને તે દરમિયાન સ્ટેરોઇડ્સના ઉપયોગને કારણે એવીએન વિકસ્યું હતું. પરિણામે તેમનો હિપનો સાંધો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયો હતો અને સંગીતા ત્રિવેદીને ફરી ચાલતા કરવા માટે ટોટલ હિપ રિપ્લેસમેન્ટ સિવાય સારવારનો અન્ય કોઈ વિકલ્પ નહોતો.

બધેથી નિરાશ થયા બાદ દર્દી અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખાતે પહોંચ્યા કે જ્યાં ઓર્થોપેડિક વિભાગના પ્રોફેસર ડૉ. પીયૂષ મિત્તલના માર્ગદર્શન હેઠળ સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. સર્જરી બાદ દર્દીની તબિયત સંપૂર્ણપણે સ્થિર છે, તેવી માહિતી રાજ્ય સરકારે અખબારી યાદી દ્વારા આપી હતી. ■




**હેપ્પી બર્થ ડે ગાંધીનગરઃ** સાબરમતીના કિનારે ખુલ્લાં ખેતરો વચ્ચે એક નવી રાજધાનીની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે ગાંધીનગરને શનિવારે ૬૧ વર્ષ પૂરાં થયાં. ગુજરાતની રાજધાનીને ગાંધીનગરને સમય સાથે અનેક ઓળખ મળી. શરૂઆતમાં તે 'ગાંધીયન સિટી' તરીકે ઓળખાયું. ઓછા પ્રદૂષણને કારણે 'અનપોલ્યુટેડ સિટી', પછી વિશાળ વૃક્ષારોપણથી **'ગ્રીન સિટી'**.

# પંચમહાલમાં ચાંદીપુરા વાઈરસનો શંકાસ્પદ કેસ, બાળકીને વડોદરા સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ખતરનાક ચાંદીપુરા વાયરસના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે.

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ખંડેવાળ ગામે ૩ વર્ષની માસૂમ બાળકીમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના લક્ષણો જોવા મળતાં તેને તાત્કાલિક વધુ સારવાર માટે વડોદરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. જિલ્લામાં નવા શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે.

આ નવા કેસ સાથે પંચમહાલ જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ દર્દીઓની કુલ સંખ્યા હવે ૨૬ થઈ ગઈ છે. અત્યાર સુધી નોંધાયેલા કેસોમાંથી ૨૨ દર્દીઓના લેબોરેટરી રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, જ્યારે ૩ દર્દીઓમાં ચાંદીપુરા વાયરસની પુષ્ટિ થઈ હતી.

વધુ એક દર્દીનો લેબ રિપોર્ટ હજુ આવવાનો બાકી હોવાથી આરોગ્ય વિભાગ તેની પણ નજીકથી દેખરેખ રાખી રહ્યો છે. ચાંદીપુરા વાયરસના પોઝિટિવ નોંધાયેલા ત્રણ દર્દીઓમાંથી બે માસૂમ બાળકોના દુઃખદ મોત નિપજ્યા છે, જેનાથી સમગ્ર જિલ્લામાં ચિંતા અને શોકનો માહોલ સર્જાયો છે. ■

# નર્મદા જિલ્લામાં ૧૦૧ સગર્ભાઓને આરોગ્ય કેન્દ્રોમાં શિફ્ટ કરી પચીસની સફળ ડિલિવરી

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ વરસાદ ગુજરાતને ધમરોળી રહ્યું છે અને આ સમયે આરોગ્ય સેવાઓ લોકો સુધી પહોંચાડવી પડાકર બની રહે છે. તેવામાં સગર્ભા મહિલાઓ માટે પણ આરોગ્ય કેન્દ્રો કે હૉસ્પિટલ સુધી પહોંચવું મોટો પડકાર છે. આ વાતને ધ્યાનમાં રાખી નર્મદા જિલ્લામાં આગોત્તરું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર નર્મદા જિલ્લામાં ભારે વરસાદ અને 'રેડ એલર્ટ'ની પરિસ્થિતિ વચ્ચે આરોગ્ય તંત્ર દ્વારા ઓપરેશન સેફ ડિલિવરી અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ભારે વરસાદને લીધે અસરગ્રસ્ત થઇ શકે તેવા વિસ્તારોમાંથી આરોગ્ય ટીમો દ્વારા તા. ૩૦ જુલાઈ થી ૧ ઓગસ્ટ દરમિયાન ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ પહેલાની સંભવિત ડિલિવરી ડેટ ધરાવતી ૧૪૨ સગર્ભા મહિલાની ઓળખ કરવામાં આવી હતી. આ પૈકી ૧૦૧ જેટલી સગર્ભા બહેનોને આરોગ્ય કેન્દ્રોમાં સફળતાપૂર્વક શિફ્ટ કરવામાં આવી હતી. આ આગોતરા આયોજનના પરિણામે, શિફ્ટ કરવામાં આવેલી મહિલાઓમાંથી ૨૫ સગર્ભા બહેનોની સુખદ અને સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

આ અંગે વિગતો આપતા જિલ્લા આર.સી.એચ. અધિકારી ડૉ. ઝંખના વસાવાએ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં ગરુડેશ્વર તાલુકાના ૬, નાંદોદ તાલુકાના ૬, ચિકદા તાલુકાના ૫, સાગબારા તાલુકાના ૪, તિલકવાડા તાલુકાના ૩ અને દેડીયાપાડા તાલુકાના ૧ એમ કુલ મળી ૨૫ પ્રસૂતાઓની સફળ ડિલિવરી કરવામાં આવી હતી. હાલમાં તમામ ૨૫ નવજાત શિશુઓ અને તેમની માતાઓ સંપૂર્ણપણે સ્વસ્થ અને સુરક્ષિત છે.

નાની રાવલના સગર્ભા નયનાબેન તડવીના પરિવારજનોએ આરોગ્ય તંત્રનો આભાર વ્યક્ત કરતા કહ્યું હતું કે વરસાદના રેડ એલર્ટને પગલે તેઓની ચિંતા હતી કે, નયનાબેનને સમયસર હોસ્પિટલ સુધી કેવી રીતે પહોંચાડીશું, પરંતુ જિલ્લા આરોગ્ય વિભાગની સતર્કતા અને સુઆયોજિત કામગીરીના પરિણામે ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાની મદદથી તેમને સમયસર ગરુડેશ્વર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા, જ્યાં તેમની સુરક્ષિત પ્રસૂતિ કરવામાં આવી. હાલમાં માતા અને નવજાત શિશુ બંને સંપૂર્ણ સ્વસ્થ છે. ■

# બરોડા ડેરીના ચેરમેન અને વાઇસ ચેરમેનની નિમણૂક માટે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : બરોડા ડેરીની તા.૧૮મી માર્ચે ૧૩ બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી.પરંતુ તેમાંથી ૯ બેઠકો બિનહરીફ જાહેર થઇ હતી અને બાકીની ચાર બેઠકો પર પણ ભાજપના જ ડિરેક્ટરો ચૂંટાયા હતા. જો કે આંતરિક વિખવાદને કારણે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી જાહેર કરાતી નહતી.

જો કે હવે આતુરતાનો અંત આવ્યો છે, ડેરીના ચેરમેન અને વાઇસ ચેરમેનની નિમણૂક અંગે ભારતીય જનતા પાર્ટી દ્વારા કવાયત તેજ કરવામાં આવી છે. આગામી ૪ ઓગષ્ટે બરોડા ડેરીના નિયામક મંડળના ચેરમેન અને વાઇસ ચેરમેનની નિમણૂક થશે જે અંગેની સેન્સ પ્રક્રિયા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજવામાં આવી હતી. પ્રદેશ કક્ષાએથી ત્રણ નિરીક્ષકોની ટીમમાં ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ પ્રધાન પૂર્ણેશભાઈ મોદી, ખેડા જિલ્લાના પ્રભારી રમણભાઈ પટેલ તેમજ બનાસકાંઠા જિલ્લાના પૂર્વ પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિરીક્ષકોએ ડેરીના ડિરેક્ટરો, સંગઠનના હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને સાંભળ્યા હતા.

બરોડા ડેરીની કામગીરી સાથે છોટાઉદેપુર જિલ્લો પણ સંકળાયેલો હોવાથી, છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી, પ્રમુખ, ધારાસભ્યો અને સાંસદોનો અભિપ્રાય પણ મેળવવામાં આવશે. આ તમામ પદાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ નિરીક્ષકો પોતાનો સત્તાવાર રિપોર્ટ પાર્ટીના પાર્લામેન્ટરી બોર્ડને સોંપશે. પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા જે આખરી નિર્ણય લેવામાં આવશે, તેના આધારે આગામી ૪ ઓગસ્ટના રોજ બરોડા ડેરીના નવા ચેરમેન અને વાઇસ ચેરમેનની સત્તાવાર નિમણૂક કરવામાં આવશે. ■

# પોલીસે ટેકનોલોજીની મદદથી ૨૮ દિવસમાં ૪૨ ગુમ બાળકને શોધી કાઢ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદ જિલ્લાના ખંભાતમાં શાળાએ જતી વખતે ગુમ થયેલી ધોરણ ૭ની એક વિદ્યાર્થીનીને ગુજરાત પોલીસે વિશ્વાસ ફેઝ-૨ સીસીટીવી નેટવર્ક અને ડિજિટલ સરવેલન્સ સાધનોનો ઉપયોગ કરીને ગણતરીના કલાકોમાં શોધી કાઢી હતી.

આ વિદ્યાર્થીની ખંભાતનાં ખોડિયાર નગર સોસાયટીમાં આવેલા પોતાના ઘરેથી ખંભાત નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા જવા માટે નીકળી હતી. જ્યારે તે શાળાએ ન પહોંચી, ત્યારે તેનાં વર્ગશિક્ષકે વાલીઓને જાણ કરી, જેમણે તાત્કાલિક ખંભાત સિટી પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે વિશ્વાસ ફેઝ-૨ સીસીટીવી નેટવર્કના ફૂટેજનું વિશ્લેષણ કર્યું અને ગણતરીના કલાકોમાં બાળકી સુધી પહોંચી શક્યા અને બાળકીને તેની સાયકલ સાથે શોધી કાઢી. તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

આ માત્ર એક કિસ્સો નથી. પહેલી જુલાઇથી ૨૮ જુલાઇ દરમિયાન ગુજરાત પોલીસે સમગ્ર રાજ્યમાં આવા ૪૨ ગુમ થયેલા બાળકને શોધી તેમના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. આ કિસ્સાઓ દર્શાવે છે કે, બાળ સુરક્ષા ક્ષેત્રે ટેકનોલોજી કેવી રીતે એક મહત્વપૂર્ણ સાધન બની રહી છે.

રાજ્યવ્યાપી ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસના ભાગરૂપે ૧ જુલાઈથી ૨૮ જુલાઈ દરમિયાન ગુજરાત પોલીસે સાયબર ટૂલ્સ, સીસીટીવી એનાલિટિક્સ અને અન્ય ટેક્નોલોજીકલ મદદથી ૪૨ ગુમ થયેલા બાળકોને શોધી કાઢ્યા છે.

ગુજરાતના સીઆઈડી ક્રાઈમ (વુમન સેલ)ના અધિક પોલીસ મહાનિર્દેશક (એડીજીપી) અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, ''પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) જી.એસ. મલિકના માર્ગદર્શન હેઠળ, ગુજરાત પોલીસે સાયબર જાગરૂકતા સુધારવા, નિવારક પગલાં મજબૂત કરવા, સાયબર અપરાધીઓ સામે કડક કાર્યવાહી કરવા અને સાયબર સ્પેસમાં મહિલાઓ તથા બાળકોના રક્ષણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સાયબર ગુનાની તપાસની ગુણવત્તા સુધારવા માટે રાજ્યવ્યાપી 'ઓપરેશન સુરક્ષિત સાયબર સ્પેસ' શરૂ કર્યું હતું. આ અભિયાન દરમિયાન સાયબર ટૂલ્સ અને વિવિધ ટેકનોલોજીકલ માધ્યમોનો ઉપયોગ કરીને ૪૨ ગુમ થયેલા બાળકોને સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા હતા. આ ઓપરેશન ચાર તબક્કામાં હાથ ધરવામાં આવ્યું હતું.

ગુમ થયેલા બાળકોને શોધવા અને સાયબર તપાસને મજબૂત કરવા ઉપરાંત, આ અભિયાનમાં સાયબર જોખમો વિશે જાહેર જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. નાગરિકોને ઓનલાઈન છેતરપિંડી, ડિજિટલ સુરક્ષા પદ્ધતિઓ, સાયબર હાઈજીન અને ઈન્ટરનેટના જવાબદાર ઉપયોગ વિશે શિક્ષિત કરવા માટે પોલીસે જાગૃતિ કાર્યક્રમો, આઉટરીચ સેશન્સ અને સોશિયલ મીડિયા કેમ્પેઈનનું આયોજન કર્યું હતું. ■

# સંસ્થા સમાચાર




## શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ....

વાર્ષિક સામાન્ય સભા અંતગર્ત ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સમિતિની ચૂંટણીના પરિણામની જાહેરાત.

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના સભ્યોને વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૬મી જુલાઇ ૨૦૨૬ના રોજ મોટી સંખ્યામાં સભ્યોની હાજરી સાથે સંપન્ન થઇ હતી.

સમાજના ટ્રસ્ટી મંડળની ચાર વર્ષની મુદ્દત માટે સાત ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિના પદાધિકારીઓ અને સભ્યો જેની સંખ્યા સત્તારની છે તે બે વર્ષ માટેની ચૂંટણી જાહેર થઇ હતી, પરંતુ જેટલા પદ હતા તેટલા જ ઉમેદવારી પત્રક ભરાયા હોવાથી, ચૂંટણી નિયામકે તેઓને બિન વિરોધ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

સમાજના પ્રમુખ તરીકે પ્રથમવાર એક મહિલા શ્રીમતી બિન્દુબેન ચેતન ત્રિવેદી (માજી નગરસેવિકા) ને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યાં હતાં.

બિંદુબહેને તેમના વકતવ્યમાં સમાજમાં નવા પ્રોજેક્ટ મૂકી સમાજના હિતમાં વધુને વધુ નવી પ્રવૃત્તિઓ થકી સમાજના સભ્યો અને જાહેર જનતાને લાભ થાય તેવા કાર્ય કરવાનો નિર્ધાર જાહેર કર્યો હતો.

ઉપસ્થિત સૌએ નવનિર્વાચિત ટ્રસ્ટીઓ અને કારોબારી સમિતિના સભ્યોને અભિનંદન આપી વધાવ્યા હતા.

## પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી, કાંદિવલી) દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને હરિત મુંબઈના સંકલ્પને સાકાર કરવા માટે 'પર્યાવરણ જાગૃતિ અભિયાન' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન રવિવાર, ૦૨/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે બોરસાપાડા રોડ, પોઇસર જિમખાના સ્ટ્રીટ, કપોળ વિદ્યાનિધિ શાળા પાસે, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ ૬૭ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણ પ્રત્યે જનજાગૃતિ લાવવાનો, વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવાનો તથા હરિયાળી અને સ્વચ્છ સમાજના નિર્માણમાં સૌની સહભાગિતા સુનિશ્ચિત કરવાનો છે.

# ફોરેક્સ સ્વેપ ફેસિલિટી હેઠળ ૩૧ જુલાઈ સુધી ૪૦.૮૨ અબજ યુએસ ડૉલર એકત્રિત કરાયા : આરબીઆઈ

મુંબઈઃ રિઝર્વ બેંકે શનિવારે જણાવ્યું હતું કે વિદેશી ચલણના પ્રવાહને પ્રોત્સાહન આપવા માટે રજૂ કરવામાં આવેલી તેની કન્સેશનલ સ્વેપ સુવિધાએ ૩૧ જુલાઈ સુધી

૪૦.૮૨ અબજ યુએસ ડૉલર આકર્ષાયા છે. ૮ જૂન, ૨૦૨૬થી સ્વેપ સુવિધામાં ઉત્સાહ જોવા મળ્યો છે અને સ્થિર ફોરેક્સ પ્રવાહ આકર્ષાયો છે, એમ સેન્ટ્રલ બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું. ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેંક) ડિપોઝિટ દ્વારા મજબૂત એકત્રીકરણ જોવા મળ્યું હતું. કુલ પ્રવાહમાંથી, ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેંક) ડિપોઝિટનો હિસ્સો ૩૬.૭૨૫ અબજ યુએસ ડૉલર હતો, જ્યારે ઓવરસીઝ ફોરેન કરન્સી બોરોઇંગ્સ એ ૨.૫૭૫ અબજ યુએસ ડૉલરનું યોગદાન આપ્યું હતું અને એક્સટર્નલ કોમર્શિયલ બોરોઇંગ્સની રકમ ૧.૫૧૬ અબજ યુએસ ડૉલર રહી હતી.

દેશની બેલેન્સ ઓફ પેમેન્ટ્સને મજબૂત કરવા અને મૂડીના પ્રવાહને પ્રોત્સાહિત કરવાના હેતુથી, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ પાંચ જૂના રોજ શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરી હતી, જેમાં નવી ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેંક) ડિપોઝિટ્સ, ઓએફસીબી અને ઇસીબીના પ્રવાહ માટે રાહતદરે સ્વેપ ઓફર કરવાની સુવિધાનો સમાવેશ થાય છે. અધિકૃત ડીલર બેંકો પાસેથી પ્રાપ્ત ડેટાના આધારે, સ્વેપ સુવિધા હેઠળ ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી એકત્રિત કરાયેલા ફોરેક્સ પ્રવાહની સ્થિતિ ૪૦.૮૧૬ અબજ યુએસ ડૉલર હતી, એમ સેન્ટ્રલ બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું. આ સુવિધા ૮ જૂન, ૨૦૨૬ના રોજ કાર્યરત કરવામાં આવી હતી, અને તે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેંક) ડિપોઝિટ માટે અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ઓએફસીબી અને ઇસીબી માટે ઉપલબ્ધ છે.વૈશ્વિક બજારની અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતના બાહ્ય ક્ષેત્રની સ્થિતિને મજબૂત બનાવવા અને વિદેશી હૂંડિયામણ પ્રવાહિતાને ટેકો આપવાના આરબીઆયના પ્રયાસોના ભાગ રૂપે આ પગલાંની જાહેરાત કરવામાં આવી હતી.■

# ઉત્તર પ્રદેશનો ગંભીર ગુનાનો ગેન્ગસ્ટર મુંબઈથી પકડાયો

મુંબઈઃ ઉત્તર પ્રદેશમાં ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ગેન્ગસ્ટરને મુંબઈથી પકડી પાડવામાં યલોગેટ પોલીસને સફળતા મળી હતી. ગેન્ગસ્ટરની ઓળખ નિશાંત રાજેશ સિંહ તરીકે થઇ હતી, જેને ઉત્તર પ્રદેશ પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. યલોગેટ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર નીલેશ કાંબળેને ગુરુવારે માહિતી મળી હતી કે રેકોર્ડ પરનો આરોપી બૅ વ્યૂ હૉટેલ નજીક આવ્યો છે. આથી પોલીસની ટીમ તાત્કાલિક હૉટેલ નજીક પહોંચી હતી અને આરોપી નિશાંત સિંહને તાબામાં લીધો હતો. પૂછપરછમાં નિશાંત ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લાનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. નિશાંત વિરુદ્ધ ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લામાં ત્રણ ગંભીર ગુના દાખલ હોવાનું જાણવા મળ્યું હતું. ■

# જૈન મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી સ્થા. જૈન**

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર મહેન્દ્રભાઇ મણીલાલ સરવૈયા (ઉં. વ. ૮૬) તા. ૩૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કોકિલાબેનના પતિ. દક્ષેશ, હેમલ, પારૂલના પિતા. રાજેશભાઇ, કેતનભાઇ, ઇશિતાબેનના સસરા. હર્ષીલ, અક્ષત, દીશાના દાદા. સ્વ. હિરાબેન તલકચંદ શેઠના જમાઇ (દડવાવાળા) મુદ્રા, ઉમંગ, ધ્રુવ, સાક્ષીના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સ્થા. શ્રીમાળી જૈન**

ગોંડલ નિવાસી હાલ બોરીવલી, સ્વ. શાંતિલાલ લક્ષ્મીચંદ મોદીના પુત્ર તથા રૂપાબેનના પતિ અમલેશભાઈ (ઉં. વ. ૬૮) તે નિમેષ તથા ડોલીના પિતા. સ્વ. લતાબેન દિલીપભાઈ કાશ્મીરાબેન, પ્રફુલ્લાબેન, શીલાબેનના ભાઈ. સ્વ. મનસુખલાલ તુલસીદાસ ગોસલીયાના જમાઈ. ૩૧/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ સાંતાક્રુઝ, સ્વ. પ્રવિણચંદ્ર લક્ષ્મીદાસ શાહના સુપુત્ર સ્વ. નીતિનભાઈના ધર્મપત્ની શ્રીમતી પ્રતિમાબેન (પ્રમોદીબેન) (ઉં. વ. ૭૭) તા. ૩૧-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કુમારપાળ તથા ઊર્મિનાં માતુશ્રી. પાયલ તથા વિરેશકુમારનાં સાસુ. કિયારા તથા માયારાનાં નાની. સ્વ. તરુબેન બિપીનચંદ્ર ગાંધીનાં ભાભી. પિયરપક્ષે સ્વ. મંજુલાબેન હરસુખલાલ શાહનાં સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોખાના રમણીક દેઢિયા (ઉં. વ. ૬૭) તા. ૩૧-૭-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન વેલજી ના પુત્ર. જ્યોતીના પતિ. નિકુંજ, હાર્દિકના પિતા. પંકજ, મુકેશ, મંજુલા, ભારતીના ભાઇ. દેવકુરબેન વસનજીના જમાઇ. પ્રા. શ્રી સુમતિનાથ જિનાલય નુતન સંકુલ, ૫ મે માળે, કિંગ સર્કલ, માટુંગા (ઇ).ટા. : ૩ થી ૪.૩૦.

કુંદરોડીના તલકશી રામજી મામણીયા (ઉં. વ. ૭૧) તા. ૩૧-૭-૨૬ ના અવસાન પામેલ છે. મુલબાઈ રામજીના પુત્ર. ઇન્દીરા (ઉર્મીલા)ના પતિ. સંદીપના પિતા. ધનજી, કલ્યાણજી, રમણીકલાલ, શાંતિલાલ, સાકરબેન ધનજી, ગણેશના રૂક્ષ્મણીબેન કાંતિલાલ, શાંતાબેન લાલજી, વિમળાબેન જયંતીલાલના ભાઇ. વેજબાઈ કેશવજી છેડાના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), ૫ મે માળે, કાંદિવલી (વે).ટા. ૩ થી ૪.૩૦.

બારોઇના લહેરચંદ મેઘજી કેનીયા (ઉં. વ. ૮૩) તા. ૨૯-૭-૨૬ના અવસાન પામેલ છે. કસ્તુરબેન મેઘજીના પુત્ર. મંજુલાબેનના પતિ. રીપા, શ્રેણીના પિતા. ડો. જયવંતી (જશુ), લીલાવંતી (બકુ)ના ભાઇ. નાના આસંબિયા કસ્તુરબેન વિશનજી મુરજી ગાલાના જમાઈ. અઢાર પાપસ્થાનક આલોચના : શ્રી કાલિદાસ મેરેજ હોલ, પી.કે.રોડ, મુલુંડ (વે) ટા. ૩ થી ૫.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોટાલીલીયા નિવાસી હાલ મુંબઇ ઘાટકોપર સ્વ. શોભનાબેન હિંમતલાલ સરવૈયા (શાહ) તે સ્વ. હિંમતલાલ હરગોવિંદ સરવૈયાના ધર્મપત્ની. તે સ્વ.હરગોવિંદ જીવનલાલ સરવૈયાના પુત્રવધુ. મણિલાલ હરગોવિંદ સરવૈયા. સ્વ. શારદાબેન મણિલાલ સરવૈયાના ભાભી. તળાજા નિવાસી સ્વ. અમૃતલાલ ખુશાલદાસ દાણી તથા જશુબેન અમૃતલાલ દાણીની સુપુત્રી. તા. ૧૦-૬-૨૬, બુધવારના અરિહંતશરણ પામેલ છે.

# હિન્દુ મરણ

હંસાબેન રમેશચંદ્ર જાદવજી કતીરા ગામ માતાજીના નેત્રા હાલે મુલુંડના સુપુત્ર અતુલ (ઉં. વ. ૬૧) તા. ૨૯ જુલાઇ ૨૦૨૬ના બુધવારે અમદાવાદ મધ્ય શ્રીરામશરણ પામેલ છે. તે ગં. સ્વ. મંજુલાબેન કિશોરભાઇ પોપટ ગામ ભુજવાળાના જમાઇ. તે અર્પિતાબેનના પતિ. ઓમના પિતાશ્રી. તે સ્વ. રોહીત, જિતેન્દ્ર, રાજેશ, યશમીના દેવેન્દ્ર પલણના ભાઇ. પ્રવીણાબેનના જેઠ. પ્રાર્થનાસભા તા. ૨ ઓગસ્ટ રવિવારના સાંજે ૫.૩૦થી ૭. ઠે. પવાણી હોલ, ૧લે માળે, કચ્છી લોહાણા મહાજનવાડી, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ), બૈરાઓએ એ જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મૂળ ગામ મોટી ધૂફી (કચ્છ) હાલ મુલુંડ ગં. સ્વ. નર્મદાબેન (ઉં. વ. ૯૪) ગુરુવાર, તા. ૩૦-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ઉમરશી માધવજી ગણાત્રાના પત્ની. તે સ્વ. કાંતિલાલ, નવીન, મોહન, મહેન્દ્ર, રાજુ, ઝવેર, રૂકમણી, મંજુલા, દમયંતીના માતાજી. તુલસાબાઇ મુલજી તન્ના મોથાળાવાળાના દીકરી. ભગવતી, ભાવના, અરુણા, આશા, આરતીના સાસુ. પ્રિયેશ, હિરેન, હિતેશ, કેવલ, મિથુન, જેકી, રાજ, જયોતિ, બિજલ, નિશા, અલ્પાના દાદી. તે આનંદ, કૈલાશ, કુનાલ, અમીત, પીયૂષ, સાગર, સોની, ચાર્મીના નાની. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨-૮-૨૬ના સાંજે ૫થી ૭. ઠે.હોટેલ ટિપટોપ પ્લાઝા, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ ચેકનાકા પાસે, થાણે (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબેન નારાયણજી શીવજી અનમ કચ્છ ગામ ગઢશીશા વાળાના સુપુત્ર રમેશ નારાયણજી અનમ હાલ થાણા (ઉં. વ. ૭૨) તે તા. ૩૧-૭-૨૬ શુક્રવારના શ્રીશીવ શરણે પામેલ છે. તે હંસાબેનના પતિ. તે સ્વ. રમાબેન તુલસીદાસ ધીરવાણી, સ્વ. મધુરીબેન પ્રભુદાસ પોપટ, લીલાવંતીબેન ધીરજલાલ પોપટ, અનીતાબેન કનૈયાલાલ કોઠારી, સ્વ. રમીલાબેન, સ્વ. અર્જુનભાઇ કરસનદાસ, સ્વ. પ્રતાપભાઇ, સ્વ. મહેન્દ્રભાઇના ભાઇ. તે સ્વ. વીઠલદાસ ભવાનજી પૂંજાણી કચ્છ ગામ ગઢશીશાવાળા જમાઇ. દિનેશ, નરેન્દ્ર તથા ઉષાબેન શંકરલાલ મડીયારના બનેવી, તે ભાવીન, ડિમ્પલ અવનીશ માણેકના પિતાશ્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**ભાર્ગવ બ્રાહ્મણ**

અંજના જયોતિન્દ્ર વકીલ તે ડો. ભાવિન, કાનન, પુનિત અને સ્વ. આભાના માતુશ્રી. તે ડો. અમિતા, નિકુંજ ઝવેરી, ક્રિષ્નાના સાસુ. બુધવાર તા. ૨૯ જુલાઇ ૨૦૨૬ના દેવલોક પામ્યા છે. સ્વર્ગસ્થનું બેસણું રવિવાર, તા. ૨ ઓગસ્ટ ૨૦૨૬ના એફ.પી.એચ. હોલ, હાજીઅલી, સાંજે ૪થી ૬.

**લુહાર સુથાર જ્ઞાતિ**

ગામ (જેતપુર) હાલ અંધેરી સ્વ.બાબુભાઇ ટપુભાઇ હરસોરા (ઉં.વ. ૮૩) તા. ૩૧-૭-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન ટપુભાઇ હરસોરાના દીકરા. ગં. સ્વ. ઉષાબેનના પતિ. સ્વ. મગનભાઇ, રમણીકભાઇ, સ્વ. રમાબેન, સ્વ. લીલીબેનના ભાઇ. ભવાનભાઇ મકવાણાના જમાઇ. પ્રદીપભાઇના બનેવી. અમિત, પરેશ, રાજેશ્રી, રીટા, અમીતા, સ્વ. રશ્મિબેનના પિતાશ્રી. પ્રાર્થનાસભા તા. ૩-૮-૨૬ સોમવારના ૪થી ૬. લૌકિક પ્રથા બંધ છે. ઠે. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, સંન્યાસ આશ્રમની બાજુમાં, વિલેપાર્લે (વેસ્ટ).

# પારસી મરણ

બેહરામ ફિરોઝ મહેતા તે મરહુમો શેરુ ફિરોઝ મહેતાના દીકરા. તે દીન્યાર ને યાસમીનના ભાઇ. તે દાયનની ને હોશંગના મામા. (ઉં. વ. ૮૧) એ-૧૨, કેપ્ટન કોલોની, મહેતા બિલ્ડિંગ, બીજે માળે, તારદેવ રોડ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૮-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે કરાની અગિયારીમા છેજી.

ડેઝી જમશેદજી ભરૂચા તે મરહુમો દીનામાય જમશેદજી ભરૂચાના દીકરી. તે દીન્યારના બહેન. તે ખોરેમંદ ને મરહુમ શેરીયારના ફૂઇ. (ઉં. વ. ૭૩) રે. ઠે. ૩૧૯, મીથા મેન્શન, એસ.બી. સિંગ રોડ, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૩-૮-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે હૈદ્રાબાદ અગિયારીમાં.

પરવીઝ પેસી કેરાવાલા તે મરહુમ પેસીના ધનીયાની. તે મરહુમો ખોરશેદ બરજોર કોન્ટ્રેક્ટરના દીકરી. તે યાસમીન કાર્લ, રુસ્તમના માતાજી. તે બેહરામ, આબાન, શનીથાના સાસુજી. તે પોરોચીસ્ત ને મરહુમ દીલનવાઝના બહેન. તે દેલનાઝ ને પરસીના મમઇજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. કેરાવાલા ચેમ્બર્સ, ચોથે માળે, પી. જે. રામચંદાની માર્ગ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫.

**સુરતી દરજી**

મૂળ મુંબઈ નિવાસી, હાલ મીરારોડ, ગં. સ્વ. કલાવતી બાબુલાલ ટેલરના સુપુત્ર સ્વ. અનિલ (ઉં. વ. ૬૩) તે અલ્કાબેનના પતિ. દેવાંગ તથા વિધિના પિતાશ્રી. ફોરમના સસરાશ્રી તા. ૩૦-૦૭-૨૬, ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા (બેસણું) તા. ૦૨-૦૮-૨૬ રવિવારના રોજ બપોરે ૩થી ૫. ઠે. બીજા માળે, પેપિલોન બેન્કવેટ્સ, કનકિયા પોલીસ સ્ટેશનની સામે, કનકિયા રોડ, મીરારોડ પૂર્વ.

**લુહાર સુથાર**

ગામ તળાજા નિવાસી હાલ બોરીવલી, સ્વ. દેવેન્દ્રભાઈ રણછોડભાઈ પરમારના ધર્મપત્ની ગં. સ્વ. રસીલાબેન (ઉં. વ. ૭૯) ૩૦/૭/૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. ગોપાલભાઈ, કુંદનબેન ગોરધનભાઈ ડોડીયાના ભાભી. ભરત, વર્ષા દિનેશકુમાર ગોહિલ, પ્રિતી હસમુખરાય વાઘેલાના માતુશ્રી. શીતલ તથા વિશાખાના સાસુ. પિયરપક્ષે ઉમરાળાવાળા સુરેશ મનજીભાઇ સિધ્ધપુરાના બહેન. તેમની સાદડી ૩/૮/૨૬ના રોજ ૫ થી ૭ ક. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

રણજીત લીલાધર કોટક (ઉં. વ. ૭૯) બેલા (આમરણ) ગામ નિવાસી, હાલ મુંબઈ, સ્વ. શાંતાબેન રતિલાલ પુજારા, સ્વ. તારાબેન શીવલાલ કક્કડ, સ્વ. કાંતાબેન જીવનલાલ ઠક્કર, સ્વ. પુષ્પાબેન રમેશભાઈ ચંદારાણા, સુરેશભાઈ કોટકના ભાઈ, હર્ષ તથા કૃતી પ્રશાદ મલઘીના કાકા તા.૩૦-૭-૨૬નાં રોજ શ્રીજીચરણ પામ્યા છે પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રમેશચંદ્ર તુલસીદાસ પોપટના ધર્મપત્ની ગં. સ્વ. પુષ્પાબેન ગામ રેહા (ઉં.વ.૭૮) હાલે વડોદરા તા. ૨૯/૭/૨૬ના રામશરણ પામેલ છે. તે વીરભાઈ વલ્લભજીભાઈ દામાણી ગામ અંજારના પુત્રી, નીરવ અને અંકુશના માતુશ્રી. સ્મિતા અને દીક્ષાના સાસુ. યક્ષ અને રોશનીના દાદી. તેમની પ્રાર્થનાસભા રવિવારે ૦૨/૦૮/૨૬ના ૪ થી ૬. મહાજન વાડી ગ્રાઉન્ડફલોર, આર. આર.ટી.રોડ, મુલુંડ, વેસ્ટ.

# એસઆરએ એક્ટના પર્ફોર્મન્સ ઓડિટ માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા સમિતિની રચના

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યના ૧૯૭૧ના ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ કાયદાનું પર્ફોર્મન્સ ઓડિટ કરવા અને લાંબા સમયથી વિલંબિત એસઆરએ પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવા માટેનાં પગલાં સૂચવવા માટે એક નિષ્ણાત સમિતિની રચના કરી. આવાસ વિભાગના અતિરિક્ત મુખ્ય સચિવની આગેવાની હેઠળની આ કમિટી ૧૦ મહિનાની અંદર પોતાની ભલામણ રજૂ કરશે. આ માહિતી શુક્રવારે સરકારી આદેશ દ્વારા બહાર પાડવામાં આવી હતી. ઝૂંપડપટ્ટી પુનર્વસન સત્તામંડળ (એસઆરએ)ના મુખ્ય કાર્યકારી અધિકારી આ સમિતિના સભ્ય સચિવ તરીકે સેવા આપશે. આવાસ અને શહેરી વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને આર્કિટેક્ટ્સની સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપરાંત, આ પેનલમાં રાજકીય પ્રતિનિધિઓ તરીકે ભાજપના ધારાસભ્ય પરાગ અલવણી અને શિવસેનાના નેતા રાહુલ શેવાળે સામેલ છે. ■

# ભાજપે વિરોધી પક્ષો સામે અપમાનજનક ભાષાનો ઉપયોગ ન કરવો જોઈએ : રાજ ઠાકરે

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની પોતાની પાર્ટી ભાજપના સભ્યોને વિરોધીઓ સામે નીચા સ્તરની ભાષાનો ઉપયોગ ન કરવા અનુરોધ કરવો જોઈએ. તેમણે એ પણ જાણવા માટે પ્રશ્ન કર્યો હતો કે દિલ્હીમાં કોક્રોચ જનતા પાર્ટીના નેતૃત્વમાં થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીનો આદેશ આપનારાઓ ક્યારે માફી માગશે.

એમએનએસની વિદ્યાર્થી પાંખ મહારાષ્ટ્ર નવનિર્માણ વિદ્યાર્થી સેના દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે નીટ પેપર લીકનો મુદ્દો તો યુવાનોના વિરોધ પ્રદર્શન માટે માત્ર એક નિમિત્ત હતો, પરંતુ તેને જે બહોળો પ્રતિસાદ મળ્યો તે પાછલાં વર્ષોથી એકઠા થયેલા અસંતોષનું પરિણામ હતો.

બધા આંદોલનકારીઓ વિદ્યાર્થીઓ નહોતા, તો પણ તેમણે વિરોધ શા માટે કર્યો? તેમણે પ્રશ્ન કર્યો હતો. તેમણે ઉમેર્યું કે આ યુવાનોનો આક્રોશ છે અને આ પ્રકારે વિરોધ થતો રહેશે. કારણ કે તે તેમના ભવિષ્ય સાથે જોડાયેલો છે.

વડા પ્રધાન મોદીએ શુક્રવારે કહ્યું હતું કે દિલ્હીના જંતર મંતર ખાતે નીટની કથિત ગેરરીતિઓ સામે સીજેપીના નેતૃત્વ હેઠળના વિરોધ પ્રદર્શન દરમિયાન તેમના અને તેમની સ્વર્ગસ્થ માતા વિરુદ્ધ પણ અપશબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. તેમણે એવું પણ કહ્યું હતું કે આવા 'ભટકેલા બાળકો' ને માફ કરીને સાચા રસ્તે લાવવા જોઈએ.

તેનો સંદર્ભ આપતા એમએનએસ પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું, 'હું વડા પ્રધાનના નિવેદન સાથે સહમત છું. કોઈએ પણ આવા નીચા સ્તરની ભાષાનો ઉપયોગ કરવો જોઈએ નહીં. પરંતુ તેમણે પોતાના જ પક્ષના લોકોને પણ આ કહેવું જોઈએ.' એમએનએસ પ્રમુખે ઉમેર્યું કે ભાજપની ટીકાઓ મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ, ઇંદિરા ગાંધીથી લઈને ઠાકરે પરિવાર સુધીના તમામ મહાનુભાવોને નિશાન બનાવે છે. ■

# સ્વદેશમાં ગમે ત્યાં કચરો ફેંકવાનો ને વિદેશમાં સ્વચ્છતાનું પાલન

## લોકોના વલણ પર હાઈ કોર્ટની નારાજગી

મુંબઈઃ ભારતમાં ગમે ત્યાં કચરો ફેંકવાનો અને વિદેશમાં નિયમોનું પાલન કરી કચરાપેટીમાં જ કચરો ફેંકતા લોકોના વલણ પ્રત્યે બોમ્બે હાઈ કોર્ટે તીવ્ર નારાજગી વ્યક્ત કરી સવાલ કર્યો છે કે શું આ સ્વતંત્રતા અને લોકશાહી માટે ચૂકવવામાં આવતી કિંમત છે?

શુક્રવારે ન્યાયમૂર્તિ જી.એસ. કુલકર્ણી અને ન્યાયમૂર્તિ આરતી સાઠેની ખંડપીઠે જાહેર રસ્તાઓ અને જગ્યાઓ પર કચરો ન પડે તે એની તકેદારી રાખવા નાગરિકો અને પાલિકા અધિકારીઓને સંવેદનશીલ બનાવવા હાકલ કરી હતી. 'સ્વચ્છ વાતાવરણની ઈચ્છા રાખતી વ્યક્તિની સમાજ પ્રત્યે સ્વચ્છતા જાળવવાની મૂળભૂત ફરજ છે. અમે ઇચ્છીએ છીએ કે પાલિકા અધિકારીઓ પગલાં લેવામાં નિર્દય બને' એમ અદાલતે જણાવ્યું હતું. અદાલત મહાનગરના પૂર્વ વિસ્તારમાં આવેલા કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડની આસપાસના રહેવાસીઓ માટે પ્રદૂષણ, સતત દુર્ગંધ, ગેસ ઉત્સર્જન અને આરોગ્ય જોખમો અંગે ચિંતા વ્યક્ત કરતી અનેક અરજીઓની સુનાવણી કરી રહી હતી. ■

# અમુક જૂથો યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે, 'અર્બન નક્સલવાદ' સાથે સંબંધ ધરાવતી કેટલીક સંસ્થાઓ સક્રિય : ગૃહ પ્રધાન

મહારાષ્ટ્રઃ રાજ્યના ગૃહપ્રધાન પંકજ ભોયરે 'અર્બન નક્સલવાદ' બાબતે ટિપ્પણી કરી હતી અને જણાવ્યું હતું કે અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે કથિત રીતે 'અર્બન નક્સલવાદ' સાથે જોડાયેલી કેટલીક સંસ્થાઓને વિદેશી ભંડોળ મળ્યું છે કે નહીં. જો કોઈ ગેરરીતિ સાબિત થશે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

પત્રકારો સાથેની વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે કેટલીક સંસ્થાઓ યુવાનોને ગેરમાર્ગે દોરી રહી છે અને આવી કેટલીક સંસ્થાઓ તપાસના દાયરામાં આવી છે. તેમણે કહ્યું કે, 'કેટલીક સંસ્થાઓ યુવાનોની મદદથી ખોટાં કાર્યો કરવાનો અને દેશને અસ્થિર બનાવવાનો પ્રયાસ કરી રહી છે. તેમને કોઈ વિદેશી ભંડોળ મળ્યું છે કે નહીં તેની અમે તપાસ કરી રહ્યા છીએ.'

જો કે, રાજ્ય ગૃહપ્રધાન ભોયરે તપાસ હેઠળની કોઈપણ સંસ્થાનું નામ જાહેર કર્યું નહોતું. તેમણે કઈ સંસ્થાઓના 'અર્બન નક્સલવાદ' સાથે સંબંધ હોવાનો આક્ષેપ છે તે પણ જણાવ્યું નહોતું. ઉપરાંત કથિત વિદેશી ભંડોળ અંગે કોઈ વિગતો આપી નહોતી અને તપાસ કઈ એજન્સી કરી રહી છે તે પણ સ્પષ્ટ કર્યું નહોતું.

તેમણે વધુમાં કહ્યું કે, 'કેટલીક સંસ્થાઓ ખરેખર યુવાનોને ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે. એવી માહિતી સામે આવી છે કે અર્બન નક્સલવાદ સાથે સંબંધ ધરાવતી કેટલીક સંસ્થાઓ તેમાં સક્રિય હતી. અમે સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છીએ. જો કોઈ ગેરરીતિ જણાશે તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.'

જ્યારે નવી દિલ્હીના જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી સાથે સંકળાયેલા વિરોધ પ્રદર્શનમાં કેટલાક વિદેશી નાગરિકોએ પ્રદર્શનકારીઓને ભોજન પૂરું પાડ્યું હોવાના અહેવાલો અંગે પૂછવામાં આવ્યું ત્યારે રાજ્ય ગૃહપ્રધાન ભોયરે જણાવ્યું હતું કે આ મામલે પણ તપાસ ચાલી રહી છે. માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. ત્યારબાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ■

# ભીના કચરા પર પ્રક્રિયા કરાવો ને ટૅક્સમાં ૧૫ ટકા રાહત મેળવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના ડમ્પિંગ ગ્રાઉન્ડ પર ઠલવાતા કચરાના બોજાને ઘટાડવા અને હજારો ટન કચરાની દૈનિક હિલચાલને ઘટાડવાના પ્રયાસરૂપે મુંબઈ મહાનગરપાલિકાએ બલ્ક વેસ્ટ જનરેટર્સ (બીડબ્લ્યુજી)એટલે કે મોટા પ્રમાણમાં કચરો કરનારાઓ માટે તેમના જ પરિસરમાં ભીના કચરા પર પ્રક્રિયા કરવા માટે શહેરવ્યાપી અભિયાન શરૂ કર્યું છે. પહેલને ઝડપી ગતિએ અમલમાં લાવવા માટે પાલિકા પ્રશાસને શનિવારે લાયકાત ધરાવતી ઍજન્સીઓ પાસેથી એક્સપ્રેશન ઑફ ઇન્ટરેસ્ટ (ઈઓઈ) આમંત્રિત કર્યા હતા, જ્યારે હાઉસિંગ સોસાયટીઓને તેની માર્ગદર્શિકાનું પાલન કરવા માટે પ્રોપર્ટી ટેક્સમાં ૧૫ ટકા સુધીની રિબેટ ઓફર કરવામાં આવી છે.

પાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો મુજબ કચરા પર વૈજ્ઞાનિક પ્રક્રિયા ફરજિયાત હોવા છતાં કોરોના મહામારી બાદ ભીના કચરા પર પ્રક્રિયા કરવાનું પ્રમાણ મર્યાદિત થઈ ગયું હતું. પાલિકા પ્રશાસને ૨૦,૦૦૦ ચોરસ મીટરથી વધુ બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતી અથવા દરરોજ ૧૦૦ કિલોથી વધુ ભીનો કચરો નિર્માણ કરતી હાઉસિંગ સોસાયટીઓ અને વ્યાપારી સંસ્થાઓને સાઇટ પર કચરો પ્રોસેસિંગ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવા અથવા ઔપચારિક રીતે કચરો વ્યવસ્થાપન પાલિકાને સોંપવા માટે નિર્દેશ આપ્યો હતો. અત્યાર સુધીમાં પાલિકાએ ૩,૧૭૭ બલ્ક વેસ્ટ જનરરેટરને ઓળખી કાઢ્યા છે, જેમાંથી ૨,૦૨૫એ 'માયવેસ્ટ પોર્ટલ' પર નોંધણી કરાવી છે, જ્યારે માત્ર ૫૧૩ પ્રોપર્ટીધારકે

ઑન-સાઇટ વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ્સ માટે જગ્યા નક્કી કરી છે.

વિકેન્દ્રિત કચરાના પ્રક્રિયા (ડિસેન્ટ્રલાઈસ્ડ વેસ્ટ પ્રોસેસિંગ)ને અપનાવવામાં વેગ આપવા માટે પાલિકાએ હાઉસિંગ સોસાયટીઓ અને અન્ય બલ્ક વેસ્ટ જનરેટરોને મદદ કરવા માટે ટેક્નિકલી રીતે લાયકાત ધરાવતી એજન્સીઓ પાસેથી એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટને આમંત્રિત કર્યા છે. ■

### પ્રોપર્ટી ટેક્સમાં રાહત

ઓન-સાઇટ વેસ્ટ પ્રોસેસિંગને પ્રોત્સાહન આપવા માટે પાલિકાએ ૨૦૧૯માં બલ્ક વેસ્ટ જનરેટર્સ માટે પ્રોપર્ટી ટેક્સ રિબેટમાં ૧૫ ટકા સુધીનો વધારો કર્યો હતો. જોકે તેને મર્યાદિત પ્રમાણમાં પ્રતિસાદ જોવા મળ્યો છે. જૂન સુધીમાં શહેરની ૨,૭૪૯ લાયક હાઉસિંગ સોસાયટીઓ અને વ્યાપારી સંસ્થાઓ (૧૩ ટકા)માંથી માત્ર ૩૪૭એ રિબેટનો લાભ લીધો હતો.

# નિવૃત્ત કર્મચારીએ સાયબર ફ્રોડમાં લાખો રૂપિયા ગુમાવ્યા

થાણેઃ પેન્શન સંબંધી વિગતોને બહાને સાયબર ઠગોએ રેલવે હૉસ્પિટલના નિવૃત્ત કર્મચારીનો મોબાઇલ હૅક કરીને સાત લાખ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. દક્ષિણ મુંબઈના ભાયખલા વિસ્તારમાં આવેલી રેલવે હૉસ્પિટલના ફરિયાદી વૉર્ડબોય તરીકે કામ કરતો હતો અને તેના પેન્શન પેમેન્ટ ઑર્ડરના નંબર અંગે શંકાસ્પદ કૉલ આવ્યા બાદ તરત જ તેના બૅંક ખાતામાં અનધિકૃત વ્યવહારો થયા હતા. એફઆઇઆર અનુસાર પાંચમી મેના રોજ આ ઘટના બની હતી, જ્યારે ફરિયાદીને એક વ્યક્તિનો કૉલ આવ્યો હતો, જેણે દાવો કર્યો હતો કે તે ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) ઓફિસથી બોલી રહ્યો છે. (પીટીઆઇ)■

# મહારાષ્ટ્રમાં એમ્બ્યુલન્સ સર્વિસ સઘન બનાવવાનો પ્રસ્તાવ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર ટૂંક સમયમાં તાકીદના સમયની તબીબી પરિવહનને વધુ કાર્યક્ષમ અને જવાબદાર બનાવવા માટે એક વ્યાપક એમ્બ્યુલન્સ નીતિ રજૂ કરશે. આ નીતિમાં દરેક નોંધાયેલ એમ્બ્યુલન્સના વેળપત્રકને ડિજિટલ દેખરેખ કરવામાં આવશે એમ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે શનિવારે જણાવ્યું હતું. સરનાઈકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રસ્તાવિત મહારાષ્ટ્ર રાજ્ય એમ્બ્યુલન્સ નીતિનો ઉદ્દેશ્ય નોંધણી અને એમ્બ્યુલન્સ મોકલવાથી માંડી કેટલા સમયમાં પ્રતિભાવ આપ્યો, ભાડા નિયમન અને હોસ્પિટલ એકીકરણ સુધીની સમગ્ર એમ્બ્યુલન્સ પ્રક્રિયા સુવ્યવસ્થિત કરવાનો છે. એમ્બ્યુલન્સ ફક્ત દર્દીઓને લાવવા - લઈ જવાનાં વાહનો નથી, પરંતુ તાકીદના સમય દરમિયાન જીવન સંરક્ષણ કરતી મહત્ત્વની સેવાઓ છે. એટલે મહારાષ્ટ્રમાં તેના સંચાલનનું નિયમન કરવું અને સેવાનાં ધોરણોમાં સુધારો કરવો જરૂરી છે. ■

# શાહપુર અને મુરબાડ વિસ્તારમાં વીજચોરીના ૮૨ કેસ ઝડપાયા

થાણે : મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (ખજ઼ઊઉઈક)એ થાણે જિલ્લાના શાહપુર અને મુરબાડ વિસ્તારમાં બે દિવસીય વિશેષ ઝુંબેશ દરમિયાન વીજચોરીના ૮૨ કેસ ઝડપ્યા હતા, જેની કુલ કિંમત ૧૩.૧૧ લાખ રૂપિયા જેટલી છે. કલ્યાણ સર્કલ-૨ વિસ્તારમાં વીજચોરીના વધતા બનાવોની ગુપ્ત માહિતીના આધારે એમએસઈડીસીએલ એ ૧૯ ઇજનેરો, ૧૮ હિસાબી કર્મચારીઓ અને ૪૫ ટેક્નિશિયન સહિત કુલ ૮૨ સભ્યોની ટીમ તૈનાત કરી હતી. આ માહિતી એમએસઈડીસીએલના કલ્યાણ પ્રદેશના ઉપમુખ્ય જનસંપર્ક અધિકારી અજિત ઇગતપુરીકરે આપી હતી. ઝુંબેશ દરમિયાન ટીમે ૮૦૦ વીજ જોડાણોની તપાસ કરી હતી, જેમાં ૭૨,૪૩૮ યુનિટ વીજળીની ચોરી ઝડપાઈ હતી. આથી કંપનીને અંદાજે ૧૩,૧૧,૮૦૦ લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું હતું. એમએસઈડીસીએલએ તમામ આરોપીઓ સામે વીજળી અધિનિયમ હેઠળ કાનૂની અને દંડાત્મક કાર્યવાહી શરૂ કરી છે. કંપનીએ જણાવ્યું છે કે જો નિર્ધારિત સમયમર્યાદામાં બાકી રકમ અને દંડની ચુકવણી નહીં કરવામાં આવે તો તેમની સામે ફોજદારી ગુના પણ નોંધવામાં આવશે. જેના દ્વારા આ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા હતા. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

આપણે ત્યાં ચોમાસુ બેસે પછી અતિવૃષ્ટિથી પ્રજાની કથા અને વ્યથા વર્ષોથી એકની એક જ રહી છે. આવી કુદરતી આફત ત્રાટકે ત્યારે પ્રજાને ઉગારવા માટે આપણા કહેવાતા 'વિકાસશીલ' શાસકો પાસે કોઈ નક્કર યોજના નથી. આવી તાકીદ વખતે અમલમાં મૂકી શકાય એવા 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ'ના નામે આપણે શૂન્ય છીએ અને નીંભર નેતાઓ પાસે બહાનાબાજીનો ખજાનો છે એમાં પ્રજાની હાલાકી દર વર્ષે દોહરાતી જ રહે છે...

# વરસાદમાં ફરી દેશ પાણી પાણી, પણ શાસકોમાં પાણી ન મળે ...



કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com







ભારતમાં હમણાં ચોમાસું બરાબરનું જામ્યું છે વરસાદ જબરી રમઝટ બોલાવી રહ્યો છે. ગુજરાતમાં વરસાદે પહેલા રાઉન્ડમાં ધબધબાટી બોલાવીને દક્ષિણ ગુજરાત અને અમદાવાદને પાણી પાણી કરી નાખ્યું હતું. વલસાડ નજીકના ગામમાં તો ૪૫ ઈંચ વરસાદ પડતાં દિવસો લગી આખો વિસ્તાર જ ડૂબી ગયો. સુરતમાં પણ મોટા ભાગના વિસ્તારો ડૂબી ગયા અને લોકો ત્રાહિમામ પોકારી ગયા. અમદાવાદમાં વરસાદના કારણે પૂર જેવી સ્થિતિ ભાગ્યે જ સર્જાય પણ આ વખતે અમદાવાદના ઘણા વિસ્તારોએ પણ પૂરનો અનુભવ કરી લીધો.

હવે બીજા રાઉન્ડમાં પણ વરસાદે સુરતને ધમરોળી નાખ્યું છે. એકલા સુરતમાં જ ૨૪ ઈંચ વરસાદ ખાબકી જતાં આખું શહેર ફરી એક વાર પાણીમાં 'ડૂબી' ગયું એમ કહી શકાય. મધ્ય ગુજરાતમાં પણ વડોદરામાં ભારે વરસાદ પડ્યો છે. ઘણા વિસ્તારોમાં તો એક જ દિવસમાં ૨૦ ઈંચથી વધારે વરસાદ પડી જતાં આખેઆખા વિસ્તારો સંપર્કવિહોણા થઈ ગયા છે. ગુજરાતમાં તો હજુ ૪ ઓગસ્ટ લગી ભારે વરસાદની આગાહી છે એ જોતાં લોકોની તકલીફો-હાલાકી વધશે.

દેશનાં બીજાં રાજ્યોમાં તો ગુજરાતથી પણ બદતર હાલત છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તેલંગાણા, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં પણ ભારે વરસાદના કારણે પૂરનો ખતરો હોવાથી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું, જ્યારે રાજસ્થાન સહિત ૧૮ રાજ્યોમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. ઉત્તર-પૂર્વના આસામમાં તો સળંગ મહિના લગી એટલો વરસાદ પડ્યો કે, આખું રાજ્ય જળબંબાકાર થઈ ગયું. છેલ્લા છ દાયકામાં કદી ના જોયું હોય એવું વિનાશક અને ભયાનક પૂર આસામે જોઈ લીધું. છેલ્લા એક મહિનામાં વરસાદના કારણે ૬૮ લોકોનાં મોત થયાં છે અને છ લાખથી વધુ લોકો બેઘર બન્યાં છે. હજારો લોકો રિલીફ કેમ્પમાં રહે છે કેમ કે ઘરે પાછા જઈ શકાય તેમ જ નથી. વરસાદનાં પાણી ઓસર્યાં નથી તેથી અડધું આસામ હજુય પાણીમાં ડૂબેલું છે.

કેરળ - ઓડિશામાં પણ ભારે વરસાદે જબરદસ્ત તબાહી વેરી છે. કેરળમાં તો ભારે વરસાદના કારણે ઠેર ઠેર ભૂસ્ખલન થતાં ઘણાં લોકો મરી પણ ગયાં છે. ઓડિશામાં ભારે વરસાદના કારણે લાખો લોકો બેઘર બન્યાં છે. હિમાચલ અને ઉત્તરાખંડમાં પણ આ જ સ્થિતિ છે. ઉત્તર પ્રદેશ જેવા અપવાદરૂપ રાજ્યોને બાદ કરતાં ઉત્તર ભારતનાં તમામ રાજ્યોમાં વરસાદે કાળો કેર વર્તાવીને તબાહી વેરી છે.

ચોમાસું હજુ અધવચાળે છે ને આખો ઓગસ્ટ તથા સપ્ટેમ્બર બાકી છે. દેશનાં મોટા ભાગનાં રાજ્યોમાં અત્યારે જ ભારે વરસાદની આગાહીના કારણે પૂરનો ખતરો છે તેથી હવે પછીના બે મહિનામાં લોકોની તકલીફો વધશે તેમાં શંકા નથી. રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર પણ લોકોની તકલીફો ઘટાડવા માટે આગોતરાં પગલાં લઈ શકશે કે નહીં એ પણ જોવાનું છે કેમ કે અત્યાર સુધીનો આપણો અનુભવ એવો છે કે, આપણી સરકારો વરસાદી પાણી સામે લડવામાં સાવ પાણી વિનાની સાબિત થાય છે. આ વાત આજની નથી કે હાલની સરકારોની નથી પણ દાયકાઓથી આ જ હાલત છે.

ગુજરાત સહિતનાં રાજ્યોમાં વરસાદ આવે ત્યારે દિવસો લગી પાણી ભરાઈ જાય, લોકોએ ઘરોમાં ભરાઈ રહેવું પડે, રસ્તા પણ પાણી પાણી હોય તેથી કિલોમીટરો લગી વાહનોની લાઈનો લાગી હોય એ સહિતનાં ભયાનક દૃશ્યો સામાન્ય થઈ ગયાં છે. તેનું કારણ એ કે, આપણા શાસકોમાં કોઈ વિઝન નથી તેથી વરસાદી પાણીના નિકાલ માટેની અસરકારક વ્યવસ્થા ઊભી થઈ શકી નથી. આપણે વિકાસના દાવા કરીએ છીએ પણ આ વિકાસ બુદ્ધિહીનતાના પ્રદર્શન જેવો છે.

ભારતમાં વિકાસના નામે મૂળ ભૂગોળને બદલી નાખવામાં આવી છે અને શહેરોમાં તો સમસ્યા અતિ ગંભીર છે. વિશ્વમાં બધે જ નગર આયોજનમાં એક સનાતન નિયમનું પાલન થાય છે. ઊંચા ટેકરાવાળા વિસ્તારોમાં મહત્તમ બાંધકામો કરાય ને નીચેની તરફ આવતા જાઓ એટલે બાંધકામ ઓછાં થતાં જાય. આ વિસ્તારોમાં જળાશયો, બગીચા, ખેતરો મનોરંજનનાં સ્થળો વગેરે હોય. મોટા પ્રમાણમાં ખાલી જગા હોય કે જેથી રહેણાંક વિસ્તારોનું વરસાદી પાણી નીચેની તરફ આવે તો ભરાય અને લોકોને તકલીફ ના પડે.

આમ આ નગર આયોજનની બહુ સરળ પદ્ધતિ છે પણ ભારતમાં સત્તામાં બેઠેલા લોકો એ હદે ભ્રષ્ટ છે કે, તેમણે શહેરોને સપાટ ને કોન્ક્રીટનાં જંગલ બનાવી દીધાં. ખેતરો તોડીને જ્યાં જગા મળી ત્યાં બાંધકામોને મંજૂરી આપીને કન્સ્ટ્રક્શન કરાવી દીધાં. શહેરોની મૂળ ભૌગોલિક સ્થિતિ બદલી નાખી તેથી વરસાદી પાણીના નિકાલ માટે જગા જ ના રહી. આપણા બુદ્ધિ વિનાના શાસકોએ પોતાના સ્વાર્થ ખાતર શહેરોની ભૂગોળ કેવી રીતે બદલી તેનું શ્રેષ્ઠ ઉદાહરણ વડોદરા અને અમદાવાદ છે.

વડોદરામાં પહેલાં શહેરની વચ્ચે કોતરો હતી તેથી વરસાદી પાણી તેમાં ભરાઈ જતાં ને પછી સૂકાઈ જતાં. આ કોતરો પૂરીને બાંધકામ કરી દીધાં તેથી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન રહી એટલે સામાન્ય વરસાદ પડે તો પણ પૂર આવી જાય છે. અમદાવાદમાં પહેલાં દરેક વિસ્તારમાં મોટાં તળાવ હતાં. અમદાવાદ શહેરનો મ્યુનિસિપલ કોર્પોરેશનનો વિસ્તાર આસપાસનાં ગામોને ભેળવીને બનાવાયો છે. આ દરેક ગામ પાસે પોતાનાં મોટાં તળાવ હતાં. સત્તાધીશોએ આ તળાવો બિલ્ડરોને આપી દીધાં. બિલ્ડરોએ તળાવો પૂરીને ઈમારતો ઊભી કરી પછી પાણી જાય ક્યાં ?

અમદાવાદમાં ચારેતરફ ૪૦-૫૦ કિલોમીટર લગી ખેતરો જ નથી અને ઊંચી ઈમારતો જ નજરે ચઢે કરે છે. તેથી ૫ ઇંચ વરસાદ પડે તો પણ પાણી ભરાઈ જાય છે. અમદાવાદમાં જ શહેરની વચ્ચે મોટા રિચાર્જ વેલ બનાવડાવીને તાત્કાલિક પાણીનો નિકાલ કરવા સહિતનાં સૂચનો નિષ્ણાતોએ કર્યાં છે પણ પછી તૂટેલા રસ્તા રિપેર કરવાના બહાને થતો ભ્રષ્ટાચાર ના કરી શકાય તેથી એવાં સૂચનોનો અમલ થતો નથી. વાત અમદાવાદની નથી પણ આખા દેશમાં આ સ્થિતિ છે.

દુનિયાના ઘણા દેશોમાં વિસ્તાર નાનો હોય તેથી ઊંચી ઈમારતો ફરજિયાત બાંધવી પડે. આ દેશો એવી ટેકનોલોજી વસાવે છે કે, જેથી વરસાદ પડવા માંડે કે તરત પાણીનો નિકાલ થવા માંડે. આપણી પાસે એવી ટેકનોલોજી નથી અને શાસકોમાં એ વસાવવાની સમજ નથી. આપણે હજુય વરસાદી પાણીના નિકાલ માટે બાવા આદમના જમાનાના પંપ વાપરીએ છીએ કે જે એક ભરાયેલા પાણીને એક જગાએથી કાઢીને સો-બસો મીટર દૂરના કોઈ ખુલ્લા પ્લોટમાં કે બીજે ક્યાં ઠાલવી દે છે. આપણી પાસે કાયમી ઉકેલ નથી.

આપણા શાસકો ભારતને વિકસિત દેશ બનાવવાના ફાંકા મારે છે, 'અમેરિકા અને ચીનને આપણે પછાડી દઈશું' એવા ફડાકા મારે છે પણ બીજી વાત ના કરીએ ને ખાલી વરસાદી પાણીના સંગ્રહની જ વાત કરીશું તો સમજાશે કે, આપણે કેટલા પછાત છીએ. દુનિયાના મોટા ભાગના વિકસિત દેશો વરસાદના પાણીનો ૨૫૦ ટકા સુધી સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવે છે.

અમેરિકા, જાપાન, બ્રિટન, જર્મની, ફ્રાન્સ સહિતના દેશોમાં પડતા વરસાદના એક-એક ટીપાંનો સંગ્રહ કરીને તેનો ઉપયોગ કરાય છે. ભારતમાં આવી વ્યવસ્થા નથી ને આપણે આજેય વરસાદના પાણીનો સંગ્રહ કરવા માટે વરસો પહેલાં બંધાયેલા બંધો પર જ નિર્ભર છીએ. ભારતમાં ૫૦૦૦ જેટલા મોટા અને મધ્યમ કક્ષાના બંધ છે. આ તમામ બંધમાં નદીઓનાં પાણી આવે છે. વરસાદ પડે ત્યારે સીધું પાણી પડે એ આવે છે ને ચોમાસામાં વધારે પાણી આવે ત્યારે પાણી દરિયામાં જવા દેવું પડે છે તેથી પાણી વેડફાઈ જાય છે.

ભારતની કમનસીબી એ છે કે, પ્રજા શિક્ષિત થઈ ગઈ છે ને શાસકો અબૂધ રહી ગયા છે. શાસકોમાં વોટર મેનેજમેન્ટની સૂઝ નથી, ટેકનોલોજીનો ઉપયોગ કરવાની સમજ નથી ને ભવિષ્યને ધ્યાનમાં રાખીને આયોજન કરવાનું વિઝન નથી. આ કારણે ભારતની સ્થિતિ બદલાતી નથી ને શિક્ષિત શાસકો નહીં આવે ત્યાં લગી સ્થિતિ બદલાશે પણ નહીં. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# બદલાતા ભારતીય સમાજમાં સાસુ-વહુના સંબંધોની નવી ભાષા

## સંઘર્ષથી સહયોગ તરફ...





અર્ચના પૂરન સિંહ

**તાજેતરમાં** જાણીતી અદાકાર અને ટેલિવિઝન હોસ્ટ અર્ચના પૂરન સિંહે એક વાત કહીને આજની પેઢીનું ધ્યાન એક મહત્ત્વના સંબંધ તરફ આકર્ષિત કર્યું છે. એ છે : સાસુ અને વહુ.

એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેમણે કહ્યું હતું કે તે તેમના બે દીકરા આર્યમાન અને આયુષ્યમાનની સાથીદાર- યોગિતા બિહાની અને સમીક્ષા શેટ્ટી-ને દીકરીઓની જેમ સ્વીકારી છે.

એમણે કહ્યું છે : 'પહેલાં મારે બે દીકરા હતા, હવે બે દીકરીઓ પણ છે,'

ભાવી પુત્રવધૂઓને પરિવારમાં સ્વીકારવા અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં અર્ચનાએ કહ્યું કે તેમને પ્રેમ અને આદર આપવો એ કોઈ અસાધારણ ગુણ નથી, તે એક સહજ માનવીય સભ્યતાનું જ પ્રતિબિંબ છે. 'એ બહુ અઘરું નથી. તમારે માણસાઈ રાખવાની હોય. તમે તમારા બાળકોને પ્રેમ કરો છો. તમારા બાળકો કોઈને જીવનસાથી તરીકે પસંદ કરે છે. એટલે તમે એમને પણ પ્રેમ કરો. એમાં શું મોટી વાત છે?'

પહેલી નજરે આ એક સામાન્ય પારિવારિક ટિપ્પણી લાગે. પણ થોડું અટકીને વિચારીએ તો, આ ભારતીય પરિવારની બદલાતી તસવીરનો સંકેત પણ છે. સવાલ એ નથી કે અર્ચનાએ શું કહ્યું. અસલી સવાલ એ છે કે શું આજની સાસુ સાચે જ તેની પરંપરાગત માનસિકતામાંથી બહાર આવી રહી છે? શું સાસુ-વહુનો સંબંધ જૂના ઢાંચામાંથી બહાર આવી રહ્યો છે, જેને દાયકાઓ સુધી 'સાસ ભી કભી બહુ થી' જેવી ટીવી ધારાવાહિકો, ફિલ્મો અને સામાજિક માન્યતાઓએ સર્ટિફિકેટ આપ્યાં હતાં?

'તમારી દીકરી તો હવે અમારી દીકરી છે' એવું અનેક સાસુઓ જાનને વળાવતી વખતે બોલતી આવી છે, પરંતુ નવા ઘરમાં એ 'દીકરી'ના કેવા હાલ થાય છે એ આખા સમાજને ખબર છે. અર્ચનાનું બયાન દીકરાની બગી પાસે ઊભેલી એવી કોઈ બેઈમાન સાસુનું નથી. તે ભણેલી-ગણેલી, કામ કરતી, સ્વતંત્ર દિમાગવાળી અને આજની સફળ સ્ત્રીનું છે. તેનામાં સચ્ચાઈનો એક રણકો છે.

ભારતીય સમાજમાં સાસુ-વહુનો સંબંધ કેવળ બે વ્યક્તિનો સંબંધ નથી રહ્યો. તે પરિવારની સત્તા, પરંપરા, જવાબદારીઓ અને અપેક્ષાઓનો સંબંધ રહ્યો છે. લગ્ન પછી એક છોકરી એક નવા ઘરમાં જ પ્રવેશ નથી કરતી, પણ એ એક એવી વ્યવસ્થામાં પગ મૂકે છે, જ્યાં તેણે સ્વયંને સિદ્ધ કરવાની હોય છે (અને એના કારણે જ મોટાભાગના અત્યાચાર અને અન્યાય જન્મે છે). તેના બોલવાના, ઊઠવા-બેસવાના અને હસવા સુધ્ધાંનાં નિયમો હોય છે. સાસુ આ વ્યવસ્થાની રક્ષક મનાય છે. એટલા માટે જ આપણા લોકગીતોથી લઇને ફિલ્મો સુધીનાં લોકપ્રિય માધ્યમોમાં સાસુને અનુશાસન અને નિયંત્રણ પ્રેમી બતાવવામાં આવી છે. બીજી તરફ વહુ ત્યાગ, સમર્પણ અને પરીક્ષાનો પર્યાય બની ગઈ છે. આ સંબંધમાં પ્રેમ હતો તો પણ, તે કર્તવ્યના ભાર નીચે દબાયેલો રહેતો હતો.

પરંતુ પાછલા બે-ત્રણ દાયકામાં ભારતીય સમાજ તેજીથી બદલાઈ રહ્યો છે. આજની વહુઓ પહેલાંની જેમ કેવળ ગૃહિણીઓ નથી. તે ડૉક્ટર છે, એન્જિનિયર છે, ઉદ્યમી છે, પત્રકાર છે, મૉડેલ છે, પાઈલટ છે. તેની પોતાની આર્થિક ઓળખ છે, સપનાં છે અને પોતાના સ્વતંત્ર વિચારો પણ છે. તે લગ્નને તેનું સામાજિક આઇડેન્ટિટી-કાર્ડ નહીં, જીવનની એક નવી શરૂઆત માને છે.

આ બદલાવથી કેવળ વહુઓ જ નથી બદલાઈ, સાસુઓ પણ બદલાઈ છે. આજની અનેક સાસુઓ સ્વયં એ પેઢીમાંથી આવે છે જેમણે અનેક સામાજિક બંધનોનો સામનો કર્યો હતો. તેમણે કેરિયર અને પરિવાર વચ્ચે સંતુલન બનાવવામાં મુશ્કેલીઓ અનુભવી હતી. તેમણે મહેસૂસ કર્યું હતું કે વધુ પડતું નિયંત્રણ કોઈ સંબંધને મજબૂત નથી બનાવતું, પણ કમજોર કરે છે. એટલા માટે તે તેમની વહુઓને એ જ સ્વતંત્રતા આપવા ઈચ્છે છે, જેની ગેરહાજરી તેમણે ખુદ અનુભવી હતી.

અર્ચનાને જ લો. તેણે આ જ વાત કરી છે :

'મારી સાથે જેવું થયું છે તેવું હું બીજા સાથે ન થવા દઉં.'

એ પણ સાચું છે કે આ બદલાવ ભારતના તમામ ઘરોમાં નથી આવ્યો. ભારત જેવો વિશાળ અને વિવિધતાથી ભરેલો સમાજ એક સાથે નથી બદલાતો. આજે પણ એવા અનેક પરિવારો છે, જ્યાં વહુઓની નિરાશાઓની યાદી બહુ લાંબી છે અને અધિકારોની બહુ ટૂંકી.

આજે પણ કેટલાય ઘરોમાં નોકરી કરતી વહુ પસંદ નથી કરવામાં આવતી અને એવાંય ઘરો છે જ્યાં નોકરી કરતી વહુ પાસે ઑફિસ અને રસોડા બંનેમાં સફળ થવાની અપેક્ષા રાખવામાં આવે છે. આજ પણ આધુનિક કપડાં પહેરવાને, મોડે સુધી બહાર રહેવાને અથવા પોતાના નિર્ણયો જાતે લેવાને સંદેહની નજરે જોવામાં આવે છે. અર્થાત્, શહેર આધુનિક હોઈ શકે, પણ વિચારો હંમેશાં આધુનિક નથી હોતા.

છતાં, એ માનવામાં કોઈ સંકોચ ન હોવો જોઈએ કે બદલાવ શરૂ થઇ ચુક્યો છે. મહાનગરો અને શિક્ષિત મધ્યમવર્ગીય પરિવારોમાં હવે સંબંધોની ભાષા બદલાઈ રહી છે. 'મારા દીકરાની વહુ'ને બદલે 'અમારા પરિવારની સભ્ય' જેવી માનસિકતા વિકસિત થઇ રહી છે. અધિકારની જગ્યાએ સંવાદ આવી રહ્યા છે. આદેશના સ્થાને સહયોગ આવી રહ્યો છે.

જોકે અહીં એક રસપ્રદ પ્રશ્ન ઊભો થાય છે : 'શું વહુને 'દીકરી' કહેવા માત્રથી બદલાવ સાબિત થાય છે?' પહેલી નજરે આ સ્નેહપૂર્ણ લાગે છે, પણ સમાજશાસ્ત્રીઓ કહે છે કે દરેક સંબંધની એક અલગ અને આગવી ઓળખ હોય છે. વહુ દીકરી નથી હોતી અને તેણે દીકરી બનાવવાની પણ જરૂર નથી. તે તેનાં માતા-પિતાની દીકરી છે. નવા પરિવારમાં તેને તેની અલગ ઓળખ સાથે જ સ્વીકારવામાં આવવી જોઈએ.


એટલે વધુ સારું તો એ છે કે વહુને દીકરીનું નામ આપવાને બદલે એક સ્વતંત્ર, સન્માનીય અને સમકક્ષ વ્યક્તિ તરીકે સ્વીકારવામાં આવે. સંબંધો નામથી નહીં, વ્યવહારથી બને છે. નવી પેઢીના છોકરાઓ આ પરિવર્તનમાં મોટી ભૂમિકા ભજવી રહ્યા છે. પહેલાં દીકરો માં અને પત્ની વચ્ચે મૂક દર્શક બનીને રહેતો હતો. આજે તે બંને સંબંધોને બરાબર સન્માન આપવાની કોશિશ કરે છે. તે ઈચ્છે છે કે ઘર શક્તિ-પ્રદર્શનનું મેદાન ન બને, બલકે સહયોગનું કેન્દ્ર બને.

સોશ્યલ મીડિયાએ આ પરિવર્તનને ગતિ આપી છે. આજે લોકો દુનિયાભરના પરિવારોને જુવે છે. તે પણ જાણે છે કે સન્માન અને પ્રેમ કેવળ ભારતીય સંસ્કારોની ભાષામાં જ નહીં, પણ સમાનતા અને વ્યક્તિગત ગરિમાની ભાષામાં પણ વ્યકત કરી શકાય છે. નવી પેઢી એ સમજે છે કે કોઈ સંબંધને ટકાઉ બનાવવા માટે અધિકાર નહીં, વિશ્વાસ જોઈએ.

અર્ચના પૂરન સિંહની વાત એટલા માટે મહત્ત્વની નથી કે તે એક પ્રસિદ્ધ એક્ટર છે. તે એટલા માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે તેણે સાસુ-વહુના સંબંધો માટે સૌથી સરળ સૂત્ર યાદ કરાવ્યું છે - 'માણસાઈ રાખો.' અંતતઃ દરેક સંબંધ સન્માનથી શરૂ થાય છે અને સન્માન પર જ ટકે છે. ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# સાહેબ! આટલું સાંભળશો?!



*નથી સમજાતું કાંઈ પણ-ગજબનો દોર ચાલે છે*
*ને જુઠ્ઠું બોલે છે દર્પણ-ગજબનો દોર ચાલે છે*

**સૌથી** મોટો, મારા વહાલા વાચકો! આ દેશનો સૌથી મોટો પ્રશ્નાર્થ છે ન્યાયપ્રણાલી. જે પ્રકારની શાપિત ન્યાયપ્રણાલી આપણા માથે મરાઈ છે ૧૯૪૭થી એનો અતિ ગોબરો ઈતિહાસ જોઈએ અને આપણી ખાનદાની ન છોડવી હોય તો ન્યાય તંત્ર વધુ યોગ્ય છે. તંત્રમાં જ ભૂતપ્રેત, મેલી વિદ્યા, વશીકરણ, ઈત્યાદીનો ઉપયોગ કરીને એક સીધા સાદા, અઠવાડિયામાં કે વધુમાં વધુ પંદર દિવસમાં ફેંસલો આપીને ફગાવી શકાય એવા કેસ ઓછામાં ઓછા વીસ વરસ અને વધુમાં વધુ ૪૫ વરસ લે છે,અદાલતમાં ભરાઈને કબજે કરેલી સ્પેસ છોડવા માટે દરેક appearance માટે. શ્યામ કોટધારીઓ લાખ-બે લાખ- પાંચ લાખ તો લે જ લે. દિલ્હીના આકાઓ સુપ્રીમમાં હાજર થવાના તો Per appearance કરોડની ઉપર. જરા વિચાર તો કરો! કોઈ above average માણસ આ ચંગુલમાં આવ્યો તો એને ૧૦-૧૨ વરસમાં ૮૪ કરોડ લોકોને મફત અપાતું રેશન લેવું જ પડે અને એમાંય કોઈ સર્વોપરી જજ પોતાના romantic ધતિંગો છુપાવવા શરણે જતો રહે ત્યારે તો જ્યોતિષશાસ્ત્ર પ્રમાણેનો 'આકસ્મિક ધનલાભ' તો ખરો જ... ઉપરથી નિવૃત્તિમાં ય મોભો બરકરાર રહે અને એંટ વધે એવી જિંદગી.

*નિવૃત્તિથી છેક છેલ્લી ક્ષણ સુધી*
*કર્મ કરવા પ્રેરે એ ઔલાદ દે*

અહીં ઔલાદ અભિપ્રેત છે જજની નોકરીને... જજના ઘરમાંથી બનાવટી નહીં પણ સાવ original કડકડતા ભંડાર મળી આવે અને રાત દિવસની રાડારાડથી મગજ ખાઈ જતા શ્વાન અને શ્વાનીઓ આવી તાતી જરૂરના ટાણે સાવ થઈ જાય મૂંગામંતર ત્યારે એક અસફળ દેશ તરીકે આપણા દેશ પર થપ્પો લાગે કે નહીં? ભલેને સામાન્યજનને ભોળપણથી ગળે ઉતારાવડાવો (ખોટું ગુજરાતી, દાવા જેટલું જ...) કે ના ના આ તો બધો દુષ્પ્રચાર છે. તારે તારા બંને રોલ બખૂબીથી નિભાવવામાં પાછી પાની કરવાની નથી. ૧) ઘાણીના બળદનો રોલ અને ૨) પીલાતી મગફળીનો રોલ. અમે સદા છીએ જ તારી અને તમારી સાથે.(બોલવા પુરતા )

૨૦૧૪ની ૨૬મી મેએ તો 'ઉજળી મેડી ને ઉજળા ઓરડા, આજ સોનાનો સૂરજ ઉગ્યો આંગણે' થયું હતું અને HRDને બાદ કરતા કેવી **ન ભૂતો ન ભવિષ્યતિ** ministry!!! કેવા one-man army વડા પ્રધાન!!! કેવા ભાજપા પ્રમુખ!!! બાકીની વાત તો જવા દો, કેવા નાણાં અને કાયદા પ્રધાન!!! અને નાણાપ્રધાન બહુ જ વહેલા, ન ધારેલા અંત તરફ જવા માંડયા ત્યારે તો કેવા અધધધ નવા નાણાપ્રધાન!!! બે વરસમાં તો બોટમ જોઈ ચૂકેલું શેરબજાર ક્યાંનું ક્યાં પહોંચી ગયું!!! પછી ૨૦૧૯માં તો વધુ seatsથી ભારત દેશે સરકારને મોતીડે વધાવી. પછી બધું બદલાયું. નાણાંના ન સાથે સંબંધિત ન હોય એવા અગાઉના પ્રવકતાના ૫ ને ખાતું સોંપાયું. એકાદ ૨૦૨૪ પહેલાના બજેટને બાદ કરતાં ભારતીયજન મોઢું વકાસીને પતાસાની એક અણુ જેટલી કટકીની રાહ જોતો જ રહ્યો અને એને હજી કટકી મળશે ૨૦૨૯માં, ઈલેકશનના વર્ષમાં. ટોપ લીડરશીપમાં દૂરંદેશી એટલી ને એટલી જ ઠાંસી ઠાંસીને ભરી છે... પણ વસુધૈવ કુટુમ્બકમને પોષતા વિચારો ફકત દેશ પૂરતું નહીં આખી દુનિયાનું ભલું વિચારે છે. એટલે આ બધુ તો ચાલે અને પાછા બ્રહ્માસ્ત્ર, અગ્નાસ્ત્ર જેવા અનેક, ૮૪ કરોડ લોકોના ભલા માટેનાં અસ્ત્રોથી તો ભરેલું જ છે શસ્ત્રાગાર...

જાન હથેળી પર લઈને જીવવાવાળા જણ છે આપણા વડા પ્રધાન. એક ૨૬મી જાન્યુઆરીએ કારનો દરવાજો ખોલી ઊભા ઊભા ચાલતી ગાડીએ લોકો સાથે હસ્તધૂનન કરતાં જોયા છે મેં એમને. કવિ 'કલાપી'ની જન્મદિને ખુલ્લી જીપમાં લાઠીમાં લોકો સાથે ભળી જતા મુખ્ય પ્રધાન કે જેના પર મોતનો સૌથી વધુ ખતરો હતો, મેં જોયા છે. મુખ્ય પ્રધાનને મળતી દરેક ભેટ સોગાદો રાજ્યની treasuryમાં deposti કરવાનું વર્ણન મેં એમના સ્વમુખે ગાયકવાડ પેલેસ વડોદરા ખાતે ચિનુ મોદી, આદિલ મન્સુરી અને અન્ય કવિઓ સાથે સૂણ્યું છે. એટલે જ સમજાતું નથી કે આવા બાહોશ, મુત્સદ્દી, કુશળ રાજનીતિજ્ઞ ૨૪ દિવસ સુધી કેમ રાહ જોઈ બેઠા?! યુવાઓને ચોથા કે પાંચમા દિવસે બોલાવીને એટલું જ કહેવાનું હતું કે 'વાહ! તમારી સંગઠનશક્તિને હું મૂળ સંગઠનનો માણસ હૃદયથી બિરદાવું છું. તમે જે માગશો અને મારા બસમાં હશે, તો એ આપીશ જ એ મારું તમને અભયવચન છે.' આવું કહ્યું હોત કે આમ થયું હોત તો ૨૦૨૯ની ચૂંટણી ગજવામાં હોત, પ્રવકતાના ૫ છતાંય.

વેદનું એક અમર વાક્ય આવા અવર્ણનીય અદ્ભુત એકમેવ વ્યક્તિત્વના નેતૃત્વમાં સૌને શબ્દફેર સાથે અર્પણ કરીને વિરમું...

***'ચારે દિશાઓમાંથી સૌને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.'***

આજે આટલું જ.


તા.ક. સોશ્યલ મીડિયા પર હમણાં જ, અગાઉના વિલંબને ભૂલાવી દે એવી, આપણા ખૂબ વહાલા મોદી સાહેબની, યુથને ઉદ્દેશીને એક અતિસુંદર વીડિયો ક્લીપ આવી છે. બધા જ બની બેઠેલા, ઘરમાં જેનું કોઈ સાંભળતું નથી એવા સરસંઘચાલકોને તેમ જ જ્યોર્જ સોરોસ અને 'સીઆઈએ'ના ભારતવર્ષના એજન્ટોને ત્રણ મહિના આંગળી/અંગુઠો મીડીયા પ્લેટફોર્મથી દૂર રાખવાની અરજ કરું છું. મેં આ સલાહ આપી એટલે મારાથી આ વાત શરૂ થાય. વાહિયાત ટીવી મીડિયાને ફગાવીને મોદીસાહેબે આ વાત સોશ્યલ મીડિયા પર કરી એટલે દેશમાંથી વાહિયાતનાબૂદી શરૂ થઇ ગઈ.

**જય લોકશાહી, જય વાણી સ્વાતંત્ર્ય, જય હિન્દ.** ■

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com

# જુરાસિક પાર્ક નહીં, કચ્છની આ વાત છે!

## શિંગડાવાળી પૂંછડી, લાંબી ડોક, વામન કદવાળા ડાયનોસોરનું રહસ્ય



કચ્છની ધરતી નીચે દબાયેલો ઇતિહાસ એ માત્ર પથ્થરો કે હાડકાં નથી, પરંતુ પૃથ્વી પર જીવસૃષ્ટિ કેવી રીતે પાંગરી અને બદલાઈ તેનો જીવંત દસ્તાવેજ છે. કચ્છ માત્ર રણ ઉત્સવ કે પ્રવાસનનું કેન્દ્ર નથી, પરંતુ તે આખી પૃથ્વીના ઇતિહાસનું એક જીવંત સંગ્રહાલય (Live Museum) છે. સમયની રેતીમાં અનેક સામ્રાજ્યો દટાઈ જાય છે, પણ ક્યારેક એ રેતી જ કોઈ એવાં રહસ્યોને સાચવી લે છે જે લાખો વર્ષો પછી જ્યારે બહાર આવે ત્યારે કાળના કપાળે પડેલા ઇતિહાસના લેખ ઉકેલાઈ જાય છે.

### 'સિરાટોકોડિયા એન્ટિક્વા' એક કાલવિજયી મુસાફર

તાજેતરમાં કચ્છના ખડીર બેટના કાળા ડુંગર ફૉર્મેશનમાંથી મળી આવેલું નવું સૌરોપોડ ડાયનાસોર 'સિરાટોકોડિયા એન્ટિક્વા' એ માત્ર એક હાડપિંજર નથી, પણ પૃથ્વીના આદિ ઇતિહાસનું એક જીવંત ઉદાહરણ બની ફરી પ્રકાશમાં આવ્યું છે.

કચ્છના ભૂસ્તરશાસ્ત્રીય સ્તરો એટલે પૃથ્વીના ઇતિહાસનું એક ખલ્લું પુસ્તક. મધ્ય જુરાસિક યુગ, એટલે કે આજથી આશરે ૧૬ કરોડ વર્ષ પહેલાંનો સમય. જ્યારે માનવજાતની કલ્પના પણ આ પૃથ્વી પર નહોતી ત્યારે અહીં કેવા રાક્ષસી કદના જીવોનું સામ્રાજ્ય હશે! 'સિરાટોકોડિયા એન્ટિક્વા' એ સમયનો એક નાનકડો પણ પ્રભાવશાળી સાક્ષી છે. સામાન્ય રીતે સૌરોપોડ્સ એટલે કે લાંબી ડોક અને લાંબી પૂંછડી ધરાવતા શાકાહારી વિરાટ જીવો, પરંતુ આ કચ્છનો મહેમાન કંઈક અલગ છે. તે કદમાં અન્ય સૌરોપોડ્સની સરખામણીએ પ્રમાણમાં નાનો, અંદાજે ૭ મીટરનો છે. આપણા કચ્છની ધરતી પર હવે ડાયનાસોરના ડગલાંઓના અવાજ માટે પણ ઓળખાશે.

### શિંગડાવાળી પૂંછડીનું રહસ્ય

આ ડાયનાસોરનું વૈજ્ઞાનિક નામ 'સિરાટોકોડિયા એન્ટિક્વા' (Ceratocaudia antiqua) રાખવામાં આવ્યું છે. અહીં 'સેરાટો' એટલે શિંગડું અને 'કોડિયા' એટલે પૂંછડી. આ નાનકડા નામે એક આખી વાર્તા કહી દીધી છે.

કલ્પના કરો, કરોડો વર્ષ પહેલાંનું આ રણ જે ત્યારે કદાચ નદી-નાળા અને હરિયાળીથી સભર હશે, ત્યાં આ ડાયનાસોર પોતાની પૂંછડી હવામાં લહેરાવીને ચાલતું હશે. સંશોધકો માને છે કે તેની પૂંછડીના છેડે શિંગડા જેવી રચના હતી, જેનો ઉપયોગ તે કદાચ પોતાનાથી શક્તિશાળી શિકારીઓ સામે રક્ષણ મેળવવા કે સ્વબચાવમાં કરતું હશે.

### કચ્છઃ પેલેઓન્ટોલોજી (અશ્મી વિજ્ઞાન)નું તીર્થસ્થાન

તાજેતરમાં પ્રકાશિત પેપર અનુસાર કાળા ડુંગર વિસ્તારમાં કરવામાં આવેલું આ સંશોધન IIT બૉમ્બે અને અન્ય સંસ્થાઓના વૈજ્ઞાનિકોની મહેનતનું પરિણામ સાબિત થયું છે.

જ્યારે આપણે કચ્છના સફેદ રણની સુંદરતા માણીએ છીએ ત્યારે આપણે એ ભૂલી જઈએ છીએ કે આ જ રણની નીચે લાખો વર્ષોનાં સ્તરો દબાયેલાં છે.


કચ્છનું ભૂસ્તર એટલું સમૃદ્ધ છે કે તે ભારતને વિશ્વના પેલેઓન્ટોલોજીના નકશા પર અગ્રિમ હરોળમાં મૂકે છે. જુરાસિક યુગ દરમિયાન ભારતની આ ધરતી પર વૈવિધ્યસભર પ્રાણીજીવન ધબકતું હતું.

વિજ્ઞાન જ્યારે તર્ક સાથે મળે ત્યારે ઇતિહાસ સર્જાય છે. ડિજિટલ મોડેલિંગ દ્વારા વૈજ્ઞાનિકોએ આ ડાયનાસોરનું જે ચિત્ર ઊપસાવ્યું છે તે અત્યંત રોમાંચક છે. એક નાજુક પણ મજબૂત શરીર, ગરદન જે ઊંચા ઝાડનાં પાંદડા ખાવા માટે સક્ષમ છે અને પૂંછડી જે રક્ષાકવચ સમાન છે. આ જીવનું અસ્તિત્વ આપણને યાદ અપાવે છે કે ઉત્ક્રાંતિ (Evolution) કેટલી નિરંતર અને જટિલ પ્રક્રિયા છે. તે સમયે ગૌન્ડવાના સુપરકોન્ટિનેન્ટનો ભાગ રહેલું ભારત કેવું હતું તે સમજવા માટે આ શોધ એક કડી પૂરી પાડે છે.

આ શોધો તે સમયના પૃથ્વીના લયને માણવાની તક પૂરી પાડે છે અને કચ્છ આ રીતે ખૂબ ધનવાન ભાગ્યવાન છે. આ ડાયનાસોર જે ૧૬ કરોડ વર્ષ સુધી અંધારામાં સૂતું હતું, આજે તે આપણને સંબોધી રહ્યું છે. તે આપણને યાદ અપાવે છે કે આ પૃથ્વી પર આપણે માત્ર મહેમાન છીએ, થોડો સમય રહીને ગાયબ થઈ જવાનું છે.

જે ધરતી પર આપણે આજે પગ મૂકીએ છીએ ત્યાં એક સમયે આ જીવોનું રાજ હશે. અને શું ખબર, ભવિષ્યમાં અન્ય કોઈ જીવો આપણું સ્થાન લઈ લેશે. ■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'રૂમ ચાહિયે...' સજ્જને કહ્યું.

'કિતને દિન કે લિયે ચાહિયે?' દામોદર લોજના મૅનેજરે પૂછ્યું.

'દો દિન... ગોપાલેશ્વર ચાહેંગે તો કુછ દિન ઓર રહે લેંગેં...'

મૅનેજરે નામઠામ, સ્થળ, શહેર ભરવા માટે રજિસ્ટર સામે મૂક્યું.

'આપ હી ભર દો... નામ અમર બાબુ. મુંબઇ એડ્રેસ... મોબાઇલ નંબર'

અમર બાબુએ સરનામું અને મોબાઇલ નંબર પણ ફટાફટ લખાવી દીધાં.

'રૂમ નંબર ૨૦૨...' મૅનેજરે એના હાથમાં ચાવી આપી. અમર બાબુએ નાની બૅગ ઉઠાવી.

'આપ રહેને દિજિયે... મૈં રૂમ મેં રખવા દુંગા,' મૅનેજર બોલ્યો.

'ધન્યવાદ', અમર બાબુ સ્મિત આપીને કાઉન્ટર સામે લિફ્ટની રાહ જોતો ઊભો રહ્યો.

'પહેલા દર્શન સુબહ છેહ બજે હૈ. જય ગોપાલેશ્વર.' મૅનેજરે કહ્યું.

'જય ગોપાલેશ્વર.' અમર બાબુ લિફ્ટમાં ઉપર ગયો.

********************

રાઘવની પૂરપાટ દોડતી બાઇક જગદીશની ધરમશાળાએ જઇને ઊભી રહી. રાઘવ કાઉન્ટર પર થોભ્યો નહીં. બાજુની પથારીમાં સૂતેલા જગદીશને પણ ઉઠાડ્યો નહીં.

જઈને રાધાના રૂમના દરવાજે ટકોરા માર્યા. રાધાએ દરવાજો ખોલ્યો.

રાઘવે રાધાના હાથમાં ચિઠ્ઠી પકડાવી. ચિઠ્ઠી વાંચીને રાધાએ રાઘવની સામે જોયું.

'રાધા, આ ચિઠ્ઠી... આ દાનપેટીનું રહસ્ય શું છે? પોસ્ટમૉર્ટમના રિપોર્ટ બાબતે પણ મને શંકા છે. રાધા, મને લાગે છે કે તું મારાથી કંઈક છુપાવે છે. તને મારા શંકા છે. જો, આપણે એકબીજા સાથે ઇન્ફોર્મેશન શેર કરીશું તો ઓપરેશન આસાન બનશે.' રાઘવે કહ્યું.

રાધાએ રાઘવના હાથમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ મૂક્યો. આ છે સાચો રિપોર્ટ. 'પુરોહિતનું ઝેર આપીને મર્ડર કરાયું છે.' રાધા બોલી.

'સરકારી હોસ્પિટલમાં મેં જ બધી ગોઠવણ કરી આપી અને તેં જ મારાથી છૂપાવ્યું...?'

'મને હતું કે તું તપાસનો દોર હાથમાં લઇને ત્રાસવાદીઓને ખતમ કરવા શસ્ત્રોનો ઉપયોગ કરીશ અને અહીં લોહીની નદીઓ વહેશે. જે હું બીલકુલ ઇચ્છતી નથી. અને બીજું, જો આઇબી ચીફને ખબર પડે કે મેં તારી અસલિયત છુપાવીને તારી મદદ લીધી છે તો હું ખોટી ઠરું. મારી કરીઅર પર કાયમ માટે કલંક લાગી જાય.'

'રાજપૂત છું. જુબાન આપીને ફરી નહીં જાઉં.'

'આઇ એમ સોરી રાઘવ.' રાધા બોલી. રાઘવ રિપોર્ટ વાંચી રહ્યો હતો.

'રાધા, નક્કી સાધુ જ દાનપેટીમાં આ ચિઠ્ઠી મૂકીને ફરાર થઇ ગયો છે.'

'ગુપ્તાની દુકાનમાં કામ કરતા શંકરને ઓળખે છેને?' રાધાએ પૂછ્યું.

'હા, એનું શું છે?' રાઘવે પૂછ્યું.

'રાઘવ, મને ખાતરી છે કે શંકર અને સાધુ વચ્ચે કોઇ કનેક્શન છે.'

'શંકર અને સાધુ વચ્ચે કનેકશન !' રાઘવને આશ્ચર્ય થયું.

'અમે નક્કી કર્યા મુજબ પુરોહિત શંકરના મંદિરની દાનપેટીમાં ચિઠ્ઠી મૂકવા ગયા હતા જેમાં એમણે ચિઠ્ઠીમાં શંકાસ્પદ માણસનું વર્ણન લખ્યું હતું. મને લાગે છે કે એ શંકાસ્પદ માણસ શંકર હોવો જોઈએ. હું મોડી રાતે ચિઠ્ઠી કાઢવા ગઈ ત્યારે દાનપેટી જ ગૂમ હતી... બીજે દિવસે પુરોહિત મૃત હાલતમાં મળી આવ્યા. બીજું, પુરોહિતે આગલે દિવસે મને મોબાઇલ પર શંકર શંભો એવું કહ્યું હતું. જય ગોપાલા બોલનારા પુરોહિત ત્રણવાર શંકર શંભો બોલ્યા. લાગે છે કે એ મને કોઈ સંકેત આપવા માગતા હતા.'

'ઓહ. સાધુને ખાતરી હતી કે ચિઠ્ઠી લેવા માટે કોઈક તો આવશે જ અને પોતે પકડાઈ જશે એટલે જ એ દાનપેટીમાં ધમકી લખીને ગાયબ થઈ ગયો,' રાઘવે કહ્યું.

'યસ... સાધુને ખયાલ આવી ગયો કે પગેરું એની તરફ વળશે, પણ એને કદાચ ખબર નથી કે શંકર નામનું પ્યાદું હજી આપણી રેન્જમાં છે,' રાધા બોલી.

'સાધુ ગામ છોડીને નહીં જ ગયો હોય... પહેલાં હું શંકરને ઊંચકી લઉં છું,' રાઘવ બોલ્યો.

'ના રાઘવ, એને ઊંચકવાની ઉતાવળ નથી કરવી. ગુપ્તાને એની પર નજર રાખવા દે... એક ઠોસ સબૂત મળવા દે,' રાધા બોલી.

'રાધા, હવે ટાઇમ બગાડવો નથી,' રાઘવે કહ્યું.

'આપણે એનું શસ્ત્ર... એનો ઇરાદો પકડવો છે. એને પકડીને થર્ડ ડિગ્રીથી ઓકાવશું તોય મોં નહીં ખોલે ને ખતમ કરી નાખીશું તો એની સાથે એનો ઇરાદો પણ દફન થઈ જશે.'

***************************

રંગે હાથ પકડાઈ ગયા પછી ઝૈનાબનાં અબ્બુ અને અમ્મીને હજારો કીડીઓ એકી સાથે શરીર પર ચટકા ભરી રહી હોય એવું લાગતું હતું. બંનેને તાળવે ચિંતા ચોંટી ગઈ હતી ને ભયનો ભોરિંગ આભડી ગયો હતો. કોઈ રસ્તો સૂઝતો નહતો. ઝૈનાબ ઑફિસે ગઈ પછી બંને કોઈ માર્ગ કાઢવા દિમાગ ખોતરી રહ્યાં હતાં.

'કૂછ ભી હો જાય... મૈં અજમલ કા પતા ઢૂંઢને વાલા નહીં,' ફાટેલ મગજના અબ્બુએ જે મનમાં આવ્યું તે બકી નાખ્યું.

'એસા નહીં કરેંગેં તો હમ ફંસ જાયેગેં...' અમ્મી ઠંડે કલેજે બોલી.

'ઝૈનાબ કૂછ નહીં કર પાયેગી. વો હમેં પકડવાને કી કોશિશ કરેગી તો ખુદ ભી ફંસેગી. ઇતની અક્કલ તો ખુદાને દી હોગી ઉનકો...' અબ્બુ બોલ્યો.

'મેરી બાત માનો, અજમલ કા પતા લગાઓ ઔર ઝૈનાબ કો બતા દો... હમ બચેંગેં ઔર ઝૈનાબ ભી... વો ભી યહી ચાહતી હૈ...' અમ્મીએ કહ્યું.

**અબ્બુ-અમ્મીને તાળવે ચિંતા ચોંટી ગઇ હતી ને ભયનો ભોરિંગ આભડી ગયો હતો.**

'નહીં મૈં ડૂબુંગા તો સબ કો સાથ લે કર...' અબ્બુનો અસલી મુસલમાની મિજાજ બોલ્યો.

'મૈં હમ સબ બચ જાયેં એસા રાસ્તા દિખાતી હું ઔર આપ સમંદર કે ભંવર મેં સબ કો લે કર ડૂબના ચાહતે હો...' અમ્મી ઊંચા અવાજે બોલી.

'ઝૈનાબ ન ડૂબેગી, ન હમેં ડૂબને દેંગી,' અબ્બુ બોલ્યો.

'ઝૈનાબ કો મૈં અચ્છી તરહા જાનતી હું... ઉસને હમારે ભલે કે લિયે રાસ્તા નિકાલા હૈ...' અમ્મીએ કહ્યું.

'લગતા હૈ... મુઝે ઝૈનાબ કા કૂછ કરના પડેગા...' અબ્બુ બોલ્યો.

'ક્યા કરોગે મેરી બેટી કે સાથ... માર દોગે ઉસે...? ઇસ સે તો અચ્છા હૈ કી...' કહીને અમ્મી અંદરના રૂમમાં જઇને તરત જ પાછી આવી.

'લો યે ઝહર... હમ દોનોં પી લેતેં હૈં ઔર ખતમ કર દેતે હૈં યે કિસ્સા.'

'નૂર, મેરી બાત સૂનો. મૈં કૂછ રાસ્તા નિકાલતા હું...' રહેમત અલીએ નૂરના હાથમાંથી ઝેરની શીશી લઈ લેતાં કહ્યું.

*********************

પાસપોર્ટ ઑફિસની બાજુમાં આવેલા કૉફી હાઉસમાં હેટ પહેરીને બેઠેલો ટોની વારેવારે કાંડા ઘડિયાળમાં જોઈ લેતો હતો ને બ્લૅક કૉફીની સિપ મારી લેતો હતો. થોડીવારમાં ઝૈનાબ આવીને સામે બેસી ગઈ.

'ફોન કર લેતી...' ટોનીએ કહ્યું.

'હમારા મિલના ઝરૂરી થા,' ઝૈનાબ બોલી.

'કૂછ પતા ચલા...?' ટોની બોલ્યો.

'કામ ચલ રહે હૈ...' નાનો પોઝ લઈને બોલીઃ 'આપકે સાથ એક દૂસરી ખબર શેર કરની થી...'

'બોલો...'

'મૈં આપકો બાયપાસ કરના નહીં ચાહતી. ઇસલિયે મુઝે આપ કે સામને હી અભય રાઠૌડ સર કે સાથ એક ઇન્ફર્મેશન શૅર કરની હૈ.' ઝૈનાબે કહ્યું.

ટોનીએ કૉફીની સિપ મારી. પછી આલરીને આરામથી બેસતાં કહ્યુંઃ 'કરો બાત.'

ઝૈનાબે મોબાઇલ પરથી કૉલ લગાડ્યો. થોડી ક્ષણો બાદ સામેથી અવાજ આવ્યોઃ 'હેલો.'

'સર, વો બંદા કૂછ દિન અહમદાબાદ મેં થા. કલ હી યહાં સે નીકલ ચુકા હૈ. કહાં ગયા હૈ... ઉસકા પતા લગા રહી હું... ઔર એક બાત સમંદર ખાન નામ કા શખ્સ ઉસકા હૅન્ડલર હૈ...'

'જલ્દ હી પતા લગાઓ...' રાઠૌડે કહ્યું.

'જી સર. સમંદર બહુત ગહેરા હૈ...યે કોઈ છોટી મછલી નહીં...' ઝૈનાબ વાત કરતાં કરતાં કૉફી હાઉસની બહાર ગઈ. ટોનીની નજર પણ પારદર્શક કાચની પાર ઝૈનાબ પર હતી.

***********************

ઝૈનાબ સાંજે ઘરે આવી. ખુશખુશાલ હતી. એણે અબ્બુ અને અમ્મી સામે જોયું બંને માયુસ હતાં.

'અરે આપલોગ ઇતને માયુસ ક્યું હો... મૈં હું ના... આપ બીલકુલ ફિકર ના કરેં,' ઝૈનાબે કહ્યું.

'ઝૈનાબ બેટા, તુમ્હારી અમ્મી ઔર મૈં દોનોં કલ ઝહેર પી કર મરને કા સોચ રહે થે...' અબ્બુ બોલ્યો.

'ક્યા...? ઝહેર પી કર... આપલોગ ભી ક્યા.... એસી છોટી બાત કો લે કર ઝહેર... છી... છી.... મેરે હોતે હુએ આપ એસા સોચતે હો...' ઝૈનાબે કહ્યું.

'બેટા, તુમ બતા દો કી તુમ કિસ કે લિયે કામ કરતી હો...' અબ્બુએ મનને મૂંઝવતો પ્રશ્ન કર્યો.

'મૈં આઇબી ઔર રો કે લિયે કામ કરતી હું.'

અબ્બુ અને અમ્મી એકબીજાની સામે જોઈ રહ્યાં... એમને જોઈતી હતી એ માહિતી મળી ગઈ. એક જ ઘરમાં દેશદ્રોહી અને દેશપ્રેમીની છાવણીઓ સામસામે હતી. બંને છાવણીઓ વચ્ચે એક લકીર ખેંચાઇ ગઇ હતી.

'મૈને સોચા હૈ કી આપ દોનોં કો બચાને કે લિયે મૈં ડબલ એજન્ટ બનુંગી....' (ક્રમશઃ)■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# આ વૃક્ષને રડાવી ઊડી ગયા છે ટહુકા પર્ણોની લીલી નસમાં પણ લોહીની ટશર છે

## કવયિત્રીઓની ગઝલ રચનાનો રસથાળ...

ગુજરાતી ગઝલના આકાશમાં અનેક તારાઓ, સિતારાઓ અને ચાંદ છે. નભોમંડળમાં આકાશગંગા હોય છે. આપણી ગઝલમાં આવી આકાશગંગા છે આપણી શાયરાઓ જેમને ગઝલની મુલાયમ સુકુમાર અને રેશમી ધરતીને પોતાના શબ્દસામર્થ્યથી અને સ્ત્રીસહજ કોમળતાથી લીલીછમ્મ રાખી છે.

આપણા અગ્રગણ્ય ગઝલકાર આશિત હૈદરાબાદી વર્ષોથી ગઝલની સાધના અને આરાધના કરતા હતા. સંશોધનનો જીવ હતા. એમણે ૨૦૧૦માં ‘કાગળમાં નદીઓ ઉતારી’ નામનું સંપાદન આપ્યું જેમાં કવયિત્રીઓની રચનાનો રસથાળ આપ્યો છે. હૈદરાબાદી સાહેબે એક લેખનો હવાલો આપીને કહ્યું છે કે ‘૧૯૬૯માં સૌરાષ્ટ્રના લોધિકા રાજકુળમાં જન્મેલાં કુમારી ચંદ્રા જાડેજાનો કાવ્યસંગ્રહ પ્રગટ થાય છે. જેણે કવયિત્રીઓની કાવ્ય સૃષ્ટિમાં નવી દિશા ખોલી નાખી ગઝલ સર્જનની. પછી તો અનેક શાયરા ગઝલક્ષેત્રે યોગદાન આપી રહી છે અને તેઓના ગઝલ સંગ્રહો પ્રગટ થઈ ચૂક્યા છે.

સૌ પ્રથમ ઉર્વિ પંચાલ ‘ઉરુ’ની રચનાઓ જોઈએ. નવસારીમાં શિક્ષણકાર્ય કરતાં કરતાં ‘ઉરુ’એ સારું કાઠું કાઢ્યું છે. એમની પાસે સોંસરવી વાત કરવાની સહજ કળા છે. એ વાસ્તવિકતાની ધરતી પર લખે છે



અને સ્ત્રીસહજ અનુભવોને ગઝલની પંક્તિઓમાં આરપાર ઉતારે છે. જોઇએ એમના થોડા શૅર :

**જિંદગી માટે જરૂરી છે ઘણું**
**શ્વાસથી જિવાય છે એવું નથી**
**આંખને અજમાવ તું ક્યારેક તો**
**જામથી પીવાય છે એવું નથી.**

***

**ગલી, ઘર ને નગર તારું,**
**બધું છૂટી ગયું તોયે,**
**મનોમન કો’ મિલનના સ્થાનકોને**
**પૂજતા રહેશે**
**મળીને ક્યાં ગયા ઘાવો.,**
**અહીં મારી જ પાસે છે**
**કહો છો આપ કે એ તો સમયથી**
**રૂઝતા રહેશે**

***

**છે એ જ દૃષ્ટિ, એ જ દૃશ્યો,**
**એ જ ઘરના બધી**
**ન તોય કેવા ‘ઢંગથી બદલાય છે**
**તું માનવી ?’**
**આંસુઓને આંખમાં પાછાં જતાં જોયા નથી**
**ને સમયના વહેણને ઊલટા જતાં જોયાં નથી**
**બે ઘડીનું મૌન વસમું લાગતું જેને હતું**
**કૈં દિવસથી શબ્દ પણ ઉચ્ચારતા જોયા નથી.**
**જેમના માટે મેં જિંદગી ખરચી હતી,**
**એમને ‘ઉરુ’ આ જ લગ**
**મારા થતાં જોયાં નથી.**

અમૃત ઘાયલના શહેર રાજકોટમાં કવિતા રાવલ ‘કવિ’ ઉપનામથી લખે છે. ડિઝાઇન, મૅનેજમેન્ટ વગેરે એમને ગમતાં કામો છે. કવિતા પરવીન શાકીરની જેમ પોતાના અવાજમાં લખવાનું પસંદ કરે છે. પોતે સ્ત્રીસર્જક છે એવા ભાન સાથે દિલની વાત કરે છે તેથી જ કવિતા એક સ્ત્રી તરીકે ગઝલ લખે છે. જેમ કે :

**એ મને લાગે ઢળેલી સાંજ જેવો**
**કેટલાયે આથમે છે ત્યાં અરૂણો**
**હૂંફ જેવું છે કશુંક એની કને પણ**
**આમ છે તડકા સમો ને તોય કૂણો**
**આપણા ભટકાવવાના પર્યાય પ્રશ્નો**
**શક્ય ક્યાં છે કે બધા સમજાય પ્રશ્નો**
**એક વાવાઝોડું થઈ આવે વિચારો**
**ને સમયના ગર્ભમાં સેવાય પ્રશ્નો!**

***

**અમે તત્પર તમે તત્પર,**
**ઊભા છો કેમ થોભીને**
**નદીની જેમ બસ ક્યારેક**
**આવી જાય દોડીને.**
**તમારો ભાસ અને આભાસ થઇ ઘેરી**
**વળે પડઘા**
**થવું છે તરબતર આ જાતને તેમાં**
**ઝબોળીને**

***

**આમ તો એ હતો એકલો યાદવ**
**રાધિકા જો મળી તો થયો માધવ**

મુંબઈમાં રહેતા જયોતિ હિરાણી સારા કવિ છે અને સહૃદયી વિવેચક છે. ગીત અને ગઝલ બન્નેમાં સારી ફાવટ છે. એમાં થોડાક શેર જોઈએ.

**આજ ભરતી ઓટ ને તટ ચૂપ છે**
**નાવ, રેતી, જળ અને કેવટ ચૂપ છે.**
**વાત ઘર ઉંબરની, લ્યો મોભે ચડી**
**એ ફળી, ડેલીની ઘરવટ ચૂપ છે**

***

**હવા આંખોને પૂછી લે કે ભીની**
**ક્ષણને લૂછી લે**
**સ્મરણના આયનામાં ઝળહળી તૂટી**
**જવાની રાત!**
**આગમન એનું હવે છાનું નથી**
**મ્હેક એની શ્વાસ છલકાવી ગયું**

***

ગાંધીધામ (કચ્છ)માં જન્મ અને ધ્રાંગધ્રા જેમનું વતન છે એ દક્ષાબહેન સંઘવી ગઝલ અને ગીત બન્ને લખે છે. દક્ષાની ગઝલમાં લય છે, લાગણીની ભીનાશ છે અને અનુભૂતિનો ઉજાસ છે. એમના કેટલાક શેરો માણીએ.

**પંખી એક અજાણી ડાળે માળો બાંધે**
**ટહુકાઓ વિસરાવી કહેવું અવસર આવ્યા**

***

**બંધ આંખે એક - બે અશ્રુ કદી જો ઝળહળે**
**ભીતર છલકે ઉજાસો સાચવી રાખું હજી !**
**બ્રહ્માંડે આ પૃથ્વી પર તું ટપકા જેવો**
**તારું-મારું છોડી ચાલ સકળમાં જઈએ**
**આ હથેળીમાં હજી કોના ગરમ શ્વાસો**
**નિસાસ થઇ જાતા**
**દૂર થઈ જા તો બધી બોલારા છૂટે ને**
**તમે જોયા કરો.**

***

વડોદરામાં જેનો વાસ છે, ગઝલ જેનો સહવાસ છે અને સ્વાસ્થના નિષ્ણાંત છે એવાં ડો. દિના શાહ સ્ત્રીતજજ્ઞ છે. પોતાના દિના ક્લિનિકમાં સેવાયત કરે છે. અત્યાર સુધીમાં ‘ટેરવા ટહુક્યાં’ અને ‘આયના ટોળે વળ્યાં’ એમ બે સંગ્રહો આપ્યાનું યાદ છે. ગઝલ સભાનો ઍવોર્ડ પ્રાપ્ત થયો છે. ખુમારી, સામાજિક દૂષણો પ્રત્યેની વ્યથા, ચિંતા અને તેમાંથી પ્રકટતું ચિંતન મોટે ભાગે એમની ગઝલમાં દેખાયા કરે છે. થોડીક રચનાઓ માણીએ.

**મને તો હૃદય પર ભરોસો છે પૂરો**
**તને હર વખત કેમ સંશય ગમે છે!**
**‘દિના’ ફૂલની નમ્રતાની છું ચાહક**
**મને જે ગમે છે તે સવિનય ગમે છે.**

***

**યાદ ટોળે વળે છે તો બને છે ગઝલ**
**દિલનો શણગાર છે એ, સજે છે ગઝલ**
**શબ્દનો અર્થ તું ભાવ, ભાષા ય તું**
**તું મળે છે તો તાજી મળે છે ગઝલ**

***

**ફૂલ કેવાં પરગજુ થઈ જાય છે**
**મ્હેકની સાથે રજૂ થઈ જાય છે.**
**તું જ મારી બંદગી ને તું ખુદા**
**જોઉં છું જયારે વજૂ થઇ જાય છે.**

સુરત એટલે ગઝલની ભૂમિ, સુરતની. રંગીલી રોનકમાં ગઝલના પરવાન ચઢે છે. આ શહેરમાં દિવ્યા મોદી ગઝલ કહે છે. આમ ગણિત જેવા નીરસ વિષયમાં સ્નાતક છે પણ ના તો ગઝલની રેશમી સુકુમારતા સાથે બાંધ્યો છે. આ વાતચીતની ભાષામાં ગઝલને બહેલાવે છે. થોડાક શેર જોઇએ.

**તારા ગયા પછીથી કેવું થયું ખબર છે?**
**સૂની બની હવેલી, સૂનું થયું નગર છે.**
**આ વૃક્ષને રડાવી ઊડી ગયા છે ટહુકા**
**પર્ણોની લીલી નસમાં પણ લોહીની**
**ટશર છે.**

***

**તમારા એક સ્પર્શે કાળજે કૂંપળ નવી ફૂટી**
**અને હૈયુંય લીલુછમ કે મેં વરસાદ**
**પીધો છે.**

***

**ડૂબતા આ સૂર્યને રોકો જરી**
**સાંજને વાતો હજી કરવી હતી**

***

**સતત એકલી હું બધામાં રહું છું**
**બધામાં તને શોધવામાં રહું છું.**

***

**અમે ખોબલે ખોબલે આંસું પીધાં**
**અને સૌ કહે છે નશામાં રહું છું.**

આવતા સપ્તાહે બીજી નવોદિત ગઝલકાર વિશે વાત આગળ વધારી શું.

(ક્રમશઃ)■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# સકારાત્મક વિચારો સાથે ઊંઘવા માટે આટલું કરજો...

અગાઉ આ કોલમમાં નકારાત્મકતાથી દૂર રહેવા માટે અને સકારાત્મકતા સાથે દિવસની શરૂઆત કરવા માટે શું કરવું જોઈએ એ વિશે વાત કરી હતી. આ વખતે રાતે ઊંઘતા પહેલાં શું કરીએ તો સકારાત્મક વિચારો સાથે ઊંઘી શકીએ એની વાત કરીએ.

નકારાત્મક વિચારોને પડતા મૂકીને સકારાત્મક વિચારો સાથે શાંતિપૂર્ણ ઊંઘ લેવા માટે સૌ પ્રથમ તો રાતે સૂતા પહેલાં મનને ખાલી કરો. જેમ આખો દિવસ કામ કર્યા પછી આપણે શરીરને આરામ આપીએ છીએ તેમ આપણાં મનને પણ આરામની જરૂર હોય છે.

જોકે મોટેભાગે થાય છે એવું કે આપણું શરીર પથારીમાં હોય છે અને મન આખા દિવસની ઘટનાઓમાં ભટકતું રહે છે.

કોઈએ શું કહ્યું?
મેં શું જવાબ આપ્યો?
મારી સાથે આવું કેમ થયું?
કાલે શું થશે?
આવા વિચારો મનને ઊંઘવા દેતા નથી.
સૂતા પહેલાં પોતાને એક પ્રશ્ન પૂછોઃ
‘શું મારી આવતીકાલ પણ આજ જેટલી જ મહત્ત્વની રહેશે?’

જો જવાબ ‘ના’ હોય તો આવતી કાલના વિચારોને આજે જ મનમાંથી ફંગોળી દો (આ કદાચ એક જ રાતમાં શક્ય નહીં બને, પણ થોડા દિવસ જાગૃત મન સાથે કોશિશ કરશો તો ચોક્કસ સફળતા મળશે).

સકારાત્મક વિચારો સાથે ઊંઘવા માટે આ પણ અમલમાં મૂકોઃ સૂતા પહેલાં દિવસમાં બનેલી ત્રણ સારી ઘટના કે વાત યાદ કરો , જેમ કે કોઈ મિત્ર સાથે થયેલી સારી વાતચીત, કોઈએ તમારી સામે જોઈને કરેલું સ્મિત. કોઈ કામમાં મળેલી સફળતા. ભલે ને પછી એ સફળતા એકદમ નાની કેમ ન હોય. દિવસ દરમિયાન કોઈએ તમને મદદ કરી હોય તો એ પણ યાદ કરો. એ મદદ એકદમ નાની હોય તો પણ યાદ કરો. ભલે ને કોઈએ તમારા હાથમાંથી પડેલી નાનકડી વસ્તુ ઊંચકીને તમારા હાથમાં પાછી મૂકી આપી હોય.

એક ઉદાહરણ આપું : થોડા દિવસો અગાઉ એરપોર્ટ પર એક ટીનેજર છોકરીના હાથમાંથી બોર્ડિંગ પાસ પડી ગયો હતો. તેના ખભે વજનદાર બેગ હતી એટલે તેને




ઝૂકીને બોર્ડિંગ પાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. મેં એ જોયું એટલે બોર્ડિંગ પાસ ઊંચકીને તેના હાથમાં આપ્યો. તે છોકરીએ મીઠું સ્મિત કરીને ‘થેન્ક યુ’ કહ્યું. તે છોકરીએ મારી પાસેથી અપેક્ષા નહોતી રાખી કે હું બોર્ડિંગ પાસ નીચેથી ઊંચકીને તેના હાથમાં આપીશ અને મેં પણ તેની પાસેથી સ્મિત અને ‘થેન્ક યુ’ શબ્દોની અપેક્ષા નહોતી રાખી, પણ તેનો એ વર્તાવ મને ગમ્યો.

માની લો કે આખા દિવસમાં આવું કશું પણ ન બન્યું અને તમારો દિવસ ખરાબ રીતે વીત્યો તો એ રીતે વિચારો કે આજે તમે એક મુશ્કેલીભર્યો દિવસ પસાર કરીને ય ટકી રહ્યા.

મોટા ભાગના માણસોનાં મન એવાં હોય છે એ દસ કે સો સારી વાતો ભૂલીને એક ખરાબ વાત યાદ રાખે છે એટલે ઊંઘતાં પહેલાં મનને ખાસ યાદ અપાવો કે વીતેલા દિવસમાં કંઈ બધું જ ખરાબ નહોતું.

આ વાત પણ અમલમાં મૂકવાની કોશિશ કરજો. તમારી સાથે ખરાબ રીતે વર્તનારા કે તમને અન્યાય કરનારા કે તમારું અહિત કરનારા કે તમારા વિશે ખરાબ બોલનારા માણસોને માફ કરીને સૂવાની ટેવ પાડો. રાત્રે મનમાં કોઈના પ્રત્યે ધૂંધવાતા ગુસ્સો લઈને ઊંઘવાથી સૌથી વધુ નુકસાન આપણને જ થાય છે. માફ કરવાનો અર્થ એ નથી કે સામેની વ્યક્તિએ જે કર્યું એ યોગ્ય જ હતું.

માફ કરવાનો અર્થ છે કે હું આ વ્યક્તિ કે ઘટનાને મારી ઊંઘ બગાડવાની કે મારા મનની શાંતિ ડહોળવાની સત્તા નહીં આપું. આવું મનોમન બોલાયેલું વાક્ય પણ મનને હળવું કરી શકે છે.

બીજાઓની સાથે પોતાની જાતને પણ માફ કરતાં શીખો. રાતે સૂતા પહેલાં કોઈ વાતે પોતાને દોષ ન આપો. ઘણા માણસો રાતે ઊંઘવા જતી વખતે પોતાની ભૂલોનું વિશ્લેષણ કરતાં-કરતાં પોતાને જ દોષ આપતા રહે છે. પોતાની જાતને કોસતાં કહે છેઃ ‘મારે આવું નહોતું કરવું જોઈતું હતું’ કે પછી ‘હું નિષ્ફળ ગયો’ અથવા તો ‘મારાથી કશું સારું થતું નથી.’ આવી વાતો મનને વધુ નબળું બનાવે છે. એટલે પોતાની જાત પ્રત્યે ક્રૂરતા દાખવવાને બદલે પોતાની જાતને આવું કહોઃ

‘આજે મારાથી જે સારું થઈ શક્યું એ મેં કર્યું. આમ છતાં જ્યાં ભૂલ થઈ છે એમાંથી હું શીખીશ.’ ભૂલ કરવી અને ભૂલ બની જવું એ બંને અલગ વાત છે.

સવારે ઊઠીને તરત જ મોબાઇલ હાથમાં નથી લેવાનો એ જ રીતે રાતે ઊંઘવા જવાના હો એ સમય અગાઉ દોઢ-બે કલાક પહેલાં મોબાઇલ ફોન બંધ કરીને એકબાજુ મૂકી દો. તમે ઇમરજન્સી સર્વિસિસ સાથે સંકળાયેલા હો તો જુદી વાત છે બાકી મોબાઇલને બેડની બાજુમાં પણ રાખવાની જરૂર નથી.

સૂતા પહેલાં સતત સોશ્યલ મીડિયા પ્લેટ્ફોર્મ્સ જોવાથી મનમાં બીજાના જીવન સાથે પોતાની સરખામણી શરૂ થઈ જાય છે. કોઈ પ્રવાસ પર હોય, કોઈ સફળ થઈ રહ્યું હોય, કોઈ ખુશ દેખાતું હોય, કોઈ નવી વસ્તુ ખરીદી રહ્યું હોય એ બધું આપણા મનમાં આડકતરી રીતે ઈર્ષા જન્માવે છે. આપણે ભૂલી જઈએ છીએ કે સોશ્યલ મીડિયા પર લોકો પોતાના જીવનનું સંપૂર્ણ સત્ય નહીં, પરંતુ પસંદ કરેલો ભાગ બતાવે છે માટે સૂતા પહેલાં થોડો સમય મોબાઇલથી દૂર રહેશો એટલે સોશ્યલ મીડિયાથી પણ દૂર રહી શકશો.

ઊંઘવા જતી વખતે તમારા મનને કહો કે ‘હવે દુનિયાને નહીં, પણ હવે મારી જાતને સમય આપવાનો છે.’

આવતી કાલની ચિંતા સતાવતી હોય તો એને ઊંઘના સમય પૂરતા ભૂલવાની કોશિશ કરો. કારણ કે વિચારો કરીને તમારી જાતને તકલીફ આપવા સિવાય કશું કરી શકવાના નથી એટલે આવતી કાલની ચિંતા આવતી કાલ પર છોડી દો.

નકારાત્મક વિચારો જીવનનો ભાગ છે. એને સંપૂર્ણપણે દૂર કરવું હંમેશાં શક્ય નથી, પરંતુ એને આપણા મન પર કબજો જમાવવા દેવો કે નહીં એ અમુક હદ સુધી આપણા હાથમાં છે.

ટૂંકમાં સવારના પહેલા વિચારની જેમ જ રાતના છેલ્લા વિચારને પણ જાગૃત રહીને જોવાની કોશિશ કરજો, કારણ કે ઘણી વાર આખા દિવસનું વાતાવરણ આ બે વિચાર વચ્ચે જ જન્મે છે. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# એક દોસ્તી ઐસી ભી... મૂંગા પ્રેમની મસ્તકથા

***ટાઇટલ્સઃ***
***આંખોથી ઊંડી કોઇ ભાષા નથી. (છેલવાણી)***

**દોસ્તી** વણલખેલો કાનૂન છે, લીલી નસોમાં વહેતું ખાનદાની ખૂન છે. ભયંકર સંજોગોમાં સાથનો

ગુણ છે. દોસ્તી એવું રસાયણ છે, જેમાં બે માણસો પીગળી-ઓગળીને આરપાર નીકળે છે. કૃષ્ણ-સુદામાથી લઇને તમારાં-મારાં જીવતરના ઝંઝાવાતમાં સાથ આપતું ઝનૂન છે.

કહેવાય છે માણસનું મન, મર્કટ કે બંદર જેવું હોય છે પણ બંદર એકમાત્ર જાનવર છે જે કેળાંની છાલ કાઢીને ખાઇ શકે, સીસોટી વગાડી શકે, માણસની નકલ કરી શકે પણ એ માણસ જેમ કમીનો કે ગદ્દાર હોય કે નહીં? ખબર નથી.

આજે ‘ફ્રેંડશિપ-ડે’ પર એક એવી વાત કરીશું કે જેમાં મર્કટના મનમાં માણસથી વધુ સંવેદના દેખાશે. વરસો અગાઉ દૂરદર્શન પર ડિટેક્ટિવ ‘રાજા’ અને બંદર ‘રાંચો’ની જોડીવાળી સિરિયલ ‘રાજા ઔર રાંચો’ સુપરહિટ થયેલી. ‘રાજા’ ઉર્ફ અભિનેતા વેદ થાપર અને બંદર ‘રાંચો’ વચ્ચે એવી દોસ્તી જામી કે સેટ પર બેઉ સાથે મેક-અપ કરે, સાથે જમે, રમે ને રોજ શૂટિંગ કરે. આમ તો જાનવર પાસે કામ કઢાવવું અઘરું પણ આવી દોસ્તી પછી નિર્દેશકનું કામ આસાન થઇ ગયેલું. ઘણીવાર તો સ્ક્રિપ્ટમાં ના હોય એવા અજીબોગરીબ સ્ટંટ બેઉ સાથે મળીને કરતા. રાજા-રાંચોની જોડી બાળકોમાં ખૂબ પોપ્યુલર થઇ ગઈ પણ પછી કમાલના કરતબ કરતો બંદર ‘રાંચો’ વધુ લોકપ્રિય થવા માંડ્યો. આમે ય બાળક ને જાનવર સામે ગમે તેટલો સારો અભિનેતા હોય પણ તાળી તો જાનવર કે બાળક ને જ મળે કારણ કે એમના અભિનય જોઇ લોકોને અચંબા થાય. શૂટિંગ જોવા આવતા લોકો બંદરને જ મળવા માગે, ફોટા પડાવે એટલે અભિનેતા વેદને ખાસ ભાવ ના આપે.

ઘણીવાર તો ‘અભિમાન’ ફિલ્મમાંના સ્પર્ધા કરતા કપલની અમિતાભ-જયાની જેમ રાજા, રાંચો સાથે ઊભો હોય તો લોકો અભિનેતા વેદને બાજુએ હટવા કહે. રાંચોની લોકપ્રિયતા જોઇને, અભિનેતા વેદને ઈર્ષ્યા થવા માંડી. જો કે બંદરને તો સમજાતું નહોતું કે શા માટે અભિનેતા વેદ એનાથી દૂર જવા માંડ્યો છે?

મૂંગા પ્રાણીને એમની મૈત્રીમાં દરાર દેખાતી તો હતી, પણ સમજાતી નહોતી. પ્રાણીને




ભાષા ભલે ના આવડે પણ શરીરની ભાષા કે બોડી-લેંગ્વેજ સમજાય એટલે બંદર રાંચો પણ અભિનેતાથી રીસાવા લાગ્યો. સાથે રમવાનું, જમવાનું કે તોફાન મસ્તી કરવાનું બંધ કરી દીધું. ત્યાં સુધી કે રાજા સાથે કેમેરા સામે શોટ આપવામાં પણ બંદર નખરા કરવા લાગ્યો.

આ બાજુ સ્ટારગીરી દેખાડવા અભિનેતા વેદ, મેકઅપમાં જાણી કરીને મોડું કરતો તો સામે બંદર રાંચો પણ ખૂણામાં મોં ચઢાવીને બેસી જતો. સેટ પર બંદર, ચાલુ શોટમાં મોં ફેરવી લે, દાંતિયા કાઢે અને અભિનેતા વેદ પણ એની સામે ડોળાં કાઢે.

***ઇન્ટરવલઃ***
***ક્યા હૈ કરીશ્મા? કૈસા ખિલવાડ હૈ?***
***જાનવર, આદમી સે ઝયાદા વફાદાર હૈ! (નીરજ)***

હદ તો ત્યારે થઇ કે સાંજે ચીડાયેલો રાજા શૂટિંગ અટકાવીને પોતાની ખાસ ખુરશી મંગાવીને વિસ્કીના પેગ પીતા પીતા, ચણાં ખાવા બેસી જતો. આ જોઇ બંદર રાંચો પણ એ જ અદામાં પગ પર પગ ચડાવીને ખુરસી પર બેસીને ગ્લાસમાં પાણી પીને, ચણાં મંગાવીને ખાતો ને પછી તો એણે એકવાર વિસ્કીની બોટલ રાજા પાસેથી આંચકી લીધી અને પીવા માંડ્યો!

આમ અભિનેતા અને બંદરની આ અજીબ હુંસાતુંસીમાં શૂટિંગ વારેવારે અટકાવવું પડતું. છેવટે નિર્માતા-નિર્દેશકે અભિનેતા વેદને સમજાવ્યો કે બંદર ભલે ના સમજે પણ એક પ્રોફેશનલ એક્ટર તરીકે એણે તો સમજવું જોઇએ. ત્યારે મને-કમને ફરીથી રાજાએ રાંચો સાથે દોસ્તી શરૂ કરી પણ પહેલાં જેવી ઉષ્મા બેઉ વચ્ચે ફરી ના જ જન્મી. આમને આમ બેઉ વચ્ચેની કેમિસ્ટ્રી ખતમ થતાં સિરિયલની લોકપ્રિયતા ઘટાવા માંડી ને સિરિયલ બંધ થવાની કગાર પર આવી ગઇ. અભિનેતા વેદને સમજાઇ ગયું હતું કે હવે થોડાં જ એપિસોડ બચ્યા છે, પણ વાંદરાને એની ખબર કઇ રીતે પડે? એ તો રાજા સાથે ફરીથી દોસ્તી કરવા માંડેલો!

આખરે આખરી એપિસોડના શૂટિંગની ઘડી આવી. હવે રાજા ને રાંચો સદાયે માટે છૂટા પડવાના હતા- દંતકથા સમી જોડી તૂટવાની હતી. શૂટિંગના આખરી દિવસે સિરિયલનો એક બાજુનો સેટ તૂટવા માંડ્યો, કપડાંની પેટીઓ અને બીજી ધીમે ધીમે સામગ્રી સંકેલાવા લાગી. છેલ્લો શોટ પૂરો થયો, સેટ પર સૌ ગળે વળગીને છૂટા પડવા માંડ્યા ત્યારે બંદરને કશુંક સમજાયું, પછી રાંચોનો મદારી એને સેટ પરથી લઇ જવા લાગ્યો ત્યારે રાંચો ત્યાંથી હટે જ નહીં. એ તો ચિંચિંયારી પાડવા માંડ્યો. મદારી પણ એને સમજાવી કે સંભાળી શક્યો નહીં. રાંચોને કેળાં કે બિસ્કિટ વગેરે આપવામાં આવ્યા પણ બંદર તો અડે જ નહીં.

છેવટે રાજા ઉર્ફ અભિનેતા વેદ, બંદર રાંચોને મળવા ગયો. થોડી ક્ષણો સુધી બીછડતા પ્રેમીની જેમ બેઉએ એકમેકની સામે બસ જોયા જ કર્યું. બંનેને વરસો સુધી સાથે ગાળેલા દિવસો હવે યાદ આવવા માંડ્યા અને પછી બંદર રાંચો દોડીને, કૂદીને રાજાને ગળે વળગી પડ્યો અને ધ્રૂસ્કે ધ્રૂસ્કે ખૂબ રડ્યો.

અભિનેતાની આંખમાંથી પણ દડ દડ આંસુ વહેવા માંડ્યા. શરૂઆતમાં મિત્રો, પછી અબોલા અને પછી ફરી મૈત્રીની આ આખરી અનંત ક્ષણો, માની ના શકાય એવી નમણી ને નયનરમ્ય હતી. સેટ પર સૌના ગળામાં ડૂમા જામ્યા. પછી આખી રાત, ખાલી સ્ટુડિયોમાં રાજા-રાંચો સાથે રમ્યા, જમ્યા, રડ્યા-હસ્યા અને છેવટે ભારે હૈયે છૂટા પડ્યા.

કાશ આપણે માણસમાંથી ફરી વાંદરા બની શકીએ તો મૈત્રીમાં મહોરાં પાછળની ઇર્ષ્યા, નફરત, કપટ-કાવાદાવાથી બચી જઇ શકીએ.


હેપ્પી ‘ફ્રેંડશિપ-ડે’

***ઍંડ-ટાઇટલ્સઃ***
***આદમઃ હું વાંદરું પાળું?***
***ઇવઃ એક ઘરમાં બે ના ચાલે!*** ■




ભરત મહેતા feedback@bombaysamachar.com

# જાણો, રૉકેટનો રોમાંચક ઈતિહાસ
# ચીનના ‘અગ્નિતીર’થી ઈલોન મસ્કના ‘સ્પેસએક્સ’ના સ્ટારશિપ સુધી...





‘ઈસરો’: ઉત્તરોત્તર અંતરિક્ષમાં સિદ્ધિઓ મેળવતું રહે છે

માનવ સભ્યતાનો ઈતિહાસ હંમેશાં સીમાઓ ઓળંગવાનો રહ્યો છે. પૃથ્વીના ખૂણે-ખૂણાને ખૂંદ્યા પછી માણસની નજર અનંત આકાશ અને ચમકતા તારાઓ પર ગઈ. પૃથ્વીના ગુરુત્વાકર્ષણની મજબૂત સાંકળો તોડીને અંતરિક્ષમાં પહોંચવું એ કોઈ ચમત્કારથી ઓછું નહોતું અને આ ચમત્કારને શક્ય બનાવનાર સાધન એટલે ‘રોકેટ’.

આજે મંગળ અને ચંદ્ર પર માનવીય વસાહતો સ્થાપવાની વાતો થઈ રહી છે ત્યારે આ સફર પાછળ સદીઓ લાંબો ઈતિહાસ અને અદ્‌ભુત વિજ્ઞાન છુપાયેલું છે.

રોકેટ વિજ્ઞાનનો પ્રારંભ આપણે ધારીએ છીએ એટલો આધુનિક નથી. તેનો ઈતિહાસ આશરે પ્રથમ સદીમાં ચીનથી શરૂ થાય છે. ઈતિહાસની શરૂઆત થઈ ચીનના ફટાકડાથી, જે આજે આધુનિક યુગ સુધી પહોંચી. ૧૩મી સદીની આસપાસ ચીનના વૈજ્ઞાનિકોએ ગનપાઉડર (કાળો દારૂગોળો) શોધી કાઢ્યો હતો. તેમણે વાંસની નળીઓમાં આ દારૂગોળો ભરીને તેને તીર સાથે બાંધી દીધા. પછી તેમાં આગ લગાવવામાં આવતી ત્યારે પાછળથી નીકળતો ગેસ તીરને તીવ્ર વેગથી આગળ ધકેલતો. આ ‘ફાયર એરોઝ’ (અગ્નિતીર) દુનિયાના સૌપ્રથમ રોકેટ હતા, જેનો ઉપયોગ યુદ્ધમાં દુશ્મનોને ડરાવવા માટે થતો હતો.

રોકેટના ઈતિહાસમાં ભારતનું નામ સુવર્ણ અક્ષરે અંકિત છે. ૧૮મી સદીમાં મૈસૂરના શાસક હૈદર અલી અને તેમના પુત્ર ટીપુ સુલતાને લોખંડની નળીઓવાળા ‘મૈસૂરિયન રોકેટ’ બનાવ્યા. લોખંડના ઉપયોગને કારણે તેમાં વધુ દબાણ સહન કરવાની ક્ષમતા આવી અને તે લાંબા અંતર સુધી સચોટ પ્રહાર કરી શકતા હતા. ઍંગ્લો-મૈસૂર યુદ્ધમાં આ રોકેટોએ બ્રિટિશ સેનાના છક્કા છોડાવી દીધા હતા. આ ટૅક્નોલૉજીથી પ્રભાવિત થઈને અંગ્રેજો તેને બ્રિટન લઈ ગયા અને વિલિયમ કોન્ગ્રીવે ‘કોન્ગ્રીવ રોકેટ’ વિકસાવ્યા.

વીસમી સદીની શરૂઆતમાં રોકેટ વિજ્ઞાનને કાલ્પનિક કથાઓમાંથી બહાર લાવી વૈજ્ઞાનિક આધાર આપવાનું કામ ત્રણ મહાનુભાવોએ કર્યું:

કોન્સ્ટેન્ટિન ત્સિઓલકોવ્સ્કી (રશિયા): જેમણે ગણિતના આધારે સાબિત કર્યું કે સ્પેસમાં જવા માટે પ્રવાહી બળતણ જરૂરી છે. બીજા રોબર્ટ ગોડાર્ડ (અમેરિકા): જેમણે ૧૯૨૬માં વિશ્વનું સૌપ્રથમ પ્રવાહી બળતણ આધારિત રોકેટ સફળતાપૂર્વક ઉડાડ્યું અને ત્રીજા છે હર્મન ઓબર્થ (જર્મની): જેમણે બહુ-તબક્કાવાર (Multi-stage) રોકેટની કલ્પના રજૂ કરી.

આમ તો સ્પેસ એજની શરૂઆત થઈ યુદ્ધના હથિયારમાંથી, પરંતુ ત્યારબાદ એ વિજ્ઞાનનું સાધન બન્યું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીના વૈજ્ઞાનિક વર્નહર વોન બ્રાઉને ‘V-2’ નામનું બેલિસ્ટિક મિસાઈલ રોકેટ બનાવ્યું. આ રોકેટ લંડન પર તબાહી મચાવવા માટે વપરાયું હતું. જોકે તે ટૅક્નોલૉજીની દ્રષ્ટિએ એટલું અદ્‌ભુત હતું કે તે અંતરિક્ષની સરહદ (કારમન લાઇન) પાર કરનાર પ્રથમ માનવસર્જિત બન્યું.

યુદ્ધ પૂરું થયા પછી અમેરિકા અને સોવિયેત યુનિયન (રશિયા) વચ્ચે ‘સ્પેસ રેસ’ શરૂ થઈ. ૧૯૫૭માં રશિયાએ ‘આર-૭’ રોકેટની મદદથી વિશ્વનો પ્રથમ ઉપગ્રહ ‘સ્પુતનિક-૧’ અવકાશમાં છોડ્યો. ત્યારબાદ ૧૯૬૯માં અમેરિકાના વિશાળકાય ‘શનિ-૫’ (Saturn V) રોકેટે નીલ આર્મસ્ટ્રોંગને ચંદ્ર પર પહોંચાડીને ઈતિહાસ રચી દીધો.

પછી તો સમયની સાથે જરૂરિયાતો બદલાતી ગઈ અને રોકેટના કદ, ક્ષમતા તેમ જ ટક્નોલોજીમાં અનેક વૈવિધ્ય આવ્યું. મુખ્યત્વે રોકેટોને બળતણ અને તેમની વહન ક્ષમતા (Payload Capacity)ના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે.

બળતણના આધારે પ્રકાર (Based on Propellant) :

જેમાં સોલિડ ફ્યુઅલ રોકેટ (નક્કર બળતણ): આમાં બળતણ અને ઓક્સિડાઈઝર ઘન સ્વરૂપમાં મિશ્ર હોય છે (જેમ કે આપણા દિવાળીના રોકેટ). આ રોકેટ ખૂબ જ શક્તિશાળી પ્રારંભિક ધક્કો (Thrust) આપે છે.

બીજું છે લિક્વિડ ફ્યુઅલ રોકેટ (પ્રવાહી બળતણ): આમાં પ્રવાહી હાઈડ્રોજન, કેરોસીન (RP-1) અને પ્રવાહી ઓક્સિજનનો ઉપયોગ થાય છે. આ ટૅક્નોલૉજી જટિલ છે, પરંતુ તેના એન્જિનને ગમે ત્યારે બંધ કે ચાલુ કરી શકાય છે અને તેની ઝડપને નિયંત્રિત કરી શકાય છે. ભારતના વિકાસ (Vikas) એન્જિન આના ઉદાહરણ છે.

ત્રીજું અને સહુથી શક્તિશાળી છે ક્રાયોજેનિક રોકેટ (Cryogenic Engine): આ પ્રવાહી બળતણનો જ એક અદ્યતન પ્રકાર છે જેમાં વાયુઓને અત્યંત નીચા તાપમાને (માઈનસ ૧૮૦ ડિગ્રીથી પણ નીચે) પ્રવાહી સ્વરૂપમાં રાખવામાં આવે છે. આ એન્જિન સૌથી વધુ ઊર્જા આપે છે અને ભારે ઉપગ્રહોને ઊંડા અવકાશમાં મોકલવા માટે અનિવાર્ય છે. ભારતનું GSLV Mk III (LVM3) આ ટૅક્નોલૉજીનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત તે કેટલા વજનદાર ઉપગ્રહો લઈ જાય છે તેની ક્ષમતાના આધારે પણવર્ગીકરણ થાય છે.



એલન મસ્કઃ રીયુઝેબલ રોકેટના પ્રણેતા

## ભારતની ગૌરવશાળી સફરઃ સાઈકલથી ચંદ્રયાન સુધી...

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO)ની શરૂઆત ૧૯૬૦ના દાયકામાં ડો. વિક્રમ સારાભાઈના નેતૃત્વમાં થઈ હતી. શરૂઆતમાં રોકેટના ભાગોને સાઈકલ અને બેલગાડી પર લઈ જવાતા હતા, પરંતુ ભારતીય વૈજ્ઞાનિકોની મહેનતે અશક્યને શક્ય બનાવ્યું.

* SLV અને ASLV: ભારતના પ્રારંભિક પ્રાયોગિક રોકેટ.
* PSLV (Polar Satellite Launch Vehicle):

ઈસરોનું આ સૌથી ભરોસાપાત્ર રોકેટ છે, જેને ‘ઈસરોનો વર્કહોર્સ’ કહેવાય છે. આ રોકેટે એકસાથે ૧૦૪ ઉપગ્રહો છોડવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો અને મંગળયાન તેમ જ ચંદ્રયાન-૧ ને સફળતાપૂર્વક મોકલ્યા હતા.

* GSLV અને LVM3: ભારતની ‘બાહુબલી’ શ્રેણીના રોકેટ, જેણે ચંદ્રયાન-૩ ને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચાડીને સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વગાડ્યો.

## આધુનિક યુગ તથા ભવિષ્યઃ રીયુઝેબલ રોકેટ્સ

અત્યાર સુધી રોકેટની સૌથી મોટી મર્યાદા એ હતી કે તે માત્ર એક જ વાર વાપરી શકાતા. કરોડો રૂપિયાનું રોકેટ અવકાશમાં ઉપગ્રહ છોડ્યા પછી સમુદ્રમાં તૂટી પડતું અથવા અંતરિક્ષનો કચરો બની જતું. જોકે એકવીસમી સદીમાં એલન મસ્કની કંપની સ્પેસએક્સ (SpaceX) ના ‘ફાલ્કન ૯’ (Falcon 9) રોકેટે આખી રમત બદલી નાખી. આ રોકેટ અંતરિક્ષમાં જઈને પાછું પૃથ્વી પર ઊભું લેન્ડ થાય છે! આ ‘રીયુઝેબલ’ (પુનઃઉપયોગી) ટૅક્નોલૉજીને કારણે અંતરિક્ષ સફરનો ખર્ચ ૧૦ ગણો ઘટી ગયો છે.

હવે ઈસરો પણ પોતાના ‘RLV’ (Reusable Launch Vehicle) પર કામ કરી રહ્યું છે. ભવિષ્યમાં ‘સ્ટારશિપ’ જેવા મહાકાય રોકેટો સેંકડો લોકોને એકસાથે મંગળ ગ્રહ પર લઈ જવા માટે તૈયાર થઈ રહ્યા છે....

આમ ચીનની યુદ્ધના તીરોથી શરૂ થયેલી રોકેટની આ યાત્રા આજે માનવજાતને મલ્ટિ-પ્લેનેટરી સ્પીસિસ (બહુ-ગ્રહીય પ્રજાતિ) બનાવવા તરફ જઈ રહી છે. રોકેટ માત્ર લોખંડ અને બળતણનો ઢાંચો નથી, પરંતુ તે માનવીય બુદ્ધિ ક્ષમતા, વિજ્ઞાન અને અસીમ આકાશને જીતવાના આપણા સપનાઓનું પ્રતીક છે.

મુંબઈના આકાશમાંથી ક્યારેક દેખાતા તારા તરફ જોતી વખતે એ યાદ રાખવું રહ્યું કે માણસની જીદ આ તારાઓ સુધી પહોંચવાના રસ્તા કંડારી ચૂકી છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# મહિલા રોકાણકાર
# લેભાગુ સલાહકારો કે ઈન્ફ્લ્યુઅન્સર્સથી સાબદા રહો...

**આ અગાઉ આપણે મહિલાઓ માટે બચત અને રોકાણનું મહત્ત્વ શા માટે વધી ગયું એ વિશે ચર્ચા કરી. આજે મહિલાઓમાં ફાઈનાન્સિયલ લિટરસી વધી રહી છે. એટલું જ નહીં, સોશ્યલ મીડિયા મારફત સલાહકારી સર્વિસિસ અને સમજણ આપવાની પ્રવૃત્તિ પણ વધી છે. જોકે આમાં સાચું માર્ગદર્શન મેળવવું વધુ મહત્ત્વનું છે**

આજની મહિલા અનેકવિધ દૃષ્ટિએ વિકાસની દિશામાં આગળ વધી રહી છે, જેની સાથે સતત આર્થિક દૃષ્ટિએ પણ આત્મનિર્ભર બનતી જાય છે. અગાઉ ચર્ચાને આગળ વધારીએ તો એક સર્વેક્ષણ મુજબ ૨૨ ટકા મહિલા પોતાની આવકમાંથી મહત્તમ રોકાણ મ્યુચ્યુઅલ ફંડ્સની યોજનામાં કરે છે. એ પછી ગોલ્ડ અને ઇક્વિટી શૅર્સનો વારો આવે છે. ૩૪ ટકા મહિલા હજી બૅન્કની ફિક્સ્ડ ડિપોઝિટ, રિકરિંગ ડિપોઝિટ, પીપીએફ વગેરે જેવાં પરંપરાગત સાધનોમાં જ રોકાણ કરે છે. આશરે ૩૦ ટકા મહિલા ઇન્વેસ્ટમેન્ટ અને ફાઇનાન્સિયલ પ્લાનિંગ માટે ડિજિટલ પ્લૅટફૉર્મની સલાહ-માર્ગદર્શન પર વિશ્વાસ રાખે છે, જ્યારે ૨૦ ટકા મહિલા મિત્રો પરિવારના સભ્યોની સલાહને આધારે રોકાણ કરે છે, જ્યારે ૧૫ ટકા મહિલા પર્સનલ ફાઇનાન્સના લેખો વાંચીને રોકાણનો નિર્ણય લે છે.

આ સર્વેક્ષણ અનુસાર ૭૦ ટકા મહિલા કહે છે કે તેમણે હવે ફાઇનાન્સિયલ ક્ષેત્રના મામલે સ્વતંત્ર અથવા પોતાના જીવનસાથી સાથે મળીને નિર્ણય લેવાનું શરૂ કરી દીધું છે. તે હવે મની મૅનેજમેન્ટ મામલે પણ આત્મનિર્ભર બનવા સક્ષમ બનતી જાય છે. મહિલાએ પોતાની યોગ્ય પદ્ધતિ દ્વારા નાણાંનો વહીવટ કરવા વિશે જીવનસાથી સાથે કે સંતાનો સાથે વાતચીત કરતા રહેવું એ ખૂબ જ મહત્ત્વનું છે. અમુક લક્ષ્ય અને અપેક્ષા નિશ્ચિત કરવાથી દરેકને કઠિન સમયમાં સહાયતા મળે છે. ખરેખર તો મહિલા હોય કે પુરુષ, દરેકે વહેલાસર આર્થિક આયોજન કરી લેવું જોઈએ, જેથી ઇન્વેસ્ટમેન્ટ તમે નક્કી કરેલી વ્યૂહરચના અનુસારનું બની રહે અને તમને તથા તમારા પરિવારને લાભ અપાવતું રહે.

એક ઉદાહરણ લઈએ : જો તમે એક લક્ષ્યનું આયોજન કરો અને તમારા જીવનસાથી બીજા લક્ષ્યનું આયોજન કરે, જેમાં તમે બન્ને એક સાથે માસિક રકમ અલગ અલગ રીતે ફાળવતા રહે. જો તમે જોખમથી દૂર રહેવા માગતા હો તો તમે ઋણ (ડેબ્ટ) સાધનોમાં વધારે રકમ ઇન્વેસ્ટ કરી શકો, જ્યારે તમારાં જીવનસાથી ઇક્વિટીમાં ઇન્વેસ્ટ કરે. આ રીતે તમે એક પરિવાર તરીકે નાણાંની જુદી-જુદી રીતે ફાળવણી કરી શકો છો, જેને બૅલેન્સ નીતિ પણ કહી શકાય, અહીં એક જોખમથી દૂર રહે છે અને એક જોખમ ઉપાડે છે. આ નીતિ રીતિ પરસ્પર સમજૂતી સાથે થાય એ જરૂરી છે.

## મહિલાએ કઈ વાતથી સાવધ રહેવું?

એકલી રહેતી મહિલાઓને એમનાં આર્થિક આયોજન માટે વધારે સતર્ક રહેવું પડે. અત્યારના સમયમાં સોશ્યલ મીડિયા કે અન્ય માધ્યમો મારફત રોકાણ સલાહકારી સેવા મોટેપાયે ઉપલબ્ધ થાય છે, પરંતુ તેમાંથી પ્રમાણિક સલાહને પસંદ કરવાનું કપરું હોય છે. મહિલા બીજાઓ પર વિશ્વાસ જલદી કરી લેતી હોય છે, જેમ તેમનામાં કરકસરનો સારો ગુણ હોય છે તો લોભમાં ફસાઈ જવાની નબળાઈ પણ છે.

મહિલાની આવી સાઇકૉલૉજીને ધ્યાનમાં રાખી લેભાગુઓ વિવિધ યોજનાઓ ઑફર કરતા હોય છે, જેમાં મોટાં અને ખોટાં વચનો આપી ફસાવાની ચાલ હોય છે.

ફાઇનાન્સિયલ ઇન્ફ્લ્યુઅન્સર્સની દુકાનો ખૂલતી જ જાય છે, જેમાં વળી મહિલા ફાઇનાન્સિયલ ઇન્ફ્લ્યુઅન્સર્સ પણ મેદાનમાં આવતી જાય છે, જે મહિલાને ઝડપી આકર્ષી લે છે. અહીં સવાલ મહિલાનો નથી, પણ આંધળો વિશ્વાસ કોઈના પર પણ કરાય નહીં.

## શીખવા-સમજવાની તૈયારી રાખો

બીજી બાજુ એવું પણ જોવામાં આવે છે કે મહિલા પરિવારની જવાબદારી, સંતાનોના ઉછેર-શિક્ષણ, (પોતે નોકરી કરતી હોય કે પ્રોફેશનલ અથવા હાઉસવાઇફ હોય તો પણ) પોતાના શોખ, સપનાં, લક્ષ્યને સાથે રાખી જીવતી હોય છે, પણ તેને પામવા કે પૂરાં કરવા વધુ સંઘર્ષમાં રહે છે, કારણ કે આર્થિક બાબતમાં મોટાભાગની મહિલા ‘આ તેને નહીં ફાવે... આ તેનું કામ નહીં’ જેવો સંદેહ ધરાવતી હોવાથી આર્થિક બાબતમાં દરમિયાનગીરી કરવાનો કે નિર્ણય લેવાનું-સમજવાનું પણ ટાળે છે. આ કારણે પણ તેને અને પરિવારને નુકસાન થઈ શકે છે.

બીજી તરફ, વેકેશનની મજા માણવાની વાત હોય કે કોઈ ઘર ખરીદવાની વાત હોય કે નિવૃત્તિ લેવાની હોય તો શરૂઆત ઇક્વિટીઝમાં નાના રોકાણથી કરો, જેમાં સમજણનો અભાવ હોય કે રિસ્ક લેવાની માનસિકતા ન હોય તો AI માર્ગે રોકાણ કરી શકો, જે નાની રકમ સાથે શિસ્તબદ્ધ રોકાણનો બહેતર વિકલ્પ છે.

અત્યારના સમયમાં આ સૌથી ઉત્તમ વિકલ્પ છે. નાની રકમ સાથે જુદા જુદા ફંડ્સમાં રોકાણ કરો, જેથી કયા ફંડની કામગીરીનો અંદાજ મળે તેમ રોકાણને વાળી શકાય. આ તમામ બાબત સાચી સલાહ અને આયોજન માગી લે છે, જેથી મહિલા રોકાણકાર પોતાના સાચા સલાહકાર સાથે મસલત કરી આગળ વધે એ બહેતર છે. ■



હેં... ખરેખર!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ટચૂકડા ગોલ્ડન પોઈઝન ફ્રોગમાં ૧૦થી ૨૦ માણસોને મારી નાખવા જેટલું ઝેર!

માંડ એકથી બે ઇંચ જ લાંબા છતાં અનેક મનુષ્યોને મારી નાખવાની તાકાત ધરાવતા જીવને હલ્લો કહીએ. આજે ગોલ્ડન પોઈઝન ફ્રોગ (Golden Poison Frog)ની વાત કરીએ. આ ગોલ્ડન પોઈઝન ફ્રોગ (જેનું વૈજ્ઞાનિક નામ છે Phyllobates terribilis) વિશ્વના સૌથી ઝેરી પ્રાણીઓમાંનું એક છે. તેનો ચમકદાર પીળો રંગ જાણે શિકારીઓ માટે ચેતવણીરૂપ હોય છે કે મને અડવા કે ખાવામાં તમારો જીવ જશે હોં.

ગોલ્ડન પોઈઝન ફ્રોગની પ્રોફાઇલ જુઓ. આશરે ૨થી ૩ સેન્ટીમીટર (લગભગ ૧ ઇંચ) લંબાઇ. વજન માંડ ૨૫-૩૦ ગ્રામ. જંગલમાં સરેરાશ આયુષ્ય ૧૦ વર્ષ જેટલું. દુનિયાનો સૌથી જીવલેણ નાનકડો દેડકો દક્ષિણ અમેરિકાના કોલંબિયાના વરસાદી જંગલોમાં રહે છે.

એક જ ગોલ્ડન પોઈઝન ફ્રોગની ચામડીની ગ્રંથિઓમાં એટલું ઝેર હોઈ શકે છે કે તે અનેક (મિનિમમ ૧૦થી ૨૦) માણસોના મૃત્યુ માટે પૂરતું બને. તેની ચામડીમાંથી બેટ્રાકોટોક્સિન નામનું અત્યંત શક્તિશાળી ઝેર નીકળે છે. આ ઝેર માનવીની નર્વસ સિસ્ટમને અસર કરે છે અને હૃદય તથા સ્નાયુઓની કામગીરી બંધ કરી શકે છે. આ કારણસર જ નાનકડા કદ છતાં આ જીવને પૃથ્વીના સૌથી ઝેરી દેડકા તરીકે ઓળખવામાં આવે છે.

ચોક્કસ કુતૂહલ થાય કે આ ઝેર બનતું કેવી રીતે હશે. જંગલમાં તેનું ઝેર તેના આહારમાં રહેલા ચોક્કસ પ્રકારના કીડાઓમાંથી મળે છે. તે નાની કીડીઓ, ભમરા અને માઇટ્સ જેવા સૂક્ષ્મ જીવજંતુઓ ખાય છે, જે તેના શરીરમાં ઝેર બનાવે છે.

કોલંબિયાની એમ્બેરા જનજાતિ પરંપરાગત રીતે તેના ઝેરનો ઉપયોગ શિકાર માટે ફૂંકણીના તીરની અણી પર કરતી હતી.



આથી તે પોઈઝન ડાર્ટ ફ્રોગ પણ કહેવાય છે.

આ આદિવાસી સદીઓથી ગોલ્ડન પોઈઝન ફ્રોગના ઝેરનો શિકાર માટે ઉપયોગ કરતી આવી છે. તેઓ દેડકાને મારતા નથી. તેના શરીરમાંથી નરમાઈથી ઝેર એકત્ર કરે છે.

ત્યારબાદ ફૂંકણી (Blowgun) વડે છોડવામાં આવતા નાના તીરની અણી પર આ ઝેર લગાવવામાં આવે છે. ઝેર લાગેલું તીર કોઈ પક્ષી કે નાના પ્રાણીને વાગે તો તે થોડા જ સમયમાં નિષ્ક્રિય થઈ જાય છે અથવા મૃત્યુ પામે છે. શિકાર પૂર્ણ થયા પછી દેડકાને સામાન્ય રીતે ફરી જંગલમાં છોડી દેવામાં આવે છે.

જોકે કેદમાં ઉછેરવામાં આવેલા ગોલ્ડન પોઈઝન ફ્રોગ સામાન્ય રીતે ઝેરી હોતા નથી, કારણ કે તેમને એવો કુદરતી આહાર મળતો નથી. પ્રાણી સંગ્રહાલય અથવા કેદમાં સામાન્ય ફ્રૂટ ફ્લાય અને ક્રિકેટ (ઝીંગુર) જેવા ખોરાક પર ઉછેરવામાં આવતા ગોલ્ડન પોઈઝન ફ્રોગ ધીમે ધીમે પોતાની ઝેરી શક્તિ ગુમાવી દે છે.

પોઈઝન ડાર્ટ ફ્રોગની અન્ય રંગબેરંગી પ્રજાતિઓ પણ છે. બ્લૂ પોઈઝન ડાર્ટ ફ્રોગ ઘેરા વાદળી રંગના હોય છે અને કાળા ટપકાં ધરાવે છે. તે મુખ્યત્વે દક્ષિણ અમેરિકાના સુરીનામમાં જોવા મળે છે. સ્ટ્રોબેરી પોઈઝન ડાર્ટ ફ્રોગનું શરીર લાલ, જ્યારે પગ વાદળી, કાળા અથવા લીલા હોઈ શકે છે. તે પણ મધ્ય અમેરિકાના વરસાદી જંગલોમાં વસે છે.

બ્લેક એન્ડ ગ્રીન પોઈઝન ડાર્ટ ફ્રોગ કાળા શરીર પર લીલા અથવા ફિરોઝી રંગની આકર્ષક ડિઝાઇન ધરાવે છે. તેનું ઝેર ગોલ્ડન પોઈઝન ફ્રોગ કરતાં ઓછું મારક હોય છે.

જોકે હાલ આ પ્રજાતિ પર લુપ્તપ્રાય થવાનું જોખમ છે. તેના અસ્તિત્વ માટે જંગલોનો નાશ અને નિવાસસ્થાનમાં ઘટાડો મોટો ખતરો છે.

કુદરતની કમાલ જુઓ કે આ નાનકડા દેડકાને ચમકદાર રંગો અને ઘાતક ઝેરનું એવું ગજબનાક સંયોજન આપ્યું છે કે તે કદમાં નાનો હોવા છતાં દુનિયાના સૌથી ભયાનક ઉભયજીવ પ્રાણીઓમાં ગણાય છે. સાથોસાથ અન્ય જીવો માટે ચેતવણી સૂચક રંગ અને ચમક પણ આ ટચૂકડા યમદૂતને આપ્યા છે. ■

# પવનઃ નાયક હૂં મૈં, ખલનાયક ભી હૂં...!







શુભાંગ બ્રહ્મભટ્ટ feedback@bombaysamachar.com

પવન નરી આંખે જોઈ નથી શકતો, પણ મેહસૂસ જરૂર કરી શકાય છે. હવા એટલે ૭૮ ટકા નાઇટ્રોજન, ૨૧ ટકા ઑક્સિજન અને બાકીના એક ટકામાં કાર્બન ડાયોકસાઇડ, હિલિયમ, ઑર્ગોન ઇત્યાદિ ઇત્યાદિ વાયુ. દોડતી હવાને પવન કહેવાય છે. હવા પ્રકૃતિમાં જીવન ટકાવવામાં મદદરૂપ થાય છે જ્યારે પવન જીવનને ગતિ આપવાનું કે ગતિ અવરોધવાનું કામ કરે છે. પવનની આ બેતરફી તાકાતનો અનુભવ અનેક ક્ષેત્રમાં જોવા મળે છે.

ખેલકૂદ-સ્પોર્ટ્સમાં એનો પ્રભાવ અનેરો છે. સ્કૉટલૅન્ડના ગ્લાસગો શહેરમાં આયોજિત કૉમનવેલ્થ ગેમ્સમાં 'જવેલીન થ્રો' - ભાલાફેંક સ્પર્ધામાં પવનના પરચાનો અનુભવ ભારતના નીરજ ચોપડા સહિત અન્ય ઍથ્લીટને થયો. ઑલિમ્પિક્સમાં બે મેડલ મેળવનાર નીરજ ૯૦.૨૩ મિત્રનો વૈયક્તિક વિક્રમ ધરાવે છે અને ૮૫ મીટર કે એથી વધુ અંતર એના હાથમાંથી છૂટેલા ભાલાએ ઘણીવાર કાપ્યું છે. જોકે ગુરુવારે (૩૦ જુલાઈ) નીરજના હાથમાંથી વછૂટેલો ભાલો ૮૦ મીટર કાપતાં હાંફી ગયો. આશ્ચર્ય તો એ વાતનું હતું કે ૧૮ ઍથ્લીટમાંથી એક સુધ્ધાં ૮૪ મીટરના ઑટોમેટિક ક્વૉલિફાઇંગ માર્ક જેટલા અંતર સુધી ભાલો ફેંકી ન શક્યો. શું બધાના બાવડામાં જોર ઓછું પડ્યું કે બીજું કોઈ શારીરિક કારણ હતું? ના, એમાં પવન જવાબદાર હતો. પાણીની જેમ પવન પણ મનુષ્ય જીવનમાં નાયક પણ બને છે અને ખલનાયકનો પરચો પણ બતાવે છે.


ખેલકૂદમાં પવનના બે પ્રકાર વિરોધાભાસી ભૂમિકા અદા કરે છે. Tailwind and Headwind- અનુકૂળ પવન અથવા પ્રતિકૂળ પવન. ટેઇલવિંડ કે અનુકૂળ પવન એટલે ઍથ્લીટની ગતિ જે દિશામાં હોય એ દિશા તરફ ફૂંકાતો પવન. આ પવન દોડતા ઍથ્લીટની ઝડપમાં વધારો કરી શકે છે અને ભાલાને થોડો વધુ દૂર પહોંચવામાં મદદ કરી શકે છે. અનુકૂળ પવન સામાન્યપણે ભાલાને બે કે ત્રણ મીટર બોનસના આપી શકે. હેડવિંડ કે પ્રતિકૂળ પવન એટલે ઍથ્લીટ દોડતો હોય એની વિરુદ્ધ દિશામાં ફૂંકાતો પવન જેને આપણે સામો પવન તરીકે પણ ઓળખીએ છીએ. આ પવન દોડતા ઍથ્લીટની ઝડપમાં થોડો ઘટાડો કરી શકે છે અને હવામાં ફંગોળાયેલા ભાલાની ગતિમાં અવરોધ ઊભો કરી એનું અંતર ઘટાડી શકે છે. નીરજ ચોપડાએ પણ આ જ બાબતે હૈયાવરાળ કાઢી હતી. નીરજે જણાવ્યું હતું કે 'જવેલીન થ્રોમાં સહભાગી થયેલા ઍથ્લીટો માટે પરિસ્થિતિ (સામો પવન અને ૧૮ ડિગ્રીની ઠંડક) પ્રતિકૂળ હતી. પવન સામો તો વાતો હતો પણ બાજુમાંથી પણ ફૂંકાતો હોવાને લીધે ઍથ્લીટોની ભાલા ફેંકમાં મુશ્કેલી નડી.' ટૂંકમાં એ ગુરુવારે જવેલીન થ્રોના મુકાબલા દરમિયાન પવન ખલનાયક હતો.

# દરિયાના પેટાળમાં જેઝ મ્યુઝિક



પ્રાણી વિજ્ઞાન કહે છે કે ઉત્તર ધ્રુવના સમુદ્ર વિસ્તારમાં જોવા મળતી બોહેડ વ્હેલ આશરે બસો વર્ષની આવરદા ધરાવે છે. પાણી નીચે લાંબો પ્રવાસ કરતી વખતે મુસાફરી કંટાળાજનક ન બને એ માટે આ વ્હેલ ગીતો ગાય છે અને એ ગીતો એવી શૈલીનાં છે કે તેમને જેઝ આર્ટિસ્ટ કહેવાં પડે, બોલો. પ્રાણીશાસ્ત્રની ગતિવિધિના સંશોધનમાં વિશેષ દિલચસ્પી ધરાવતા સંશોધકોએ બોહેડ વ્હેલનાં ગીત ગાવાની આવડતનો અભ્યાસ કરવાના ઇરાદાથી ગ્રીનલૅન્ડમાં આશરે ૩૦૦ બોહેડ વ્હેલનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. આ સંશોધન દરમિયાન વ્હેલનાં ઘણાં ગીત રેકૉર્ડ કર્યા જેમાં આ પ્રાણીની અલાયદી ગાયન શૈલીનો પરિચય થયો હતો. સંશોધકોને જાણવા મળ્યું કે નર વ્હેલ દ્વારા ગાવામાં આવેલાં ૧૮૪ ગીતો ગાઈને તેમણે માદાને સંવનન માટે આમંત્રણ આપ્યું હતું. ૬૦ ફૂટની મહત્તમ લંબાઈ ધરાવતી બોહેડ અને હમ્પબૅક વ્હેલ વૈવિધ્યપૂર્ણ ગીતો રજૂ કરવા માટે જાણીતી છે. અન્ય વ્હેલ પણ સૂર છેડીને પોતાની કળાનો પરિચય આપતી રહે છે, પણ તેમનાં ગીતોમાં વૈવિધ્ય નથી હોતું. વર્ષોનાં વર્ષો એ જ રેકૉર્ડ વગાડ્યા કરતી હોય છે. કેટ સ્ટેફર્ડ નામના એક વૈજ્ઞાનિકે આપેલી માહિતી મુજબ હમ્પબેક વ્હેલ જે ગીતો ગાય છે એ શાસ્ત્રીય સંગીતને મળતા આવે એવાં હોય છે, જ્યારે બોહેડની શૈલી જેઝ મ્યુઝિકનું સ્મરણ કરાવી દે છે. જો આ બે વ્હેલની જુગલબંદી કરાવવી હોય તો સંગીત રસિયાઓને જલસો જ પડી જાય, નહીં? વિજ્ઞાનની સમજણ કહે છે કે રસ્તો શોધવા, સંપર્ક કરવા તેમ જ શિકાર શોધવા અને માદાનો સાથ મેળવવા વ્હેલ અવાજનો ઉપયોગ કરતી હોય છે. ઊંડા પાણીમાં અવાજ પ્રકાશ કરતા સારી ઝડપે વધુ દૂર સુધી જઈ શકે છે. વ્હેલનાં ગીત એના ઇરાદા પ્રમાણે બદલાય છે. કુદરતની વાત સાચે જ ન્યારી છે.

# જાનીવાલીપીનારા-સાત રંગનું સરનામું



'આ ડિઝાઇનમાં બીજા કલર બતાવો અને આ કલરમાં બીજી ડિઝાઇન બતાવો' એ સાડી - ડ્રેસની દુકાનના દરેક સેલ્સમૅને નારીમુખે અનેકવાર સાંભળ્યું હશે.

'મને ગુલાબી નહીં પણ રાણી કલરની જ સાડી જોઈએ છે' કે 'ડ્રેસ પેસ્ટલ કલરનો નહીં પણ બ્રાઇટ કલરનો જ જોઈએ' એવો આગ્રહ ધરાર રાખતી સ્ત્રી સ્વભાવે રંગીલી નથી હોતી, પણ એને રંગોની પરખ ગજબની હોય છે.

જો તમે ગુજરાતી માધ્યમમાં ભણ્યા હશો તો 'લાલ, પીળો ને વાદળી એ મૂળ રંગ કહેવાય, બાકી બધા તો મેળવણીથી થાય' એ રંગનો મહિમા સમજાવતું જોડકણું જરૂર સાંભળ્યું હશે, કદાચ મોઢે પણ કર્યું હશે. જાણવાની વાત એ છે કે આ જોડકણામાં કેવળ શબ્દોની રમત નથી બલકે એના પાયામાં વિજ્ઞાન છે. સૂર્યનું સોનેરી કિરણ ગુજરાતી સાહિત્ય અને કવિતામાં પ્રકૃતિ, નવો પ્રારંભ, આશા અને ચેતનાનું સુંદર પ્રતીક છે. વિજ્ઞાનનાં ચશ્માં પહેરો એટલે એના અસલી રંગ દેખાઈ જાય. ૧૬૬૬ની સાલમાં વિશ્વવિખ્યાત બ્રિટિશ વૈજ્ઞાનિક આઇઝેક ન્યૂટને વૈજ્ઞાનિક પ્રયોગથી સાબિત કર્યું કે સૂર્ય પ્રકાશનું કિરણ સોનેરી નથી, પણ સાત રંગનો મેળો છે. ન્યૂટનના પ્રયોગમાં જોવા મળ્યું કે આ કિરણ ત્રિપાર્શ્વ કાચ (પ્રિઝમ)માંથી પસાર કરવામાં આવતાં એનું સાત રંગમાં વિભાજન થયું. એ સાત રંગ હતા જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો, નારંગી, રાતો જે જાનીવાલીપીનારા તરીકે પણ ઓળખાય છે. અંગ્રેજીમાં VIBGYOR - Violet, Indigo, Blue, Green, Yellow, Orange, Red કહેવાય છે. આ સાતમાંથી લાલ, પીળો ને વાદળી શુદ્ધ અને તેજસ્વી રંગ કહેવાય છે. બાકીના બે કે તેથી વધુ રંગના મિશ્રણથી તૈયાર થાય છે. આ વાત યાદ રહી જાય એ હેતુથી જોડકણું તૈયાર થયું હશે. મેળવણીના રંગની વાત કરીએ તો પીળા રંગમાં વાદળી રંગ ઉમેરવાથી લીલો રંગ બને છે. લાલ અને પીળા રંગના સંયોજનથી નારંગી (કેસરી)નો જન્મ થાય છે. વાદળી (બ્લુ) અને લાલના મિશ્રણથી જાંબલી રંગ અસ્તિત્વમાં આવે છે. ન્યૂટને સૌપ્રથમ મેઘધનુષમાં સ્પેક્ટ્રમ (વર્ણપટ)નો ઉલ્લેખ કર્યો હતો. ૪૦૦ નેનોમીટરથી ૭૦૦ નેનોમીટર તરંગ લંબાઈના વર્ણપટમાં આપણે લાલથી જાંબલી રંગની અનુભૂતિ કરી શકીએ છીએ. અલબત્ત, સૂર્ય પ્રકાશમાં અને કૃત્રિમ પ્રકાશમાં રંગ ભિન્ન લાગે છે. ટમેટાં સૂર્ય પ્રકાશની સરખામણીમાં ટ્યૂબ લાઇટના અજવાળામાં વધુ લાલ અને આકર્ષક દેખાતાં હોય છે. એનું કારણ સૂર્ય પ્રકાશનો વર્ણપટ સળંગ હોય છે. આ જ કારણસર રંગ ચકાસવા મહિલાઓ સાડી દુકાનમાંથી બહાર લાવી સૂર્ય પ્રકાશમાં ચકાસણી કરતી હોય છે.

# ઉદ્દીપક - વિજ્ઞાનમાં ને જીવનમાં...



વિજ્ઞાનમાં વપરાશ ધરાવતા એવા કેટલાક પદાર્થ હોય છે જે મનુષ્ય જીવનમાં સૂક્ષ્મરૂપે ભાગ ભજવી મહત્ત્વનું યોગદાન આપતા હોય છે. સોડિયમ અને ક્લોરીન એ બન્ને વિજ્ઞાન અભ્યાસના મહત્ત્વના ઘટક છે. સોડિયમ ધાતુ - મેટલ છે જ્યારે ક્લોરિન વાયુ - ગૅસ છે. જોકે, આ બન્નેના અણુઓ વચ્ચે રાસાયણિક ક્રિયાથી તૈયાર થતો સોડિયમ ક્લોરાઇડ મનુષ્યના દૈનિક જીવનનો અત્યંત જરૂરી હિસ્સો છે. સોડિયમ ક્લોરાઇડ સામાન્ય ભાષામાં મીઠું - સબરસ તરીકે ઓળખાય છે. એ જ રીતે વિજ્ઞાનમાં કેટલિસ્ટ - ઉદ્દીપક પણ મહત્ત્વ ધરાવે છે. કેમિસ્ટ્રી - રસાયણ શાસ્ત્રમાં પોટેશ્યમ પરમેંગેનેટ (KMnO4 - Potassium Permanganate) તરીકે ઓળખાતા આ પદાર્થના વિવિધ ઉપયોગ છે, પણ સૌથી આંખે ઊડીને વળગે એવો ઉપયોગ છે ઉદ્દીપક તરીકેનો. H2O2 (Hydrogen Peroxide)- હાઇડ્રોજન પેરોક્સાઇડમાંથી પ્રયોગશાળામાં પ્રાણવાયુ - ઑક્સિજન બનાવવામાં આવે ત્યારે પોટેશ્યમ પરમેંગેનેટનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદાર્થ પ્રાણવાયુ તૈયાર કરવાની પ્રક્રિયામાં આડકતરી રીતે સહભાગી થાય છે. મતલબ કે ઑક્સિજન તૈયાર કરવામાં એનું સીધું યોગદાન નથી, પણ એની હાજરીને કારણે સમગ્ર પ્રક્રિયા વધુ ઝડપથી પાર પડે છે. એની હાજરીથી સમય અને એને પગલે બીજી કેટલીક બાબતની બચત થાય છે.

મનુષ્યએ પણ શક્ય હોય એટલા જીવનમાં ઉદ્દીપક તરીકે કામ કરવું જોઈએ. આપણી હાજરી જે તે વ્યક્તિને એના લક્ષ્યાંક તરફ ઝડપથી આગળ વધવામાં નિમિત્ત બને એનાથી રૂડું શું? ગીતકાર શૈલેન્દ્ર લખી ગયા છે ને કે मर के भी किसी को याद आयेंगे, किसी के आँसुओं में मुस्कुरायेंगे, कहेगा फूल हर कली से बार बार, जीना --इसी का नाम है. ■

## મિલકતની નોંધપોથી

નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

# બિલ્ડર દ્વારા બાનાની રકમની જપ્તી કેટલી હદે કાયદેસર ગણાય?

આજકાલ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઘણી પ્રગતિ થઇ રહી છે. ઘણી જગ્યાએ રહેણાંક યા કોમર્શિયલ યા ઔદ્યોગિક જેવા બાંધકામો થતાં હોય છે અને તેવા પ્રોજેકટોના બિલ્ડર પ્રોજેકટોના યુનિટોના વેચાણની કામગીરી કરતા તે યુનિટો ખરીદનારાઓને તેના કાયદેસરના હકકો પ્રાપ્ત થાય છે.

જોકે કેટલાક સંજોગોમાં પ્રોજેકટમાં યુનિટોનો કબજો ખરીદનારાઓને સોંપણી કરવાની નિયતમુદત નક્કી કરેલ હોય તેમાં કોઇક કારણોસર બિલ્ડરો તેવા પ્રોજેકટની સંપૂર્ણ કામગીરી કરવામાં વિલંબ થાય છે જેના કારણે ખરીદનારને અસંતોષ થાય છે અને બિલ્ડરો તેમ જ ખરીદનારાઓ વચ્ચે થયેલ વેચાણ વ્યવહારોમાં પક્ષકારોએ કરેલ સાટાખત બાનાખત કરારની શરતો તેમ જ અવેજની પરત ચુકવણી વિગેરેના અનુસંધાને તકરાર ઊભી થાય છે ત્યારે જો વેચાણ વ્યવહાર રદબાતલ ઠરાવવામાં આવે તો તેવા સંજોગોમાં બાનાખત કરાર વખતે ખરીદનારે બિલ્ડરને ચુકવેલી અવેજની રકમમાંથી બિલ્ડર દ્વારા કેટલી હદ સુધી બાનાની રકમ જપ્ત કરવી તે કાયદેસર ગણી શકાય યા 'FORFEITURE'કરવા બિલ્ડર સક્ષમ બને તે બાબતે દિલ્હી હાઇકોર્ટ દ્વારા મેસેસર્સ આર.સી.સુદ ડેવેવલોપર્સ પ્રા.લિ. વિ. શરદ મહેશ્વરી અને બીજાઓના હુકમ થકી સ્પષ્ટતા કરતો ચુકાદો આપ્યો છે.

સામાન્ય સંજોગોમાં મિલકત વેચાણ થાય ત્યારે મિલકત વેચનાર તથા લેનાર વચ્ચે 'Agreement to Sale'સાટાખત/બાનાખત કરવામાં આવે છે, જેમાં વેચાણ વ્યવહાર અંગે શરતોનો ઉલ્લેખ હોય છે. એમાં મિલકતની વિગત, મિલકતની કિંમત, કિંમતની રકમ ચુકવવાની સમયમર્યાદા, દસ્તાવેજ કરવાની મુદત, શરતભંગ થાય તો ચૂકવેલ રકમ તથા ચૂકવ્યાની બાકીની રકમ અંગે શું પગલા ભરવાના વિગેરે, આમ જયારે મિલકત વેચનાર તથા લેનાર વચ્ચે 'Agreement to Sale'- વેચાણ કરાર કર્યો હોય ત્યારે બંને પક્ષકારોએ તેમાં ઉલ્લેખ થયેલ જોગવાઇઓ/શરતોનો બંને પક્ષકારોએ અમલ કરવાનો રહે છે અને જો કોઇ પક્ષકાર તેવા કરારની જોગવાઇનું પાલન કરતો નથી યાને કરાર ભંગ કરે છે તો અન્ય પક્ષકાર તે વિરૂધ્ધ કાયદાકીય પગલાં ભરી વિશેષ અમલ માટેનો દાવો લાવી શકે છે. ઉપરાંત પક્ષકારે કરેલ કરાર ભંગથી થયેલ નુકશાનીની પણ માંગણી કરી શકે છે. જયારે કરારભંગ કરનાર વિરૂધ્ધ કાયદાકીય પગલાં લઇ દાવો કરવામાં આવે ત્યારે દાવો કરનારે કોર્ટમાં એવું સાબિત કરવાનું રહે છે કે પોતે કરારનો અમલ કરવા રાજીખુશી અને તૈયાર હતા, પરંતુ સામા પક્ષકાર ઇરાદાપૂર્વક કરાર ભંગ કરેલ છે. ઉપરાંત કરાર ભંગ થવાથી પોતાને ગંભીર આર્થિક નુકસાન થયું છે. તેથી નુકસાની મેળવવા પણ હકદાર બને છે. નામદાર હાઇ કોર્ટનો અભિગમ એ જણાય છે કે મિલકત ખરીદનાર તથા વેચનાર વચ્ચે થયેલ કરારની શરતો, જોગવાઇ મુજબ કરારના અનુસંધાને જો સામાપક્ષના ઇરાદાપૂર્વક કરાર ભંગ સાબિત કરી શકે તો ખરીદનારે કરાર સમયે ચુકવેલ રકમ ફોરફીટ કરવા હકદાર બની શકે છે. પરંતુ પક્ષકાર વચ્ચે થયેલ કરારભંગ ઇરાદાપૂર્વક કરવામાં આવેલ હોવાનું સાબિત ન કરી શકે તો કરાર કરતી સમયે આપેલ રકમ ફોરફીટ કરી શકાય નહીં કે નુકસાનની રકમ મેળવવા હકદાર થઇ શકે નહીં.

(સંદર્ભ : મેસેસર્સ આર.સી.સુદ ડેવેવલોપર્સ પ્રા.લિ. વિ. શરદ મહેશ્વરી અને બીજાઓ -- નામદાર દિલ્હી હાઇકોર્ટ) ■




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# શું ફિલ્મ જોતાં તમે રડો છો?

ટીના લગભગ પાંચ-સાત વર્ષની હતી ત્યારે એક ટીવી સિરિયલ જોતાં જોતાં એણે એની મમ્મીને રડતાં જોઈ. પછી પરિવારનાં બીજા સભ્યો સામે જોયું, લગભગ બધાંની આંખમાં ઝળઝળિયાં હતાં. નાની ટીનાને બધાંની ભીની આંખ જોઈને ખૂબ નવાઈ લાગી. એણે નિર્દોષ ભાવે બધાંને પૂછ્યુંઃ 'તમે બધા કેમ રડો છો?'

જવાબ મળ્યો, કંઈ નઈ. ટીનાએ બધાંને ના રડો કહી અલગ અલગ રીતે તેમનું મનોરંજન કરી હસાવવાનાં પ્રયત્નો શરૂ કર્યાં. થોડી વારે બધાં બધું રાબેતા મુજબ. ટીનાને પહેલી વાર એવું લાગ્યું થયું કે મનોરંજનનું સાધન રડાવી પણ શકે છે! આ પ્રકારનું એ બાળમનનું અવલોકન ટીવીથી માંડીને પુસ્તક તો કોઈ વાર ગીત તો વળી કોઈ વાર ફિલ્મો સુધી વિસ્તરતું ગયું. એવું લાગ્યું કે કોઈ તો એવું અનુસંધાન છે જે કોઈ વાર રડાવી જવા, હસાવી જવા કે કોઈ પણ પ્રકારની લાગણીનો અનુભવ કરાવવા માટે સક્ષમ છે.

સામાન્ય રીતે પુસ્તક વાંચતા, ફિલ્મો કે ટેલિવિઝન જોઈને, ગીત સાંભળીને લોકોને હસું, રડું, ગુસ્સો આવતો હોય છે, એટલે કે કોઈ એક પ્રકારની લાગણી તીવ્રપણે અનુભવાય છે. આપણે પોતે નથી એ પુસ્તકની વાર્તામાં, નથી એ ફિલ્મ કે સિરિયલમાં, કે નથી ગીતનાં શબ્દોમાં, છતાંય વ્યક્ત થયેલો ભાવ કળી આપણે પણ એ જ અનુભવીએ છીએ. જાહેરમાં હસવા કે ગુસ્સાની પ્રતિક્રિયા આપવામાં લોકોને એટલો સંકોચ નથી થતો જેટલો આંસુ બતાવવામાં થાય છે. જોવાની ખૂબી એ છે કે જ્યાં સંકોચ થતો હોય ત્યાં પણ લોકો આંખમાં આવતા પાણીને રોકી નથી શકતાં, તો આવું કેમ થાય?

આ વિશે વૈજ્ઞાનિક સંશોધનો કહે છે કે ફિલ્મ જોતાં રડવું એ હકારાત્મક નિશાની છે. તેનાથી સાબિત થાય છે કે તે રડનાર વ્યક્તિની લાગણીઓ હજી જીવંત છે.

અંગ્રેજીમાં એક સરસ શબ્દ છે 'એમ્પથી' એટલે કે સહાનુભૂતિ. કહે છે કે ફિલ્મો જોતી વખતે રડતાં લોકોમાં સહાનુભૂતિનું તત્ત્વ હજી જળવાયું છે તેમ કહી શકાય. દર્શક પડદા પર દેખાતાં પાત્રોની પરિસ્થિતિમાં એટલા પરોવાઈ જાય છે કે આ પાત્રોને દર્શકો પોતાનાં માની પાત્રોનાં સુખે સુખી અને દુઃખે દુઃખી થાય છે.

બીજું છે Catharsis - કથારસિસ મનોવિજ્ઞાનમાં વપરાતો એક શબ્દ જેનો અર્થ છે, કે વર્ષોથી મનમાં રહેલી અવ્યક્ત લાગણી, નકારાત્મક અનુભવ મનની બહાર નીકળવા તે. આપણી પોતાની દબાયેલી, અવ્યક્ત, દુભાયેલી, અકથિત લાગણીઓ જ્યારે આપણે ફિલ્મ, પુસ્તક કે ગીતનાં પત્રોમાં જોઈએ છીએ ત્યારે તેમનાં થકી આપણને આપણી પોતાની લાગણીઓ વ્યક્ત કર્યા જેટલો સંતોષ થાય છે તેમ જ રડી લેવાથી મન પરનો બોજ ઊતર્યો હોય તેવું થાય છે. ઘણી ફિલ્મો જોઈને રડ્યા પછી સારું લાગતું હોય છે તેનું કારણ આ જ છે કે આપણી મનોવ્યથા કે મૂંઝવણો ફિલ્મનાં પાત્રો થકી કહેવાતી હોવાથી આપણે જે લાંબા સમયથી મનમાં ભરી રાખ્યું હોય તે સામાજિક રીતે સ્વીકૃત પાત્રો કહે તો આપણા પણ વિચારોને સ્વીકૃતિ મળી હોય તેવું લાગે છે.

આમ મનોરંજનનું માધ્યમ ઈન્ફોર્મલ થેરાપી - અનૌપચારિક સારવારનું માધ્યમ પણ બની જતું હોય છે. કથા, પાત્રો કે શબ્દો હૃદયનાં એ તાર ઝણઝણાવી જાય છે.

તો, તમે છેલ્લી ફિલ્મ જોઈ તો રડ્યાં કે નહીં?

**આ વિશે બોલો, તમે શું કહો છો?** ■

## કરિયર

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

# ટૂરિઝમ ને હૉસ્પિટાલિટીમાં છે ઉત્તમ કારકિર્દી

**માનવીની** મૂળભૂત જરૂરિયાતો સિવાય ફરવાનો શોખ એ આધુનિક જીવનનો મહત્ત્વનો ભાગ બની ગયો છે. ટૂરિઝમ (પ્રવાસન) એટલે લોકોને એક સ્થળેથી બીજા સ્થળે ફરવા જવાની સુવિધા પૂરી પાડવી, જ્યારે હૉસ્પિટાલિટી (આતિથ્ય) એટલે પ્રવાસીઓનું ઉષ્માભેર સ્વાગત કરવું અને તેમનાં રોકાણ, ભોજન તથા અન્ય સુવિધાઓનું ઉત્તમ આયોજન કરવું. આ બન્ને ક્ષેત્રો એક સિક્કાની બે બાજુ સમાન છે અને એ દેશની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર છે જે રાષ્ટ્રીય આવક, વિદેશી હૂંડિયામણ અને રોજગારીની તકો પૂરી પાડે છે. આ ક્ષેત્ર આજે વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા ઉદ્યોગોમાંનું એક છે જે હૉટેલ, રેસ્ટોરાં, પરિવહન અને સ્થાનિક કલાકારોને સીધી આવક અપાવે છે.

જો તમે નવી-નવી જગ્યાએ જવાનું, અલગ-અલગ સંસ્કૃતિના લોકોને મળીને તેમની સાથે સંવાદ કરવાનું અને ગતિશીલ વાતાવરણમાં કામ કરવાનું સપનું જોતા હોય તો ટૂરિઝમ અને હૉસ્પિટાલિટી એ તમારા માટે એક ઉત્તમ કારકિર્દી બની શકે છે. આ ઉદ્યોગ સમગ્ર વિશ્વમાં ખૂબ જ વિશાળ બની ગયો છે. લોકો ફરવાના શોખીન હોય છે અને નવી નવી જગ્યાઓ અને સંસ્કૃતિઓ જાણવા માગે છે. આ કારણોસર આ ક્ષેત્રમાં કુશળ યુવાનો માટે રોજગારીની અસંખ્ય તકો ઊભી થઈ છે.

આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે સ્નાતક અને ડિપ્લોમાં જેવા વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. જેમાંના કેટલાક આ પ્રમાણે છે-

હૉટેલ મૅનેજમેન્ટ- હૉટેલ અથવા રિસોર્ટમાં વિવિધ વિભાગો જેમ કે ફ્રન્ટ ઑફિસ (રિસેપ્શન), ફૂડ ઍન્ડ બેવરેજ, હાઉસકીપિંગ અને ફૂડ પ્રોડક્શન (શેફ)માં મૅનેજર અથવા સુપરવાઇઝર તરીકે કામ કરવાની ઉત્તમ તક છે.

ટૂર ઑપરેટર અને ટ્રાવેલ એજન્ટ - પ્રવાસીઓ માટે હૉટેલ બુકિંગ, ટિકિટિંગ અને આખા પ્રવાસનું આયોજન કરવું.

ટૂર ગાઇડ - સ્થાકિ ઇતિહાસ અને સંસ્કૃતિની જાણકારી ધરાવતા લોકોને રોજગારી આપે છે. પ્રવાસીઓને વિવિધ ભાષાઓ અને સંસ્કૃતિ સમજાવવી એમનું મુખ્ય કામ છે.

ઇવેન્ટ મૅનેજર - લગ્ન સમારોહ, કૉર્પોરેટ મીટિંગ્સ અને કૉન્સર્ટ જેવા મોટા કાર્યક્રમોનું આયોજન કરવું.

આ ઉપરાંત પોતાનું ટ્રાવેલ સ્ટાર્ટઅપ, હોમ સ્ટે, ટ્રાવેલ બ્લૉગ, ડિજિટલ ટ્રાવેલ એજન્સી ટૂર ઑપરેશનનો વ્યવસાય પણ શરૂ કરી શકાય છે. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

## વિરોધની દુનિયા...

# દુનિયાભરના વિવિધ વિરોધ

**શાંત લાગતો પ્રતિકાર કેવો તેજાબી હોય શકે છે એનું પ્રત્યક્ષ દૃષ્ટાંત હમણાં આપણને જોવા જાણવા મળ્યું. દેશની યુવા શક્તિએ સશક્ત ગણાતી સરકારને ઝુકાવી દીધી. એમાં જનરેશન ઝીની એક નવા જ પ્રકારની ઊર્જા જોવા મળી... અહીં આપણે જાણીએ આ વિરોધની ખાસિયત તથા આવા અનેકવિધ વિરોધ-પ્રતિકાર વિશે...**

**આ શબ્દમાં** જ એક વિશેષ પ્રકારનું આકર્ષણ છે. એ સાંભળતા- વાંચતાં જ જિજ્ઞાસા જાગે. આપણી ઈચ્છા -મરજી ન હોય કે જેની સાથે સહમત નથી એ વાત સામે આવે ત્યારે આપણે જે પ્રતિક્રિયા વ્યકત કરીએ એનું નામ વિરોધ. વિરોધ એ માનવીની જન્મજાત વૃત્તિ -પ્રવૃત્તિ છે. જન્મતાંની સાથે જ રડવું એ વિરોધ દર્શાવાનો શિશુનો પહેલો પ્રયાસ છે... માતાની આરામદાયક કૂખમાંથી નવી દુનિયામાં પ્રવેશવા સામેની એ કદાચ અસહમતિ હોય શકે..!

હમણાં ૨૫ જુલાઈના જ કેન્દ્ર સરકાર સામે આક્રોશભેર વિરોધે ચઢેલી જનરેશન ઝીએ એની મુખ્ય ત્રણ માંગણી મનાવી લઈને એનું ૩૭ દિવસનું આંદોલન ગજબની કુનેહ સાથે આટોપી લીધું. કેન્દ્ર સરકારની વાહિયાત શિક્ષણ નીતિ -રીતિ સામે 'યુદ્ધે' ચઢેલા ત્યારે મોટાભાગના લોકો માનતા હતા કે આ એક રાબેતા મુજબનો વિરોધ છે. ગયા વર્ષે નેપાળ, બાંગ્લા દેશમાં આવાં આંદોલન થયા પછી રાજકારણના નિષ્ણાતો કહેતા હતા આ પ્રકારનો કોઈ પ્રતિકાર કંઈ આપણી જનરેશન ઝી ન કરે... પણ એ બધા ભોઠા પડી જાય એ હદે ખોટા ઠર્યા કે ભારતીય જનરેશન ઝીનો એક નવો ચહેરો અને નવો મિજાજ દુનિયાને જોવા મળ્યો...

આ ૩૭ દિવસના આંદોલનમાં શું શું થયું એની વિગતોમાં આપણે ન પડીએ,પણ એક વાત ચોક્કસ હતી કે આજની આ પેઢીએ એમની તાસીર મુજબ જ એમના હમસફરને આ 'યુદ્ધ'માં સામેલ કરી લીધા એમાં સચોટ સ્લોગન્સ સૂત્રોનો- મીમ્સનો સોશ્યલ મીડિયા પર બહુ બે-ખૂબીથી ઉપયોગ કરી જાણ્યો છે. 'ઈન્કલાબ ઝિન્દાબાદ' જેવાં વર્ષો જૂના પરિચિચ સૂત્રથી લઈને આજના યુવાનોને પોતીકાં લાગે મનમાં વસી જાય એવાં સ્માર્ટ સચોટ વાક્યો ('તુમારે અચ્છે દિન વાપસ લો... હમારે બૂરે દિન વાપસ દો !' ) નો પણ અહીં ઉપયોગ થયો છે.

એમનાં સૂત્રો ટૂંકાટચ અને સચોટ હતાં. સોશ્યલ મીડિયા પર એમની મીમ્સ અને રીલ્સ પણ એવી જ રહી. શબ્દો અને સમય ક્યાંય વેડફ્યા વિના યુવા શક્તિએ એમની 'મન કી બાત' કહી દીધી...ના, સંભળાવી દીધી !

જ્યારે પણ તમારી વાત શાસક કે આમ પ્રજા સમક્ષ મૂકો એમાં કંઈક નવીનતા હોય તો જ એ બધાનું ધ્યાન ખેંચે. અત્યારનું આ આંદોલન એના પ્રથમ તબક્કામાં સફળ નીવડ્યું છે. કેટલું સફળ રહ્યું તો એ સમય જ કહેશે.

જોકે આવું જ દેશ આખાનું ધ્યાન દોરે એવું એક આંદોલન આજથી પાંચ વર્ષ પહેલાં થયું હતું. ૨૦૨૦-૨૧માં ભારતભરના ખેડૂતોએ પાટનગરમાં પોતાનો વિરોધ સાવ અલગ રીતે દર્શાવ્યો હતો.

વિશાળ ટ્રેક્ટર માર્ચ દ્વારા વિરોધ પ્રગટ કરવાના એમનો વિચાર બધાને વિસ્મય પમાડી ગયો હતો. દૂર દૂરનાં સ્થળોથી પાટનગરના રાજમાર્ગ પર અંદાજિત ૧૫ હજાર ટ્રેકટર્સ ખડકીને ખેડૂતોએ સત્તાવાળાને પરેશાનની પરાકાષ્ઠાએ પહોંચાડી દીધા હતા !

આપણે ત્યાં એ પ્રકારનો પહેલો વિરોધ હતો. જો કે, આપણી પહેલાં પણ નેધરલેન્ડમાં આ પ્રકારની ટ્રેક્ટર માર્ચ દ્વારા વિરોધ થઈ ચૂક્યો છે. 'દેશમાં વધતા જતા પ્રદૂષણ માટે ખેડૂતો જવાબદાર છે.'

એવો ત્યાંની સરકારે આક્ષેપ કર્યો એમાં ખેડૂતો બગડયા. એમણે એનાં વિરોધમાં દેશભરમાંથી ૧૦ હજાર ટ્રેક્ટર સાથે હેગ સિટી તરફ પ્રયાણ કરીને ૯૯૮ કિલોમીટરના માર્ગ- હાઈ-વે એવા જામ કરી નાખ્યા કે સરકાર તોબા પોકારી ગઈ ને ખેડૂતો સામેના આક્ષેપો પાછા ખેંચીને સમાધાન કરવું પડ્યું.

આવો જ ટ્રેક્ટર મોરચો ફ્રાન્સ તેમ જ અમેરિકામાં સફળતાપૂર્વક યોજાયો હતો. વોશિંગ્ટનની એ ટ્રેક્ટર-રેલીથી ત્યાંના સત્તાવાળા એવા ઊંઘતા ઝડપાયા કે રેડ પાડવી- છાપો મારવો પરથી 'ટ્રેક્ટર-રેડ્સ' શબ્દ ત્યાંની રોજિંદી બોલીમાં ઉમેરાઈ ગયો..!


પાટનગરમાં કિસાનોનું ટ્રેક્ટર આંદોલન




### નવી પેઢીનો પડકાર

આમ જાતભાતની ચળવળ અને વિરોધી પ્રદર્શનને કારણે અનેક સરકાર કે સત્તાવાળા મુસીબતમાં મુકાતા આવ્યા છે. અલબત્ત, આવી બધી ચળવળ પાછળ મોટેભાગે વિદ્યાર્થી અને યુવાનો જ આગળ હોય છે.

ઉદાહરણ તરીકે, દેશમાં ઊતરતું જતું શિક્ષણનું સ્તર ને મોઘું થતું ભણતર તરફ સરકારનું ધ્યાન દોરવા ચીલીના પાટનગર સેન્ટિયાગોમાં ૧૦૦ જેટલાં સ્ટુડન્ટસે જાહેરમાં 'ચુંબન મહોત્સવ' યોજ્યો, જ્યાં એ લોકો ખુલ્લેઆમ એકમેકને કીસ કરતાં હતાં. આજુબાજુ પોસ્ટર્સ લગાડ્યાં કે 'અહીં પ્રેમ ફ્રીમાં મળે છે ને ભણતર મોંઘું છે..!'

જાહેર સ્થળો પર આ પ્રકારના સતત પ્રદર્શનના પરિણામે સત્તાવાળાએ શિક્ષણ-લોનનું વ્યાજ તાબડતોબ ઘટાડી દીધું..!

આ જ રીતે કેનેડાની કોલેજોમાં વધતી જતી ફી સામે વિરોધ દર્શાવવા ત્યાંના કૂયુબેક- મોનટ્રિયલ- ટોરેન્ટોમાં આશરે ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓએ અર્ધનગ્ન અવસ્થામાં આંદોલન શરૂ કર્યું. માત્ર જાંગિયાભેરની આ ચળવળ ત્રણેક મહિના ચલાવી ને આખરે ફીમાં ધરખમ ઘટાડો કરીને સત્તાવાળા એમની વાત માનવી પડી.

આમ જુવો તો આ પ્રકારના અર્ધ કે પૂર્ણ નગ્ન અવસ્થા કે જાહેરમાં સમૂહ ચુંબન દ્વારા થતાં વિરોધ કે પ્રદર્શનની તાત્કાલિક ચર્ચા જરૂર થાય, પણ હવે એ બહુ સહજ થઈ ગયા છે. એમાં નવીનતા રહી નથી. તમારા વિરોધને વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવો હોય એની વાત - ચર્ચા સાગમટે કરે એ માટે વિશાળ જનસમુદાયના સરઘસ-મોરચા જરૂરી છે ને એમાંય કશુંક નવું તત્ત્વ-નાવીન્ય હોવું જરૂરી છે.

એક ઉદાહરણ લઈએ થોડાં વર્ષ અગાઉ 'વેલેન્ટાઈન ફેસ્ટિવલ' વખતે મેંગ્લોરના એક પબમાં બિયર પીતી કેટલીક યુવતી પર 'શ્રી રામ સેના' નામના એક સ્થાનિક ગ્રુપના અમુક યુવકોએ 'આ ભારતીય નારીની સંસ્કૃતિ નથી' એવું કહીને ફટકારી. બસ,પછી તો નિશા સુસાન નામની એક મહિલા પત્રકાર એવી વિફરી કે બીજી મહિલાઓને એકઠી કરીને પેલા યુવાનોને પાઠ ભણાવવા એમની સંસ્થા પર પિન્ક નીકર-ગુલાબી ચડ્ડીઓનો ઢગલો કર્યો એમની આ અનોખી ચળવળને દેશભરમાં એવો જબરો પ્રતિસાદ મળ્યો કે ગણતરીના દિવસોમાં જ ૫૦ હજારથી વધુ ગંદી ગુલાબી નીકર પેલાઓ પર વરસી..! આ ઘટના પછી પબ કે બારમાં જતી કોઈ યુવતી-મહિલાને કોઈ કનડતું નથી!

જોકે, આ બધા વચ્ચે આપણે એ સદા યાદ રાખવું જોઈએ કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સત્તાને કઈ કઈ રીતે હંફાવી ને સ્વતંત્રતા મેળવવી અને એ પણ તદન અહિંસક રીતે એના આપણને કેવા અદ્ભુત પાઠ શીખવ્યા છે : ધરના- ભૂખ હડતાલ- સવિનય અસહકાર અનાદર, વિગેરે. એમની આ નીતિ- રીતિ અનેક દેશને એમની આઝાદી માટે કેવી ઉપકારક નીવડી એ આપણે જાણીએ છીએ.

અગાઉ ભૂમિપુત્રોની ટ્રેક્ટર ચળવળ-વિરોધ સામે સરકાર એમનાં ટ્રેક્ટર પાટનગરમાં ન પ્રવેશી જાય એ માટે કાંટાળી વાડ-સિમેન્ટનાં અવધોરક અને લોખંડના ખિલ્લાં જમીનમાં જડી દીધા છે ત્યારે એ ખિલ્લાંને ખસેડીને આપણા જગતના તાતે ત્યાં પુષ્પોના છોડ વાવ્યાં છે.

આ પણ એક ગાંધીગીરી જ છે..! ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

## બે દુનિયાને જોડતી ને જુદી પાડતી અદૃશ્ય સરહદ

# વિસરાયેલો 'ઉંબરો'

ઘરોમાં પ્રવેશતાં પહેલાં લાકડાની કે પથ્થરની એક જાડી પટ્ટી આવતી, જેને આપણે 'ઉંબરો' કહેતા. આધુનિક સ્થાપત્યમાંથી આ ઉંબરો ક્યારનોય ગાયબ થઈ ગયો છે. આજના ફ્લેટ્સમાં લિફ્ટની લોબીમાંથી સીધા જ ડ્રોઈંગ રૂમમાં પ્રવેશી જવાય છે.

જમીન સપાટ થઈ ગઈ છે તો શું ઉંબરો માત્ર લાકડાનો એક ટુકડો હતો, જે ઠેસ ન વાગે તે માટે કાઢી નાખવામાં આવ્યો? ના, જૂના ભારતીય સ્થાપત્યમાં ઉંબરો એ માત્ર ઈમારતનો હિસ્સો નહોતો, તે એક બહુ જ ઊંડી મનોવૈજ્ઞાનિક અને ફિલોસોફિકલ સરહદ હતી. ઉંબરો એ ઘરની અંદરની પવિત્રતા અને બહારની દુનિયાના કોલાહલ વચ્ચેની એક અદૃશ્ય ભેદરેખા હતો. એ એક એવું 'પોઝ બટન' હતું, જે માણસને ઘરની અંદર પ્રવેશતા પહેલાં ક્ષણભર ઊભા રહેવાની ફરજ પાડતું હતું.

કોઈ પણ માણસ જ્યારે આખો દિવસ બહારની દુનિયાના સંઘર્ષો, સ્પર્ધા, અપમાનો અને અહંકારનો બોજ લઈને ઘરે પાછો ફરતો ત્યારે આ ઉંબરો તેને અટકાવતો. બહાર ભલે તમે ગમે તેટલા મોટા અધિકારી હો, પણ ઉંબરો ઓળંગતી વખતે તમારે તમારો સામાજિક મોરચો ત્યાં જ છોડી દેવો પડતો. પગમાંથી પગરખાં કાઢવા અને ઉંબરો ઓળંગવો, એ માત્ર શારીરિક ક્રિયા નહોતી, તે એક માનસિક સંક્રમણ હતું. માણસ પોતાનો થાક, પોતાનો ગુસ્સો અને દુનિયાદારીનો તમામ કચરો એ ઉંબરાની બહાર કાઢીને જ ઘરના પવિત્ર આશ્રયસ્થાનમાં પ્રવેશતો. ઉંબરો એ વાતની ખાતરી કરતો કે બહારનો રસ્તા પરનો ધૂળિયો પવન સીધેસીધો ઘરના આંગણામાં ન ઘૂસી જાય.





સામાજિક વ્યવહારોમાં પણ ઉંબરાની ભૂમિકા બહુ મોટી હતી. તે એક મર્યાદાનું પ્રતીક હતો. ઘરની સ્ત્રીઓ માટે ઉંબરો એ બહારની દુનિયા સાથે સંવાદ કરવાનું એક સુરક્ષિત સ્થાન હતું. ફેરિયો હોય, ટપાલી હોય કે કોઈ અજાણ્યો મહેમાન હોય, ઘરની સ્ત્રી ઉંબરાની અંદર ઊભી રહીને આખી દુનિયા સાથે વ્યવહાર કરી શકતી, છતાં ઘરની ગરિમા અકબંધ રહેતી. સંધ્યાકાળે એ જ ઉંબરા પર દીવો પ્રગટાવવામાં આવતો. આ દીવો અંધકારને બહાર રાખવાની અને ઉજાસ તથા લક્ષ્મીને આવકારવાની એક પ્રતીકાત્મક વિધિ હતી. કોઈ સ્વજન બહારગામથી પાછું ફરવાનું હોય ત્યારે તેની પ્રતીક્ષા કરવા માટેની સૌથી ઉત્તમ જગ્યા ઉંબરો હતો. એ લાકડાની પટ્ટી પર બેસીને પેઢીઓએ પોતાના પ્રિયજનોની વાટ જોઈ છે અને વિદાય લેતા દીકરા કે દીકરીને આંસુ ભરેલી આંખે વળાવ્યા છે.

સ્થાપત્યમાંથી ઉંબરો ગાયબ થવાની સાથે આપણા મનોવિજ્ઞાનમાંથી પણ એ 'પોઝ' જતો રહ્યો છે. હવે આપણે ઓફિસનો થાક, રાજકારણની ચર્ચાઓ અને બહારનો અહંકાર લઈને સીધા જ ઘરના સોફા પર પટકાઈએ છીએ. બહારની દુનિયા અને અંગત જિંદગી વચ્ચે હવે કોઈ ફિલ્ટર રહ્યું નથી. જે રીતે આપણા ઘરોમાં બહારનો કોલાહલ સીધો પ્રવેશી જાય છે તેવી જ રીતે સ્માર્ટફોન દ્વારા આખી દુનિયાનો ઘોંઘાટ હવે સીધો આપણા બેડરૂમ સુધી પહોંચી ગયો છે. આપણી અંદરની શાંતિને સુરક્ષિત રાખે તેવી કોઈ માનસિક સરહદ આપણે બચાવી નથી. બધું જ ખુલ્લું અને અનાવૃત થઈ ગયું છે.

આપણે આધુનિક સગવડો માટે જૂના માળખા તોડી નાખ્યા, પણ તેની સાથે જોડાયેલી સંવેદનાઓને સાચવી ન શક્યા. બેશક, હવે આજનાં બહુમાળી મકાનોમાં આપણે ફરીથી લાકડાના ઊંચા ઉંબરા નથી બનાવી શકવાના, પણ આપણે એક માનસિક ઉંબરો ચોક્કસ બાંધવો પડશે. એક એવી અદૃશ્ય રેખા, જ્યાં આપણે રોજ સાંજે પાછા ફરીએ ત્યારે દુનિયાભરના ટેન્શન, ડિજિટલ દુનિયાની નકલી સ્પર્ધા અને અહંકારના પગરખાં બહાર કાઢી શકીએ. ઘર માત્ર ઈંટોની દીવાલોથી નથી બનતું, તે બહારનાં તોફાનો સામે મળતા આશ્વાસનથી બને છે. અને એ આશ્વાસનને ટકાવી રાખવા માટે, સંબંધોના દરવાજે એક નાનકડો ઉંબરો હોવો ખૂબ જ જરૂરી છે, જેથી ખબર પડે કે કઈ વસ્તુઓને ઘરમાં લાવવાની છે અને કઈ વસ્તુઓને કાયમ માટે બહાર જ છોડી દેવાની છે. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ચેટજીપીટીઃ બેઝિક જાણતા હશો તો કામ અટકશે નહીં...

**ChatGPT -** આ ચેટબોટથી હવે મોટાભાગના લોકો પરિચિત થઈ રહ્યા છે. ખાસ કરીને યુવાનો, પણ તેના ઉપયોગ અંગે હજુ ટેક્નોલોજીના ક્ષેત્ર સિવાયના લોકોને એટલો ખ્યાલ નથી. એ વાત તો ફિક્સ છે કે, જે પહેલા સર્ચ કરવું પડતું એના બદલે હવે એક નાનકડા સવાલથી ચેટજીપીટી તમામ જવાબ આપી દે છે. ઓપન એઆઈની પ્રોડક્ટ એવી ચેટજીપીટીએ પોતાની એપ કે વેબસાઈટ પર પહેલા જ એવું લખી દીધુ છે કે, ચેટજીપીટી પણ ભૂલ કરી શકે છે. પરિણામને એકવાર ચકાસ્યા બાદ જ ઉપયોગમાં લેવા. વાત સાચી છે પણ મોટાભાગના કેસમાં ચેટબોટ ખોટું પડ્યું નથી. ભાગ્યે જ એવો કોઈ કિસ્સો હશે જેમાં પરિણામમાં મિસમેચ થયું હશે. એક વાત એવી પણ છે જ્યાં એકથી વધારે પરિણામ સંકળાયેલા હશે ત્યા ચેટજીપીટી પણ ભૂલ કરશે , જેમ કે, બનાના કેપિટલ ઓફ ઈન્ડિયા મહારાષ્ટ્રમાં પણ છે અને કેરળમાં પણ છે. આવા જવાબમાં તે સૌથી વધારે સર્ચ થયેલું હશે એનો જવાબ આપશે.

**ભાષા નક્કી કરો...**

બોટ સાથે વાતચીત કરવા કરતા કેટલાક એવા કામ છે જેમાં બેઝિક ફાવી જાય તો કામ ઘણા આસાન થઈ જાય છે. સૌથી પહેલા તો એ નક્કી કરો કે આની એપ્લિકેશન યુઝ કરવી છે કે વેબસાઈટ, કારણ કે, વેબસાઈટમાંથી એકથી વધારે પેજ પર કામ થઈ શકે છે. જ્યારે એપ્લિકેશનમાં એક જ પ્રિવ્યૂ જોવા મળશે. આટલું નક્કી કર્યા પછી બીજાં પગથિયે જઈએ.

અહીંયા હવે એ નક્કી કરો કે, જે જવાબ જોઈએ છે એ કઈ ભાષામાં જોઈએ છે. મોટાભાગના કેસમાં ડિફોલ્ટ ભાષા તરીકે તે અંગ્રેજીમાં જવાબ આપે છે. પણ હિન્દી, ગુજરાતી, બંગાળી, ઉડિયા જેવી ભાષા સેટ કરી શકાય છે. મર્યાદા એટલી જ છે કે, જે વેબસાઈટ પર સર્ચ થયેલું હશે, રીસર્ચ થયેલું હશે એના જ પરિણામ આપશે. જ્યારે અંગ્રેજીમાં દુનિયાભરની માહિતી ખૂણે-ખાચરેથી પણ શોધી લાવશે. આટલી વાત સ્પષ્ટ થયા બાદ હવે ડાયરેકટ એના યુઝ પર જઈએ.

જો ચેટજીપીટી પરથી કોઈ ઈમેજ, ફોટો કે ઈન્ફોગ્રાફિક્સ તૈયાર કરવું હશે તો એ છ કે સાતથી વધારે ઈમેજ જનરેટ નહીં કરે. એટલે ઈમેજ તૈયાર કરવામાં સાવધાની રાખવી પડશે.




**રોલ નક્કી કરી દો...**

જ્યારે આપણા પરિવારજનો કે ખુદના ફોટા પર કંઈક કરતા હોઈએ કે અપલોડ કરેલા હોય તો ડોન્ટ શેર આટલું લખી દેવાથી તે ફોટાને જે તે ઈમેઈલ સિવાય કોઈને શેર નહીં કરે. આ થઈ પ્રથમ સોપાનમાં સુરક્ષાની વાત, જે ભાષામાં જવાબ જોઈએ છે એમાં પહેલા એક જ વાક્ય લખી દેવાનું રહેશે. રીપ્લાય ઈન...પછી જે ભાષા જોઈએ એ. દા.ત. રીપ્લાય ઈન ગુજરાતી. આ લાઈન જ અંગ્રેજીમાં લખવી પડશે. આ પછી દરેક સંવાદનો જવાબ તે ગુજરાતીમાં જ આપશે. જ્યાં સુધી ભાષા બદલવાની સૂચના નહીં આપો. આટલી વાત પછી એક રોલ નક્કી કરી દો. જેમ કે, એઝ એ જિયોગ્રાફિક્સ એક્સપર્ટ, એઝ એ ગ્રાફિક્સ ડિઝાઈનર, એઝ એ ટ્રાંસલેટર, એઝ એ જિયોગ્રાફિક્સ એક્સપર્ટ, આવું અંગ્રેજી-પ્રાદેશિક ભાષા કોઈ પણ ભાષામાં લખી શકાશે. તેના જવાબમાં તે કોઈ ભૂલ કર્યા વગર જે પરિણામની અપેક્ષા છે એ આપશે. આ એક ટેક્સ્ટ મીડિયમ છે. એટલે જેટલી ઈનપુટની ભાષા સરળ, સ્પષ્ટ અને ક્લિયર એટલું જ પરિણામ દમદાર આપશે.

આટલું કર્યા બાદ એને ફોર્મેટ આપી દો. પેરેગ્રાફ, પોઈન્ટ ટુ પોઈન્ટ, પહેલા હિસ્ટ્રી પછી કરંટ. અત્યાર સુધી આપણે ગૂગલમાં કિવર્ડ લખીને સર્ચ કરતા. અહીંયા સર્ચ કરવાની શૈલી થોડી જુદી છે. અહીંયા સવાલને લાંબો કરવાનો પ્રયાસ કરવાનો છે.

**સિક્યોરિટી સેટ કરો...**

ચેટજીપીટીને જે ઈનપુટ આપવામાં આવે છે એને ટેકનિકલ ભાષામાં પ્રોમ્પટ કહેવાય છે. એટલે આ પ્રોમ્પટ આપવા માટેની પણ ફિક્સ ફોર્મેટ છે. અત્યાર સુધી જે સમજ્યા એનું આખું ફોર્મેટ આવું કંઈક થાય. ઈન ગુજરાતી, એઝ એ ટ્રાંસલેટર, વીથ હિસ્ટ્રી, પછી જે અંગ્રેજી ફકરો કે લિંકમાંથી ટ્રાંસલેટ કરવું છે એ. આટલું કર્યા બાદ જે જવાબ આવશે એ ગુજરાતીમાં આવશે. આ બોરિંગ લાગતું હોય તો વોઈસ મેસેજ કરી દો અથવા ટૂંકમાં લખી દો કે, આનું ગુજરાતી કરો. એટલે એ પણ કરી દેશે. પણ આનાથી ફોર્મેટ ગોઠવવા માટે મહેનત કરવી પડશે.

હવે વાત કરીએ ઈમેજ સેક્શનની. કોઈ પણ ઈમેજ એઆઈના કોઈપણ બોટ પર મૂકો છો ત્યારે એ ઓટોમેટિક સેવ થઈ જાય છે. આનો ઉપયોગ બીજે ન થાય એ માટે એને ડોન્ટ શેર કહી દો. બેટની ઈનબિલ્ટ મેમરી તેને સેવ કરી રાખશે. આ પછી ફોટોમાં જે ઈફેક્ટ આપવી છે એને લખી દો, જેમ કે બેગ્રાઉન્ડમાં વાદળા મૂકો, આગળ થોડા ફૂલ મૂકો, બોર્ડર વ્હાઈટ કરી દો. આ પછી જુઓ કમાલ. ઈમેજ જે તૈયાર થઈને આવશે એ મસ્ત હશે. ■

### આઉટ ઓફ બોક્સ

કોઈ પણ AI ટુલ્સના બેઝિક જાણવા માટે એ ટુલ્સનું નામ યુટ્યૂબમાં સર્ચ કરો, એ ટુલ્સની મર્યાદા અને ઈનપુટનો ખ્યાલ આવી જશે. અન્યથા તે ટુલ્સ ડેટા ખાઈ જશે.

# હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

## ભીખનું શાસ્ત્ર

મને નાનપણમાં સ્કૂલે જવાનું સ્હેજ પણ ગમતું નહીં. મા ઢસડીને સ્કૂલે લઈ જતાં રસ્તામાં બબડતીઃ ‘ભણીશ નહીં તો શું, ભીખ માગીશ?’ પણ એ વખતે મને કે મારી માનેય જાણ નહોતી કે ભીખ માગવા માટે પણ તેનું શાસ્ત્ર ભણવું પડે. અસરકારક રીતે ભીખ કેવી રીતે માગી શકાય એ માટેની એક શાળા ન્યૂ યોર્કમાં ચાલે છે, જેમાં ભીખ અંગેના વ્યવસ્થિત તાલીમવર્ગો લેવાય છે. એ સ્કૂલનું નામ છેઃ ‘ઉમર્સ સ્કૂલ ઑફ બેગર્સ.’ આ સ્કૂલમાં ભીખનું શાસ્ત્ર શીખવતો. અભ્યાસક્રમ પણ તૈયાર કરવામાં આવ્યો છે અને તે ભણાવવાની ફી પેટે વાર્ષિક સવા બે લાખ રૂપિયા જેટલી આવક તે સ્કૂલ ફી પેટે મેળવે છે - ભીખની શીખમાંથી.

આમાં મઝાની વાત પાછી એ છે કે આ સ્કૂલના વિદ્યાર્થી લેખે ગલીઓમાં કે ટ્રેનોમાં રખડતા અભણ માણસો નથી. પણ મોટા ભાગના તો વિવિધ ક્ષેત્રના સ્નાતકો છે. ગ્રેજ્યુએટ થયા પછી પણ ક્યાંય ઠેકાણું નહીં પડવાથી તે વધુ અભ્યાસાર્થે આ શાળામાં દાખલ થયા છે. આ સ્કૂલમાં વિદ્યાર્થીને થિયરી તેમ જ પ્રૅક્ટિકલ બંનેનું જ્ઞાન આપવામાં આવે છે. જોડી કાઢેલી, ઉપજાવેલી કરુણ અને હૃદયદ્રાવક વાર્તાઓ કહી લોકોની દયાવૃત્તિ ઉશ્કેરવાની જુદી જુદી ૬૪ તરકીબો (કથાઓ) પણ કોર્સમાં શીખવવામાં આવે છે. શરીર પર જખ્મ કરવો, હિન્દી ફિલ્મોમાં બતાવવામાં આવે છે એવું ખોટેખોટું - ટોમેટો કેચ-અપ જેવું લોહી વહેવડાવવું. કોઈ થિયેટર કે મંદિર પાસે ક્યારેક લંગડા ને કોઈ વાર અંધ સાથી પિક્ચર જોવા ગયો હોય એવા સંજોગોમાં આંધળા ભિક્ષુકનો અભિનય કરવો, ખોટેખોટા હાથ-પગ તોડી તે પ્લાસ્ટરમાં રાખવાની યુક્તિ અજમાવવી વગેરે અહીંના અભ્યાસક્રમમાં હોય છે. અન્ય સ્કૂલો - યુનિવર્સિટીઓની માફક આ સ્કૂલમાં પણ વર્ષાન્તે પરીક્ષા લેવાય છે. જેમાં ચોરી કર્યા વગર જ પાસ થવાનું ફરજિયાત હોય છે. ત્યાર બાદ પદવીદાન સમારંભો યોજી ડિગ્રીનું સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવે છે. (ઉ.ત. બી.બી.- બૅચલર ઑફ બેગિંગ.)

જોકે આપણા દેશમાં તો જાહેરમાં ભીખ માગવી એ ફોજદારી ગુનો બને છે અને ભિક્ષુકધારા હેઠળ ભીખ માગનારની સામે કામ પણ ચલાવી શકાય છે, પરંતુ ઘડીભર માની લઈએ કે આવી તાલીમ શાળાઓ ભારતમાં ખોલવામાં આવે તો! આમ જોવા જઈએ તો આ એક વ્યવસાયલક્ષી તાલીમ છે એટલે બેકારી હળવી કરવા આ પ્રકારની તાલીમ શાળાઓ સ્થાપી હોય અને સરકાર તેને અપવાદરૂપ કિસ્સામાં છૂટ આપે - ચાલવા દે તો તે ચોક્કસ ચાલે. બી.એ. કે બી.કૉમ. થયા બાદ પરચૂરણ નોકરી મેળવવા માટે દોડધામ કરવા કરતાં તો આવા સ્વતંત્ર વ્યવસાયમાં ઝુકાવવાનું ઘણાંને ગમશે. શરૂ શરૂમાં થોડી શરમ આવશે, એ સ્વાભાવિક પણ છે, પણ પછી ધીરેધીરે એય નાસી જશે. પણ -

પણ આમાં સાલી એક મુશ્કેલી ઊભી થવાની. આ સ્કૂલોની સામે ટ્યુશન કલાસિસ પણ શરૂ થઈ જવાના - ભીખનાં શાસ્ત્ર અંગેનાં. સ્કૂલની પરીક્ષાનાં પરિણામો જાહેર થતાંની સાથે જ ટ્યૂશન -કલાસિસની પાનાંનાં પાનાં ભરીને છાપાઓમાં જાહેરખબરો ત્રાટકવા માંડશે. દસમા - બારમા ધોરણની પરીક્ષાઓનાં પરિણામોની જેમ ભિક્ષુક તાલીમ શાળાઓની પરીક્ષાનાં પરિણામો પ્રગટ થાય એના બીજા જ દિવસે આ ટ્યૂશન કલાસિસની કેવી કેવી જા×ખ છાપવામાં આવશે તેની એક ઝલકઃ

‘ભિક્ષાન્દેહિ કલાસ’નું ગૌરવ

જેને ભણવું જ છે એવા વિદ્યાર્થીઓ શાળાને બદલે ટ્યૂશન કલાસને વહાલો કરે છે એ અનુભવસિદ્ધ હકીકત છે. અમારા ટ્યુશન - કલાસના એકસો સાતે સાત - તમામ વિદ્યાર્થીઓ ભીખ અંગેની શાળાન્ત પરીક્ષામાં આ વર્ષે સારા માર્ક્સથી ઉત્તીર્ણ થયા છે અને છન્નુ વિદ્યાર્થીઓએ તો ડિસ્ટિંક્શન માર્ક્સ પ્રાપ્ત કરેલ છે. બેગિંગના પ્રેક્ટિકલ્સમાં નવ્વાણુ માર્ક્સ મેળવીને ભીખાલાલ સુદામા પુરિયાએ અમારા કલાસનું ગૌરવ વધાર્યું છે. પચ્ચીસ જુલાઈએ શરૂ થનાર નવી બૅચમાં જોડાવા ઈચ્છુક ભાવિ ભિક્ષુકોએ તુરત જ પ્રવેશ મેળવી લેવો. પ્રવેશ વહેલો તે પહેલાના ધોરણે રહેશે. પરસેવો પાડ્યા વગર ભીખનું શાસ્ત્ર શીખવનાર એક માત્ર ઍરકન્ડિશન્ડ કલાસ એટલે ‘ભિક્ષાન્દેહિ ટ્યૂશન કલાસ...’ ગુજરાતની બહાર અંગ્રેજીમાં ભીખ માગવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે અમારે ત્યાં ઇંગ્લિશ મિડિયમની અલગ વ્યવસ્થા પણ છે. તેમાં મર્યાદિત સંખ્યા લેવાની હોઈ તાત્કાલિક ઍડ્મિશન મેળવી લેશો.

(તા.ક.: ‘માસ પ્રમોશન’ની અપેક્ષા રાખનાર વિદ્યાર્થીઓને માટે પ્રવેશ બંધ છે.)

* * *

### ‘બેગવૅલ ટ્યૂશન-કલાસ’ની જા×ખ

આપણા દેશ માટે બહારના દેશોમાં એવી છાપ પડી ગઈ છે કે ભારત ફક્ત જાદુગરો અને ભિક્ષુકોનો જ દેશ છે. છતાં અફસોસની વાત એ છે કે આપણને શાસ્ત્રીય ઢબે, સાયન્ટિફિક પદ્ધતિએ ભીખ માગતાંય નથી આવડતું. ભિક્ષુક તરીકેની ઉજ્જવળ કારકિર્દી ઝંખનારાઓ માટે જ અમે આ કલાસ ચલાવીએ છીએ. આ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવનારા અને આ જ ક્ષેત્રમાં પોસ્ટ ગ્રૅજ્યુએટ થયેલ સ્કૉલર ભિક્ષુકોની માનદ્ સેવાઓનો લાભ ફક્ત આ કલાસને જ મળ્યો છે.

મુખ્યમંત્રી તેમ જ શિક્ષણમંત્રીએ સામે ચાલીને આ કલાસને આશીર્વાદ આપેલ છે, કેમકે બેરોજગારી હટાવવાની સરકારની ફરજ અમે સ્વેચ્છાએ ખંતથી બજાવીએ છીએ. અમારે ત્યાંથી બહાર પડેલ એક પણ વિદ્યાર્થી ભૂખથી નથી મર્યો. અમારા કલાસમાંથી દીક્ષા લીધેલ વિદ્યાર્થી ભૂખ્યો સૂતો નથી એટલું જ નહીં, તે ભૂખ્યો ઊઠતો પણ નથી! મહિને દહાડે એક હજારથી પાંચ હજાર રૂપિયા કમાવાની ગૅરંટી આપનાર એકમાત્ર કલાસ હોય તો તે છે ‘બૅગવેલ ટ્યૂશન કલાસ.’

(નોંધઃ અમારી કોઈ શાખા નથી.)

સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થી ભીખેશ શકોરાવાલા અમારા ટ્યૂશન ક્લાસ માટે શું કહે છે તે જુઓઃ ‘ભીખની પરીક્ષામાં હું શકોરું ભરીને માર્ક્સ લાવ્યો તેનો તમામ યશ હું ‘બૅગવેલ ટ્યૂશન કલાસ’ના સંચાલકોને જ આપું છું.

ખાસ કરીને ‘બૅગવેલ ક્લાસ’ના આદરણીય શ્રી વિપ્રસાહેબે મારી પાછળ શ્રમ લઈને મને જે રીતે ભીખ માગવાની અજોડ તાલીમ આપી, વધુ માર્ક્સ મેળવવાની પ્રેરણા આપી જેને પરિણામે હું સારાય ગુજરાત કેન્દ્રમાં પ્રથમ આવી શકયો.

પત્રકારો મને પૂછ્યા કરે છે કે તેં ભીખ માગવાના ભણતરમાં જ કેમ ઝંપલાવ્યું? મારો જવાબ એ છે કે એક ભીખનો જ ધંધો એવો છે કે જેમાં દેવાળું કાઢવાની સહેજ પણ શક્યતા નથી... ■

# ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

## આજ તો હમને સેવિયાં ખાઈ



**શબ્દકોશમાં** મિયાં શબ્દનો અર્થ મુસલમાન ગૃહસ્થનું સંબોધન, મુસલમાનોમાં માનનો ઈલકાબ, મુસલમાન ગૃહસ્થ એવા અર્થ આપવામાં આવ્યા છે. જોકે, સામાન્ય બોલચાલમાં મિયાં શબ્દ ઠેકડીનો જાણે કે પર્યાય હોય એવું સામાન્યપણે વાંચવા - સાંભળવામાં આવે છે. અગાઉની હિન્દી ફિલ્મોના અનેક સંવાદોમાં મિયાંનો ઉલ્લેખ ટીખળના ઉદ્દેશથી કરવામાં આવતો. હિન્દી ભાષાની કહેવતોમાં પણ મિયાંનો ઉલ્લેખ તીરછી નજરવાળો છે. ‘અપને મુંહ મિયાં મિઠ્ઠુ બનના’ એટલે પોતાની જ પ્રશંસા કરવી. ૧૯૬૦ - ૭૦ કે ૮૦ના દાયકામાં બાળપણની મોજ માણનારા જીવરામ જોષીના અમર પાત્ર ‘મિયાં ફૂસકી’થી ચોક્કસ પરિચિત હશે. મિયાં ફૂસકી એક લાક્ષણિક હાસ્યપ્રધાન પાત્ર છે. મિયાં ફૂસકીનાં કેટલાંક પરાક્રમો એવાં છે જે વાંચતી વખતે અને વાંચ્યા પછી જ્યારે પણ યાદ આવે ત્યારે મોજ કરાવે છે. મોઢું હસુ હસુ થયા વિના રહે નહીં. મિયાં ફૂસકીનો રમૂજી સ્વભાવ અને એમના વિદૂષકવેડા નિર્દોષ હાસ્ય પૂરું પાડે છે. ‘અમે કોણ? મિયાં ફૂસકી! સિપાઈ બચ્ચા !’ એમ કહેતા મિયાં અનેક પ્રકારની ડંફાસો મારી બાળકોને હસતાં રાખતા. મિયાં શબ્દ પરથી અનેક કહેવતોએ અને જૂજ કહેવત કથાઓએ જન્મ લીધો છે. જોકે, જીવરામ જોષીના હાસ્યપ્રધાન પાત્રને કારણે કે અન્ય કોઈ કારણસર કહેવતોમાં - રૂઢિપ્રયોગોમાં કે પછી કહેવતકથામાં મોટેભાગે મિયાં હાસ્યાસ્પદ અવસ્થામાં જ રજૂ થયા છે, એમની ઠેકડી ઉડાડવામાં આવી છે. જોકે, જીવરામ જોષીની કેટલીક કથાઓમાં મિયાં ભાઈની ચતુરાઈ પણ ડોકિયાં કરે છે. પણ ભાવકોના માનસપટ પર તો મિયાં ફૂસકી એટલે કોમિક પાત્ર એવી જ છબિ અંકિત થઈ છે એ હકીકત છે. મિયાં ભાઈની કહેવતો આ દલીલને સમર્થન આપે છે. મિયાં ક્યા કરતે હો? તો કહે કે ઘડી કી ફુરસત નહીં ઔર દમડી કી કમાઈ નહીં. અહીં મિયાંના બડાઈખોર સ્વભાવની વાત છે. નવરાશ નથી એમ કહે છે, પણ હકીકતમાં પાઈની પણ કમાણી નથી. આ વિરોધાભાસ હાસ્ય નીપજાવે છે. મિયાંના ડંફાસવાળા સ્વભાવની આ કહેવત બહુ જ જાણીતી છે કે મિયાં માંદા ને વળી તંગડી ઊંચી - મિયાં પડ્યા પણ તંગડી ઊંચી. અહીં પણ નર્યો ઉપહાસ છે. આવા જ ભાવાર્થની અન્ય કહેવતો પણ છે. મિયાંને સેવ્યાં ખાયાં - **આજ સેવિયાં ખાઈ** કહેવત કથામાં પણ મિયાંનો બડાઈ મારવાનો સ્વભાવ જ પ્રગટ થાય છે.

એક નગરમાં અનેક લોકો હળીમળીને રહેતા હતા. એમાં એક મિયાંભાઈ પણ હતા. સ્વભાવે હસમુખા, પણ બડાઈ મારવાનો, શેખી કરવાનો સ્વભાવ ખરો. આ સ્વભાવને કારણે નગરવાસીઓમાં અમુક વખતે હાંસીપાત્ર - હાસ્યાસ્પદ પણ ઠરતા. જોકે, તેમ છતાં આ સ્વભાવ છોડતા નહીં. હતા એકદમ મુફલિસ (ધનહીન - દેવાળિયો) પણ ભારે મરડાટવાળો (ગર્વિષ્ઠ, મિથ્યાભિમાની). કાયમ વટમાં રહે અને મૂછના આંકડાને વળ ચડાવી મૂછને તાવ દેતા ફરે. પણ એમાં એક સમસ્યા એ આવતી કે દરરોજ મૂછને વળ ચડાવવો કેવી રીતે? મૂછને વળ ચડાવવા તેલ જોઈએ અને તો જ મૂછો ભરાવદાર લાગે અને સડક પર ચાલતી વખતે વટ પડે. કોઈ કામકાજ ન કરતા હોવાથી મિયાંના ઘરમાં હાલ્લાં ખખડે એવી અવસ્થા રહેતી અને જો બે ટંક ભોજનના ફાંફાં હોય તો મૂછે વળ ચડાવવા ઘરમાં અત્તર ફુલેલ (મોગરો, ચમેલી અથવા જાસ્મીનના ફૂલમાંથી બનતો સુગંધી પદાર્થનો અર્ક) તો ક્યાંથી હોય? પણ વળ ચડાવ્યા વિના તો ઘરની બહાર પગ ન મૂકાય. એટલે વખાના માર્યા ઘરની ઓસરીમાં રાખેલા કોડિયામાં આંગળી બોળી દિવેલ મૂછોમાં લગાડી વળ દઈ વટથી બહાર નીકળતા. કોઈ સૂંઘવા આવે તો ખબર પડે કે એ મૂછો પર અત્તર ફુલેલ નહીં પણ દિવેલ લગાડ્યું છે. એવું બને નહીં એટલે મિયાંભાઈનું ગાડું ગબડી જાતું હતું.

એક દિવસ અજાણતામાં ફજેતી થાય એવું બન્યું, પણ મિયાંભાઈએ ‘મિયાં પડ્યા તોય તંગડી ઊંચી’ કહેવતનો સાક્ષાત્કાર કરાવી દીધો. રોજની જેમ એક દિવસ દિવેલથી મૂછને વળ દઈને નીકળતા હતા ત્યારે જાણબહાર મૂછમાં વાટનો ટુકડો અટવાઈ ગયો. મિયાંભાઈ તો એમની તાનમાં રસ્તાની વચ્ચોવચ ચાલી રહ્યા હતા ત્યારે રસ્તામાં મિત્ર મળ્યો. ઔપચારિક વાતચીત પછી મિત્રનું ધ્યાન મિયાંની મૂછમાં અટવાયેલા વાટના ટુકડા પર પડ્યું. લાગલો સવાલ કર્યો કે ‘આ મૂછમાં શું ભરાયું છે?’ મિયાંભાઈ સહેજ ચોંક્યા. તેમણે મૂછ પર હાથ ફેરવ્યો તો હાથમાં દિવેટ આવી. હવે મિત્ર આગળ જો કબૂલ કરે કે આ દિવેટ છે તો દિવેલ લગાડ્યું છે એવો ખ્યાલ આવી જાય ને નગરમાં ફજેતી થાય એ અલગ. એટલે વટમાં ને વટમાં કહી દીધું કે ‘**આજ સેવિયાં (ઘઉંમાંથી બનતી પાતળી સેવ જે દૂરથી દિવેટ જેવી જ લાગે) ખાઈ થી તો મૂંછ મેં રેહ ગઈ.**’ એટલું બોલીને સામી વ્યક્તિના મનમાં મૂછમાં ચોંટેલી વસ્તુ સેવિયાં જ છે એ પાકું કરાવવા દિવેટ ચાવી ગયા, બોલો. વટ રાખવા માણસ શું ન કરે?

# ભાષા વૈભવ

## એક કહેવત - અનેક સ્વરૂપ



**ભાષાની** લાક્ષણિકતા ક્યારેક જ્ઞાનમાં વધારો કરે તો ક્યારેક અચરજ પમાડે છે. આદત શબ્દ કાને પડતા ટેવ, સ્વભાવ કે ખાસિયત એ બે અર્થનું પહેલા થાય. એને તો આદત જ પડી છે મોડા આવવાની. રાતે મોડા જમી તરત સૂઈ જવાની આદત સારી નહીં. ખટાશ તમારી પ્રકૃતિને માફક નથી આવતી. આવા વાક્યો તમે અનેકવાર સાંભળ્યા હશે. જોકે, આ આદત લત, વ્યસન સ્વરૂપમાં હોય તો એ કુટેવ - જેને માટે ઘૃણા થાય એવી ખરાબ આદત બની જાય છે. દારૂની લતમાં એ બરબાદ થઈ ગયો. આ ટેવ, આદત, પ્રકૃતિ વગેરે રૂઢિપ્રયોગ - કહેવતોમાં ગજબના વણાઈ ગયા છે.

**પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં** કહેવતથી ‘મુંબઈ સમાચાર’ના ભાષાપ્રેમી વાચકો વાકેફ હશે. આ કહેવત કવિ દલપતરામની જાણીતી પંક્તિ **મરતાં સુધી મટે નહીં, પડી ટેવ પ્રખ્યાત, પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં** પરથી બની છે. પટોળામાં જે ભાત હોય છે એ તાણાવાણાથી બને છે. એ ભાત ઉપરછલ્લી કે છાપેલી નથી હોતી. એટલે પોત ફાટ્યા વગર મીટે નહીં. ટૂંકમાં જે રંગ કે ભાત પટોળા પર છપાયેલ હોય તે લૂગડું ફાટી જાય તો પણ તેનો રંગ ઘસાઈને ઝાંખો પડતો નથી. આ કહેવતને માણસના સ્વભાવ સાથે સંબંધ છે. માણસનો સ્વભાવ, તેનામાં રહેલાં ગુણો જન્મજાત હોય છે. ખાનદાની ગુણો મર્યા પછી જ જાય બાકી પરાણે વિકસાવેલા અને કુદરતી ન હોય એવા ગુણો કસોટીના સમયે પરખાઈ જ જાય. લીમડામાંથી મધ ટપકતું નથી, કારણકે લીમડાનો ગુણધર્મ કડવાશ છે. એમાંથી મધની આશા રાખવી વ્યર્થ છે. **નીમ(લીમડો)ન મીઠા હોઈ, સીંચ ચાહે ગુડ ઔર ઘી સે, જાકો પડે સ્વભાવ, જાય નહીં જીતે જીસે.** અર્થાત લીમડાને ગોળ-ઘીનું ખાતર આપવાથી એ ક્યારેય મીઠો ન થાય. એટલા માટે જ કહેવત પડી ગઈ છે કે **પ્રાણ અને પ્રકૃતિ સાથે જવાનાં.** એ જ વાત **આદત આઈ હૈ જાન કે સાથ જાયેગી ઔર જનાજે કે સાથમાં** પણ વ્યક્ત થાય છે ને.

આ જ ભાવાર્થ ધરાવતી અન્ય કહેવત છે **દોરડી બળે, પણ વળ ન મૂકે - સીંદરી બળે પણ વળ ન મૂકે.** આ તો જાણતા જ હશો **કૂતરાની પૂંછડી ભોંયમાં દાટો તો પણ વાંકી ને વાંકી જ રહે સીધી ન થાય.** બંને કહેવતમાં પદાર્થ અને પ્રાણીની પ્રકૃતિ બદલાતી નથી એ વાત પર ભાર દેવામાં આવ્યો છે. પ્રકૃતિનો એક અર્થ સ્વભાવ સુધ્ધાં છે. **સ્વભાવનું ઓસડ નહીં** કહેવતમાં ઓસડ એટલે ઔષધ - દવા. સ્વભાવ બદલાય નહીં એ એનો ભાવાર્થ છે. એવી અન્ય બે કહેવત છે **અખણ ગયા, દખણ ગયા પણ લખણ ન ગયાં.** અખણ એટલે ઉત્તર દિશા અને દખણ એટલે દક્ષિણ દિશા. લખણ એટલે ટેવ. મતલબ કે ઉત્તર - દક્ષિણ ફરી આવ્યા પણ ટેવ ગઈ નહીં. **ટાઢ જાય રૂએ અને ટેવ જાય મુએ** કહેવતમાં રૂએ એટલે ગોદડી - ધાબળો, ઠંડીથી રક્ષણ આપતું સાધન. મુએ એટલે મર્યા પછી. જીવતેજીવત ટેવ સુધરે નહીં એ જણાવાયું છે. **દાદર જાય ચુને ને ટેવ જાય મુએ** કહેવતમાં દાદર એટલે ચામડીનો રોગ જે ચૂનાનો અર્ક લગાડ્યા પછી જ દૂર થાય એમ મર્યા પછી જ ટેવ જાય એ કહેવાનો આશય છે. **સાપ કાંચળી બદલે પણ ઝેર મૂકે નહીં** અને **વાંદરો સો વર્ષનો થાય પણ ઠેક (કૂદકો મારવાની કળા) ભૂલે નહીં** કહેવતો પણ એ જ ભાવાર્થ ધરાવે છે. ચોપાયા નામના માત્રામેળ છંદમાં જણાવવામાં આવ્યું છે કે **બાર કોસી ભાષા બદલે, તરૂવર બદલે શાખા, જાતે દહાડે કેશ બદલે, લખણ ન બદલે લાખા.** બીજો ચોપાયા છેઃ **કડવી વેલ કી કડવી તુમ્બડીઆં, અડસઠ તીર્થ ફિરકે આઈ, ગંગા નાહી ગોમતી નાહી, તો બી ના મીટી કડવાઈ.** ■

# મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

## લો, મને જાગ્યા Gen- Z બનવાના કોડ...રે લોલ !

કોઈ પણ વડીલોને તેમની ઈચ્છા પૂછો તો તરત જ કહેશે કે ‘ઈશ્વર એક વાર રિવર્સ ગિયર મારવાનું કહે તો ગાડી ૩૫ વર્ષ પાછળ લઈ લઉં...!’

‘ચાલો, ત્યારે લઈ લો ગાડી રિવર્સમાં !’

‘હા, થોડા ફેરફાર કરવા પડશે આર યુ રેડી કાકાઝ એન્ડ કાકીઝ?’

‘હેલો, ચિયર્સ એન્ડ વાઇબ્સ!’

‘સૌપ્રથમ તો આ શબ્દો જાણો...

તમારા બધાનો ‘આભાર’ (સોરી, આ જૂનો શબ્દ છે... ‘થેન્ક્સ અ મિલિયન’ કે ‘તમે તો પ્રો છો’ એવું કહેવું પડે!). આજકાલ તમે બજારમાં, સોશ્યલ મીડિયા પર કે ઘરમાં ૧૫ થી ૨૫ વર્ષના જુવાનિયાઓને જોયા છે? એમના હાથમાં ૨૪ કલાક સ્માર્ટફોન ચોંટેલો હોય, આંખો પર સ્ટાઇલિશ ચશ્માં હોય, અને મોઢામાંથી એવી ભાષા નીકળે કે આપણને થાયઃ ‘અરે ભાઈ, આ ગુજરાતી બોલે છે કે કોઈ ઉચ્ચ ગેલક્સી- અંતરિક્ષની એલિયન ભાષા?’

જો તમને પણ ૯૦ના દાયકાના કે એના પહેલાના હોવાનો ‘અફસોસ’ થતો હોય, અને તમને એમ લાગતું હોય કે તમે આ નવી પેઢી એટલે કે Gen Z (ઝેન ઝી) માં ફીટ નથી બેસતા, તો ચિંતા ના કરો! તમારી આ ‘અંકલ’ કે ‘આંટી’ ટાઇપની છાપ ભૂંસી નાખવા માટે આજે હું તમારા માટે લાવ્યો છુંઃ ‘ઝેન ઝી બનવાના ગુપ્ત કોડ્સ!’, જે તમારા કોડ એટલે કે ઈચ્છા પૂરી કરશે.

બસ, તો આ લેખ વાંચીને અમલમાં મૂકી દો, પછી જુઓ કમાલ! ૧૫ વર્ષનો છોકરો પણ તમને જોઈને કહેશેઃ ‘આ અંકલ નથી, આ તો એકદમ લિટ (Lit) છે!’

‘ગુજરાતી+ઈંગ્લિશ’નો ખીચડો કરો.’

ઝેન ઝી બનવાનો પહેલો નિયમ છે. તમારે ક્યારેય પણ પૂરા વાક્યો બોલવાના નથી. આ પેઢી પાસે સમય નથી (કેમ કે બધો સમય રીલ્સ જોવા-બનાવવામાં જતો રહે છે!). એટલે શબ્દો ટૂંકા કરો અને ટ્રેન્ડી બનાવો.

હવેથી તમારે કોઈ કામ બહુ સરસ લાગે તો ‘સરસ’ કે ‘ઉત્તમ’ નથી કહેવાનું. તમારે કહેવાનુંઃ ‘આ તો એકદમ ફ્લેમ (Flame) છે ભાઈ!’ કે પછી ‘ઈટ્સ સો સ્લે (Slay)!’


જો કોઈ તમારો મિત્ર બહુ ફેંકતો હોય, તો એને એમ ના કહેવાય કે ‘તૂ ખોટું બોલે છે.’ તમારે મોઢું બગાડીને કહેવાનુંઃ ‘નો કેપ (No Cap), બ્રો!’ અથવા ‘આ બધું કેપ (Cap) છે!’

તમારા જમાનામાં જેને ‘ચિંતા’ કે ‘ટેન્શન’ કહેતા, એને હવે ‘એંગ્ઝાઇટી (Anxiety) કહેવાય છે. અને જો કોઈ તમને નકામી શિખામણ આપે તો તરત કહી દેવાનુંઃ ‘પ્લીઝ બ્રો, તું મને ‘સોલ્ટી’ (Salty) ના બનાવ!’

લૂક અને ફેશન થોડા કેચી એટલે કે ન સમજાય તેવા રાખવા.

‘બાપાના જમાનાના કપડાં ફેશન બની ગયાં છે!’

અરે, હા! ઝેન-ઝી બનવા માટે કપડાંની પસંદગી બહુ મહત્ત્વની છે. ૯૦ના દાયકામાં




જે કપડાં આપણને ‘ઢીલાંઢાલાં’ કે ‘માપ વગરના’ લાગતા, એ જ આજે સૌથી મોટો ટ્રેન્ડ છે. એને આ લોકો ‘ઓવરઝાઇઝ્ડ (Oversized)’ ફેશન કહે છે!

**ટી-શર્ટઃ** તમારે એવા સાઈઝનું ટી-શર્ટ પહેરવાનું જેમાં તમારા જેવા બીજા બે માણસો સળંગ સમાઈ જાય! ટી-શર્ટના ખભા તમારા કોણી સુધી લટકતા હોવા જોઈએ.

**જીન્સ:** ‘સ્કિની જીન્સ’ પહેરવાનો અર્થ છે કે તમે મોહેં-જો-દડોના જમાનાના છો. ઝેન ઝી બનવું હોય તો ‘કાર્ગો’ કે ‘બગી પેન્ટ્સ’ પહેરો, જે નીચેથી બે-ત્રણ રસ્તા બુરી દે એટલા પહોળા હોય!

**સ્નિકર્સ (શૂઝ):** એટલે કે બૂટ તો એવા પહેરવાના જે જોઈને લાગે કે તમે મંગળ ગ્રહ પર ચાલવા જવાના છો. વજનમાં ભારે અને કદમાં હાથીના પગ જેવા!

**સોશ્યલ મીડિયાનો ‘રિચ્યુઅલ’ કોડઃ** જો તમે હજુ પણ ફેસબુક પર ‘Good Morning’ ના ફૂલોવાળા ફોટા મૂકો છો, તો માફ કરજો, તમે ઝેન-ઝી નથી પણ ‘જેન ઝીના દાદા’ છો!

**ઇન્સ્ટાગ્રામ જ સર્વસ્વ છે :** ઝેન ઝી લોકો ફેસબુકને ‘ઘરડાઓનું આશ્રમ’ માને છે. તમારે ફક્ત ઇન્સ્ટાગ્રામ પર જ રહેવાનું.

ડમ્પ (Dump) પોસ્ટ મૂકો. હવે તમારે સિંગલ ફોટો નથી મૂકવાનો. આખા અઠવાડિયામાં તમે જે જે નકામા ફોટા પાડ્યા હોય (જેમ કે અડધું ખાધેલું સમોસું, રસ્તા પરનું કૂતરું, કે ચશ્માં વગરનો સેલ્ફી), એ બધાનો ભેગો કરીને ‘સંડે ડમ્પ’ (Sunday Dump) કે ‘રેન્ડમ ડમ્પ’ કરીને કેપ્શન લખવાનું.....ફોટો ભલે સવારના ચા-ભજિયાનો હોય, પણ એની પાછળ વાગતું મ્યુઝિક કોઈ જાસૂસી હોલિવૂડ મુવીનું કે ઈંગ્લિશ રેપ હોવું જોઈએ. અર્થ બેસે કે ના બેસે, ‘વાઇબ’ બેસવી જોઈએ!

રિલેશનશિપ અને ડાયલોગ્સ બહુ અગત્યના છે. એ છે ‘સિચ્યુએશનશિપ’નો જાદુ!

અમારા જમાનામાં કાં તો દોસ્તી હોય, કાં સગાઈ હોય કે લગ્ન હોય. પણ ઝેન ઝી પાસે વચ્ચેનો એક રસ્તો છે.

જો તમે કોઈની સાથે ફરો છો પણ નક્કી નથી કે એ પ્રેમ છે કે નહીં, તો એને કહેવાય ‘સિચ્યુએશનશિપ’ (Situationship).

જો કોઈ તમને અચાનક મેસેજ કરવાનો બંધ કરી દે, તો એમ ના સમજતા કે એનો ફોન બગડ્યો છે. એણે તમને ‘ઘોસ્ટ’ (Ghost) કરી દીધા છે!

જો કોઈ તમને બહુ ઇમ્પ્રેસ કરી જાય, તો એ માણસ પાસે ‘રિઝ’ (Rizz - ચાર્મ/ આકર્ષણ) છે એવું માનવું! જો તમે શાકભાજીવાળા પાસેથી રૂ.૨૦માંથી૨રૂપિયા ઓછા કરાવી લો, તો તમારી પાસે પણ ‘બાર્ગેનિંગ રિઝ’ છે એવું કહી શકાય!

ઝેન ઝી બનવા માટે તમારો એટિટ્યુડ પણ બદલવો પડશે.

ક્યારેય બહુ ઉત્સાહ ન બતાવવો! જો તમને કોઈ લોટરી પણ લાગી જાય, તો તમારે બહુ કુદકા નથી મારવાના. બસ, ચશ્માં સરખા કરીને બોલવાનુંઃ ‘ઓહ નાઇસ, ડ્યુડ! ધેટ્સ કૂલ.’

તમારે વાતવાતમાં ‘આઈ એમ સો ડેડ (I'm so dead)’ બોલવું પડશે (જ્યારે તમને બહુ હસવું આવે ત્યારે). જો તમને કોઈ રમૂજી જોક સંભળાવે તો હસવાને બદલે કહેવાનુંઃ ‘આઈ એમ ડેડ, ભાઈ!’ સાંભળનાર ચમકી જશે કે આ જીવતો છે કે ભૂત, પણ એ જ તો ઝેન-ઝીનો રિયલ કોડ છે!

નો કેપ, ઓન્લી વાઇબ્સ! બાય બ્રો!

આટલું વાંચીને થાકી જવાય તો આવું વર્તન તો કેવું થકવાડે?! ■

### વિચારવાયુ

*૫૫ એ પહોંચેલાને પણ પડોસણ સ્માઈલ આપે એટલે દિલ -દિમાગ ઝેન્ઝી ઝેન્ઝી જ થઈ જાય.*

# ‘નીટ’ વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહી બદલ મોદી યુવાનોની માફી માગે: ઉદ્ધવ

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ‘નીટ’ વિરોધ પ્રદર્શન દરમિયાન નવી દિલ્હીમાં પોલીસ કાર્યવાહીનો સામનો કરનારા યુવાનો અને પેપર લીક બાદ આત્મહત્યા કરીને મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓના પરિવારોની માફી માગવી જોઈએ એમ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કહ્યું હતું.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ઉદ્ધવે જણાવ્યું હતું કે ‘જે રીતે વિદ્યાર્થીઓ પર ખીલી લગાડેલી લાકડીઓ, પેલીટ ગન અને ટિયર ગેસથી હુમલો કરવામાં આવ્યો હતો એ બદલ મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોની માફી માગવી જોઈએ....કેટલાક પુરુષ પોલીસે મહિલા દેખાવકારોના કપડાં ફાડી નાખ્યા હતા. પોલીસે જે કંઈ કર્યું એ ક્યારેય નહીં ભૂલાય. પેપર લીક પછી સરકાર જે સુધારા લાવ્યા હતા તે વિરોધ પ્રદર્શનો શરૂ થયા ત્યારે જ થઈ શક્યા હોત. સરકારને પાકિસ્તાન અને આતંકવાદીઓ સાથે વાત કરવામાં વાંધો નથી, પરંતુ દેશના ભવિષ્ય એવા યુવાનો સાથે વાત નથી કરવી.’ મોદીએ શુક્રવારે કહ્યું હતું કે ‘નીટ’ પરીક્ષાના કથિત ગોટાળા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન જંતર-મંતર પર તેમને અને તેમની સ્વર્ગસ્થ માતાને પણ અપશબ્દોનો ભોગ બનવું પડ્યું હતું. ■

# ઉદ્ધવ ઠાકરેના દાવાથી શિંદે જૂથમાં ખળભળાટ

મુંબઈઃ સર્વોચ્ચ અદાલત ધનુષ્ય-બાણનું ચિહ્ન આપણને જ આપશે અને જો નહીં મળે તો તેને ફ્રીઝ કરી દેવામાં આવશે, તેવો દાવો પૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ કર્યો હતો. તેમના આ દાવાને કારણે શિંદે જૂથમાં ભારે ખળભળાટ મચી ગયો હોવાની ચર્ચા છે. હવે સૌની નજર શિવસેના પક્ષ અને ચિહ્ન અંગેના અદાલતી કેસ પર ટકેલી છે. ઉદ્ધવ ઠાકરેએ શનિવારે પોતાના પક્ષના જિલ્લા પ્રમુખો, સંપર્ક પ્રમુખો અને વિધાનસભા પ્રમુખોની ઓનલાઈન બેઠક યોજી હતી. આ બેઠકમાં સંગઠનાત્મક વિષયોની સાથે સર્વોચ્ચ અદાલતમાં ચાલી રહેલા પક્ષ અને ચૂંટણી ચિહ્ન સંબંધિત કેસ પર પણ ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. બેઠક દરમિયાન ઠાકરેએ પણ સર્વોચ્ચ અદાલતમાં ચાલી રહેલી સુનાવણી અંગે હકારાત્મક વલણ વ્યક્ત કર્યું હતું અને પક્ષ તેમ જ ધનુષ્ય-બાણ ચૂંટણી ચિહ્ન બાબતે ન્યાય મળશે, તેવો વિશ્વાસ તેમણે પદાધિકારીઓ સમક્ષ વ્યક્ત કર્યો હતો. તેમજ, કોઈપણ સંજોગોમાં આ ચિહ્ન બીજા જૂથ પાસે જશે નહીં, જરૂર પડશે તો તેને ફ્રીઝ કરવામાં આવી શકે છે, એવું પણ તેમણે બેઠકમાં જણાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ■

# રાષ્ટ્રીય સુરક્ષામાં યોગદાન બદલ અજિત ડોભાલને લોકમાન્ય ટિળક રાષ્ટ્રીય પુરસ્કાર

## કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તે એનાયત કરાયો

પુણેઃ લોકમાન્ય બાળ ગંગાધર ટિળકની પુણ્યતિથિ નિમિત્તે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે પુણેમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલને લોકમાન્ય ટિળક રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કર્યો હતો. લોકમાન્ય તિલક સ્મારક ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ તેમની પસંદગી કરવામાં આવી હતી. ૮૧ વર્ષીય અજિત ડોભાલે મિઝોરમ, સિક્કિમ, પંજાબ અને જમ્મુ-કાશ્મીર જેવા સંવેદનશીલ વિસ્તારોમાં મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી છે. તેઓ ઈસ્લામાબાદ અને લંડનમાં ભારતીય મિશનમાં રાજદ્વારી ફરજો પણ સંભાળી ચૂક્યા છે. ભારતના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે તેમણે ભારત-ચીન સરહદ મુદ્દે વિશેષ પ્રતિનિધિ તરીકે કામ કર્યું છે. ઉપરાંત ડોકલામ વિવાદના રાજદ્વારી ઉકેલમાં પણ તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આ સન્માન સ્વીકાર્યા બાદ તેમણે દેશના યુવાનોને સંબોધતા રાષ્ટ્રહિતને સર્વોપરી રાખવાની, બલિદાનની ભાવના અપનાવવાની અને વિકસિત ભારતના નિર્માણમાં સક્રિય યોગદાન આપવાની અપીલ કરી.અજિત ડોભાલે જણાવ્યું કે ભારત આજે પોતાના ઇતિહાસના અત્યંત મહત્ત્વપૂર્ણ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. આવા સમયે દરેક નાગરિકે, ખાસ કરીને યુવાનોએ, દેશ પ્રત્યેની પોતાની જવાબદારી સમજવી જરૂરી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ‘‘દેશ પહેલા, બાકી બધું પછી’’ એ વિચારધારા સાથે આગળ વધવાથી જ વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકશે. ■

### ભારતની વિદેશ નીતિને મજબૂત બનાવવામાં ડોભાલનું મહત્ત્વનું યોગદાનઃ અમિત શાહ

પુણેઃ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલે ભારતની વિદેશ નીતિને મજબૂત બનાવવામાં મોટી ભૂમિકા ભજવી છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા માટે લેવામાં આવેલા દરેક નિર્ણયની પૃષ્ઠભૂમિમાં તેમની ‘ભૂમિકા અને સલાહ’ રહી છે એમ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે કહ્યું હતું. પુણેમાં ડોભાલને લોકમાન્ય ટિળક રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૨૬ અર્પણ કર્યા પછી એક કાર્યક્રમને સંબોધતા શાહે કહ્યું કે ભારત ટિળક દ્વારા કલ્પના કરાયેલ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના માર્ગ પર આગળ વધી રહ્યું છે અને એ માર્ગથી પાછા ફરવાનો સવાલ જ નથી. ૨૦૧૪માં પદ સંભાળ્યા પછી પીએમ મોદીએ પહેલું કામ અજિત ડોભાલને

નેશનલ સિક્યોરિટી એડવાઈઝર તરીકે નિયુક્ત કરવાનું કર્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાને એમ પણ જણાવ્યું હતું કે ’ભારતની વિદેશ નીતિને મજબૂત બનાવવામાં અજિત ડોભાલે પ્રમુખ ભૂમિકા ભજવી છે. ■

**અમિત શાહની પુણે મુલાકાત**

# કૉંગ્રેસ અને ભાજપના કાર્યકરો સામસામે

પુણેઃ શનિવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની પુણે મુલાકાત દરમિયાન કૉંગ્રેસ અને ભાજપના કાર્યકરોએ સામસામે વિરોધ પ્રદર્શન કર્યા હતા.

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના આંદોલન દરમિયાન વિદ્યાર્થી સામે પોલીસની કાર્યવાહીને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધવા માટે કૉંગ્રેસ અને વંચિત બહુજન આઘાડીના કાર્યકરો માર્કેટ યાર્ડના ઉત્સવ ચોક ખાતે એકઠા થયા હતા, બીજી તરફ ભાજપના કાર્યકરો કૉંગ્રેસ ભવન નજીક એકઠા થયા હતા અને અમિત શાહના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. યુથ કૉંગ્રેસના કેટલાક નેતાઓની રાતોરાત અટકાયત બાદ આ વિરોધ પ્રદર્શનો થયાં હતાં. પુણે શહેર કૉંગ્રેસ અધ્યક્ષ પ્રશાંત જગતાપે જણાવ્યું હતું કે, દિલ્હીમાં વિદ્યાર્થીઓ સામે પોલીસના ખોટા કેસ નોંધવામાં આવ્યા. ■




**‘ફ્રેન્ડશિપ ડે’:** મુંબઈના જેન-ઝી ચિત્રકારે નરેન્દ્ર મોદી, રાહુલ ગાંધી, અભિજિત દીપકેનું ચિત્ર બનાવી ‘ફ્રેન્ડશિપ ડે’નો સંદેશ આપ્યો હતો. (અમય ખરાડે).

# અંગત લાભને બદલે રાષ્ટ્રીય હિતને પ્રાધાન્ય આપવા ડોભાલની યુવાનોને વિનંતી

પુણેઃ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલે શનિવારે દેશના યુવાનોને રાષ્ટ્રીય હિત માટે પોતાને સંપૂર્ણપણે સમર્પિત કરવા અને અંગત લાભોથી ઉપર ઉઠવા હાકલ કરી, ભારતને એક મજબૂત રાષ્ટ્ર બનાવવા માટે સમક્ષ રહેલી અઢળક તકનો ભરપૂર ઉપયોગ કરવા વિનંતી કરી હતી. લોકમાન્ય ટિળક રાષ્ટ્રીય પુરસ્કાર ૨૦૨૬ પ્રાપ્ત કર્યા પછી એક સભાને સંબોધતા ડોભાલે કહ્યું કે યુવા પેઢીએ ફક્ત રાષ્ટ્રના હિતમાં જ કામ કરવાનો સંકલ્પ કરી સંકુચિત અને ટૂંકા ગાળાના લાભની અવગણના કરવી જોઈએ. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પુણેમાં ડોભાલને ટિળક સ્મારક ટ્રસ્ટ દ્વારા સ્થાપિત એવોર્ડ અર્પણ કર્યો હતો. ડોભાલે એમ પણ જણાવ્યું હતું કે ભારત ઇતિહાસના એક મહત્ત્વપૂર્ણ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને વર્તમાન તકને હાથમાંથી જવા દેવી જોઈએ નહીં. આપણા દેશના ઇતિહાસમાં અમાપ સંભાવનાઓ છે. એ સરકી જવા ન દેવાય. અત્યારે, આપણી પ્રાથમિકતા રાષ્ટ્રનું નિર્માણ કરવાની છે. ભારતના ભવિષ્યમાં વિશ્વાસ વ્યક્ત કરતા ડોભાલે કહ્યું હતું કે દેશ તેના મિશનમાં સફળ થશે અને તેના ઇતિહાસમાં એક નવો અધ્યાય લખશે. ■

**એન્ટિલિયા ધમકી કેસ**

# ભૂતપૂર્વ પોલીસ અધિકારી સચિન વાઝે અને પ્રદીપ શર્મા આરોપી સાબિત થયા

મુંબઈઃ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના દક્ષિણ મુંબઈ સ્થિત નિવાસસ્થાન ‘એન્ટિલિયા’ નજીક ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ વિસ્ફોટકોથી ભરેલી એક SUV મળી આવી હતી. આ SUV પોતાની પાસેથી ચોરાઈ હોવાનું જણાવનાર વેપારી મનસુખ હિરેનનો મૃતદેહ ૫ માર્ચ, ૨૦૨૧ના રોજ થાણેની એક ખાડીમાંથી મળી આવ્યો હતો. મુંબઈની વિશેષ એનઆઈએ અદાલતે શનિવારે મનસુખ હિરેન હત્યા કેસમાં ભૂતપૂર્વ પોલીસ અધિકારી સચિન વાઝે અને પ્રદીપ શર્મા તથા અન્ય ૧૦ આરોપીઓની વિરુદ્ધ આરોપ સાબિત કરવામાં આવ્યા હતા. આરોપીઓ હવે ભારતીય દંડ સહિતા હેઠળ હત્યા સહિતના ગુનાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, ગુનાઓ અધિનિયમ હેઠળ સબંધિત કલમોની હેઠળ ટ્રાયલનો સામનો કરશે. થોડા દિવસો બાદ સચિન વાઝેની ધરપકડ કરવામાં આવી હતી. એન્ટિલિયા નજીક વિસ્ફોટકો ભરેલી SUV પાર્ક કરવામાં વાઝેની મુખ્ય ભૂમિકા હતી. એજન્સીનો આરોપ છે કે તેનો હેતુ ધનિક લોકોને ભયભીત કરીને ખંડણી ઉઘરાવવાનો હતો, જેથી એક ઉચ્ચ પદસ્થ રાજકીય વ્યક્તિએ નક્કી કરેલા કથિત દર મહિને ૧૦૦ કરોડ રૂપિયાના લક્ષ્યને પૂર્ણ કરી શકાય. ■

# મુંબઈમાં વરસાદની ગેરહાજરીમાં ગરમી અને ઉકળાટ વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ઘણા દિવસોથી છૂટાછવાયા હળવા વરસાદના ઝાપટાં પડી રહ્યાં હોવાથી દિવસ દરમ્યાન ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધી ગયું હોવાનું જણાઈ રહ્યું છે. ભારતીય હવામાન વિભાગે પણ મુંબઈમાં પહેલી ઑગસ્ટથી ચાર સુધી મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં કોઈ નોંધપાત્ર વરસાદની આગાહી કરી નથી. મુંબઈમાં શનિવારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી અને કોલાબામાં ૩૦.૯ ડિગ્રી નોંધાયું હતું. મુંબઈમાં શનિવારે સવારે આઠ વાગ્યે પૂરા થતા ૨૪ કલાકમાં મુંબઈમાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો હતો, જેમાં શહેરમાં સૌથી વધુ સરેરાશ ૩૨.૦૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ પૂર્વ ઉપનગરમાં ૧૧.૩૪ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૭.૧૬ મિ.મી. નોંધાયો હતો. મુંબઈમાં અત્યાર સુધી ચાલુ મોસમનો સરેરાશ ૭૭.૩૮ ટકા વરસાદ પડી ચૂક્યો છે.

હવામાન નિષ્ણાતોના કહેવા મુજબ અલ નિનોની અસર હેઠળ ઑગસ્ટ અને સપ્ટેબરમાં વરસાદ પ્રમાણમાં ઓછો પડવાની શકયતા છે ત્યારે હવામાન વિભાગે મુંબઈ, થાણે અને પાલઘર માટે કોઈ વરસાદની ચેતવણી જારી ન કરતાં આગામી થોડા દિવસોમાં શહેરમાં લાંબા સમય સુધી સૂકું વાતાવરણ જોવા મળે તેવી શક્યતા છે. જોકે એકાદ-બે હળવા વરસાદના ઝાપટાં પડી શકે છે. હાલ સમય દરમ્યાન ફક્ત રાયગડને બે ઓગસ્ટ માટે યલો એલર્ટ હેઠળ મૂકવામાં આવ્યું છે. ■

## ઝાડ તૂટી પડતાં બે મહિલા જખમી

મુંબઈમાં ઝાડ તૂટી પડવાનું સતત ચાલી જ રહ્યું છે. શુક્રવારે સવારના દાદર(પશ્ચિમ)માં સિદ્ધિવિનાયક મંદિરની પાછળ શંકર ઘાણેકર રોડ પર ગાડી પર ઝાડ તૂટી પડતા એક સિનિયર સિટીઝન મહિલા સહિત બે જખમી થયા હતા. તેમના પર દક્ષિણ મુંબઈની ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જખમીમાં ૬૪ વર્ષના જાસ્મિના પારેખ અને ૩૪ વર્ષના રવિ ડકેરાનો સમાવેશ થાય છે. ■



**સમારકામઃ** મુંબઈના પ્રથમ ભૂમિ આધારિત કેબલ સ્ટેડ રોડ ઓવરબ્રિજ, રે રોડ કેબલ બ્રિજની સાઇડની દીવાલનું ચાલી રહેલું સમારકામ. (અમય ખરાડે).

# મુંબઈમાં કચરાના સંવેદનશીલ ઠેકાણે સીસીટીવીથી નજર

## કચરો ફેંકનારા સામે દંડાત્મક કાર્યવાહી થશે

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટે તાજેતરમાં આપેલા નિર્દેશની પાર્શ્વભૂમિમાં મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈને સ્વચ્છ રાખવા અને સાર્વજનિક જગ્યા પર ખુલ્લામાં કચરો ફેંકવા પર પ્રતિબંધ મૂકવાની સાથે જ કચરાના સંવેદનશીલ સ્થળોનું કાયમસ્વરૂપી નિર્મૂલન કરવા માટે અનેક ઉપાયયોજના હાથ ધરી છે, જે અંતગર્ત બજાર, મહત્ત્વના રસ્તા, ફૂટપાથ, સાર્વજનિક સ્થળો, પ્લોટ, દરિયા કિનારા, નાળા અને અન્ય જળસ્રોત પરિસરમાં ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવવાનું છે. આ તમામ કચરાના સંવેદનશીલ સ્થળે સીસીટીવી કેમેરાથી નજર રાખીને કચરો ફેંકનારા પર દંડાત્મક કાર્યવાહી કરવાનો નિર્દેશ પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ આપ્યો છે. હાઈ કોર્ટે શુક્રવારે ઘનકચરા વ્યવસ્થાપન વિષયમાં આપેલા નિર્દેશ મુજબ શનિવારે પાલિકા કમિશનરે પાલિકા મુખ્યાલયમાં બેઠક યોજી હતી. ■

# ખેડૂતોની પાક વીમા યોજના ૧૦ ઑગસ્ટ સુધી લંબાવવામાં આવી

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ નોંધણી માટેની છેલ્લી તારીખ ૩૧ જુલાઈથી વધારીને ૧૦ ઓગસ્ટ કરી છે, આ યોજનામાં અત્યાર સુધીમાં ૬૧.૮૨ લાખ ખેડૂત નોંધણી થઈ હોવાનું કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણેએ શનિવારે જણાવ્યું હતું. એક નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે કેટલાક ખેડૂતો ટેકનિકલ સમસ્યાઓ, બાકી દસ્તાવેજો અને અન્ય વ્યક્તિગત કારણોસર નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી શક્યા ન હોવાથી આ મુદત લંબાવવામાં આવી હતી. ■

# મહાયુતિમાં ખટરાગ?

મુંબઈઃ ભાજપ નેતા પ્રવીણ દરેકરે વિવિધ રાજકીય વિષયો પર વાત કરતા વિરોધ પક્ષો તેમજ પોતાના જ ગઠબંધનના નેતાઓ પર નિશાન સાધ્યું હતું. નીટ પેપર લીક મુદ્દે ભાજપના સાથી પક્ષ, શિંદે જૂથના સંજય શિરસાટ અને બચ્ચુ કડુ, સરકાર વિરોધી આંદોલન કરનાર અભિજીત દીપકે તરફ ઝુકાવ ધરાવતા જોવા મળ્યા હતા. સાથી પક્ષોના આ બદલાયેલા વલણ પર પ્રવીણ દરેકરે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. ■

# ભિવંડીની જોખમી ઈમારતોનાં વીજ અને પાણી જોડાણ કાપવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભિવંડીઃ ભિવંડીમાં ગુરુવારે મોડી રાતે બાલાજી નગરમાં ગ્રાઉન્ડ પ્લસ ચાર માળની તૂટી પડેલી ઈમારતે ૧૦નો ભોગ લીધા બાદ શનિવારે ભિવંડીના મેયરે શહેરમાં રહેલી તમામ જોખમી ઈમારતના વીજ અને પાણીના જોડાણ ખંડિત કરવાનો તથા આ ઈમારતોને ઝડપથી ખાલી કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. શનિવારે ભિવંડી-નિઝામપૂર શહેર મહાનગરપાલિકાના મેયર નારાયણરતન ચૌધરીએ છ વર્ષ પહેલા પાલિકા દ્વારા જોખમી જાહેર કરવામાં આવેલી અને ગુરુવાર રાતના તૂટી પડેલી કોહિનૂર ઈમારતની દુર્ઘટનાના પાર્શ્વભૂમિ પર શનિવારે ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ રિવ્યૂ બેઠક યોજી હતી. બેઠકમાં ડેપ્યુટી કમિશનર ( અનધિકૃત બાંધકામ) વિક્રમ દરાડેએ માહિતી આપતા જણાવ્યું હતું કે પાલિકાની હદમાં આવતી શહેરમાં ૨૩૮ ઈમારત સી-વન શ્રેણી (અત્યંત જોખમી)માં આવે છે, જેને તાત્કાલિક તોડી પાડવી જોઈએ. તો સી-ટૂએ શ્રેણીમાં ૮૩૬ ઈમારત (જોખમી - મોટું સમારકામ અને તાત્કાલિક ખાલી કરવાની) આવે છે. આ બેઠક મેયરે તમામ જોખમી અને અતિ જોખમી ઈમારતો બાબતે અહેવાલ લીધો હતો. એ બાદ તેમણે શહેરમાં સી-વન શ્રેણીમાં આવતી જોખમી ૨૩૮ અને સી-ટૂએમાં આવતી ૮૩૬ બિલ્ડિંગના નળ અને વીજળીના જોડાણ ખંડિત કરીને તેને તાત્કાલિક ખાલી કરાવવાનો નિર્દેશ આપ્યો હતો. ■

# લોકમાન્ય ટિળકની પુણ્યતિથિ નિમિત્તે થાણેમાં ભવ્ય છબીનું લોકાર્પણ

## નવી પેઢીને અપાયો રાષ્ટ્રપ્રેમનો સંદેશ

થાણેઃ લોકમાન્ય બાળ ગંગાધર ટિળકની પુણ્યતિથિ નિમિત્તે શનિવારે થાણેમાં તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ચરાઈસ્થિત લોકમાન્ય ટિળક ચોક ખાતે ભવ્ય છબી અને સૌંદર્યીકરણ પ્રકલ્પનું લોકાર્પણ કરવામાં આવ્યું. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના માર્ગદર્શન હેઠળ સાકાર થયેલા આ પ્રકલ્પનું ઉદ્ઘાટન સાંસદ નરેશ મહસ્કેએ કર્યું હતું. કાર્યક્રમમાં મેયર શર્મિલા પિમ્પલોળકર અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યાં હતાં.

લોકોને સંબોધિત કરતાં નરેશ મહસ્કેએ જણાવ્યું હતું કે લોકમાન્ય ટિળકે એક સમય આ વિસ્તારમાં અનેક પ્રેરણાદાયી ભાષણો આપ્યાં હતાં અને આ સ્થળ તેમના વિચારો સાથે ઐતિહાસિક રીતે જોડાયેલું છે. તેમણે કહ્યું કે તક્નિકી મંજૂરી સંબંધિત મર્યાદાઓને કારણે અહીં પ્રતિમા સ્થાપિત કરવાને બદલે ભવ્ય છબી તૈયાર કરવામાં આવી છે, જે લોકમાન્ય તિળકના વ્યક્તિત્વ અને કાર્યને જીવંત રીતે રજૂ કરે છે.

સૌંદર્યીકરણ પ્રકલ્પ અંતર્ગત લોકમાન્ય તિળક ચોકનું પણ નવનિર્માણ કરાયું છે. ■

# મુંબઈમાં કોઈપણ ગેરકાયદે બાંધકામને કાયદેસરનું કરવામાં આવશે નહીં: કમિશનર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની સ્કૂલ, હૉસ્પિટલો, રેલવે સ્ટેશન, મેટ્રો સ્ટેશન, બસ સ્ટોપ અને બજાર જેવા સ્થળો પર રહેલી ફૂટપાથ પરના તમામ પ્રકારના અતિક્રમણ તાત્કાલિક દૂર કરીને રાહદારીઓને ચાલવા યોગ્ય બનાવવાનો પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. શનિવારે પાલિકા મુખ્યાલયમાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં તમામ આસિસ્ટન્ટ કમિશનરોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે મુંબઈમાં કોઈ પણ સ્થળે રહેલા અનધિકૃત બાંધકામો દૂર કરવામાં આવે અને અનધિકૃત બાંધકામોને કોઈપણ સંજોગોમાં કાયદેસરના કરવાનો પ્રયાસ કરવો નહીં. મુંબઈની ફૂટપાથો પર મોટા પ્રમાણમાં અતિક્રમણ થઈ ગયા હોવાથી રાહદારીઓને ચાલવા માટે જગ્યા રહેતી નથી. ખાલી અને સારી ફૂટપાથ એ સારા શહેરનો વૈભવ છે. મુંબઈના લગભગ ૫૦ ટકા નાગરિકો તેમની રોજિંદી મુસાફરી ચાલીને કરે છે. ■

# સુપ્રિયા સુળેએ પરીક્ષાની ગેરરીતિમાં ‘એસઆઈટી’ તપાસની માગ કરી

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં નેતા સુપ્રિયા સુળેએ શનિવારે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિઓ અને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ બળના ઉપયોગ સંદર્ભે ચોક્કસ સમય મર્યાદામાં એસઆઈટી તપાસની માગ કરી હતી.

આ સિવાય શિક્ષણ પ્રણાલીમાં સુધારાની ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક અથવા સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) બોલાવવાની હાકલ પણ તેમણે કરી હતી.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સુળેએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં વધતી જતી અશાંતિ ગંભીર ચિંતાનો વિષય છે અને પરીક્ષાની ગેરરીતિનો ભોગ બનેલા પ્રભાવિત લોકોને ન્યાય મળવો જોઈએ.

તેમનું કહેવું હતું કે ‘કોઈ દેશની યુવા પેઢી પરેશાન થાય એ ચિંતાનો વિષય છે. અમે રાજકારણ નથી કરી રહ્યાં. અમે બાળકો માટે ન્યાય અને પારદર્શક પરીક્ષાઓ ઇચ્છીએ છીએ. સંસદમાં પસાર થયેલા નવા પેપર લીક વિરોધી ખરડાથી કોઈ સંતુષ્ટ નથી.

જાહેર પરીક્ષા (ગેરરીતિ નિવારણ) સુધારો ખરડો, ૨૦૨૬ આ અઠવાડિયાની શરૂઆતમાં સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યો હતો આ ખરડામાં કડક સજાની દરખાસ્ત કરવામાં આવી છે, જેમાં ઓછામાં ઓછી પાંચ વર્ષ અને મહત્તમ ૧૦ વર્ષની જેલની સજા અને ૫૦ લાખ રૂપિયા સુધીના દંડનો સમાવેશ થાય છે. (પીટીઆઈ) ■

## દેશ વિદેશ

# પેટના બળે યુપીના મહોબાથી અમરનાથ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ પેટના બળે ચાલીને વાર્ષિક અમરનાથ યાત્રા પર નીકળેલા ઉત્તર પ્રદેશના એક શ્રદ્ધાળુએ કાઝીગુંડ પહોંચીને આ અસાધારણ તીર્થયાત્રાના ૪૧૫મા દિનની ઉજવણી કરી હતી.

આ શ્રદ્ધાળુ પગે ચાલવાને બદલે થર્મોકોલની ચાદર પર મોઢાના બળે સુઈને દંડવત યાત્રા કરી રહ્યો છે. ઉત્તર પ્રદેશના મહોબા જિલ્લાનો રહેવાસી સુનીલ છેલ્લા ૧૩ મહિનાથી અમરનાથ ગુફાની દંડવત યાત્રા કરી રહ્યો છે.

સુનીલ પગે ચાલવાને બદલે થર્મોકોલની ચાદર પર સૂતા સૂતા ધીરે ધીરે આગળ વધી રહ્યો છે. સુનીલ ભક્તિની આ અનોખી રીતે જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર હજારો તીર્થયાત્રીઓ અને યાત્રીઓનું ધ્યાન આકર્ષી રહ્યો છે.

કાઝીગુંડ પહોંચ્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં સુનીલે કહ્યું હતું કે બાબા અમરનાથના દિવ્ય આહ્‌વાન બાદ અમરનાથ યાત્રા શરૂ કરી હતી અને આ યાત્રા રાષ્ટ્રને સમર્પિત કરી છે.

તેણે કહ્યું હતું કે હું અમરનાથ તીર્થસ્થળની દંડવત યાત્રા પર નીકળ્યો છું અને આજે મારી આ યાત્રાનો ૪૧૫મો દિવસ છે. બાબા અમરનાથે મને બોલાવ્યો છે અને આપણા દેશ માટે હું આ યાત્રા કરી રહ્યો છું, એમ તેણે કહ્યું હતું.

સીએપીએફ, પોલીસ અને સેના મને સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે અને અમરનાથ ગુફાના દર્શન સુધી એ લોકો મને સહયોગ આપવાનું ચાલુ રાખશે એમ જણાવતાં સુનીલે કહ્યું હતું કે અમરનાથ ગુફા પહોંચ્યા બાદ હું દેશની શાંતિ, સમૃદ્ધિ અને ખુશહાલી માટે પ્રાર્થના કરીશ. કાશ્મીરના લોકોના આતિથ્ય સત્કારની પ્રશંસા કરતા તેણે કહ્યું હતું કે કાશ્મીર ખીણ પ્રદેશમાં યાત્રા દરમિયાન મને તેમનો સંપૂર્ણ સહકાર મળ્યો હતો. ■

# ઓમર અબ્દુલ્લાના છૂટાછેડાને સુપ્રીમ કોર્ટની મંજૂરી

નવી દિલ્હીઃ જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાની અલગ રહેતી પત્ની સાથેના છૂટાછેડાને સુપ્રીમ કોર્ટે શુક્રવારે મંજૂરી આપી હતી.

આ બંનેએ પરસ્પર એકમેકની સ્વતંત્રતા સ્વીકારી લઈ સમાધાન કરી લીધું હોવાની બાબતની સુપ્રીમ કોર્ટે નોંધ લીધી હતી.

નેશનલ કોંગ્રેસના નેતા ઓમર અબ્દુલ્લા વતી કોર્ટમાં હાજર રહેલી વરિષ્ઠ વકીલ કપિલ સિબલ રજૂઆતની કોર્ટે નોંધ લીધી હતી.

કપિલ સિબલે જણાવ્યું હતું કે બંને પક્ષે સમાધાન કરી લીધું છે અને લગ્ન વિચ્છેદની માગણી કરી હોવાને કારણે બંધારણની કલમ ૧૪૨ અંતર્ગત અરજી દાખલ કરવામાં આવી હતી. ન્યાયાધીશ પી. એસ. નરસિંહા અને આલોક આરાધેની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે આ બાબતને અમે અમારા આદેશનો હિસ્સો બનાવીશું અને તે મુજબ ઔપચારિક આદેશ આપી અરજીનો નિકાલ કરીશું.

સિબલે કહ્યું હતું કે બંને પક્ષે સ્વતંત્રતા સ્વીકારી લીધી છે અને સમગ્ર મામલો સમાધાનથી ઉકેલવામાં આવ્યો છે. બંધારણની કલમ ૧૪૨ અંતર્ગત છૂટાછેડાની અરજી દાખલ કરવામાં આવી છે અને તમે તેને મંજૂરી આપી શકો છો.

જોકે ખંડપીઠે સવાલ કર્યો હતો કે આ અરજી રેકોર્ડ પર ક્યારે મુકવામાં આવી હતી?

અરજી બાવીસ જુલાઈએ દાખલ કરવામાં આવી હોવાનું સિબલે કોર્ટને જણાવ્યું હતું. (એજન્સી) ■

# રાજકોષીય ખાધ પહેલા ત્રિમાસિક ગાળામાં પૂર્ણ વર્ષના લક્ષ્યાંકના ૧૮.૨ ટકા

નવી દિલ્હી : આ કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (સીજીએ) દ્વારા શુક્રવારે જાહેર કરાયેલા આંકડા મુજબ, જૂનના અંતમાં કેન્દ્ર સરકારની રાજકોષીય ખાધ આખા વર્ષના લક્ષ્યાંકના ૧૮.૨ ટકા હતી. ગયા નાણાકીય વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં ખાધ ૨૦૨૫-૨૬ના બજેટ અંદાજ (બીઇ)ના ૧૭.૯ ટકા હતી.

૨૦૨૬-૨૭ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન સમયગાળામાં રાજકોષીય ખાધ, અથવા સરકારના ખર્ચ અને આવક વચ્ચેનો તફાવત, ૩,૦૭,૮૩૩ કરોડ રૂપિયા હતો. કેન્દ્રએ ચાલુ નાણાકીય વર્ષમાં જીડીપીના ૪.૩ ટકા અથવા ૧૬.૯૬ લાખ કરોડ રૂપિયાનો રાજકોષીય ખાધનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

સીજીએ મુજબ, જૂન ૨૦૨૬ સુધી, કેન્દ્રની ચોખ્ખી કર આવક ૬.૩૬ લાખ કરોડ રૂપિયા હતી, જે અનુરૂપ બીઇ ૨૦૨૬-૨૭ની કુલ આવકના ૨૨.૨ ટકા હતી.

ગત નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં, ચોખ્ખી કર આવક તે વર્ષના બીઇના ૧૯ ટકા હતી.

માસિક હિસાબોના ડેટા દર્શાવે છે કે પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન કુલ ખર્ચ ૧૩.૫૭ લાખ કરોડ રૂપિયા હતો, જે બીઇના ૨૫.૪ ટકા હતો. એક વર્ષ પહેલાના સમયગાળામાં, તે બીઇના ૨૪.૧ ટકા હતો. ■

# ભારત અને ભુતાને ૪,૦૦૦ કરોડ રૂપિયાના એલઓસી કરાર પર હસ્તાક્ષર કર્યા

થિમ્પુઃ ભારત અને ભૂતાને ઉચ્ચ સ્તરીય વાટાઘાટો દરમિયાન હિમાલયન દેશમાં નવી દિલ્હીના સહયોગથી ચાલી રહેલી વિકાસ પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી હતી.

તેમજ બંને દેશોએ ૪,૦૦૦ કરોડ રૂપિયાના કન્સેશનલ લાઇન ઓફ ક્રેડિટ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. તેમજ આરોગ્ય ક્ષેત્રમાં સહયોગનો વિસ્તાર કર્યો હતો.

ભૂતાનમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે ગુરૂવારે ભારત-ભૂતાન વિકાસ સહયોગ મુદ્દે પાંચમી વાતચીત યોજાઇ હતી. વિદેશ સચિવ વિક્રમ મિસરી અને તેમના ભૂતાન સમકક્ષ દાશો પેમા લેક્ટુપ દોરજીએ સંયુક્ત રીતે બેઠકની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠકમાં ભૂતાનની ૧૩મી પંચવર્ષીય યોજના હેઠળ પરિયોજનાઓના અમલ અંગે મુખ્યત્વે ચર્ચા કરવામાં આવી હતી. દૂતાવાસે જણાવ્યું કે બંને પક્ષોએ વિવિધ ક્ષેત્રોમાં ભારતના સહયોગથી ચાલી રહેલી પરિયોજનાઓની પ્રગતિ અને અમલીકરણની સ્થિતિની સમીક્ષા કરી હતી. ■

# શુભેન્દુ અધિકારીના સાથીની સુપારીઃ બે જણની ધરપકડ

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળના નેતા શુભેન્દુ અધિકારીના નજીકના સહયોગી ચંદ્રનાથ રથની હત્યાના કાવતરામાં સંડોવાયેલા બે મુખ્ય શકમંદોની સીબીઆઇએ ધરપકડ કરી છે. તેમજ રાજ્યમાં એક હરીફ રાજકીય પક્ષના પદાધિકારી સાથે તેમના સંભવિત સંબંધોનો પણ ખુલાસો થયો છે. આ જાણકારી અધિકારીઓએ શુક્રવારે આપી હતી.

ધરપકડ કરાયેલા આરોપીઓ બે ભાઇ છે. જેમની ઓળખ સાગર સોનકર અને સાહિબ સોનકર તરીકે થઇ છે. બંને રથ સાથે કામ કરતા હતા. અધિકારીઓનો આરોપ છે કે રથ સાથે કામ કરતી વખતે સાગર સોનકર લેન્ડલાઇન ફોન દ્વારા હરીફ રાજકીય પક્ષના કાર્યાલય સાથે નિયમિત સંપર્કમાં હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે આરોપીઓને શુક્રવારે કોલકાતાની વિશેષ અદાલતમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા હતી. અત્રે નોંધનીય છે કે છઠ્ઠી મેના રોજ ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના મધ્યમગ્રામ નજીક કારમાં મુસાફરી કરી રહેલા રથની મોટરસાઇકલ પર આવેલા હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી હતી.

અધિકારીઓના જણાવ્યા મુજબ એજન્સીએ સાગર અને હરીફ પક્ષ કાર્યાલય વચ્ચેના નિયમિત ફોન કોલ્સ પર ધ્યાન આપ્યું છે અને તે જે વ્યક્તિના સંપર્કમાં હતો તેની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે કહ્યું કે વધુ તપાસમાં સીબીઆઇને પૂરતા પુરાવા મળ્યા જેનાથી સાગરના રથની હત્યા કરવા માટે ભાડે રાખેલા શૂટરો સાથેના કથિત સંબંધોનો ખુલાસો થયો હતો. તેણે હત્યાને અંજામ આપવા માટે શૂટરોને કોન્ટ્રાક્ટ અને પૈસા આપ્યા હોવાનો આરોપ છે. ■

# ગાઝામાં હમાસને નિઃશસ્ત્ર કરવા અને ઇઝરાયલનાં લશ્કરને પાછા ખેંચવાની ડીલ થઈ

વોશિંગ્ટનઃ ગાઝા પટ્ટીમાં હમાસ પાસેથી હથિયારો લઈ લેવાની અને ઇઝરાયલનું લશ્કર પાછું તેના દેશમાં જતું રહે એનો કરાર થયો છે, એમ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ગુરુવારે કહ્યું હતું.

અમેરિકા પ્રેરિત નવ મહિના પહેલાંના યુદ્ધવિરામ બાદ વાઈટ હાઉસે આ મહત્ત્વની જાહેરાત કરી હતી. નવ મહિના પહેલાંના યુદ્ધવિરામના બીજા તબક્કાના અમલ કરવામાં અનેક મડાગાંઠ હતી. આ તબક્કામાં હમાસ હથિયારો છોડી દે અને ગાઝાના પુનર્વસવાટની વાત હતી.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર કહ્યું હતું કે આ કરારનો અમલ સાવચેતીપૂર્વક તબક્કાવાર કરવામાં આવશે. હમાસ તેનાં હથિયારો છોડી દેશે પછી ઇઝરાયલનાં લશ્કરી દળો ગાઝા છોડી દેશે. ઇન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ પેલેસ્ટાઈન પોલીસ ફોર્સ સાથે મળીને ગાઝાના રહેવાસીઓ અને પડોશીને સલામત રાખવાની જવાબદારી લેશે. ટ્રમ્પના વીસ મુદ્દાની શસ્ત્રવિરામ યોજના પ્રમાણે પહેલાં લડાયક જૂથ હમાસ હથિયારો શરણે કરી નાખશે અને તેની ટનલના વ્યાપક નેટવર્કને ખતમ કરશે. આમાં ઇઝરાયલના લશ્કરી દળો ગાઝા છોડે, નવી ટેક્નોલોજી રીતે સક્ષમ પેલેસ્ટાઈન સરકારની સ્થાપના, આંતરરાષ્ટ્રીય સુરક્ષા દળની તૈનાતી અને પેલેસ્ટાઈનના નવઘડતરની જોગવાઈનો સમાવેશ થાય છે. ટ્રમ્પે જાહેરાત કરી હતી કે આ કરાર ગાઝા યુદ્ધવિરામના સૌથી વિકટ તબક્કાને પાર પાડવા માટેનો છે. અમેરિકા અને ઇઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર હુમલો કર્યો હતો. ઇરાન હમાસનું મુખ્ય ટેકેદાર છે. હમાસના અધિકારીએ કહ્યુ હતું કે હથિયારો શરણે કરવા અંગે કરાર થયો છે, જ્યારે ઇઝરાયલે એવો સંકેત આપ્યો નહોતો કે તે આ કરાર સાથે સંમત છે. (એજન્સી) ■

# અપશબ્દો માટે માફી શેની?: ૨૦મી જુલાઇના દમનનો જવાબ આપવો પડશે : નેહા બોરા

નવી દિલ્હીઃ જંતર-મંતર ખાતે ૨૩ દિવસની ભૂખહડતાળ પર બેઠેલા ઓલ ઇન્ડિયા સ્ટૂડન્ટ્સ એસોસિએશન (એઆઇએસએ)ના પ્રમુખ નેહા બોરાએ કેન્દ્ર સરકાર વિરુદ્ધ અનેક આંદોલનકારીઓ દ્વારા અપશબ્દોનો ઉપયોગ કરવા બદલ થઇ રહેલી ટીકાઓ માટે માફી માંગવાનો કે તેમની નિંદા કરવાનો ઇનકાર કરી દીધો છે.

નેહા બોરાએ ટીકાકારો પર ૨૦ જુલાઇના રોજ કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન પેલેટ ગન અને પોલીસ દળના કથિત ઉપયોગથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરવાનો પણ આરોપ લગાવ્યો છે. તેમણે એક ઇન્ટરવ્યુમાં કહ્યું કે કેટલાક વિરોધીઓની ભાષાને લઇને ચાલી રહેલા વિવાદનો ઉપયોગ સંસદ માર્ચના દિવસે પોલીસ કાર્યવાહી માટે જવાબદારી નક્કી કરવાના મુદ્દાને નબળો પાડવા માટે કરવામાં આવી રહ્યો છે.

દિલ્હીમાં ૨૦ જુલાઇના રોજ પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરનારાઓ પર થયેલી કાર્યવાહીને લઇને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના રાજીનામાની માગ કરતાં એઆઇએસએ પ્રમુખ નેહા બોરાએ જણાવ્યું કે આ આંદોલન હવે એક મોટા અભિયાનમાં ફેરવાઇ ગયું છે, જે કથિત પોલીસ કાર્યવાહી માટે કેન્દ્ર પાસેથી જવાબદારીની માંગ કરી રહ્યું છે.

નેહાએ કહ્યું કે જવાબદારી અમિત શાહ અને પોલીસ કમિશ્નરની છે. જો કોઇને રાજીનામું આપવાનું છે કે બરતરફ કરવાના છે તો તે આ બે લોકો જ છે. અમારા માટે નીચલા સ્તરના અધિકારીને સસ્પેન્ડ કરવા પૂરતું નથી. વિરોધ પ્રદર્શન સમાપ્ત થયા બાદ અપશબ્દોનો ઉપયોગ કરનારા આંદોલનકારીઓના વીડિયોએ રાજકીય ધ્યાન ખેંચ્યું છે અને ઘણા લોકો સામે પોલીસ કાર્યવાહી પર કરવામાં આવી છે.

નેહાના મત મુજબ ભાષાને બદલે આંદોલનકારીઓને થયેલી ઇજાઓ અંગે વાત થવી જોઇએ. તેણીએ કહ્યું કે સૌ પ્રથમ તો હું તે લોકોની માફી માગુ છું જેઓ અમને આ અપમાનજનક કૃત્યની નિંદા કરવાનું કહી રહ્યા છે. અમે તમારી આ રમત નહીં રમીએ. તમે આ રમત એટલા માટે રમી રહ્યા છો કારણ કે અમે અમિત શાહ પાસેથી જવાબદારીની માંગ કરી રહ્યા છીએ. અમે પોલીસ કમિશ્નર પાસેથી જવાબદારી માગી રહ્યા છીએ. તમને લાગે છે કે વિદ્યાર્થીઓ પર પેલેટ ગનનો ઉપયોગ એક નાની બાબત છે અને રુચિકાનું નિવેદન એક મોટી સમસ્યા છે. ■

# પ્રીતિ પવારનો પાવરફુલ પંચઃ ભારતને અપાવ્યો ગોલ્ડ

ગ્લાસગોઃ ભારતની મુક્કાબાજ પ્રીતિ પવાર અહીં કૉમનવેલ્થ ગેમ્સમાં મહિલાઓના ૫૪ કિલો વર્ગમાં ચૅમ્પિયન બની છે. તેણે ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો છે. પ્રીતિ પવારે ફાઇનલમાં કૅનેડાની સ્કારલેટ ડેલ્ગેડોને એક પછી એક પંચ લગાવીને તેના પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું. પ્રીતિએ તેને એક પણ રાઉન્ડમાં નહોતી જીતવા દીધી અને તેને ૫-૦થી પરાસ્ત કરીને સુવર્ણચંદ્રક પર કબજો કર્યો હતો.

બાવીસ વર્ષની વર્લ્ડ નંબર-થ્રી પ્રીતિએ પ્રથમ રાઉન્ડથી જ સ્કારલેટ પર વર્ચસ્વ જમાવ્યું હતું. પ્રીતિએ તેના વળતા હુમલા સામે થોડા પૉઇન્ટ ગુમાવ્યા હતા, પરંતુ છેવટે રાઉન્ડને અંતે તમામ જજના એકમત હતા અને પ્રીતિને એ રાઉન્ડમાં ૧૦-૮થી વિજેતા જાહેર કરાઈ હતી.

બીજા રાઉન્ડમાં પ્રીતિએ એ જ દૃઢતા અને સકારાત્મકતા સાથે શરૂઆત કરી હતી અને સ્કારલેટને છેવટે બાકીના ચારેય રાઉન્ડમાં હરાવી દીધી હતી.

પ્રીતિએ સેમિ ફાઇનલ પણ ૫-૦થી જીતી હતી. એમાં તેણે ઝામ્બિયાની કૅથરિન ઍમ્વાપેને હરાવી દીધી હતી.



ભારતની પ્રીતિ પવાર (બ્લૂ ડ્રેસમાં) ચૅમ્પિયન બની હતી.

# ભારતની વર્લ્ડ ચૅમ્પિયન મુક્કાબાજ જૈસમિન હવે કૉમનવેલ્થ વિજેતા પણ બની



જૈસમિન (બ્લૂ ડ્રેસમાં) ૫૭ કિલો વર્ગમાં ગોલ્ડ જીતી હતી

ગ્લાસગોઃ ૨૩મી કૉમનવેલ્થ ગેમ્સના સમાપનને શનિવારે માંડ એક દિવસ બાકી હતો ત્યારે ભારતીય સંઘ પર ચંદ્રકોની વર્ષા થવા લાગી છે જેમાં મહિલાઓની બૉક્સિંગમાં પ્રીતિ પવાર પછી જૈસમિન લમ્બોરિયાએ પણ ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો છે. હરિયાણાની જૈસમિને ૫૭ કિલો વર્ગની ફાઇનલમાં નૉર્ધર્ન આયરલૅન્ડની માઇકેલા વૉલ્શને ૫-૦થી પરાસ્ત કરીને આ વર્ગમાં ચૅમ્પિયનપદ મેળવી લીધું હતું. જૈસમિન હાલમાં આ વર્ગની વર્લ્ડ ચૅમ્પિયન છે અને હવે તે કૉમનવેલ્થનો તાજ પણ જીતી છે. જૈસમિન સામે લડનાર નૉર્ધર્ન આયરલૅન્ડની માઇકેલા વૉલ્શ કૉમનવેલ્થની ડિફેન્ડિંગ ચૅમ્પિયન હતી. જોકે વિશ્વ વિજેતા જૈસમિન સામે તેનું કંઈ નહોતું ચાલ્યું. ■

## સાક્ષી અને પ્રિયાએ પણ સુવર્ણચંદ્રક અપાવ્યા

ભારતીય મહિલા બૉક્સરોએ દસમા દિવસે રંગ રાખ્યો હતો. સાક્ષી ચૌધરી ૫૧ કિલો વર્ગની ફાઇનલમાં ઇંગ્લૅન્ડની રુબી વાઇટને ૫-૦થી હરાવીને અને ૬૦ કિલો વર્ગમાં પ્રિયા ઘંઘસ કૅનેડાની મૅરી-બૅથોલ અલ-અહમદિયાને ૪-૧થી હરાવીને ગોલ્ડ મેડલ જીતી હતી. જૂડોમાં ભારતની ઉન્નતિ ૬૩ કિલો વર્ગમાં સાઉથ આફ્રિકાની સ્કયે કૉનેસ્ટરને હરાવીને બ્રૉન્ઝ મેડલ જીતી હતી. ■

# કૉમનવેલ્થમાં કોણે કેટલા મેડલ જીત્યા?: ભારત દસમા પરથી ચોથા સ્થાને આવ્યું

| રૅન્ક | દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રૉન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ઑસ્ટ્રેલિયા | ૬૧ | ૩૫ | ૪૭ | ૧૩૪ |
| ૨ | ઇંગ્લૅન્ડ | ૨૨ | ૩૭ | ૩૧ | ૯૦ |
| ૩ | કૅનેડા | ૧૮ | ૧૮ | ૨૧ | ૫૭ |
| ૪ | ભારત | ૧૧ | ૧૫ | ૮ | ૩૪ |
| ૫ | સ્કૉટલૅન્ડ | ૧૦ | ૮ | ૧૬ | ૩૪ |
| ૬ | નાઇજિરિયા | ૧૦ | ૬ | ૪ | ૨૦ |
| ૭ | ન્યૂ ઝીલૅન્ડ | ૯ | ૧૦ | ૮ | ૨૭ |
| ૮ | વેલ્સ | ૮ | ૧૦ | ૧૨ | ૩૦ |
| ૯ | જમૈકા | ૮ | ૩ | ૫ | ૧૬ |
| ૧૦ | સાઉથ આફ્રિકા | ૭ | ૯ | ૯ | ૨૫ |

(નોંધઃ તમામ આંકડા શનિવાર સાંજ સુધીના છે)

# ભાલાફેંકમાં નીરજને સિલ્વર, યશવીરને બ્રૉન્ઝ

## શ્રીલંકાનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર રુમેશ જીત્યો ગોલ્ડ

ગ્લાસગોઃ શુક્રવારે રાત્રે અહીં કૉમનવેલ્થ ગેમ્સમાં ભાલાફેંકની સ્પર્ધામાં ભારતનો નીરજ ચોપડા અસલ ફૉર્મમાં નહોતો અને ૯૦ મીટરની નજીક પણ નહોતો પહોંચી શક્યો જેને કારણે તેણે ગોલ્ડ મેડલ ગુમાવ્યો હતો અને રજત મેડલથી તેણે સંતોષ માનવો પડ્યો હતો. આખી સ્પર્ધામાં શ્રીલંકાના ગોલ્ડ-મેડલિસ્ટ રુમેશ થરંગા પથિરાગે પછી બીજા નંબરે સૌથી રોમાંચક પર્ફોર્મ કરનાર ભારતના યશવીર સિંહે બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો.

રુમેશ પથિરાગેના છ રાઉન્ડમાંથી પાંચ રાઉન્ડમાં ફાઉલ હતા (ક્ષતિ બદલ થ્રો રદ કરાયા હતા) અને એકમાત્ર સફળ થ્રોમાં તેણે ભાલો ૮૯.૭૫ મીટર દૂર ફેંક્યો હતો. તેનો એ થ્રો સર્વશ્રેષ્ઠ નીવડ્યો અને સુવર્ણચંદ્રક તેના કબજામાં આવ્યો હતો. નીરજે ૮૫.૮૩ના થ્રો સાથે સિલ્વર મેડલ અને યશવીર સિંહે ૮૫.૪૧ના થ્રો સાથે બ્રૉન્ઝ જીતી લીધો હતો. વર્લ્ડ ચૅમ્પિયન વૉલ્કૉટનો બેસ્ટ થ્રો ૮૨.૫૫ મીટર દૂર હતો અને તે છઠ્ઠા નંબરે રહ્યો હતો.

રુમેશ થરંગા પથિરાગે અંડર-૧૮ વર્ગની ક્રિકેટ રમતો ત્યારે તે ફાસ્ટ બોલર હતો. તે કલાકે ૧૩૦થી ૧૩૫ કિલોમીટરની ઝડપે બૉલ ફેંકતો હતો. એ સમયગાળા દરમ્યાન રુમેશને તેના કોચ ટૉની પ્રસન્નાએ ભાલાફેંકમાં કરીઅર બનાવવાની સલાહ આપી હતી. રુમેશે તેમની સલાહ માની લીધી હતી અને ભાલાફેંકમાં તાલીમ લેતો ગયો હતો. ■

# તેજસ્વિન ઘૂંટણના દુખાવા છતાં ઐતિહાસિક બ્રૉન્ઝ જીત્યો

ગ્લાસગોઃ કૉમનવેલ્થ ગેમ્સમાં બે દિવસ સુધી ચાલતી ૧૦ પ્રકારની હરીફાઈઓવાળી ડિકેથ્લોન નામની ઇવેન્ટમાં ભારતના તેજસ્વિન શંકરે ઘૂંટણના અસહ્ય દુખાવા છતાં મેડલ જીતીને રહ્યો હતો. તેણે ત્રીજા સ્થાન પર રહીને ભારતને બ્રૉન્ઝ મેડલ અપાવ્યો હતો. તે કૉમનવેલ્થમાં ડિકેથ્લોનની સ્પર્ધામાં ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય ઍથ્લીટ છે.

## ડિકેથ્લોનમાં કઈ ૧૦ હરીફાઈ હોય?

ડિકેથ્લોનમાં દરેક સ્પર્ધકે ૧૦ પ્રકારની અલગ અલગ હરીફાઈમાં સારું પર્ફોર્મ કરીને મેડલ માટે પૂરતા પૉઇન્ટ મેળવવા પડે છે. આ ૧૦ હરીફાઈ ક્રમાનુસાર આ મુજબ છેઃ (૧) ૧૦૦ મીટર દોડ (૨) લાંબો કૂદકો (૩) ગોળાફેંક (૪) ઊંચો કૂદકો (૫) ૪૦૦ મીટર (૬) ૧૧૦ મીટર વિઘ્ન દોડ (૭) ડિસ્કસ થ્રો (૮) વાંસ કૂદકો (૯) ભાલાફેંક (૧૦) ૧૫૦૦ મીટર દોડ.




તેજસ્વિને બે દિવસ સુધી ચાલેલી ડિકેથ્લોનમાં કુલ ૭,૯૭૬ પૉઇન્ટ મેળવ્યા હતા અને ત્રીજા સ્થાને રહેતાં બ્રૉન્ઝ જીત્યો હતો. ગ્રેનાડાના લિન્ડૉન વિક્ટર (૮,૦૯૬ પૉઇન્ટ) ગોલ્ડ મેડલ અને કૅનેડાનો ડેમિયન વૉર્નર (૮,૦૩૬ પૉઇન્ટ) સિલ્વર મેડલ જીત્યો હતો.

## હવે એશિયનમાં ગોલ્ડ જીતવો જ છે

તેજસ્વિન ૨૦૨૨ની ગઈ કૉમનવેલ્થમાં હાઇ જમ્પમાં બ્રૉન્ઝ મેડલ જીત્યો હતો. જોકે આ વખતે તેણે ઘૂંટણના દુખાવાને કારણે હાઇ જમ્પની હરીફાઈમાંથી નીકળી જવું પડ્યું હતું. જોકે તેણે મેડલ માટેની આશા નહોતી છોડી અને હિંમત કરીને ડિકેથ્લોનમાં તેણે ભાગ લીધો અને ચંદ્રક જીતીને રહ્યો. તેણે જીત્યા પછી કહ્યું, 'પરિસ્થિતિ સારી હોય કે વિપરીત, મારામાં જે સ્પર્ધાત્મક શક્તિ છે એ હું બરાબર જાણું છું. મને પડકાર ઝીલવા ગમે છે એટલે જ હું ઘૂંટણના દુખાવા છતાં ડિકેથ્લોનની હરીફાઈમાં ભાગ લેવા ઊતર્યો હતો. હવે હું પૂર્ણ ફિટનેસ પાછી મેળવીશ તથા સ્વાસ્થ્ય બરાબર જાળવીશ અને બે મહિના પછી જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં મારે ગમે એમ કરીને ગોલ્ડ મેડલ જીતવો છે.' ■

# સુરંગના ધડાકામાં પગ ગુમાવનાર સૈનિક રાણા ચૅમ્પિયન

ગ્લાસગોઃ કૉમનવેલ્થ ગેમ્સમાં દિવ્યાંગ ઍથ્લીટો માટેની ગોળાફેંકની હરીફાઈમાં ભારતનો સોમન રાણા ગોલ્ડ મેડલ જીત્યો છે, જ્યારે શનિવારની ટ્રિપલ જમ્પની અલગ ઇવેન્ટમાં પ્રવીણ ચિત્રાવેલે સિલ્વર મેડલ અને સેલ્વા પ્રભુ થિરુમારને બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો.

સોમન રાણા ભારતનો ભૂતપૂર્વ સૈનિક છે. તેણે વ્હિલચેરમાં બેસીને આ સ્પર્ધામાં ભાગ લેવા આવ્યો હતો અને એફ-૫૭ કૅટેગરીમાં ગોળો ૧૩.૪૦ મીટર દૂર ફેંક્યો હતો. તેનો આ થ્રો એ ઇવેન્ટના તમામ સ્પર્ધકોમાં સર્વશ્રેષ્ઠ હતો જે બદલ તેને ચૅમ્પિયન જાહેર કરવામાં આવ્યો હતો.

## બૉક્સરમાંથી ગોળાફેંકનો ઍથ્લીટ બન્યો

૪૩ વર્ષનો સોમન રાણા ભૂતકાળમાં રાષ્ટ્રીય સ્તરનો મુક્કાબાજ હતો અને તેણે મિડલવેઇટ વર્ગની ઘણી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. તેને બૉક્સિંગમાં કરીઅર બનાવવી હતી, પરંતુ કાશ્મીરમાં એક બનાવમાં ગયો હતો અને બ્લાસ્ટ થતાં તે ગંભીર રીતે ઈજા પામ્યો હતો. એ ઘટનામાં તેણે જમણો પગ ગુમાવ્યો હતો.




સુરંગના ધડાકામાં તેણે પગ ગુમાવ્યો હતો જેને કારણે તેના જીવનમાં અનિચ્છનીય પલટો આવી ગયો હતો. સોમન રાણા આતંકવાદીઓના હુમલા વચ્ચે એક સ્થળે ચોકી પહેરો કરી રહ્યો હતો ત્યારે જમીનની નીચે બિછાવવામાં આવેલી સુરંગ પર તેનો પગ પડી

જોકે ખેલકૂદમાં નાનપણથી નિપુણ સોમન હિંમત નહોતો હાર્યો અને તેણે દિવ્યાંગો માટેની ગોળાફેંક (પૅરા શૉટ પુટ)ની હરીફાઈઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું અને દેશ-વિદેશની અનેક સ્પર્ધાઓમાં ચંદ્રકો જીત્યો હતો. ૨૦૨૧માં તે વર્લ્ડ પૅરા ઍથ્લેટિક્સ ગ્રાં પ્રિમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

## ટ્રિપલ જમ્પમાં ભારતને બે ચંદ્રક

દરમ્યાન, શનિવારે સોમન રાણાવાળા એફ-૫૭ વર્ગમાં ભારતનો જ શુભમ જુયલ ગોળો ૧૩.૨૮ મીટર દૂર ફેંકીને બીજા નંબર પર રહ્યો હતો અને સિલ્વર મેડલ જીત્યો હતો. ટ્રિપલ જમ્પની હરીફાઈમાં ભારતનો પ્રવીણ ચિત્રાવેલ ૧૬.૫૮ મીટરના અંતર બદલ સિલ્વર મેડલ અને ભારતનો જ સેલ્વા પ્રભુ થિરુમારન ૧૬.૫૨ના અંતર બદલ બ્રૉન્ઝ જીત્યો હતો. ■

# વૈશ્ચિક સોનામાં ચમકારો આવ્યા બાદ ડૉલર મજબૂત થતાં પીછેહઠ છતાં માસિક ધોરણે પાંચ મહિના પછી ૧.૧ ટકાનો ઉછાળો

### બેતરફી વધઘટમાં સ્થાનિક સોનામાં અથડાઈ ગયેલી માગ, જ્વેલરોની થોભો અને રાહ જુઓની નીતિ

કોમોડિટી

રમેશ ગોહિલ

વીતેલા સપ્તાહના મધ્ય સુધી પશ્ચિમ એશિયાનો ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદે ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું.

જોકે, ત્યાર બાદ અમેરિકાએ ઈરાન પર અને ઈરાને અમેરિકાના સહયોગી દેશો પર હુમલાઓ ચાલુ રાખ્યા હોવાથી વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં વધારો થવાની અને અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા સોના અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હતો. જોકે, વૈશ્વિક સોનામાં પાંચ મહિનાના લાંબા સમયગાળા પછી અથવા તો ગત ફેબ્રુઆરી પછી પહેલી વખત ગત જુલાઈ મહિનામાં સોનાના ભાવમાં માસિક ધોરણે ૧.૧ ટકા જેટલો વધારો નોંધાયો હતો. વધુમાં ગત સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા. પરંતુ ફેડરલના અધ્યક્ષ કેવિન વાર્શે વધતા ફુગાવાને અંકુશમાં રાખવાની પ્રતિબદ્ધતા દાખવી હોવાથી આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી ભીતિ સપાટી પર આવી હતી.

આમ વૈશ્વિક બજારનાં બેતરફી વધઘટના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ગત સપ્તાહે બન્ને કિંમતી ધાતુઓના ભાવ બેતરફી વધઘટે અથડાઈ ગયા હતા. વધુમાં ગત સપ્તાહ દરમિયાન સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાપ્તાહિક ધોરણે ૧૧૦ પૈસા મજબૂત થયો હોવાથી સ્થાનિકમાં ખાસ કરીને સોનાની આયાત પડતરો ઘટી આવતા વિશ્વ બજારની સરખામણીમાં ભાવવધારો મર્યાદિત રહ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે સ્થાનિકમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૪મી જુલાઈના રૂ. ૧,૪૩,૭૮૧ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૪૪,૫૩૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૨,૨૯૧ અને ઉપરમાં રૂ. ૧,૪૪,૫૩૨ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૦.૬૪ ટકા અથવા તો રૂ. ૯૨૧ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૮૬૦ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના ભાવ આગલા સપ્તાહના અંતના કિલોદીઠ રૂ. ૨,૨૨,૭૨૧ના બંધ સામે રૂ. ૨,૨૪,૭૭૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૧૬,૫૬૬ અને ઉપરમાં રૂ. ૨,૨૪,૭૭૧ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે ૧.૯૮ ટકા અથવા તો રૂ. ૪૪૨૬ના ઘટાડા સાથે રૂ. ૨,૧૮,૨૯૫ના મથાળે રહ્યા હતા.



હાલને તબક્કે લગ્નસરાની મોસમ પૂરી થઈ ગઈ હોવાથી તેમ જ કોઈ તહેવારો પણ ન હોવાથી બન્ને કિંમતી ધાતુઓમાં રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતી હોવાથી જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. આમ એકંદરે જ્વેલરી ઉત્પાદકોની માગ પણ નિરસ રહેતી હોવાથી ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેમ જ રોકાણકારોએ હાલમાં નવી ખરીદી માટે થોભો અને રાહ જૂઓની નીતિ અપનાવી હોવાનું જ્વેલરોએ જણાવ્યું હતું.

જોકે, વૈશ્વિક બજાર પાછળ ચાંદીમાં પણ બેતરફી વધઘટને ધ્યાનમાં લેતા ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી રહી હતી. પ્રાપ્ત અહેવાલ અનુસાર ચાંદીના ભાવમાં થતી બેતરફી વધઘટને ધ્યાનમાં લેતા ચીનના બજાર નિયામકોએ સોલાર કપંનીઓને સ્પર્ધાત્મકતાનો પ્રતિકાર કરવા અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ચાંદીનો ઉપયોગ સોલાર ઉદ્યોગમાં ખાસ કરીને સોલાર ફોટેવોલ્ટેઈક પેનલનાં મુખ્ય કાચા માલ તરીકે થાય છે.

એકંદરે વિશ્વ બજારમાં ગત સપ્તાહનો અંત સાપ્તાહિક ધોરણે સાધારણ ઘટાડા સાથે અને ચાંદીના ભાવમાં ૧.૫ ટકા અસપાસના ઘટાડા સાથે થયો હતો. તેમાં પણ ખાસ કરીને સોનામાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને રોકાણકારોએ નફો ગાંઠે બાંધ્યો હોવા છતાં માસિક ધોરણે ભાવમાં ૧.૧ ટકા જટેલી વૃદ્ધિ દાખવી છે અને ભાવ મહત્ત્વની ટેકાની ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર આસપાસની સપાટી આસપાસ રહ્યા હતા.

વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વે ગત સપ્તાહની બે દિવસીય નીતિવિષયક બેઠકનાં અંતે વ્યાજદર જાળવી રાખ્યા હતા, પરંતુ ભવિષ્યની નીતિ અંગે અધ્યક્ષ કેવિન વાર્શે મર્યાદિત માર્ગદર્શન આપ્યું હોવાથી હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરે તેવી ૬૫ ટકા શક્યતા મૂકી રહ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે આગામી સપ્તાહમાં સોનાચાંદીના ભાવની વધઘટ મુખ્યત્વે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવની સ્થિતિ અને ક્રૂડતેલના ભાવની વધઘટ પર અવલંબિત રહેશે.

જોકે, ઈજિપ્તના દામિએટા બંદર નજીક થયેલા તાજેતરનાં ડ્રોન હુમલાઓએ સુએઝ કેનાલ મારફતે થતાં શિપિંગ અંગે નવી ચિંતાઓ ઊભી કરી છે અને તેને કારણે વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાનો ઉમેરો થયો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૪૨૫૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે વૈશ્વિક ચાંદીના ભાવ ઔંસદીઠ ૫૪થી ૬૦ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા છે.

વધુમાં સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૩૯,૫૦૦થી ૧,૪૪,૬૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ રૂ. ૧,૯૯,૦૦૦થી ૨,૨૦,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકા ઘટીને ૪૦૪૯.૮૩ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૩ ટકાના ઘટાડા સાથે ૪૧૦૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૧ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૫૭.૭૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના જૂન મહિનાના ફુગાવામાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ જોવા મળી હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરવામાં ઉતાવળ નહીં કરે એવો આશાવાદ સપાટી પર આવ્યો હોવાથી તેમ જ અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધ અટકતાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થયો હોવાથી મહિનાના મધ્ય સુધીમાં સોનામાં સુધારો જોવા મળ્યો હતો. તેમ છતાં હાલના તબક્કે વૈશ્વિક સોનાને ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર આસપાસની સપાટીએ મજબૂત ટેકો મળી રહ્યો હોવાનું બાયબીટનાં વિશ્લેષક હેન તેને જણાવ્યું હતું.

# વિદેશી હૂંડિયામણની આવકમાં ૬.૧૨ અબજ ડૉલરનો વધારો

મુંબઈ: ગત ૨૪મી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૬.૧૧૮ અબજ ડૉલર વધીને ૬૮૨.૩૫૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧.૦૮ અબજ ડૉલર વધીને ૬૭૬.૨૩૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.



અત્રે નોંધનીય બાબત એ છે કે ગત ૨૭મી ફેબ્રુઆરીના રોજ દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકા અને ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર અને ઈરાને ઈઝરાયલ તથા અમેરિકાના સહયોગી અખાતી દેશો પર હુમલાઓ કરતાં વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા. તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાનું થતું ધોવાણ ખાળવા માટે સમયાંતરે હાજર બજારમાં રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેતાં વિદેશી હૂંડિયામણની અનામતમાં ક્રમશ ઘટાડો થતો રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતોમાં સૌથી વધુ હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪.૮૭૩ અબજ ડૉલર વધીને ૫૫૫.૯૨૯ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૧.૩૦૮ અબજ ડૉલર વધીને ૧૦૩.૦૫૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૫.૩ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૧૭ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૧ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૪.૭૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# નિરસ વેપારે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

### સરકારે ટૅરિફ વૅલ્યૂ વધારતાં અસરકારક જકાતમાં વધારો

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૨૩ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહનો અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં દેશી અને આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે મોડી સાંજે સરકારે આયાતી તેલની ટૅરિફ વૅલ્યૂમાં વધારો કરતાં અસરકારક જકાત વધી આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સરકારે ટનદીઠ ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યૂ જે ૧૨૦૩ ડૉલર હતી તે વધારીને ૧૨૧૧ ડૉલર, આરબીડી ઓલિનની ટૅરિફ વૅલ્યૂ જે ૧૨૨૪ ડૉલર હતી તે વધારીને ૧૨૨૫ ડૉલર અને ક્રૂડ ડિગમ સોયાબીન તેલની ટૅરિફ જે ૧૨૩૮ ડૉલર હતી તે વધારીને ૧૨૫૫ ડૉલર કરતાં અસરકારક જકાતમાં અનુક્રમે રૂ. ૧૨૯નો, રૂ. ૩૫નો અને રૂ. ૨૭૨નો વધારો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૦ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૫૫, એવીઆઈના આરબીડી પામોલિનના વાર ટૂ વાર ધોરણે રૂ. ૧૪૬૦ અને ૧૦થી ૨૦ ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૬૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારોનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૮૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા તેમ જ આજે ગોંડલનાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૬૭૫થી ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૧૦ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦થી ૧૬૫૫ના મથાળે રહ્યા હતા, જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, સન રિફાઈન્ડ અને સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૫ અને સરસવના રૂ. ૧૭૪૦ના મથાળે ટકેલા રહ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ખાંડમાં ₹ ૧૧૦થી ૧૫૪નો ઝડપી ઉછાળા સાથે ઑગસ્ટ મહિનાનો આરંભ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સામાન્યપણે દેશમાં ઑગસ્ટ મહિનામાં તહેવારો વધુ આવતા હોય છે અને આ વખતે સરકારે ઑગસ્ટ મહિનાના મુક્ત વેચાણ માટે બજારની અપેક્ષા કરતાં ઓછા ૨૨.૫૦ લાખ ટન ખાંડના ક્વૉટાની જાહેરાત કરી હોવાથી આજે મહિનાના આરંભે હાજરમાં ખાંડના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧૦થી ૧૫૪નો ઝડપી ઉછાળો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૬૫થી ૨૨૦ની આગઝરતી તેજી આવી હતી. જોકે, ગઈકાલે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૫૦થી ૪૪૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, ઓછા ક્વૉટાની ભીતિ હેઠળ આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫૪ અને ઉપલા મથાળેથી રૂ. ૧૧૦ વધીને રૂ. ૪૬૫૬થી ૪૬૮૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨૬ અને ઉપલા મથાળેથી રૂ. ૧૧૦ વધીને રૂ. ૪૭૫૨થી ૪૮૭૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે મથકો પર ભાવ વધી આવ્યાની શક્યતા ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પ્રબળ રહેતાં નાકા ડિલિવરી ધોરણે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૬૫થી ૧૭૫ની તેજી સાથે રૂ. ૪૬૦૦થી ૪૬૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૮૫થી ૨૨૦ની તેજી સાથે રૂ. ૪૭૦૦થી ૪૮૦૦માં ગુણવત્તાનુસાર થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પાંખાં કામકાજો વચ્ચે ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે એકંદરે કામકાજો પાંખાં રહેતાં વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં ખાસ કરીને ટીન, નિકલ, લીડ ઈન્ગોટ્સ અને કોપર વાયરબારમાં નિરસ માગે કિલોદીઠ રૂ. એકથી સાતનો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપરની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં નિરસ કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૨૮, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ.ત્રણ વધીને રૂ. ૩૯૦, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૩૧૭ અને રૂ. ૧૩૦૪ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે અનુક્રમે રૂ. ૧૨૨૦ અને રૂ. ૩૪૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૫૪૬૯, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૬૮૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૪૦૧ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૦૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૩૫, રૂ. ૮૫૦ અને રૂ. ૩૧૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# આકારણી વર્ષ ૨૦૨૭ માટેના ૫.૯ કરોડ કરતાં વધુ આવકવેરાના રિટર્ન ફાઈલ થયા

નવી દિલ્હી: ગત ૩૧મી જુલાઈ સુધીમાં આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ માટેના અંદાજે ૫.૯ કરોડ કરતાં વધુ આવકવેરાપત્રકો અથવા તો ઈન્કમ ટેક્સનાં રિટર્ન ફાઈલ થયા હોવાનું આવકવેરા વિભાગે આજે એક યાદીમાં જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે આકારણી વર્ષ ૨૦૨૬-૨૭માં જેના હિસાબો ઑડિટ ન થતાં હોય તેવા કરદાતાઓ માટે પેનલ્ટી અને વ્યાજ સિવાય આઈટીઆર (ઈન્કમ ટેક્સ રિટર્ન)-૧ અને બે ફાઈલ કરવાની અંતિમ તારીખ ૩૧મી જુલાઈ હતી. ગત આકારણી વર્ષ ૨૦૨૫-૨૬માં રિટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી હતી અને અંદાજે ૭.૩ કરોડ કરતાં વધુ રિટર્ન ફાઈલ થયા હતા. આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ માટેનાં ગત ૩૧મી જુલાઈ સુધીમાં ૫.૯ કરોડ કરતાં વધુ રિટર્ન ફાઈલ થયા હોવાનું આઈટી વિભાગે એક્સ પ્લેટફૉર્મ પર જણાવતા ઉમેર્યું હતું કે આઈટીઆર-ફૉર્મ એક (સહજ) નાના અને મધ્યમ કરદાતાઓ માટે સરળ ફૉર્મ છે. સહજ ફૉર્મ સ્થાનિક રહીશ વ્યક્તિગત કરદાતા જે વર્ષે રૂ. ૫૦ લાખ સુધીની આવક ધરાવતો હોય અને જેની આવક પગાર, હાઉસ પ્રોપર્ટી અને કૃષિ આવક વર્ષે રૂ. ૫૦૦૦ સુધીની હોય તે ફાઈલ કરી શકે છે. વ્યક્તિગત અને હિન્દુ અવિભક્ત પરિવાર જેની વેપાર કે વ્યવસાયમાંથી આવક કે નફો ન હોય, પરંતુ મૂડીગત આવક હોય તેઓને આઈટીઆર-૨ ફાઈલ કરવાનું હોય છે. ■

# જુલાઈમાં કૉલ ઈન્ડિયાના ઉત્પાદનમાં આઠ ટકાનો, રવાનગીમાં સાત ટકાનો વધારો

નવી દિલ્હી: જાહેર ક્ષેત્રની કોલસાનું ખનન કરતી કંપની કૉલ ઈન્ડિયા લિ.નું ગત જુલાઈ મહિનામાં કોલસાનું ઉત્પાદન ૮.૪ ટકા વધીને ૫.૦૩૬ કરોડ ટનની સપાટીએ રહ્યું હતું. નોંધનીય બાબત એ છે કે દેશના કોલસાના કુલ ઉત્પાદનમાં કૉલ ઈન્ડિયા ૮૦ ટકા જેટલો બહોળો હિસ્સો ધરાવે છે.

એકંદરે ગત જુલાઈ મહિનામાં ખનન ક્ષેત્રે પડકારો રહ્યા હોવા છતાં કંપનીએ કોલસાના ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ દાખવી છે. તેમ જ માગ-પ્રતિભાવશીલ સ્ટોકની અસરકારક વ્યૂહરચના દ્વારા કોલસાની રવાનગીમાં પણ મજબૂત ગતિ જાળવી રાખી હોવાથી ઉત્પાદન અને પુરવઠા વચ્ચેનું સમતુલન જાળવી રાખ્યું હોવાનું કંપનીએ એક યાદીમાં જણાવ્યું હતું.

કંપનીની આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈ મહિનામાં કોલસાનું ઉત્પાદન ૮.૪૪ ટકાની વૃદ્ધિ સાથે ૫.૦૩૬ કરોડ ટનની સપાટીએ રહ્યું હતું, જ્યારે રવાનગીઓ ૧૮.૩૮ ટકાના વધારા સાથે ૬.૪૧૯ કરોડ ટનની સપાટીએ રહી હતી. તેમ જ ગત જુલાઈ મહિનામાં થયેલી રવાનગી અત્યાર સુધીના કોઈપણ નાણાકીય વર્ષમાં થયેલી માસિક ધોરણે રવાનગી કરતાં વધુ રહી હતી. અગાઉ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જુલાઈ મહિનામાં સૌથી વધુ ૬.૦૫ કરોડ ટનની રવાનગી થઈ હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

વધુમાં કંપનીના જણાવ્યાનુસાર વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી જુલાઈ દરમિયાનનું કોલસાની રવાનગી વર્ષાનુવર્ષ ધોરણે ૬.૯ ટકા વધીને ૨૬.૨૦૪ કરોડ ટનની સર્વોચ્ચ સપાટીએ રહી હતી. આ પૂર્વે ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એપ્રિલથી જુલાઈ દરમિયાનની રવાનગી ૨૫.૯૪ કરોડ ટનની સપાટીએ રહી હતી. ગત જુલાઈ મહિનામાં કંપનીના સૌથી મોટા ગ્રાહક ક્ષેત્ર ગણાતા પાવર ક્ષેત્રમાં રવાનગી જુલાઈ, ૨૦૨૫ના ૪.૨૩૫ કરોડ ટન સામે ૧૮ ટકા વધીને ૪.૯૭૭ કરોડ ટનની સપાટીએ રહી હતી, જ્યારે બિન નિયામક ક્ષેત્રમાં રવાનગી વર્ષાનુવર્ષ ધોરણે ૨૧ ટકા વધીને ૧.૪૪૨ કરોડ ટન (૧.૧૮૯ કરોડ ટન)ની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વર્તમાન નાણાકીય વર્ષ માટે કંપનીએ કોલસાના ઉત્પાદનનો લક્ષ્યાંક ૮૧.૫ કરોડ ટનનો અને રવાનગીનો લક્ષ્યાંક ૮૫ કરોડ ટનનો મૂક્યો છે. ■

# ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાદથી રંગીલું રાજકોટ જળબંબાકાર, મનપા કમિશનર ફીલ્ડમાં ઉતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન (શુક્રવાર સાંજના ૬૦૦ વાગ્યાથી શનિવાર સાંજના ૬૦૦ વાગ્યા સુધીમાં) ધોધમાર વરસાદ ખાબક્યો હતો. આ સમયગાળામાં શહેરમાં સરેરાશ ૪ ઇંચ જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. વરસાદના આંકડા પર નજર કરીએ તો શહેરના સેન્ટ્રલ ઝોનમાં સૌથી વધુ ૧૦૧ મીમી (આશરે ૪ ઇંચ), વેસ્ટ ઝોનમાં ૯૧ મીમી અને ઈસ્ટ ઝોનમાં ૬૫ મીમી વરસાદ નોંધાયો હતો. રાજકોટમાં શનિવારે સાંજ સુધીમાં ૪ ઈંચ વરસાદ સાથે ચાલુ સીઝનનો કુલ વરસાદ ૧૪ ઈંચ નોંધાઈ ચૂક્યો છે. મોડી રાતથી જ સતત વરસેલા ચોમાસી વરસાદે શહેરના મુખ્ય રસ્તાઓને નદીઓમાં ફેરવી નાખ્યા હતા. વહેલી સવારે ધુમ્મસ અને વરસાદી વાદળોના કારણે વિઝિબિલિટી


પ્રવિણ સેદાણી

શૂન્ય થઈ જતાં ધોળા દિવસે વાહનચાલકોને હેડલાઇટો ચાલુ રાખવાની ફરજ પડી હતી. શહેરના પોશ ગણાતા સાધુ વાસવાણી રોડ પર પાણી ભરાઈ જતાં સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો હતો, જેનાથી સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ઉપરાંત ગોપાલ ચોકમાં પણ બે થી ત્રણ ફૂટ પાણી ભરાઈ જતાં વાહનચાલકો અટવાયા હતા.

મુશળધાર વરસાદને પગલે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા પોતે ફિલ્ડમાં ઉતર્યા હતા અને ભગવતીપરા, પોપટપરા તથા રેલનગર જેવા નીચાણવાળા વિસ્તારોમાં પાણીના નિકાલની કામગીરીનું જાતતપાસ સાથે નિરીક્ષણ કર્યું હતું. જો કે તંત્રના વિવાદિત પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ વચ્ચે રસ્તાઓ પર ભરાયેલા પાણીથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદના કારણે રાજકોટનું ઐતિહાસિક લાલપરી તળાવ ૯૦ ટકા જેટલું ભરાઈ ગયું છે અને માત્ર અડધો ફૂટ પાણીની આવક થતાં જ તે ઓવરફ્લો થઈ જશે, જેના કારણે કાંઠાના નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવાયા છે. આ ઉપરાંત પશ્ચિમ રાજકોટના અટલ સરોવરમાં દોઢ ફૂટ પાણી આવ્યું છે. સૌરાષ્ટ્રના ૨૨ ડેમોમાં પણ નવા નીરની આવક થઈ છે, જેમાં આજી-૧, ભાદર-૧, ન્યારી-૨ અને મોજ ડેમમાં પાણીની સપાટી વધી છે. જે આગામી સમયમાં શહેરીજનોને પાણીની સમસ્યાથી રાહત અપાવશે. ■

# ભાવનગર જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેરઃ સિહોરમાં સૌથી વધુ અઢી ઇંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભારે વરસાદની આગાહી વચ્ચે ભાવનગર જિલ્લામાં સતત બીજા દિવસે વરસાદ પડ્યો હતો. શનિવારે સાંજ સુધીમાં જિલ્લામાં અડધાથી અઢી ઇંચ વરસાદ પડ્યો હતો.

ભારે વરસાદની આગાહીને કારણે સતત બીજા દિવસે શાળા કોલેજો બંધ રહી હતી. જિલ્લામાં શનિવારે સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી સિહોરમાં અઢી ઇંચ તો મહુવા, ઉમરાળા અને વલ્લભીપુરમાં એક-એક ઇંચ વરસાદ પડ્યો હતો.

દિવસ દરમિયાન સિહોર તાલુકામાં ૬૪ મિ.મી. વરસાદ ખાબક્યો હતો. મહુવા તાલુકામાં ૩૪ મિ.મી., ઉમરાળા તાલુકામાં ૩૨ મિ.મી., વલ્લભીપુર તાલુકામાં ૩૧ મિ.મી., ગારિયાધાર ૨૧ મિમી , પાલિતાણા ૧૮ મિમી, ભાવનગર ૧૪ મિમી , તળાજા ૧૪ મિમી, જેસર ૧૦ મિમી , ઘોઘા માં ૫


વિપુલ હીરાણી

માં મિમી વરસાદ નોંધાયો હતો.

ભાવનગર જિલ્લામાં અત્યાર સુધીનો મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૩૯.૬ મિમી સુધી પહોંચી ગયો છે. જેમાં મોસમનો સૌથી વધુ કુલ વરસાદ મહુવા તાલુકામાં ૬૦૭ મિમી નોંધાયો હતો. અન્ય તાલુકાઓનો કુલ મોસમી વરસાદ માંસિહોર ૫૨૨ મિમી , ભાવનગર ૪૭૯ મિમી, વલ્લભીપુર ૪૪૮ મિમી, ઉમરાળા ૪૪૪ મિમી, ગારિયાધાર ૪૩૨ મિમી, ઘોઘા ૪૨૬ મિમી, પાલિતાણા ૩૯૬ મિમી, જેસર ૩૫૮ મિમી અનેતળાજા માં ૨૮૪ મિમી વરસાદ થયો હતો. સતત વરસાદી વાતાવરણના કારણે જિલ્લાના જળાશયો અને નીચાણવાળા વિસ્તારોમાં તંત્ર દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. ■

# રાજકોટમાં પત્ની પર હુમલો કરનાર ‘લફરાંબાજ’ પતિની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં પતિ, પત્ની ઔર વોનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. થોડા દિવસ અગાઉ વાયરલ થયેલા સીસીટીવી બાદ બનાવ અંગે પરિણીતાએ ફરિયાદ નોંધાવતા થોરાળા પોલીસે આરોપી પતિ નવીન ચાંડપાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પરિણીતાનો આક્ષેપ હતો કે તેમની દીકરીને ઘરે પર્સનલ ટ્યુશન કરાવવા આવતી શિક્ષિકાના પ્રેમમાં તેનો પતિ પડતા પત્નીએ વિરોધ નોંધાવ્યો હતો. જેના કારણે પતિએ તેને માર માર્યો હતો. આ માર મારવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઇરલ પરિણીતાએ જ કરતા પતિએ ધમકી આપતા પરિણીતાએ ફરિયાદ નોંધાવી હતી. આ વીડિયોમાં દેખાતી પરિણીતા સીસીટીવી વાઇરલ કરી મીડિયા સમક્ષ આવી ન્યાયની માંગ કરી હતી.

પીડિત મહિલાના જણાવ્યા અનુસાર, તેમના પતિનું પૂજા પંડ્યા નામની ટ્યુશન શિક્ષિકા સાથે અફેર ચાલી રહ્યું છે. તેમના કહેવા મુજબ, આ સંબંધને લઈને છેલ્લા ચાર વર્ષથી બંને વચ્ચે વારંવાર ઝઘડા થતા રહ્યા છેઅને તેમને સતત માનસિક તેમજ શારીરિક હેરાનગતિનો સામનો કરવો પડ્યો છે. ટ્યુશન શિક્ષિકા પૂજા પંડ્યાના કારણે તેમનું પારિવારિક જીવન ખોરવાઈ ગયું છે. ■

# ગીર સોમનાથ જિલ્લાના આમોદ્રા ગામે બે દીપડા પાંજરે પુરાયા, ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીરઃ સોમનાથ ગીર (પૂર્વ) વન વિભાગ હેઠળની જસાધાર રેન્જના નવા બંદર રાઉન્ડ વિસ્તારમાં આવેલા ઉના તાલુકાના આમોદ્રા ગામમાં દીપડાના સતત રંજાડને કારણે ગ્રામજનોએ વન વિભાગને જાણ કરતાં વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી. દીપડાને સલામત રીતે પકડવા માટે વાડી વિસ્તારમાં પિંજરું ગોઠવવામાં આવ્યું હતું, જેમાં વહેલી સવારે એક સાથે બે દીપડા પુરાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. વન વિભાગ દ્વારા બંને દીપડાને પિંજરા મારફતે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે આરોગ્ય તપાસ અને આગળની


ફારૂક કાઝી

કાર્યવાહી માટે ખસેડવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. જો કે, આ સમગ્ર ઘટનાએ વન વિભાગની કામગીરી સામે અનેક સવાલો પણ ઊભા કર્યા છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી દીપડાની અવરજવર અને રંજાડની ફરિયાદો થતી રહી છે, છતાં સમયસર અસરકારક પગલાં લેવામાં આવ્યા ન હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. વારંવાર આવી ઘટનાઓ બન્યા બાદ જ વન વિભાગ હરકતમાં આવતું હોવાની ચર્ચા ગ્રામ્ય વિસ્તારમાં ચાલી રહી છે. માત્ર દીપડાને પકડી લેવું જ સમસ્યાનો કાયમી ઉકેલ નથી. જંગલની સરહદી વસાહતોમાં સતત પેટ્રોલિંગ, સંવેદનશીલ વિસ્તારોની ઓળખ, લોકોમાં જાગૃતિ અને વન્યપ્રાણીઓની હિલચાલ પર સતત નજર રાખવા જેવી કામગીરી મજબૂત બનાવવાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. ■

# આજે મુખ્યપ્ર ધાન રાજકોટની મુલાકાતેઃ ૨૭૨ કરોડના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ આગામી રવિવારે એટલે કે ૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રાજકોટની મુલાકાતે છે. આ પ્રવાસ દરમિયાન તેઓ રાજકોટને રૂ. ૨૭૨.૨૬ કરોડના વિકાસકામોની ભેટ આપશે, જેમાં રાજકોટ મહાનગરપાલિકાના ૯૮.૧૨ કરોડના ૧૩ કામોના લોકાર્પણ થશે. આ ઉપરાંત ૧૫૪.૦૪ કરોડના ૧૩ કામોના ખાતમુહૂર્ત કરવામાં આવશે. જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૨૦.૧૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવનાર છે.

મુખ્યપ્રધાનના રાજકોટના પ્રવાસ ધ્યાનમાં રાખીને રાજકોટ શહેર પોલીસ સંપૂર્ણ એલર્ટ મોડમાં આવી ગઈ છે. ભૂપેન્દ્ર પટેલના કાફલાની સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે પોલીસ દ્વારા શહેરમાં કોન્વોય રિહર્સલ યોજવામાં આવ્યું હતું.

રિહર્સલ દરમિયાન કાફલાના સંભવિત રૂટ પર સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફિક ડાયવર્ઝન તેમજ ઇમરજન્સી રિસ્પોન્સની ચકાસણી કરવામાં આવી હતી. પોલીસના વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ સમગ્ર વ્યવસ્થાનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનાઓ આપી હતી. મુખ્યપ્રધાનના કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેરના મહત્વના સ્થળોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે. સાથે જ ટ્રાફિક પોલીસ દ્વારા પણ વાહન વ્યવહાર સરળ રહે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેર પોલીસ દ્વારા નાગરિકોને જરૂરી હોય ત્યાં ટ્રાફિક સૂચનાઓનું પાલન કરવા અને પોલીસને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. ■

# કોર્ટના આદેશ બાદ ભુજમાં સિવિલ સર્જનની કચેરી સીલ કરી અરજદારને કબજો સોંપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરની જી. કે. જનરલ હોસ્પિટલ સંકુલમાં આવેલી મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનની સરકારી કચેરીને કોર્ટના આદેશ બાદ તાળાં લગાવી અરજદારને કબજો સોંપવામાં આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. કચ્છના ઇતિહાસમાં સંભવતઃ આ પ્રથમ કિસ્સો છે, જ્યાં કોઈ સરકારી મિલકત પર ખાનગી અરજદાર દ્વારા તાળું મારવામાં આવ્યું હોય.

પ્રાપ્ત વિગતો અનુસાર, કચેરીના પૂર્વ મેડિકલ ઓફિસર ડો. હીરજી ભુડિયા ચાલુ નોકરી દરમિયાન વિદેશ ગયા હતા. ચાર વર્ષ બાદ પરત ફરી તેમણે પુનઃ નોકરી મેળવવા તથા બાકી પગાર સહિતના લાભો ચૂકવવા માગ કરી હતી. યોગ્ય ઉકેલ ન આવતાં તેમણે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. ૨૫ વર્ષ લાંબી કાનૂની લડત બાદ વર્ષ ૨૦૧૮માં અદાલતે ડો. ભુડિયાના પક્ષમાં ચુકાદો આપી આરોગ્ય વિભાગને ૨૦૧૧ સુધીની બાકી રકમ ચૂકવવા આદેશ કર્યો હતો.



ઉત્સવ વૈદ્ય

અદાલતના આદેશ છતાં નાણાં ન ચૂકવાતાં અરજદારે અમલવારી અરજી દાખલ કરી હતી. જેની ગંભીર નોંધ લઈ નામદાર અદાલતે ગત ડિસેમ્બર માસમાં કચેરીના ફર્નિચર તથા કોમ્પ્યુટર સહિતની જંગમ મિલકતો જપ્ત કરવાનો હુકમ કર્યો હતો. તેમ છતાં બાકી નીકળતી રકમ જમા ન કરાવવામાં આવતાં અદાલતે આખરે સિવિલ સર્જન કચેરીનો કબજો અરજદારને સોંપવાનો આદેશ કર્યો હતો. તંત્રની બેદરકારીના કારણે વ્યાજ અને બાકી રકમ વધીને રૂ. ૮૦ લાખથી વધુ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

અદાલતી આદેશને પગલે પંચોની હાજરીમાં કચેરીને સીલ મારી કબજો અરજદારને સુપ્રત કરાયો હતો. આ પૂર્વે આરોગ્ય તંત્ર દ્વારા કચેરીનો મહત્વનો વહીવટી સામાન કેમ્પ વિસ્તારમાં આવેલી માનસિક આરોગ્ય હોસ્પિટલ ખાતે ખસેડી લેવાયો હતો.

કોઈપણ પૂર્વ જાહેરાત વિના અચાનક સિવિલ સર્જન કચેરી માનસિક આરોગ્ય હોસ્પિટલ ખાતે ખસેડાતાં સામાન્ય નાગરિકો અને અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. મેડિકલ સર્ટિફિકેટ, લીકર પરમિટ, પેન્શન સંબંધિત કામગીરી તથા અન્ય સરકારી કામકાજ માટે આવતા લોકો કચેરીએ પહોંચીને ભટકવા મજબૂર બન્યા હતા. ■

# ભુજમાં ખેડૂત દાખલો આપવા ₹ ૩૫ હજારની લાંચ લેતા રેવન્યૂ તલાટી એસીબીના છટકામાં ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ શહેર મધ્યેની મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા રેવન્યુ તલાટી રૂ. ૩૫,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચ લેતા લાંચ રુશ્વત વિરોધી બ્યુરો ના છટકામાં રંગેહાથ ઝડપાઈ જતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, એક જાગૃત નાગરિકે પોતાની ભુજ સ્થિત વડિલોપાર્જિત જમીન ગત તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ રજિસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ કરી હતી. આ જમીન વેચાઈ ગયા બાદ તેમની પાસે અન્ય કોઈ ખેતીની જમીન બાકી રહેતી ન હોવાથી, પોતાનો ખેડૂત ખાતેદાર તરીકેનો દરજ્જો ચાલુ રાખવા માટે તેમને ખેડૂત ખાતેદારના દાખલાની જરૂરિયાત હતી.

આ ખેડૂત દાખલો કાઢી આપવાના અવેજ પેટે ભુજ (શહેર) મામલતદાર કચેરીના રેવન્યુ તલાટી (વર્ગ-૩) ચંદુભાઇ ગેલાભાઇ હરણ (ઉ.વ. ૩૪) દ્વારા શરૂઆતમાં રૂ. ૪૦,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ રકઝકના અંતે રૂ. ૩૫,૦૦૦/- નક્કી કરી આજે રકમ આપવાનો વાયદો કરાયો હતો.

જોકે, ફરિયાદી આ લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે ભુજ એ.સી.બી. કચેરીનો સંપર્ક કરી સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એ.સી.બી.ની ટુકડી દ્વારા પ્રાંત અને મામલતદાર કચેરી, ભુજ ખાતે લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ છટકા દરમિયાન આરોપી તલાટી ચંદુભાઇ હરણે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂ. ૩૫,૦૦૦/- ની લાંચની માંગણી કરી તે રકમ સ્વીકારતા જ સ્થળ પર હજાર એ.સી.બી.ની ટુકડીએ તેમને રંગેહાથ ઝડપી લીધા હતા. એ.સી.બી. દ્વારા લાંચની પૂરેપૂરી રૂ. ૩૫,૦૦૦/- ની રકમ પણ રિકવર કરી લેવામાં આવી હતી. ■

# આડેસર ચેકપોસ્ટ પરથી ગેરકાયદે પોષ ડોડા સાથે પંજાબનો ડ્રાઈવર ઝડપાયોઃ ₹ ૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં નશાકારક પદાર્થોની હેરાફેરી રોકવા માટે ચલાવાઈ રહેલા ‘‘નો ડ્રગ્સ ઈન કચ્છ કેમ્પેઈન’’ અંતર્ગત આડેસર પોલીસે મોટો દરોડો પાડી ગેરકાયદેસર પોષ ડોડાના જથ્થા સાથે એક ટ્રેલર ડ્રાઈવરને ઝડપી પાડ્યો હતો. પોલીસે ડ્રાઈવર સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી રૂા. ૨૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, આડેસર ચેકપોસ્ટ પર વાહન ચેકિંગની કામગીરીમાં હતા.

તે દરમિયાન પાટણ જિલ્લાના સાંતલપુર તરફથી કચ્છમાં પ્રવેશ કરી રહેલા એક ટ્રેલરને શંકાના આધારે રોકવામાં આવ્યું હતું.

પોલીસે ટ્રેલરના ડ્રાઈવર મૂળ પંજાબના સુખદેવસિંઘ સુરજીતસિંઘ જાટની અંગજડતી લેતાં તેની પાસેથી ૧૧૪.૯૬૦ ગ્રામ ગેરકાયદેસર પોષ ડોડાનો જથ્થો (કિંમત રૂા. ૧,૭૨૪.૪૦) મળી આવ્યો હતો.

પોલીસે પોષ ડોડાના જથ્થા સાથે રૂા. ૨૦ લાખની કિંમતનું ટ્રેલર તથા રૂા. ૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૨૦,૦૭,૦૨૪.૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપી સામે આડેસર પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે, જ્યારે કેસની વધુ તપાસ બાલાસર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવી છે. ■

# ભાવનગરમાં ઘોઘા સર્કલ વિસ્તારમાં બે જૂથો વચ્ચે મારામારીઃ ચાર ઈજાગ્રસ્ત, એક યુવાન ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ઘોઘાસર્કલ વિસ્તારમાં આવેલી રામ ઓર શ્યામ ડીશ ગોલાની દુકાન સામે ડસ્ટબિન પડી જવા જેવી મામૂલી બાબતે બે જૂથ વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. આ લોહીયાળ મારામારીમાં તીક્ષ્ણ હથિયારો અને કાચની બોટલોનો મુક્તપણે ઉપયોગ થતાં બંને પક્ષના કુલ ચાર યુવાનો ઈજાગ્રસ્ત થયા હતા.

મળતી વિગતો અનુસાર શહેરના કરચલીયા પરાના રહીશ ધાર્મિક રાજેશભાઈ વાજા ઉ.વ.૨૦ અને તેનો મિત્ર કિશ ઉર્ફે કુલદીપ ચૌહાણ બર્ગમેન મોટરસાયકલ લઈને ઘોઘાસર્કલ ખાતે આવ્યા હતા.

આ દરમિયાન દુકાન સામે રાખેલા ડસ્ટબિન મામલે ગોલાના વેપારી ઈલિયાસભાઈ દાઉદભાઈ બિલખીયા તથા તેમના પુત્રો સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પ્રથમ પક્ષના ધાર્મિક વાજાએ આક્ષેપ કર્યો હતો કે, બાઈક નીકળતી વખતે અકસ્માતે ડસ્ટબિનને પગ અડી જતાં તે પડી ગયું હતું,

જેથી ઉશ્કેરાઈને અકીલ નામના યુવકે ગાળો આપી તેના માથા તથા છાતીના ભાગે શરબતની કાચની બોટલ મારી દીધી હતી અને કિશનને પણ કોણીએ ઈજા પહોંચાડી ઢીકાપાટુનો માર માર્યો હતો.

> લોહિયાળ મારામારીમાં તીક્ષ્ણ હથિયારો અને કાચની બોટલોનો મુક્તપણે ઉપયોગ થયો હતો

સામે પક્ષે ડીશ ગોલાના વેપારી ઈલિયાસભાઈ બિલખીયાએ વળતો આક્ષેપ કર્યો હતો કે બાઈક પર આવેલા આ બંને યુવાનોએ ગાળો બોલી સહેતુક ડસ્ટબિનને પાટુ મારી પાડી દીધું હતું. તેનો વિરોધ કરતાં ધાર્મિક અને કિશે પેન્ટના નેફામાંથી છરી કાઢી જાનલેવા હુમલો કરી દીધો હતો, જેમાં ઈલિયાસભાઈના મોટા પુત્ર અકીલના જમણા પડખામાં છરીનો ઘા વાગતાં ખૂબ લોહી વહી ગયું હતું, જ્યારે નાના પુત્ર આદિલને ડાબા પગના પંજા પર છરી વાગી હતી. ઘટના બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો મારફતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડાયા હતા. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા અકીલ બિલખીયાની સ્થિતિ નાજુક જણાતાં તેને આઈસીયુ ખસેડી ઓપરેશન હાથ ધરાયું છે, જ્યારે ધાર્મિકના માથામાં ટાંકા આવ્યા છે. પોલીસે ધાર્મિક વાજાની અને ઈલિયાસભાઈની બંને પક્ષની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભુજના પૈયા ગામની સીમમાંથી ગેરકાયદે કતલખાનું ઝડપાયું, ૧૦૦ કિલો ગૌમાંસ સહિત ૩.૫૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ પશ્ચિમ કચ્છની સ્થાનિક ગુનાશોધક શાખાની ટુકડીએ માધાપર પોલીસ મથક વિસ્તાર હેઠળના પૈયા ગામની સીમમાં દરોડો પાડીને ગૌવંશ કતલખાનાના ગેરકાયદેસર નેટવર્કનો પર્દાફાશ કરી, સ્થળ પરથી ૧૦૦ કિલો ગૌવંશનું માંસ, મૂંગા પશુઓની કતલ માટેના તીક્ષ્ણ સાધનો, બોલેરો જીપકાર, ટ્રેક્ટર અને રોકડ રકમ મળીને કુલ રૂા. ૩,૫૧,૭૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન નાના વરનોરા ગામના રહેવાસી કરીમ ભયુ મમણ અને હનીફ આમદ ત્રાયાને આબાદ પકડી લેવાયા હતા, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ ઝિયાદ કરીમ મમણ, આદિલ જુમા ઉર્ફે ડાડા મમણ અને અલ્લાઉદ્દીન હનીફ ત્રાયા (તમામ રહે. નાના વરનોરા, તા. ભુજ) અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ જતાં પોલીસે તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પકડાયેલા આરોપીઓની પ્રાથમિક પૂછપરછ હાથ ધરીને ફરાર આરોપીઓની શોધખોળ આદરી દેવામાં આવી છે. દરમ્યાન,આ દરોડા દરમિયાન એલસીબીની ટુકડીએ સ્થળ પરથી ૧૦૦ કિલો ગૌવંશનું માંસ (અંદાજિત કિંમત રૂા. ૧૦,૦૦૦),એક કાર અને ૧ ટ્રેક્ટર, ૩ કોયથા, ૯ નાની-મોટી

> કરીમ ભયુ મમણ અને હનીફ આમદ ત્રાયાને આબાદ પકડી લેવાયા હતા, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ ઝિયાદ કરીમ મમણ, આદિલ જુમા ઉર્ફે ડાડા મમણ અને અલ્લાઉદ્દીન હનીફ ત્રાયા અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયા હતા

છરીઓ, ૨ કુહાડી, ૧ વજન કાંટો, તપેલાં, તાસ, રસ્સા અને તાલપત્રી, રૂા. ૩,૩૫૦ રોકડા અને ૧ મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ અંકે કર્યો હતો

અત્રે ઉલ્લેખનીય છેકે, પૈયા ગામની આ સીમ વિસ્તારમાં અગાઉ પણ ગેરકાયદેસર કતલખાનું ચાલતું હોવાની ફરિયાદો ઉઠી હતી. એલસીબીના સફળ દરોડા બાદ સામે આવ્યું છેકે, તાજેતરમાં જ અન્ય વિવાદોના કારણે ચર્ચામાં આવેલા નાના વરનોરા ગામના શખ્સોની જ આ કૌભાંડમાં સીધી સંડોવણી ખુલી છે. આ અમાનુષી પ્રવૃત્તિ કેટલા સમયથી ચાલતી હતી અને તેમાં અન્ય કોણ-કોણ સામેલ છે તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે. બીજી તરફ, ગૌવંશના કતલખાનાનું નેટવર્ક ઝડપાતાં હિંદુ સમાજમાં રોષની લાગણી વ્યાપી ગઈ છે. ■

# સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે વરસાદઃ વાંસલ નદીનું બ્લોકેજ દૂર કરાયું, બજાણા અને શિયાણીમાં લોકોનું સ્થળાંતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લામાં ભારે વરસાદને પગલે સર્જાયેલી પરિસ્થિતિમાં જિલ્લા કલેક્ટરશ્રી જી. એચ. સોલંકીના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા ત્વરિત અને સરાહનીય બચાવ-રાહત કામગીરી હાથ ધરવામાં આવી છે. જનજીવન સુચારુ રહે અને નાગરિકોની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત થાય તે માટે વિવિધ તાલુકાઓમાં પાણીના નિકાલ, સ્થળાંતર તેમજ રસ્તાઓ ખુલ્લા કરવાની કામગીરી યુદ્ધના ધોરણે પૂરી કરવામાં આવી રહી છે.

ભારે વરસાદના કારણે ચુડા ગામ સ્થિત વાંસલ ડેમ ઓવરફ્લો થતાં વાંસળ નદીમાં મોટા પ્રમાણમાં પાણીની આવક થઈ હતી. નદી પરના પુલ નીચે ઝાડી-ઝાંખરા અને કચરો જમા થવાથી બ્લોકેજ સર્જાયું હતું, જેને વહીવટી તંત્રએ ત્વરિત જેસીબી મારફતે દૂર કરી પાણીનો પ્રવાહ શરૂ કરાવ્યો હતો. કોઈ પણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા જેસીબી મશીન અને ટીમને સ્થળ પર ’સ્ટેન્ડ બાય’ રાખી પાણીના વહેણ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

બીજી તરફ, ગોદાવરી-દાણાવાડા રોડ પર વીજળીનો થાંભલો પડી જતાં



મહેશ ઉતેરીયા

પીજીવીસીએલની ટીમે સત્વરે સ્થળ પર પહોંચી સમારકામ પૂર્ણ કરી વીજ પુરવઠો પૂર્વવત કરી દીધો છે. આ ઉપરાંત, લખતર, ઝમર, ભલગામડા, દસાડા, ભલગામડા રોડ પરના ગરનાળા તેમજ સાયલા તાલુકાના ધારાડુંગરી ગામે ભરાયેલા પાણીના નિકાલની કામગીરી ઝડપથી ચાલી રહી છે. વઢવાણના ભડીયાદ ગામે તળાવ ઓવરફ્લો થતાં અને ઝાંપોદડ ગામે તળાવ ભરાવાની શક્યતાને ધ્યાને રાખી તકેદારીના પગલાં લેવામાં આવ્યા છે.

પાટડી તાલુકાના રાજપર, કમાલપુર, નગડકા અને અખિયાણા ગામોની સ્થિતિ પર સતત મોનિટરિંગ રખાઈ રહ્યું છે. અસરગ્રસ્ત વિસ્તારોના નાગરિકો માટે સલામત આશ્રયની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે. શિયાણી ગામે બળિયાબાપા મંદિર પાસે પાણી ભરાતાં સ્થાનિક લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું છે, જ્યારે બજાણાના નીચાણવાળા વિસ્તારના લોકોને નજીકની શાળામાં શિફ્ટ કરવામાં આવ્યા છે. સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર સતત એલર્ટ મોડ પર રહી રાહત-બચાવ કામગીરી કરી રહ્યું છે. ■